# કુરાનિક કહાણીઓ

: મણકો ચોથો :

એક મહાન ઇસરાઈલી પયગંબર

# મૂસા કલીમુલ્લાહ

૪.૧૬૪ وَكَلَّمَ اللّٰهُ مُوسٰى تَكْلِيمًا

[ અને અલ્લાહે મૂસા સાથે સીધેસીધી વાતચીત કરી ]


: લેખક :

અબૂ – ઝિયા ઉર્ફે

એહમદ સુલેમાન પટેલ

બી. એ, (ઑનર્સ) : બી. ટી., ડીપ. બી. એડ.

નિવૃત્ત શાસનાધિકારી :

મ્યુનિ. કોર્પોરેશન સ્કૂલ બોર્ડ, અમદાવાદ.



: પ્રકાશક :

**એ. એસ. પટેલ એન્ડ કંપની**

૧૨૩૩, રાયખડ, ગાયકવાડની હવેલી પાસે, વહોરવાડ,

અમદાવાદ-૧.

કિંમત રૂા. ૧૮/-

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાનું |
|---|---|---|
| ૧. | આકાશી પુસ્તકોનો ટૂંકો પરિચય | ૧ |
| ૨. | મિસરમાં ઈસરાઈલીઓનું વાસ્તવ્ય [ stay ] | ૧૫ |
| ૩. | મિસરની સ્થિતિ | ૨૬ |
| ૪. | મિસરમાં ઈસરાઈલ લોકોની હાલત | ૩૨ |
| ૫. | મૂસા અલૈ.નો જન્મ | ૪૪ |
| ૬. | મૂસા અલૈ.નો ઉછેર | ૫૧ |
| ૭. | મૂસા અલૈ.ની હિજરત | ૫૮ |
| ૮. | મૂસા અલૈ. મધ્યનમાં | ૬૫ |
| ૯. | મૂસા અલૈ.ને પયગંબરી મળી | ૭૩ |
| ૧૦. | મોજિઝા એનાયત થાય છે | ૮૧ |
| ૧૧. | મૂસા અલૈ.મે અલ્લાહ પાસે માંગેલી બાંયધરીઓ | ૮૬ |
| ૧૨. | મૂસા અલૈ.નું મિસર પાછા ફરવું | ૮૯ |
| ૧૩. | મૂસા અલૈ.નું મિશન-કાર્ય | ૯૪ |
| ૧૪. | મૂસા અલૈ.ને માત કરવા ચર્ચા-વિચારણા | ૧૦૪ |
| ૧૫. | મૂસા અલૈ.ના જાદુગરો સાથે મુકાબલો | ૧૦૭ |
| ૧૬. | મુકાબલા માંથી નિપજેલાં પરિણામો | ૧૧૩ |
| ૧૭. | મૂસા અલૈ.ને કતલ કરવાના મનસુબા | ૧૧૮ |
| ૧૮. | ફિરઔન અને ફિરઔનીઓ પર પડેલી આફતો | ૧૨૩ |
| ૧૯. | ઈસરાઈલ લોકોનું નિર્ગમન | ૧૩૧ |
| ૨૦. | ફિરઔન અને તેના લશ્કરનું ડૂબી જવું | ૧૩૯ |
| ૨૧. | ઈસરાઈલ લોકોની મૂળભૂત જરૂરિયાતો [પાણીનો પ્રશ્ન] | ૧૪૭ |
| ૨૨. | ખાદ્ય-ખોરાકીનો ઉકેલ [મન્ન ને સલવા] | ૧૫૩ |
| ૨૩. | રહેઠાણ અને વસ્ત્રોનો ઉકેલ | ૧૫૬ |
| ૨૪. | ઈસરાઈલ લોકોની મનોવૃત્તિ | ૧૫૮ |

| ક્રમાંક વિષય | પાનું |
|---|---|


| | |
|---|---|
| ૨૫. મૂસા અલૈ.ને તૌરાત મળવી | ૧૬૩ |
| ૨૬. દસ આજ્ઞાઓ [Ten Comorandments] | ૧૬૭ |
| ૨૭. એતેકાફ સમયનો બનાવ | ૧૭૨ |
| ૨૮. ઇસરાઇલ લોકોનું વાછરડા-પૂજન | ૧૭૫ |
| ૨૯. વાછરડા-પૂજનના પ્રત્યાઘાતો | ૧૮૧ |
| ૩૦. વાછરડા-પૂજનનો અંજામ | ૧૮૬ |
| ૩૧. સિત્તેર આગેવાનોનો બનાવ | ૧૯૨ |
| ૩૨. તૌરાતનો સ્વીકાર | ૧૯૮ |
| ૩૩. અરણ્યોમાં ભટકતા ઇસરાઇલીઓ | ૨૦૨ |
| ૩૪. મૂસા અલૈ.નું આખરી પ્રવચન | ૨૧૧ |
| ૩૫. ઇસરાઇલીઓને ભટકવું કેમ પડયું ? | ૨૧૮ |
| ૩૬. કારૂન અને મૂસા અલૈ. | ૨૨૫ |
| ૩૭. ઇસરાઇલીઓથી પહોંચેલો મૂસા અલૈ.ને સંતાપ | ૨૩૨ |
| ૩૮. મૂસા અલૈ. અને ખિજર અલૈ. | ૨૩૬ |
| ૩૯. ગાય ઝબ્બે કરવાનો આશ્ચર્યકારક પ્રશ્ન | ૨૪૩ |

# આમુખ

કુરાનિક કહાણીઓના આ ચોથા મણકાને સુજ્ઞ વાંચકો સમક્ષ મૂકતાં હું અલ્લાહ તઆલાના ઉપકારની લાગણી અનુભવું છું અને સાથે સાથે એટલો આનંદ-વિભોર બનું છું કે જામામાં સમાતો નથી. એ તો ઉઘાડું સત્ય છે કે કોઈ પણ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવા-કરાવવાનાં બે પાસાં હોય છે. એક પાસું પુસ્તક લખવાનું કે લખાવવાનું અને બીજું પાસું છપાવવા માટે પૈસાની જોગવાઈ કરવાનું હોય છે. હું બીજા પાસાને વધુ અગત્યતા આપું છું, જેનો પુરાવો આ પુસ્તક તેની શ્રેણીમાં પાંચ વરસ પછી પ્રસિદ્ધ થાય છે તેમાંથી મળી રહે છે. ત્રીજો મણકો " ઈબ્રાહીમ ખલીલુલ્લાહ " નો પ્રસિદ્ધ થયો તે વરસમાં આ ચોથા મણકાની હસ્ત-લિખિત પ્રત તો તૈયાર હતી, પરંતુ આર્થિક મુશ્કેલીઓ ઊભી થઈ એટલે છપાવવા માટે પૈસાની જોગવાઈ થઈ શકી નહીં. મુશ્કેલીઓને એવી ટેવ છે કે તે એકલી આવતી નથી, એકીસાથે અનેક આવે છે. દરેકના જીવનમાં જ્યાં ને ત્યાં એ પ્રમાણે ખડી થઈ જાય છે. જ્યારે મોંઘવારી વધવા માંડી એટલે કિંમતો સ્થાયી થાય તેની મેં વાટ જોવા માંડી પરંતુ તેમણે તો પોતાની આગેકૂચ ચાલુ જ રાખી અને માઝા મૂકવા માંડી; હું ઠીક ઠીક પ્રમાણમાં હતાશ થયો, પરંતુ અલ્લાહ તઆલા પ્રત્યેનો મારો વિશ્વાસ ડગ્યો નહીં. સંપૂર્ણ શ્રદ્ધા હતી કે તે પોતાના દિવ્ય અને અલૌકિક પુસ્તક કુરાન શરીફ આધારિત લખાયેલ કુરાનિક કહાણીઓની આખી શ્રેણી છપાવી દીધા વિના રહેવાનો નથી અને તે માટે તેણે મારા પરમ-મિત્ર અને મારા સહાધ્યાયી, હાલ આફ્રિકામાં chipataમાં વસતા હાજી ઈબ્રાહીમ સુલેમાન જસાતના ઘરમાં આ પુસ્તકોની શ્રેણી છપાવવા આર્થિક મદદ કરવા પ્રેરણા મૂકી એટલે તેમણે આ પુસ્તક છપાવવા પૂરતી સગવડ કરી આપી : આથી જોઈ શકાશે કે આ પુસ્તકો છપાવવામાં મારા લખવાના ફાળા કરતાં તેમનો ફાળો વિશેષ છે. લખવાની સારી એવી મારી મહેનત કામે લાગી એ આર્થિક

સહાયતાના કારણે જ બીજો ફાળો વધુ અગત્યનો છે તેમ હું માનું છું અને તે અહીં પુરવાર પણ થાય છે તે માટે વાંચક-વૃંદ તેમને પોતાની દુઆમાં યાદ કરે એમ હું પ્રાર્થું છું.

તેમના મામાના દીકરા, મોટામિયાં માંગરોળના વતની, જનાબ મેહમૂદ ગુલામ મોહમ્મદ પાંડોર (બી.એ) આ પુસ્તકો પર ઉડતી નજર નાંખી ગયા અને છપાવવા યોગ્ય લાગ્યાં ત્યારે તેમણે પોતાના ફોઈયાઈ ભાઈ હાજી ઇબ્રાહીમ સુલેમાન જસાત સાહેબને પુસ્તકો છપાવવમાં સહાય કરવા ભલામણ કરી તેમાં પણ અલ્લાહુ તઆલા પરની મારી શ્રદ્ધાએ કામ કર્યું અને તેમના ઘટમાં પમ પ્રેરણા મૂકી એટલે તેઓથી પણ આપણી દુઆના સહભાગી ગણાય: વાંચક-વૃંદ તેમને પોતાની દુઆમાં યાદ કરે એવી મારી વિનંતી છે.

ઈ.સ. ૧૯૬૮ની S.S.C. પરીક્ષાર્થીઓનું લીસ્ટ જોતો હતો ત્યારે જણાયું કે તે વરસે બેઠેલા એક લાખ પરીક્ષાર્થીઓ પૈકી ૪ ટકા જ [૪૦૦૦] મુસ્લિમ પરીક્ષાર્થીઓ હતા. તે પૈકી ઉર્દૂ વિષય લેનારા ૮૦૦ જેટલા જણાયા. ભારતમાં ઇસ્લામનાં ધાર્મિક પુસ્તકો મોટા ભાગે ઉર્દૂમાં છે એટલે મને લાગ્યું કે ભવિષ્યની પેઢીઓ ઉર્દૂથી વંચિત રહેશે અને ઇસ્લામના ધાર્મિક જ્ઞાનથી અજ્ઞાત રહેશે: અને બીજાઓના સંસ્કારો, જે બહુ દેવવાદ પર રચાયેલા છે તેમને, અપનાવતા થતા જશે. યહૂદીઓને કનાન અર્થાત સિરિયા-પેલેસ્ટાઈનનો-દેશ મળ્યો અને તેઓ બીજા લોકોના સમાગમમાં આવ્યા ત્યારે વહદાનિયતથી દૂર થતા ગયા અને અન્યની પૂજા કરતા થઈ ગયા. તેમ ગુજરાતના મુસલમાનો ઉર્દૂ ભાષાથી દિન-પ્રતિદિન વંચિત થતા જતા હોવાથી ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંત વહદાનિયતથી દૂર થતા જાય એ બનવાજોગ છે અને વહદાનિયતથી જે લોકો દૂર રહે છે તે લોકો બહુદેવવાદમાં માનતા થઈ જાય છે અને તેમાંથી મૂર્તિપૂજકો બની જાય છે; અને મૂર્તિપૂજા અનિષ્ટમાં અનિષ્ટ છે. એવું બનવા ન પામે તે માટે કુરાન શરીફ પ્રમાણે અંબિયા અર્થાત પયગંબરોના જીવન-પ્રસંગો અને તેમના ઉપદેશથી જ્ઞાન રહે તે માટે કુરાન શરીફ આધારિત કુરાનિક કહાણીઓ ગુજરાતીમાં લખવા હું પ્રેરાયો. તેના પહેલા ત્રણ મણકા પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે અને તે પ્રમાણિત ને સર્વ-માન્ય થઈ પડ્યા છે. ચોથા મણકા માટે ઠીક ઠીક માગણી થતી રહી હતી પરંતુ ઉપર કહ્યું તેના કારણોસર મોડું થયું, જે માટે હું વાંચક-બિરાદરોની માફી માગું છું. અને

હવે જનાબ હાજી ઈબ્રાહીમ સુલેમાન જસાત સાહેબની આર્થિક સહાય મળે છે એટલે આ મણકો પ્રસિદ્ધ કરવા શક્તિમાન થયો છું તે માટે અલ્લાહ તઆલાનો અને હાજી ઇબ્રાહીમભાઈનો આભાર માનું છું. પુષ્કળ કાળજી લેવા છતાં ભૂલો અને ઉણપો રહી ગઈ હોય તે માટે ક્ષમા ચાહું છું અને તે તરફ મારું લક્ષ દોરવામાં આવશે તો તેમને સુધારવા કે ઉમેરવા પ્રયત્ન કરીશ.

આ પુસ્તકની હસ્તલિખિત પ્રત જોઈ જવા અને ભૂલો બતાવવા બદલ મારાં સુપુત્રી ઝુલેખા અહમદ પટેલ (એમ.એ.,બી.એડ.) નો પણ હું ઋણી છું અને તેમનો આભાર માનું છું.

અંતમાં અલ્લાહ તઆલા પાસે અંતઃકરણપૂર્વક દુઆ માંગું છું કે અમારી આ મહેનત અને અમારી આ સેવા અલ્લાહ કબૂલ રાખે, કુરાનિક કહાણીઓની શ્રેણી પૂર્ણ કરવામાં તોફીક અર્થાત ઈલાહી માર્ગ દર્શન કે Divine guidanceઆપતો રહે અને ગુજરાતી ભાષાનાં પુસ્તકોમાં એ શ્રેણીનાં પુસ્તકો પ્રમાણિત અર્થાત authentie અને સર્વ-માન્યahhroved થાય. મુસલમાનોમાં મુસ્લિમ સ્ત્રી-પુરુષો માટે મગફિરત એટલે માફી આપવાની દુઆ માંગવાનો અતિ અગત્યનો એક સંસ્કાર છે તે મુજબ મુજ ગુનેગાર તથા અલ-જસાત માટે મગફિરતની દુઆ સુજ્ઞ-વાંચકો ન ભૂલે એવી આશાથી વિરમતો

અલ-જસાતના સૌજન્યથી આ પુસ્તક પ્રગટ થવા પામ્યું છે.
તેમને અર્પણ...

આપનો સેવક
અબૂ-ઝિયા ઉર્ફે
એહમદ સુલેમાન પટેલ

દેવલા.
તા. ૨૪-૯-૧૯૮૨

بسم الله الرحمن الرحيم

## ખુદા વિષેનો મુસ્લિમ ખ્યાલ – Concept

ખુદા એકલો સકળ સૃષ્ટિનો સર્જનહાર છે.

ખુદાઈમાં તેનો કોઈ ભાગીદાર નથી. સર્વ પ્રશંસાને તે જ પાત્ર છે.

તે પાક–પવિત્ર છે અને બંને વિશ્વનો રબ છે.

તે કયામતના દિવસનો માલિક કે સર્વ–સત્તાધીશ છે.

તેનું પોતાનું વિશેષ–નામ " **અલ્લાહ** " છે.

બીજા બધાં તેનાં શક્તિ–વાચક કે ગુણ–વાચક નામો છે.

તે સર્વ–શક્તિમાન છે : તે સર્વ–વ્યાપી છે : તે ત્રિકાળ જ્ઞાની છે.

તે મહા–દયાળુ છે : તે મહા–ક્ષમાવાન છે : તે જગતનો પાલનહાર છે.

સર્વને એકલો જ પૂરો પડે તેવો અલ–કહાર–સંહારક પણ છે.

તે નિરંજન છે એટલે તે કોઈ સ્વરૂપ લેતો નથી.

તે નિરાકાર છે એટલે તે કોઈ અવતાર ધારણ કરતો નથી.

ખરેખર **અલ્લાહ એક છે.** તે કોઈનો મોહતાજ કે ગરજવાન નથી. તેણે કોઈને જન્મ આપ્યો નથી એટલે તેને કોઈ સંતતિ નથી. તેને કોઈએ જન્મ આપ્યો નથી એટલે નથી તેને માતા–પિતા કે નથી ભાઈ–ભાંડુંઓ. તે એકલો જ છે : તેના સમાન બીજુ કોઈ નથી.

**અલ્લાહ સિવાય બીજો કોઈ ઈલાહ નથી.** તે પરાપૂર્વેથી હતો, તેના પહેલાં તેના સિવાય બીજું કશું જ ન હતું. તે અનાદિ–કાળથી હયાત હતો અને અંનત–કાળ સુધી કાયમ રહેવાનો છે. તે એકલો જ અમર છે.

તેને નથી ઝોકું આવતું કે નથી ઉંઘ આવતી. તે સદાય જાગૃત–દશામાં રહે છે. જે કાંઈ લોકો સમક્ષ ઉઘાડું છે અથવા છૂપું છે તે બધું તે જાણે છે; કારણ કે આપણી જેમ તેને કાન કે આંખ નથી છતાં; તે બધું જ સાંભળે છે તથા જુએ છે. વળી તે વાતચીત કરે છે પણ તેની વાતચીત આપણા જેવી હોતી નથી.

તે એટલો પ્રભાવશાળી છે કે તેની સમક્ષ તેની રજા વિના તેને કોઈ ભલામણ કરી શકતું નથી. તેનું જ્ઞાન અગાધ છે તેમાંથી કોઈ વસ્તુનું જ્ઞાન તે પોતે જાતે ન આપે ત્યાં સુધી કોઈ પામી શકતું નથી.

આકાશો અને ધરતીમાં જે કંઈ છે તે તેનું જ છે. આકાશો અને પૃથ્વી પર તેનું રાજ્યાસન છવાયેલું છે. છતાં તેની દેખભાળ માટે તેને થકવી નાંખે તેવું કોઈ કાર્ય હોતું નથી.

તે જ નામના કે નામોરશી આપનારો છે. તે જ જીવન – મૃત્યુ આપનારો છે. તેના સિવાય બીજા કોઈની ઈબાદત કે ઉપાસના કરવી ઘટિત નથી. તેના સિવાય બીજા કોઈની ઉપાસના કરનારને તે ક્ષમા આપવાનો નથી.

બસ તે જ ઉચ્ચ છે, મહાન છે.

**અલ્લાહ સૌથી મોટો છે.**

(કુરાન શરીફ પર આધારિત તૈયાર કરનાર) **અબૂ – ઝિયા**

# કુરાનિક કહાણીઓ–૪

## પ્રકરણ ૧ લું

### ૧ આકાશી પુસ્તકોનો ટૂંકો પરિચય.

સૃષ્ટિના સર્જન પછી હજારો લાખો વરસે અલ્લાહ તઆલાએ પૃથ્વી પર પોતાના ખલીફા તરીકે માનવીને અર્થાત આદમ અલૈ. ને પેદા કર્યા. તેમનું પૃથ્વી પર આગમન થયું ત્યારપછી "મિસાકે અઝલ" આદ્ય કરાર થયો. તેમાં માનવ જીવાત્માઓએ અલ્લાહ તઆલાને પોતાના રબ સ્વીકારી લીધા હતા.[1] આ વેળા અલ્લાહ તઆલાએ તેમના કાન ખોલીને કહ્યું હતું કે, "તમારો તેમજ સકળ સૃષ્ટિનો સર્જનહાર હું જ છું, એટલે મારા સિવાય કોઈ ઈબાદત કરવા યોગ્ય નથી; પરંતુ શયતાન તમારો ઉઘાડો શત્રુ છે, તે તમારા મનમાં સંદેહો ઉત્પન્ન કરીને તમને ભરમાવે, બીજા કોઈની બંદગી કરાવે અને તમારી પાસે ખોટાં કામો કરાવે, એ બનવા જોગ છે: કારણ તમનેકેટલાક અધિકાર આપવામાં આવેલા છે એટલે કેટલીક બાબતોમાં તમે સ્વતંત્રપણે વર્તી શકો તેમ છો. એથી સારાં–નરસાં કામો કરવાનું, ખરો–ખોટો માર્ગ ગ્રહણ કરવાનું તમારી મુન્સફી પર અવલંબિત છે. આમ હોવાથી કયામતના દિવસે હું તમારો હિસાબ લઈશ અને તમારાં આલોકનાં સારાં–નરસાં કૃત્યોનો બદલો આપીશ. પરલોકનું પણ જીવન છે અને તે સદાકાળનું છે. ત્યાં કોઇને મોત આવવાનું નથી. આ પરિસ્થિતિ હોવાથી ખરો ખોટો માર્ગ કયો તે સમજી લેવાની તમારે જરૂર છે અને તે માટે મારે તેનો પ્રબંધ કરવો ઘટે."

આથી માનવ–જાતિને હિદાયત આપવા કે જીવન જીવવાનો સાચો માર્ગ દેખાડવા અલ્લાહ તઆલાએ પયગંબરો, નબીઓ ને રસૂલો મોકલ્યા. આદમ અલૈ. થી લઈ સૌથી છેલ્લા પયગંબર મુહમ્મદ સ. અ. વ. સુધીના સમયમાં એટલે કે ૭૫૦૦ વરસના ગાળામાં ૧,૩૫,૦૦૦ પયગંબરો માનવ-જાતિમાંથી જ નિયુક્ત કર્યા છે. આમ પયગંબરો મોકલવામાં આવ્યા છે તેની સાખ પવિત્ર કુરાન નીચેની આયતોમાં પુરે છે.

---

૧ પવિત્ર કુરાન ૭: ૧૭૨ અને કુરાનિક કહાણીઓ ભા. ૧ ની પ્રસ્તાવનાનું પૃષ્ઠ ૬–૭

૧. "દરેક પ્રજા માટે એક ઉપદેશક મોકલવામાં આવ્યો છે." ૧૩ : ૭

૨. "દરેક પ્રજા માટે એક રસૂલ મોકલવામાં આવ્યો છે." ૧૦ : ૧૪

૩. "કોઈ પણ જન-સમુદાય એવો રહ્યો નથી જ્યાં કોઈ ડરાવનાર આવ્યો ન હોય." ૩૫ : ૨૪

૪. "અને અમે અમારો સંદેશો પહોંચાડવા જ્યારે પણ કોઈ પયગંબર મોકલ્યો છે ત્યારે તેની કોમની ભાષા બોલનાર મોકલ્યો છે કે જેથી તે તેમને અમારો સંદેશો સારી રીતે સમજાવી શકે." ૧૪ : ૪

પયગંબરો માસૂમ હોય છે એટલે કે પાપ-રહિત હોય છે. તેમનું આચરણ શુદ્ધ હોય છે એટલે અનુકરણ કરવા જેવું હોય છે. આમ તેઓ મૌખિક ઉપદેશ આપે છે એટલું જ નહીં ઉપદેશ પ્રમાણે જીવન જીવતા હોય છે. આથી તેમના જીવનનો ધડો લઈ લોકો તેવું જીવન જીવવા પ્રયાસ કરી શકે છે તે ઉપરાંત તેમના માર્ગદર્શન માટે પયગંબરો પર આકાશી પુસ્તકો અલ્લાહે વહ્ય કરેલાં છે. એવાં આકાશી પુસ્તકો એકંદરે ૧૦૪ છે: હવે પયગંબરો અને પુસ્તકો અલ્લાહ તરફથી આવવાનાં નથી, કારણ સૌથી છેલ્લા રસૂલ મુહમ્મદ સ. અ. વ. છે અને સૌથી છેલ્લું પુસ્તક કુરાન છે. બંને પરિપૂર્ણ છે અને રહેતી દુનિયા સુધી બંનેનું માર્ગદર્શન પરિપૂર્ણ અને ખામી રહિત છે. એવાં આકાશી પુસ્તકો નીચે પ્રમાણે છે.[૨]

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. આદમ અલૈ. | પર | ૧૦ | આકાશી | પુસ્તકો | અથવા | સહીફા. | |
| ૨. શીષ અલૈ. | પર | ૫૦ | ,, | ,, | | ,, | |
| ૩. ઇદ્રીસ અલૈ. | પર | ૩૦ | ,, | ,, | | ,, | |
| ૪. ઇબ્રાહીમ અલૈ. | પર | ૧૦ | ,, | ,, | | ,, | |
| ૫. મૂસા અલૈ. | પર | ૧ | આકાશી | પુસ્તક | નામે | તૌરાત. | |
| ૬. દાઉદ અલૈ. | પર | ૧ | ,, | ,, | ,, | ઝબૂર | |
| ૭. ઈસા અલૈ. | પર | ૧ | ,, | ,, | ,, | ઇંજીલ | |
| ૮. મુહમ્મદ સ.અ.વ. | પર | ૧ | ,, | ,, | ,, | કુરાન. | |

મિસાકે અઝલ પછી પયગંબરોના જીવાત્માઓ સાથે કરાર થયો. તેમાં અલ્લાહે નબીઓને આકાશી પુસ્તક અને જ્ઞાન આપવાનું કહ્યું અને વચન લીધું કે તેઓ તે જ્ઞાન ને ઉપદેશ લોકોને અક્ષરઃશ પહોંચાડી દે. સઘળા પયગંબરોના જીવાત્માઓએ તેમ કરવા કબૂલ રાખ્યું હતું. એથી ફલિત થાય છે કે દરેક પયગંબરે પોતાને મળેલ મૌખિક કે લેખિત સંદેશો જેવોને તેવો લોકોને પહોંચાડી દીધો છે.

---

૨ તફસીરે ફતેહુલ-અઝીઝ – અમ્માના સિપારાનું પૃ : ૨૧૭

સઘળા પયગંબરોને આપવામાં આવેલ ઈલાહી સંદેશાઓનો પ્રધાન સૂર એ છે કે, માનવ–જાતિએ સૃષ્ટિના સર્જનહાર, જેમનું નામ "અલ્લાહ" છે તેમની જ ઈબાદત કરવી, બીજા કોઈની નહીં. તે માટે "લાઈલાહા ઈલ્લલ્લાહ" અલ્લાહ સિવાય બીજો કોઈ ઇલાહ નથી."નું સૂત્ર આપવામાં આવ્યું છે. એક જ અલ્લાહની ઈબાદત કરવાની વાત દરેકે દરેક પયગંબરે પોતાના ઉપદેશમાં કહી છે અને દરેકે દરેક આકાશી પુસ્તકમાં પણ એ વાત મૂકેલી છે. ઉપદેશ અને પુસ્તકોની બીજી વાત એ છે કે, અલ્લાહ તરફથી ઉત્તરોત્તર જે હિદાયત કે માર્ગદર્શન મળતું રહે તે પ્રમાણે માનવોએ વર્તવું. તે પ્રમાણે જે લોકો વર્તશે તેમને દુઃખી થવાનો પ્રસંગ આવશે નહીં ને તેમને આખેરતમાં જન્નત મળશે. એથી ઉલ્ટું જે લોકો પોતાનું વર્તન રાખશે તેમને દોજખની અગ્નિમાં રહેવું પડશે. અલ્લાહ તરફની હિદાયત પયગંબરો મારફત વખતો વખત આપવામાં આવેલી છે: એટલે જે સમયમાં જે પયગંબર થયા હોય તેમની હિદાયત પ્રમાણે તથા તેમના આચરણ પ્રમાણે વર્તવું એજ માનવ જીવનનો સીધો ને સાચો માર્ગ છે. હવે જે પયગંબરો પર આકાશી પુસ્તકો વહી થઈને આવ્યાં તેમાંની હિદાયતોનો સારભાગ સંક્ષિપ્તમાં જોઈએ.

ઉપર જણાવેલ બે બાબતો, એકજ અલ્લાહની ઈબાદત અને પરલોકમાં કૃત્યોનો બદલો, દરેક પયગંબરના ઉપદેશમાં અને દરેક આકાશી પુસ્તકમાં આમેજ થયેલ છે. તે સિવાયની હિદાયતનો સારભાગ અહીં લઈશું.

૧. આદમ અલૈ.ના ૧૦ સહીફાઓ ઉપલબ્ધ થતા નથી પરંતુ તેમાં નીચેની બાબતોનો સમાવેશ થતો હતો.

(અ) ઇન્સાનો અલ્લાહ પાસે દુઆ માંગે, પ્રાયશ્ચિત કરે તો તે માન્ય રાખવામાં આવે છે. (બ) જે બાબત કે વસ્તુ પોતાને પસંદ ન હોય તેને બીજાઓ માટે પસંદ કરવી નહીં. (ક) દરરોજ પ્રાર્થના કરવાનું રાખવું. (ડ) પોતાના શરીરની કાળાશ અને નિસ્તેજતા દૂર કરવા મહિનામાં ૩ દિવસ પોતે અપવાસ પાળતા હતા તેમ લોકોએ પાળવા. ત્યારથી અપવાસનો સિદ્ધાંત દરેક પયગંબરના ઉપદેશમાં સમાવી લેવાયો છે. (ઈ) તેમને દરેક વસ્તુનું નામ, તેનો ગુણદોષ ને તેનો ઉપયોગ અલ્લાહે શીખવ્યાં હતાં તે જ્ઞાન તેમણે પોતાના પુત્રો–પૌત્રો દ્વારા માનવ–જાતિને આપ્યું (ફ) ખેતી, પશુપાલન ને માટી કે ધાતુઓનાં વાસણો બનાવવાનું જ્ઞાન તેમણે આપણને આપ્યું છે.

તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે તેમણે ૯૩૦ વરસનું આયુષ્ય ભોગવ્યું હતું. તે પૈકી ૧૩૦ વરસ જન્નતમાં રહ્યા હતા. એટલે પૃથ્વી પરના ૮૦૦

વરસ સુધી તે પયગંબરપદે રહ્યા હતા. એ વરસો પૈકી પોતાના પુત્ર શીષ અલૈ.ને પયગંબરપદ મળ્યું ત્યાંસુધી લગભગ ૨૮૦ વરસ સુધી એકલા હિદાયત અને જ્ઞાન આપતા રહ્યા. ત્યારથી પોતાના અંતઃકાળ સુધી આશરે ૫૦૦ વરસ સુધી શીષ અલૈ.ના સહીફાઓ પ્રમાણે સહ-ભાગીદારીમાં હિદાયત આપતા રહ્યા.

૨. **શીષ** અલૈ.ને એકજ કુટુંબીજનોને હિદાયત આપવાની હતી. એકજ ઘરમાં મળેલ તાલીમ અને તરબિયત પ્રમાણેના સંસ્કારો જાળવી રાખવાની હિદાયત આપવાની હતી. તેમના ૫૦ સહીફાઓ આજે મળતા નથી, પરંતુ તેમાંથી ગ્રીક ફિલસૂફી=તત્વજ્ઞાન લેવામાં આવેલ છે. ફિલસૂફો સોક્રેટીસ, પ્લેટો, અને એરિસ્ટોટલ વગેરેએ તેના આધારે ગ્રીક ફિલસૂફી વિકસાવી છે. તેમના સહીફાઓમાં કુદરતી દ્રશ્યોનાં વર્ણનો અને બંદગી કરવાના મંત્રો છે. એ સહીફાઓ પ્રમાણે ધાર્મિક ક્રિયાકાંડના તથા સામાજિક, આર્થિક અને સાંસ્કારિક નિયમો પાળવાનો ઉપદેશ તેઓ આપતા હતા. કેટલાંક વરસો સુધી આદમ અલૈ. સાથે, કેટલાંક વરસો સુધી ઇદ્રીસ અલૈ. સાથે ઉપદેશ આપવાના પ્રસંગ તેમને મળ્યા હશે એમ તેમના ૯૧૨ વરસના લાંબા આયુષ્ય પરથી કહી શકાય છે.

૩. **ઇદ્રીસ** અલૈ. આદમ અલૈ.થી ૭મી પેઢીએ થઈ ગયા. તેમના સમયમાં વસ્તી વધારો ખૂબ થયો હતો. કહેવાય છે કે ત્યારે અઢી કરોડ જેટલી વસ્તી "કારાએ મવ"ના ખંડમાં થઈ ગઈ હતી.[૩] એટલે જીવન જટિલ બનતાં નવા પ્રશ્નો ઉભા થયા હતા. એટલે દોરવણી માટે તેમને ૩૦ સહીફાઓ વહી કરવામાં આવ્યા હતા. તેમના સમયમાં બગાડની શરૂઆત થઈ હતી. તેમના પિતામહ મેહલાઈલ ઘણાજ સૌંદર્યવાન હતા. દર્શનાર્થે તેમની મૂર્તિ બનાવવામાં આવી હતી, જેનાં લોકો દર્શન કરી ભેટ-સોગાત આપી ચાલ્યા જતા હતા. આથી તેમને અલ્લાહનું ફરમાન આવ્યું કે, "હે હનોખ! લોકોમાં ફરીને તેમને માર્ગ દેખાડો." લોકોને ભેગા કરતા અને ઉપદેશ આપતા. લોકોએ તેમનો ઉપદેશ માન્યો અને મેહલાઈલની મૂર્તિનું દર્શન કરવાનું અને ભેટ સોગાત આપવાનું બંધ થયું.

તેમના પિતા બેબિલોનમાં રહેતા હતા પરંતુ ઇદ્રીસ અલૈ. ત્યાંથી હિજરત કરીને સિરિયાના સમુદ્ર કિનારે આવેલા ફિનિશિયામાં જઈ વસ્યા હતા. તેમની પ્રેરણાથી ફિનિશિયન લોકોએ મૂળાક્ષરોની શોધ કરી. તેમણે લોકોને લખતાં-વાંચતાં શીખવ્યું. હથિયારો બનાવતાં શીખવ્યું. તોલ-માપની

---

૩. કુરાનિક કહાણીઓ. ભાગ-૨. પૃ. ૨૧૯

શરૂઆત તેમણે કરી. લેવડ–દેવડનો પાયો પણ તેમણે નાંખ્યો હતો. સીવીને કપડાં પહેરતાં તેમણે જ શીખવ્યું હતું. સૌથી વિશેષ, ખગોળ અને ગણિતની વિદ્યાઓ પોતાને વહી થયેલા જ્ઞાન પ્રમાણે તેમણે લોકોને શીખવી. તે પરથી ગ્રીક લોકોએ એ વિદ્યાઓ વિકસાવી. ૩૫૩ વરસ સુધી તેઓ લોકોને ઉપદેશ આપતા રહ્યા અને સાથે સાથે હકૂમત પણ કરતા રહ્યા.

૪. ઇદ્રીસ અલૈ. પછી જે પયગંબર પર સહીફા ઉતર્યાં તે **ઇબ્રાહીમ** અલૈ. છે. ઈ.સ. પૂર્વે ૨૦૩૨માં તેમનો જન્મ થયેલો કહેવામાં આવે છે. એટલે આજથી ૪૦૦૦ વરસ પહેલાં અને આદમ અલૈ.થી ૫૮૪૦ વરસ પછી તેમનો જન્મ થયેલો છે; એટલે કે પ્રાગૈતિહાસિક કાળમાં = Prehistoris Periodમાં તેઓ થઈ ગયા. કાગળની શોધખોળ થઈ ન હતી એટલે તેમના સમય સુધીના ૧૦૦ સહીફાઓ મળતા નથી.

તેમના પર ઉતરેલા ૧૦ સહીફાઓમાંની આજ્ઞાઓ ને તેમનાં બોધવચનોનો પવિત્ર કુરાનમાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે. જેમકે; "તે એક સાચા નબી હતા." ૧૯:૪૧–"તે મુશ્રિકોમાંના ન હતા." ૨:૧૩૫– તેઓ કહેતા ! " શું તમે મૂર્તિઓને ખુદા બનાવો છો ? ૬: ૭૪ "તમે શા માટે તે વસ્તુઓની પૂજા કરો છો, જે ન તો સાંભળી શકે છે, ન તો જોઈ શકે છે, ન તો તમારા ખપમાં આવે છે" ૧૦:૪૧ અલ્લાહની ઈબાદત કરવાનું કહેતા હતા ૨૯:૧૬ આકાશી પદાર્થો સૂર્ય. ચંદ્ર, તારાઓની ઉપાસના ન કરવાનો ઉપદેશ ચાહતા હતા. ૬:૭૬-૭૮

તેમના સમયમાં કાલ્દી લોકો બેબિલોનના રાજ્યમાં મૂર્તિપૂજા અને ગ્રહપૂજા ખૂબ કરતા હતા. તેમનો મુખ્ય દેવતા ચંદ્ર હતો. તેઓ તેને નન્નાર કહેતા હતા. એ દેવતા રાજ્યનો માલિક ગણાતો હતો. પૂજારીઓ તેની પૂજા કરતા અને કરાવતા હતા. કોઈ ઉપવાસ રાખતું ન હતું. વ્યાજ–વટાવની પ્રથા ખૂબ પાંગરી હતી. કોર્ટોમાં અસંખ્ય દાવા ચાલતા હતા. તેમના જીવનનું દૃષ્ટિબિંદુ ભૌતિકવાદનું હતું. વધુમાં વધુ એશ–આરામ અને મોજ મજા ભોગવવામાં તેઓ માનતા હતા. વ્યવહારમાં કપટી હતા. આવી પ્રજાને સુધારવાનું કાર્ય ઇબ્રાહીમ અલૈ ને માથે આવ્યું હતું.

પોતે અલ્લાહને આધીન રહેતા હતા અને તે પ્રમાણે રહેવા લોકોને ઉપદેશ આપતા હતા. તેથી તેમનો ધર્મ "દીને હનીફ" કહેવાયો. તેના પર ઈસ્લામનો પાયો નાખવામાં આવ્યો. અલ્લાહને આધીન હોય તેને "મુસ્લિમ" કહેવામાં આવે છે એટલે ઇબ્રાહીમ અલૈ. મુસ્લિમ કહેવાયા અને તે પરથી અલ્લાહ તઆલાએ મુહમ્મદ સ.અ.વ.ના ધર્મને ઈસ્લામ નામ આપ્યું. આ કારણે

મુસલમાનો ઇબ્રાહીમ અલૈ.ને બહુ માન અને આદરથી જુએ છે.

૫. તૌરાતનું ઉતરાણ ઇસ્રાએલ-લોકો સિનાયના અરણ્યમાં આવ્યા તે સમયમાં એટલે કે ઇ.સ. પૂર્વે ૧૩૧૦ના વરસની આસપાસ મૂકી શકાય. તેથી એવું સ્પષ્ટ થાય છે કે ઇબ્રાહીમ અલૈ. પછી ૭૦૦ વરસે તૌરાત વહી થઇ હતી. ત્યારે પેપિરસનાં પાંદડાઓ પર લખવાનો રિવાજ હતો. તેના ટીપણાં જેવા ગોળ વીંટા બનાવવામાં આવતા હતા મિસરના ફિરઔન બાદશાહોની અને અમીર-ઉમરાવોની કબરોમાં "મરેલાઓનું પુસ્તક" મૂકવાનો રિવાજ હતો. આ ઉપરાંત બાદશાહો પોતાના રાજ્યકાળમાં બનેલા અગત્યના બનાવોના તથા તેમની પ્રશસ્તિના લેખો પથ્થરો પર કોતરાવતા હતા. આવા શિલાલેખો પરથી પાછલો ઇતિહાસ રચી શકાય તેમ છે. આથી કહી શકાય કે ફિરઔન બાદશાહોના કાળથી અથવા મૂસા અલૈ.ના સમયથી ઐતિહાસિક કાળ=Historic Period શરૂ થયેલો ગણાય. મૂસા અલૈ.ને તૌરાતની ૧૦ આજ્ઞાઓ પથ્થરની પાટીઓ પર કોતરાવેલ હાલતમાં આપેલી હતી. ત્યારપછી મૂસા અલૈ.એ તૌરાતની ૧૨ નકલો કરાવીને ઇસ્રાએલના ૧૨ કુળોને એકેક આપી હતી. એથી કહી શકાય કે ઐતિહાસિક કાળમાં અતિ અગત્યનું પુસ્તક તૌરાત હતું.

તે સમયે ફિરઔન બાદશાહો ઘણાજ બળવાન હતા. મિસરની પૂર્વમાં પશ્ચિમ એશિયાના દેશોમાં નાનાં નાનાં રાજ્યો હતાં. તેમની વચ્ચે બેબિલોનનું રાજ્ય ઉભું થતું હતું એટલે પ્રજા-પ્રજાઓ વચ્ચે સંગ્રામો થયા કરતા હતા. કેદીઓ સાથે ખાસ કરીને સ્ત્રી કેદીઓ સાથે ગમે તેવો વ્યવહાર ચલાવવામાં આવતો હતો. શાંતિ ક્યાંયે ન હતી. મૂર્તિપૂજા બહુ પાંગરેલી હતી. વાછરડાની પૂજા સામાન્ય થઈ પડી હતી. ઇસ્રાએલીઓ પર અનેક પ્રકારના જુલમ થતા હતા. તેઓ પોતાના પૂર્વજોનાં સંસ્કારો ભૂલી ગયા હતા. ઇબ્રાહીમ અલૈ.ના સહીફાઓ વિસરાઇ ગયા હતા. આ સંજોગોમાં નવા-માર્ગદર્શનની જરૂર હતી. એટલે જ અલ્લાહે નવા કાનૂનો આપતી તૌરાત વહી કરી. આ તૌરાત ફિરઔન અને તેના લશ્કરને ડૂબાડી દીધા પછી ઉતરી એની સાખ પવિત્ર કુરાન પણ પૂરે છે. "આગળની પેઢીઓને નષ્ટ કર્યા પછી અમે મૂસાને કિતાબ એનાયત કરી; જે લોકોની આંખો ઉઘાડનારી, તેમને માર્ગદર્શન આપનારી અને રહેમત બક્ષનારી બનાવીને વહી કરી કે જેથી લોકો બોધ ગ્રહણ કરે." ૨૮ : ૪૩.

"અમે તૌરાત ઉતારી જેમાં હિદાયત અને પ્રકાશ છે." ૫ : ૪૪

"અને અમે મૂસા અને હારૂન પર ફુરકાન, પ્રકાશ અને ભય

દેખાડનારી કિતાબ વહ્ય કરી ચૂક્યા હતા." ૨૧ : ૪૮

આથી સ્પષ્ટ થાય છે કે તૌરાત સત્ય અસત્યનો ભેદ બતાવે છે, જીવનનો સાચો માર્ગ દેખાડનારી રોશની છે અને માનવો જે પાઠ ભૂલી ગયા છે તેને યાદ દેવડાનારી હિદાયત છે. પરંતુ આજે જે તૌરાત મૂસા અલૈ. ને મળી હતી તે ક્યાંયે ઉપલબ્ધ થતી નથી.

આજે ઈબ્રાહીમ અલૈ. થી ઈસા અલૈ. સુધી જે આકાશી પુસ્તકો વહ્ય થયેલાં છે તેમને "બાઈબલ" કહેવામાં આવે છે. એના બે ભાગ પાડવામાં આવેલા છે. એક ભાગને "જૂનો કરાર" અને બીજા ભાગને "નવો કરાર" કહે છે. જૂના કરારમાં ૩૮ કિતાબો છે, તેમાં ઝબૂરનો પણ સમાવેશ થાય છે. આજે જૂના કરારની પહેલી ચાર કિતાબોને તૌરાત કહે છે. ખરી રીતે તો મૂસા અલૈ. પર જે હુકમો, જે બાબતો કે જે કાનૂનો કે જે ૧૦ આજ્ઞાઓ પાટી પર કોતરેલ હાલતમાં મળી હતી તે અને ત્યારપછી તેમના મરણ સુધી ૪૦ વરસમાં વહ્ય થયેલ બાબતો તે જ તૌરાત છે. પહેલાં કહ્યું તેમ તેની ૧૨ નકલો મૂસા અલૈ. મે જાતે લખાવીને દરેક ઈસ્રાએલ કુળને આપી હતી. એક નકલ લાવી કબીલાને જાળવી રાખવા આપી હતી. તે નકલ અને પથ્થરની પાટીઓ સકીનાએ તાબૂતમાં અર્થાત સાક્ષ્ય પેટીમાં મૂકવામાં આવી હતી. તેને જાળવી રાખવામાં લાવીઓ અત્યંત બેદરકાર બની ગયા હતા. યહૂદાહ રાજ્યના યૂસિયાહ રાજાના સમયમાં યરુસાલેમની મસ્જિદ કે હૈકલની દુરસ્તી થઈ ત્યારે હૈકલના વડા ધર્મગુરૂ અને કોમના સરદાર ખલકિયાહને એક સ્થળેથી તે મળી આવી હતી. તેણે આ કોપી બાદશાહ સમક્ષ રજૂ કરી હતી. આ કોપી અને બીજી નકલો હૈકલમાં રાખવાની ગોઠવણ થઈ. આ તૌરાતની તે નકલો હતી જેને બેબિલોનના બાદશાહ નેબૂખાદનેસ્સારે નષ્ટ કરી હતી. પછી ઈસ્રાએલીઓ બેબિલોનની કેદમાંથી મુક્ત થયા અને હૈકલ ને યરૂસાલેમ શહેર ફરી બંધાયાં તે સમયે ઉઝેર અલૈ.મે (Izra) કેટલાક ઇસ્રાએલી આલિમોની, બુઝુર્ગોની મદદ લઈ ઇસ્રાએલ લોકોના ઇતિહાસની ૧૭ કિતાબો લખી. તે પૈકી–ઉત્તપત્તિ, નિર્ગમન, લેવીય અને ગણના નામની ૪ કિતાબો મૂસા અલૈ. ના જીવન પર પ્રકાશ પાડે છે. એ વેળા મૂસા અલૈ.ના જીવનને અને કાનૂનોને લગતાં જે મૂળ વાકયો ઉઝેર અલૈ. ને અને તેમના મદદનીશોને મળ્યાં તે ઉપરોક્ત કિતાબોમાં આમેજ કરવામાં આવ્યાં હતાં. આથી ખરી રીતે આ ૪ કિતાબોમાં આવાં જે વાકયો વિખરાયેલાં પડેલાં છે તે મૂસા અલૈ. ને વહ્ય થયેલી તૌરાત છે. આ કિતાબોમાં, "દેવે કહ્યું, યહોવાહે કહ્યું, મૂસાએ કહ્યું" એવા શબ્દોથી એવાં

વાકયોનો આરંભ ગણાય અને મુદ્દાની વાત પૂરી થાય ત્યારે તેનો અંત ગણાય. એવાં વાકયો તૌરાતનાં ગણાય. એવાં વાકયો પૂરાં થયાં પછી તેમનું વિવરણ કરતાં વાકયો આવે તો મૂળ તૌરાતનાં નહીં પણ ઉમેરેલાં ગણાય. એ ઉપરાંત અત્રેની તૌરાતમાં ઘણો ઉમેરો કરવામાં આવેલો છે.

૧. એમાં વિરોધાભાસ છે; જેમ કે "આદિએ દેવે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કર્યાં : અને પૃથ્વી અસ્તવ્યસ્ત અને ખાલી હતી. અને જળનિધિ પર અંધારૂં હતું.—અને દેવે કહ્યું કે પાણીની વચ્ચે અંતરિક્ષ થાઓ. દેવે એ અંતરિક્ષને આકાશ કહ્યું,... દેવે કહ્યું, આકાશ તળેનાં પાણી એક જગામાં એકઠાં થાઓ ને કોરી ભૂમિ દેખાઓ અને દેવે એ કોરી ભૂમિને પૃથ્વી કહી." ઉત્પત્તિ પ્રક. ૧ : ૧ થી ૧૦. પહેલાં દેવે આકાશ-પૃથ્વી ઉત્પન્ન કર્યાં અને પછી પાણીને જુદા પાડીને ઉત્પન્ન કર્યાં એમ કહે છે. સાચું શું એ સમજવું અઘરૂં છે.

૨. "દેવે કહ્યું, કે આપણે પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ." ઉ. પ્ર. ૧ : ૨૬ અલ્લાહ તો નિરંજન નિરાકાર છે તો પછી તેના આકારનો માણસ બનાવવાની વાત કેવી હોઈ શકે ?

૩. ઈલાહી પુસ્તકોમાં ઇતિહાસ હોવો જરૂરી નથી : જ્યારે આજની તૌરાત ઐતિહાસિક પ્રસંગો ને વાતોથી ભરપૂર છે. તેમાં તો લોકોને ઉપદેશ અને માર્ગદર્શન હોવું જોઇએ. અત્રેની તૌરાતમાં નથી સર્જનહારની સ્તુતિ કે નથી તેના સિફાતો કે ગુણધર્મોનું બયાન. નથી તેમાં પરલોકના જીવન સંબંધીની હકીકત, કે નથી સજા-જઝાની વાત. પવિત્ર કુરાનમાં સ્વર્ગ કેવું હશે, નર્ક કેવું હશે, એ બંનેનું તાદશ્ય વર્ણન આપવામાં આવેલું છે : જ્યારે અત્રેની તૌરાતમાં સ્વર્ગ-નર્ક સંબંધનો ઈશારો પણ જોવા મળતો નથી : ફક્ત ઈસ્રાએલ લોકોને કનાન દેશ આપવાની વાત છે. એ અંગે તૌરાતમાં આ પ્રમાણે ઉલ્લેખ થયેલો છે :

"તે વખતે કનાનીઓ તે દેશમાં રહેતા હતા. અને યહોવાહે ઈબ્રાહીમને દર્શન આપીને કહ્યું, કે હું તારા વંશજોને આ દેશ આપીશ." ઉ. ૧૨ : ૬-૭

"અને યહોવાહે મૂસાને કહ્યું, કે કનાન દેશ, જે હું ઈસ્રાએલ પુત્રોને આપું છું તેની જાસુસી કરવા માણસો મોકલ." ગ. ૧૩ : ૧

તૌરાતમાં ન દુઆ માંગવાની વાત છે, ન બંદગી કરવાની વિધિઓનું વર્ણન છે. એ અંગે વિચિત્ર રીત છે. "તેના પાપને લીધે યાજક તેને સારૂ પ્રાયશ્ચિત કરે એટલે તેને ક્ષમા આપવામાં આવશે." લે. ૪ : ૨૬ આથી જ તો ૧૪-૧૫ મી સદીઓમાં ધર્મગુરૂઓ પાપ માટે માફીનામાં વેચતા

હતા. આ આયત મૂળભૂત સિદ્ધાંત "કરે તેવું ભરે ને વાવે તેવું લણે." ની વિરૂદ્ધ જાય છે. તૌરાતમાં પુણ્ય કે નેકી કરવા પ્રેરણા કે ઉત્તેજના નથી.

એ તો ઠીક, પયગંબરો પર વ્યભિચારનો આરોપ મૂકેલો છે. આ કૃત્ય પયગંબર જેવી વ્યક્તિ કદાપિ પણ કરે નહીં. જેમકે "લોટની બંને દીકરીઓ પોતાના બાપથી ગર્ભવંતી થઈ... ઉ. ૧૯ : ૩૬

"દાઉદે ધાબા પરથી એક સ્ત્રીને (ઉરીયાહની સ્ત્રી બાથશેબાને) સ્નાન કરતાં દીઠી. તે સ્ત્રી દેખાવમાં ઘણી ફૂટડી હતી... દાઉદે માણસ મોકલીને તેને પકડી મંગાવી. તે તેની પાસે મહેલમાં આવી ને તે તેની પાસે સૂઈ ગયો...તે સ્ત્રીને હમેલ રહ્યા." ૨–શમૂએલ ૧૧ : ૪

વળી તૌરાતમાં આવે છે કે "દેવના દીકરાઓ માણસની દીકરીઓને પરણ્યા ને તેઓથી છોકરાં થયાં કે જેઓ પુરાતન કાળના બળવાનો, નામાંકિત પુરૂષો હતા." ઉ. ૬ : ૪ પવિત્ર કુરાન તો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, "અલ્લાહ એક જ છે...તેને કોઈ સંતાન નથી અને ન તે કોઈનું સંતાન છે, કોઈ તેનો સમકક્ષ નથી." ૧૧૨ : ૧, ૩, ૪. આમ તૌરાત અલ્લાહની વહદાનિયતનો ભંગ કરે છે. શિર્કને, ઇશ્વરના ભાગીદારીના સિદ્ધાંતને ચાલુ કરે છે : પોષે છે

અલ્લાહને ભૂલો કરતાં પણ ચિતર્યો છે "યહોવાહે પૃથ્વી પર માણસને ઉત્પન્ન કર્યું. તેનો તેને પ્રશ્ચાતાપ થયો ને હૃદયમાં તે ખેદિત થયો." ઉ. ૬ : ૬ પોતાની ભૂલ તેને પછી સમજાઈ, એટલે ભવિષ્યથી પણ અલ્લાહ અંજાણ હતો, એમ આ આયતથી કહી શકાય. માણસને ખલીફા તરીકે પેદા કરતી વેળા ફરિશ્તાઓએ કહ્યું હતું કે, "શું તમે પૃથ્વી પર કોઈ એવાને નીમવાના છો જે (જગતના) તંત્રને બગાડી મૂકશે." અલ્લાહે જવાબમાં "ફરમાવ્યું, હું જે જાણું છું તે તમે જાણતા નથી." ૨ : ૩૦. આથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહને દરેક બાબતનું સંપૂર્ણ જ્ઞાન હોય છે, છતાં તૌરાતમાંનો ઉપરોક્ત આક્ષેપ તેના સર્વજ્ઞ = omniscient હોવાનો ગુણ નકારે છે.

આથી કહી શકાય કે તૌરાત આકાશી પુસ્તક રહ્યું નથી. હા, તેમાંના કેટલાક પ્રસંગોનાં વાકયો, તે પ્રસંગો વર્ણવતાં કુરાનનાં વાકયો સાથે બંધ બેસતાં આવી રહે છે : જેમકે :

## તૌરાતનાં વાકયો

૧. "અને યહોવાહ દેવે તે માણસને એવો હુકમ આપ્યો કે, વાડીના દરેક વૃક્ષ પરનું ફળ તું ખા, પણ ભલુંભૂંડું જાણવાના વૃક્ષનું ફળ તારે ખાવું નહીં." ઉ. ૨ : ૧૬–૧૭

૨. "મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા ને [આકાશનાં દ્વાર ઉઘડી ગયાં." ઉ : ૭ : ૧૧.

૩. "જો તારી સ્ત્રી સારાહને દીકરો થશે....એ સારાહે સાંભળ્યું ને મનમાં હસીને બોલી : હું ઘરડી થઈ, ને મારો ધણી પણ ઘરડો છે, તો હવે શું મને હર્ષ પ્રાપ્ત થાય ?" ઉ. ૧૮ : ૧૦–૧૨.

૪. "તેના ધણીની સ્ત્રીએ યૂસુફ પર કુદૃષ્ટિ કરી અને તેને કહ્યું : મારી સાથે સૂ. પણ તેણે ના કહી...એવું ખોટું કુકર્મ કરીને હું દેવનો અપરાધી કેમ થઉં ?"
ઉ. ૩૯ : ૭–૮–૯ માંથી

## પવિત્ર કુરાનની આયતો

૧. "હે આદમ ! તમે અને તમારી પત્ની બંને જન્નતમાં રહો અને અહીં મુક્તપણે જે ચાહો તે ખાઓ, પણ આ વૃક્ષની નજીક ન જશો." ૨:૩૫

૨. "અમે ધોધમાર પાણી પાડવા માટે આકાશનાં દ્વાર ખોલી નાખ્યાં અને પૃથ્વીને ફાડીને ઝરણાં ઉભરાતાં કરી મૂક્યાં." ૫૪ : ૧૧–૧૨

૩. તેમણે કહ્યું : ડરો નહીં અને તેને એક જ્ઞાની પુત્રના જન્મના શુભ–સમાચાર આપ્યા. આ સાંભળીને તેની પત્ની મોટેથી બોલતી ત્યાં આવી અને મોં પર હાથ મૂકી કહેવા લાગી : હું એક વૃદ્ધા અને વળી વાંઝ [ શું મને પુત્ર પ્રાપ્ત થશે ? ] ૫૧:૨૫૧/૨૭

૪. "જે સ્ત્રીના ઘરમાં તે રહેતો હતો તેણી પોતાની મનોકામના પૂર્ણ કરવા લલચાવવા લાગી અને સઘળાં બારી બારણાં બંધ કરી કહેવા લાગી: જલદી આવ, તેણે કહ્યું : અલ્લાહની પનાહ...નિઃસંશય, ખોટાં કૃત્યો કરનારાં કદી સફળતા પામતાં નથી." ૧૨:૨૩.

મૂસા અલૈ.ના જીવનના ઘણા પ્રસંગો બોધ લેવા માટે પવિત્ર કુરાનમાં લેવામાં આવ્યા છે અને આપ સલ્લ. ને આદેશ આપવામાં આવ્યો હતો કે : શું તારી પાસે મૂસાની કહાણી આવી નથી ?" ૭૯ : ૧૫ અર્થાત રસૂલુલ્લાહને આદેશ આપવામાં આવ્યો કે 'હે નબી ! લોકોને મૂસાની કહાણી કહી સંભળાવો.' રસૂલુલ્લાહે પોતા પર વહ્ય થયા પ્રમાણે મૂસા અલૈ ની કહાણી કહી સંભળાવી. તે આદેશનું અનુસરણ કરી આ પુસ્તકમાં કુરાન શરીફ પર આધારિત મૂસા અલૈ. ની કહાણી આપવામાં આવી છે કે જેથી તેમના જીવનના પ્રસંગોમાંથી બોધપાઠ લઈ શકાય.

૬. સઘળાં ઇશ્વર-દત્ત પુસ્તકો ગધમાં છે જ્યારે ઝબૂર પધમાં છે. તેમાં ભક્તિ-કાવ્યો છે. અને એ કાવ્યોમાં ખુદાના ગુણગાન અને પ્રાર્થનાઓ છે. આ પુસ્તકને જૂના કરારમાં સામેલ કરી લેવામાં આવ્યું છે. જૂના કરારના સઘળાં પુસ્તકો ઇશ્વર-દત્ત રહ્યાં નથી અને ઝબૂર પણ અણીશુદ્ધ વહ્ય થયું તેવું રહ્યું નથી. એ અંગેની હકીકત આ પુસ્તકના "દાઉદ અલૈ. અને ઝબૂર" ના પ્રકરણમાં આપવામાં આવેલ છે, એટલે અહીં તેની વિગત આપવામાં આવી નથી.

૭. **ઇંજીલ,** નવા કરારમાં કુલ ૨૭ કિતાબો છે; પરંતુ મૂળ ઇંજીલ તો તે હોવી ઘટે જે ઇસા અલૈ. પર વહ્ય થઇને આવી હતી. એવી જે ઇંજીલ ઉતરી હતી તેની સાખ પવિત્ર કુરાન પૂરે છે : જેમકે "ત્યારબાદ એ પયગંબરો પછી અમે મરિયમના પુત્ર ઇસાને મોકલ્યો... અમે તેને ઇંજીલ એનાયત કરી જેમાં હિદાયત અને રોશની હતાં અને તૌરાતમાંનું જે કંઈ તે સમયે મોજૂદ હતું તેનું સમર્થન કરનારું એ પુસ્તક હતું અને તે અલ્લાહથી ડરનારા લોકો માટે માર્ગદર્શન ને બોધથી ભરપૂર હતું." ૫ : ૪૬ આ મૂળ ઇંજીલમાંના કેટલાક પ્રસંગોના ઉલ્લેખ પવિત્ર કુરાનમાં થયેલા છે.

આ ૨૭ કિતાબો આકાશી છે એમ ખ્રિસ્તીઓ કહે છે. એ આકાશી કિતાબો નથી એવું તો પ્રથમ નજરે એમના મથાળાં વાંચતા જ સમજાઇ જાય છે. તે ઉપરાંત ૨૭ કિતાબો પૈકી ૨૧ કિતાબો તો જુદા જુદા લોક સમુદાયો પર લખેલા પત્રો છે. બાકી રહેલ ૬ કિતાબો પૈકી પહેલી ચારને ઇંજીલો-સુવાર્તાઓ કહે છે. એ ચારે ઇંજીલોના લખનારા ચાર જુદા જુદા માણસો છે. એમાંના બે માત્થીઅસ અને લુક તો એવા છે જેમણે ઇસા અલૈ.ને જોયા પણ નથી, એટલે કહી શકાય કે તેમણે જે ઇંજીલો-સુવાર્તાઓ લખી છે તે લોકો પાસેથી સાંભળીને લખી છે બીજા બે લેખકો, મતી અને યોહન્ના ઇશુ ખ્રિસ્તના હવારીઓ હતા એમ કહેવામાં આવે છે. આ બે હવારીઓની પાસે ઇશુ ખ્રિસ્ત પોતાને મળતી વહીઓ લખાવી લેતા હતા એવો કોઇ પુરાવો મળતો નથી અને બંનેએ લખેલ ઇંજીલનાં વાકયે વાકયો એક સરખાં નથી. એથી કહી શકાય કે આ બંનેની લખેલી ઇંજીલો લોકો પાસેથી સાંભળીને લખી છે. ઇસા અલૈ.ના જીવનકાળથી લઈ ૩૦૦ વરસ સુધી ખ્રિસ્તીઓ પર અસહ્ય જુલમ થતો હતો એટલે અસલ ઇંજીલ પ્રમાણે લોકોને બોધ આપી શકયા ન હતા. રોમન શહેનશાહ કોન્સટનટાઇને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો ત્યારપછી એ ધર્મનો પ્રચાર થવા લાગ્યો.

ઈંજીલો માટે મતભેદ હતા એટલે ઈ.સ. ૩૨૫માં ખ્રિસ્તી ધર્માધ્યક્ષોની પરિષદ નાઈસ શહેરમાં મળી. તેમાં ફક્ત એક જ ઇંજીલને માન્યતા આપવામાં આવી. એના માટે ખૂબ વાદવિવાદો અને ઝઘડા થતા હતા તેથી ઈ.સ. ૩૯૭માં કારથેજમાં બીજી પરિષદ મળી તેમાં બીજી સાત કિતાબોને ઇશ્વરદત્ત માનવાનો ઠરાવ થયો. ત્યારપછી પાછી તરલુ, ફ્લોરેન્સ અને તરન્યામાં પરિષદો મળી. તેમણે આ ૨૭ કિતાબો આકાશી છે એવો ઠરાવ કર્યો. પછી ૧૨૦૦ વરસ સુધી એ કિતાબો ઇશ્વરદત્ત છે એવી માન્યતા રહી. છેવટે પ્રોટેસ્ટન્ટ પંથ ઉત્પન્ન થયો. તેણે કેટલીક કિતાબોને રદ બાતલ ગણી. આથી સ્પષ્ટ થાય છે કે આજની નવા કરારની ૨૭ કિતાબો ઇશ્વરદત્ત નથી.

એક ઈંજીલ બરનાબા હવારીએ લખી હતી તે પોપની લાયબ્રેરીમાં પડી રહી હતી. થોડા સમય પર તે પ્રગટ થઇ છે. આ ઇંજીલથી ખ્રિસ્તીઓ અંજાણ હતા. તે લોકોમાં પ્રચલિત ન હતી એટલે તેમાં ઝાઝા ફેરફારો નથી. તેમાંની ઘણીખરી બાબતો પવિત્ર કુરાનમાં ઈસા અલૈ. અંગે વર્ણવેલી બાબતો સાથે મળતી આવે છે, પણ ખ્રિસ્તી લોકો તેને માનતા નથી. નવા કરારની કિતાબોને જ માને છે.

### ૮. કુરાન શરીફ:

આ પુસ્તક ઇશ્વરદત્ત છે એટલે કે રબ્બુલ – આલીમન = Lord of the univrse=જગપતિ તરફથી આવેલું છે એ બાબતનો પુરાવો કુરાનની આયતો આપે છે.

અ. "એમાં જરાય સંદેહ નથી કે આ કિતાબ (કુરાન) રબ્બુલ આલમીન એટલે કે જગપતિ તરફથી આવેલું છે" ૩૨ : ૨

બ. "આ પુસ્તક રબ્બુલ–આલમીને જગપતિએ ઉતારેલું છે." ૫૬ : ૮૦

ક. "જેણે પૃથ્વી અને ઉંચા ઉંચા ગગન મંડળો સર્જયાં છે તે સર્જનહારે આ પુસ્તક (કુરાન) ઉતાર્યું છે." ૨૦ : ૪.

ડ. "આ કિતાબ (કુરાન)નું ઉતરાણ મહા સામર્થ્યવાન અને સમજદાર અલ્લાહ તરફથી થયેલું છે" ૩૯ : ૧–૪૬ : ૧.

ઈ. "આ કિતાબ (કુરાન) અલ્લાહ તરફથી ઉતારવામાં આવેલ છે જે સામર્થ્યવાન અને જ્ઞાતા છે." ૪૦ : ૧.

ફ. "આ કિતાબ (કુરાન) મહા દયાળુ અને પરમ કૃપાળુ અલ્લાહ તરફથી ઉતારવામાં આવેલી છે" ૪૧ : ૧

કુરાન શરીફ અલ્લાહ તઆલાએ મુહમ્મદ સ. અ. વ. પર વહ્ય કર્યું છે તેનો પુરાવો પવિત્ર કુરાનની નીચેની આયતોમાંથી મળી રહે છે.

ક. "(હે મુહમ્મદ!) નિઃસંશય તમે આ કુરાન એક સમજદાર અને સર્વજ્ઞ અલ્લાહ પાસેથી મેળવી રહ્યા છો." ૨૭ : ૬

ખ. "સર્વ પ્રશંસા અલ્લાહના માટે જ છે જેણે પોતાના બંદા (મુહમ્મદ) ઉપર આ કિતાબ ઉતારી છે." ૧૮ : ૧

ગ. "અને શું આ લોકો માટે નિશાની નથી કે અમે તમારી (મુહમ્મદ) ઉપર આ કિતાબ ઉતારી છે." ૨૯ : ૫૧

પવિત્ર કુરાન માનવ-જાતિને હિદાયત અને માર્ગદર્શન આપવા માટે છે એટલે એમાં અનુશાસન છે, નીતિ-નિયમો અને કાનૂનો પણ છે. બોધ-ગ્રહણ કરવા માટે કેટલાક પયગંબરોના પ્રસંગોનો ઇતિહાસ પણ છે. દુઆ માંગવાની રીત પણ છે નમાજ માટે હુકમ પણ છે. આ બધું કુરાનની આયતોમાંથી પુરવાર થઈ શકે છે, પણ તે માટે મોટું દળદાર પુસ્તક હોવું ઘટે. એ મુખ્યત્વે હિદાયતનું પુસ્તક છે એવું કહેતી કેટલીયે આયતો કુરાનમાં ઘણે ઠેકાણે જોવા મળે છે. તેમાંની નમૂના રૂપ આયતો આ રહી.

૧. "હે નબી! આવી રીતે અગાઉ થઈ ગયેલા બનાવોની જાણ તમને કરીએ છીએ અને તને અમારી પાસેથી બોધપાઠનું પુસ્તક (કુરાન) પ્રદાન કર્યું છે." ૨૦ : ૯૯

૨. "હે મુહમ્મદ! આ કલામ (વાણી)ને તમારી પોતાની માતૃભાષામાં સરળ બનાવીને એટલા માટે તમારા ઉપર મોકલવામાં આવે છે કે જેથી પુણ્યશાળી લોકોને શુભ સમાચાર પાઠવો અને હકધર્મી લોકોને બીવડાવો"૧૯:૯૭

૩. "તેની (એટલે કે અલ્લાહની) મહાન બરકત છે કે તેણે પોતાના બંદા (મુહમ્મદ) ઉપર સત્ય અસત્યનો ભેદ બતાવનારી કિતાબ ઉતારી કે જે દુનિયાના લોકો માટે ચેતવણી આપનારી બની રહે." ૨૫ : ૧

૪. "હે નબી! અમે તમારા તરફ આ કિતાબ (કુરાન) મોકલેલ છે જે સત્ય લઈને આવેલી છે અને તેની પહેલાંની કિતાબોમાંનું અત્રે જે કાંઈ મોજૂદ છે તે સત્ય હોવાનું સમર્થન કરે છે તથા તેની હિફાજત પણ કરે છે." ૫ : ૫૭

ઉપરોક્ત આયતો વાંચતાં સ્પષ્ટ થાય છે કે પવિત્ર કુરાન ઇશ્વર-દત્ત એટલે કે અલ્લાહ તઆલાએ એનાયત કરેલો ગ્રંથ છે અને તે માનવ-જાતિને બોધ આપતો ગ્રંથ છે તથા તેમાં જે કોઈ બાબત સમાવિષ્ટ થયેલી છે તે સાવ સાચી છે. તેમની પહેલાંના પયગંબરો પર ૧૦૩ કિતાબો ઉતરેલી છે તે સત્યથી ભરપૂર છે તેનું સમર્થન પણ કુરાન કરે છે. તે ઉપરાંત તે કિતાબોમાં વર્ણવેલા પ્રસંગો, તેમાં વહ્ય થયેલા પયગામો, બોધવચનો ઇત્યાદી ને પવિત્ર

કુરાનમાં સમાવિષ્ટ કરી પોતાનું અને તેમનું રક્ષણ પણ કરે છે.

પવિત્ર કુરાન મુહમ્મદ સ.અ.વ. પર ૨૨ વરસ સુધી વહ્ય થતું રહ્યું હતું. જ્યારે જ્યારે તેની આયતો રસૂલુલ્લાહ પર વહ્ય થતી હતી ત્યારે ત્યારે રસૂલુલ્લાહ તેમને લોકોને કહી સંભળાવતા હતા અને કાતિબો અર્થાત લહિયાઓ પાસે લખાવી લેતા હતા. પોતે કુરાન શરીફની સર્વ આયતો મુખપાઠે કરી લેતા હતા. પરિણામ એ આવ્યું કે જેવું ઉતર્યું હતું, જેવું વહ્ય થયું હતું તેવું ને તેવું એક શબ્દના કે કાનોમાત્રાના ફેરફાર વિનાનું સાંગોપાંગ અસલ સ્થિતિમાં જ આજે પણ મળે છે અને વળી જોઈએ તેટલી નકલો મળી શકે છે. સઘળી નકલો એક સરખી છે. ઉપરાંત કુરાન શરીફના હજારો લાખો લોકો હાફેજ છે જેમને તે તેની અસલ સ્થિતિમાં જ મોઢે છે.

વળી જગતના સર્વ મનુષ્યો અને જિન્નાતોને પડકાર છે કે એના જેવી આયતો બનાવી લાવે તો ખરા ! આજ દિન સુધી કોઈ પણ તેમ કરી શક્યું નથી અને કરી શકશે નહીં એવો કુરાન શરીફનો દાવો છે. ૧૪૦૦ વરસ થયા હોવા છતાં જરાયે ફેરફાર થયો નથી. એવું એ ઇશ્વર-દત્ત પુસ્તક છે.

કુરાન શરીફમાં કોઇ અસત્ય વાત નથી. સત્યથી અને સાચા સદબોધથી ભરપૂર છે. તેના સિવાય બીજું કોઇ આકાશી પુસ્તક વહ્ય થયું હોય તેવી સ્થિતિમાં અણીશુદ્ધ જેવું ને તેવું અત્રે રહ્યું નથી. વળી સઘળાં આકાશી પુસ્તકોમાં એ છેલ્લામાં છેલ્લું Latest પુસ્તક છે. આ પરિસ્થિતિ હોવાથી કુરાન શરીફનો અભ્યાસ શુદ્ધ મને અને પૂર્વગ્રહ વિના દરેક માનવીએ કરવો ઘટે. તેમાં આપેલી હિદાયતને, જીવન જીવવા માટે આપેલા માર્ગ-દર્શનને જે કોઈ અપનાવશે તેનું જીવન સફળ થયા વિના રહેવાનું નથી.૩

---

૩. કુરાન શરીફના અભ્યાસ માટે કુરાનિક કહાણીઓ માર્ગદર્શનરૂપ થઈ પડશે.

## પ્રકરણ ૨ જું

### મિસરમાં ઈસરાઈલીઓનું વાસ્તવ્ય [Stay]

વાસ્તવ્ય જાણવા માટે, ઈસરાઈલ લોકો મિસરમાં ક્યારે આવીને વસ્યા અને ક્યારે દેશ છોડી ચાલ્યા ગયા એ જાણવું જરૂરી છે. તૌરાતમાં તેમના વાસ્તવ્યનો સમય ૪૩૦ વર્ષનો બતાવવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "હવે ઇસ્રાએલ-પુત્રોએ જે મિસર દેશમાં પ્રવાસ કર્યો તેની મુદ્દત ચારસેં ને ત્રીસ વર્ષની હતી. અને એમ થયું કે ચારસેંને ત્રીસ વર્ષ પૂરા થયાં, તેજ દિવસે એમ થયું કે યહોવાહનાં સર્વ સૈન્યો મિસર દેશમાંથી નીકળી ગયાં." નિ.પ્ર. ૧૨ : ૪૦-૪૧. આ આયતથી સ્પષ્ટ થાય છે કે પૂરેપૂરાં ૪૩૦ વર્ષ તેઓ મિસરમાં રહ્યા હતા. અરબ ઇતિહાસકારો તથા પવિત્ર કુરાનના ભાષ્યકારોનું કહેવું છે કે યૂસુફ અલૈ. અને મૂસા અલૈ. વચ્ચેનો ગાળો લગભગ ૪૦૦ વર્ષનો હતો; જ્યારે ઇબ્રાહીમ અલૈ. અને મૂસા અલૈ. વચ્ચેનો ગાળો ૭૦૦ વર્ષનો હતો.[૧] આમ તેમના વાસ્તવ્યનાં તૌરાતમાં આપેલાં વરસો સાથે મેળ બેસી રહે છે. પવિત્ર કુરાનમાં એ વરસો આપ્યાં નથી એટલે તૌરાતમાં આપેલાં ૪૩૦વર્ષ આપણે સ્વીકારી લેવાં જોઈએ.

તૌરાતમાં આપેલાં આ વર્ષો ઉપરથી તેમનો જમાનો નક્કી થતો નથી. જમાનો નક્કી કરવા માટે તેઓ ક્યા વર્ષમાં મિસરમાં આવ્યા અને ક્યા વર્ષમાં મિસર છોડી ચાલ્યા ગયા એ જાણવું જરૂરી છે. બધા લોકો સ્વીકાર કરે છે કે તેઓ યૂસુફ અલૈ.ના સમયમાં આવ્યા અને મૂસા અલૈ.ના સમયમાં ચાલ્યા ગયા. આથી આપણે જો યૂસુફ અલૈ.ની જન્મતિથિ જાણી લઈએ તો તેમના આગમનનું વર્ષ નક્કી કરી શકીએ; અને જો મૂસા અલૈ.ની જન્મ-તિથિ અથવા મરણતિથિ જાણી લઈએ તો તેમના નિર્ગમન (Exodus)નું વર્ષ નક્કી કરી શકીએ. આ બે તિથિઓ પરથી તેમના વાસ્તવ્યનો જમાનો જાણી શકાય. પરિસ્થિતિ એવી છે કે, તૌરાતમાં, ઈંજીલમાં, પવિત્ર કુરાનમાંથી તેમના આગમન કે નિર્ગમનનું વર્ષ ઉપલબ્ધ થતું નથી. આથી તેમના આગમન નિર્ગમન અંગે જુદા જુદા મત પ્રદર્શિત થયા છે. તે ઉપરથી તેમના વાસ્તવ્યનો જમાનો તારવી કાઢવા આપણે પ્રયત્ન કરીશું.

તૌરાતમાં હિબ્રૂ લોકોના અર્થાત ઇસરાઈલ લોકોના બે હજાર વરસના

---

૧. મુવાહિબ. પ્ર. ૭ : ૧૦૩ની આયતની તફસીરમાંથી.

ઈતિહાસનું વર્ણન આપવામાં આવેલું છે. પ્રાગૈતિહાસિક કાળમાં યુફ્રેટિસ અને ટાઈગ્રિસ નદીઓના મેદાનનો ભાગ ચાલ્ડીઆ (Chaldia)ના નામે ઓળખાતો હતો. ત્યાંના રહેવાસીઓને તૌરાતમાં "કારદીઓ" કહ્યા છે. ઉ. પ્ર. ૧૧ : ૩૧. તેમાં બે–અઢી લાખની વસ્તીવાળું "ઉર" નામે એક નગર હતું, જેમાં ઈબ્રાહીમ ખલીલુલ્લાહનું કુટુંબ રહેતું હતું. "જે દેશ હું તને દેખાડું તેમાં જા."૨ એવા અલ્લાહ તઆલાના આદેશ અનુસાર ઇબ્રાહીમ અલૈ. ની આગેવાની હેઠળ તેમનાં પત્ની સારા, તથા તેમના ભત્રીજા લૂત અલૈ.ની ત્રિપૂટી "ઉર"થી હિજરત કરી ગઈ ત્યારથી હિબ્રૂ લોકોના ઈતિહાસનો આરંભ થયો એવું યહૂદીઓ અને ખ્રિસ્તીઓ માને છે. આ નાનકડી ટોળકી ઉત્તર સિરિયાના હિત્તી (Hittites) લોકોના હારાન નામના નગરમાં જઈ વસી. હારાનમાં કેટલોક સમય રહ્યા પછી ઈબ્રાહીમ અલૈ.ની ઉંમર ૭૫ વર્ષની થઈ ત્યારે આ ટોળકીએ દક્ષિણ કનાનમાં પ્રયાણ કર્યું. કનાન સિરિયાનો એક ભાગ છે. સિરિયાનો દક્ષિણ–પશ્ચિમ ભાગ જે ભૂમધ્ય સમુદ્રને અડોઅડ આવેલો છે અને જેને હાલમાં પેલેસ્ટાઈન કહે છે તે પ્રદેશ જ કનાન.

આ કનાનમાં નાબ્લસ અને સિજિલ વચ્ચે એક નાનકડું "હેબ્રોન" નામનું ગામ હતું, ત્યાં ઇબ્રાહીમ અલૈ. આવીને વસ્યા. એને અત્રે "અલ ખલીલ" પણ કહે છે. આ હેબ્રોનમાં તેમના પુત્ર ઈસ્હાક અલૈ. અને પૌત્ર યાકૂબ અલૈ. રહેતા હતા. અહીંથી જ યાકૂબ અલૈ.એ પોતાના કુટુંબ સહિત મિસરમાં વસવાટ કર્યો હતો. હેબ્રોનમાં આ કુટુંબ ૨૧૫ વરસ રહ્યું હતું. ઈબ્રાહીમ અલૈ. ૧૦૦ વર્ષ અને યાકૂબ અલૈ. ૧૩૦ વર્ષ ત્યાં રહ્યા હતા, જે પૈકી ૧૫ વર્ષ દાદા ઈબ્રાહીમ અલૈ. સાથે ગાળ્યાં હતાં. આથી કહી શકાય કે ઈબ્રાહીમ અલૈ.ના જન્મ પછી ૨૯૦ વર્ષે ઈસરાઈલિ કુટુંબ મિસરમાં જઈ વસ્યું હતું.

ઈજિપ્તના ઈતિહાસમાં યૂસુફ અલૈ. અંગે કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી; પરંતુ તેની રાજગાદી પર થઈ ગયેલા રાજવંશો પરથી તેમના આગમન–નિર્ગમન સંબંધી ઈશારા મળી રહે છે એટલે એ રાજવંશો સંબંધી જાણવું જરૂરી છે.

ઈ.સ. પૂર્વે ૩૧૨–૨૪૬ના અરસામાં થઈ ગયેલા "મનેથો" (Manetho) નામના એક ઈજિપ્શિયન પુરોહિત ઈતિહાસકારે ઈજિપ્તના

---

૨. તૌરાત–ઉત્પત્તિ પ્ર. ૧૨ : ૧

ઇતિહાસના બે ભાગ પાડયા છે.[૩] એક ભાગ પૂર્વ-રાજવંશીય-કાળ (Pre-dynastic Period) અને બીજો ભાગ રાજવંશીય-કાળ (Dynastic Period). આ પૂર્વ-રાજવંશીય કાળ પ્રાગૈતિહાસિક સમયમાં સમાવેલો હોવાથી તે સમયનો ઈતિહાસ ઉપલબ્ધ થતો નથી. ઈજિપ્તની ભૂમિના કુદરતે બે ભાગ પાડેલા છે: ઉપલાણું ઈજિપ્ત એટલે Upper Egyqt અને હેઠલાણું ઈજિપ્ત એટલે Lower Egypt.

આ બંને વિભાગોને રાજકીય રીતે એકત્ર કરનાર રાજવીથી રાજવંશીય કાળની ગણતરી કરવામાં આવી છે. એ રાજવીનો સમય ઈ. સ. પૂર્વે ૫૫૦૦ અને ઈ.સ. પૂર્વે ૩૩૦૦ વચ્ચેના ગાળામાં મૂકવામાં આવેલો છે. એ સમયથી લઈ ઈ.સ. પૂર્વે ૩૩૨ સુધીના ગાળામાં ૩૧ રાજવંશો (Dynasties) થઈ ગયા છે. બીજી રીતે કહીએ તો ઉપલાણા અને હેઠલાણા ઈજિપ્તોને જે રાજાએ એકત્ર કર્યા ત્યારથી લઈ મહાન સિકંદરે ઈજિપ્ત જીતી લીધું ત્યાંસુધીમાં ૩૧ રાજવંશો થયેલા ગણવામાં આવે છે. આ ૩૧ રાજવંશોના મનેથોએ ૪ વિભાગ પાડ્યા છે.

[૧] પહેલા વિભાગને પુરાતન રાજ્ય (The old Kigdom) કહેવામાં આવે છે. એ સમયમાં ૧ થી ૮ રાજવંશો થઈ ગયા. એમાં ચોથા, પાંચમા અને છઠ્ઠા રાજવંશોનો સમય "પિરામિડ કાળ"નો ગણાય છે; કારણ તે સમયમાં પિરામિડો બંધાયા હતા.

[૨] બીજા વિભાગને મધ્યસ્થ રાજ્ય (The Middle Kigdom) કહેવામાં આવે છે. એમાં ૯ થી ૧૭ રાજવંશો થઈ ગયા. એમાં પંદરમા, સોળમા અને સત્તરમા રાજવંશોનો સમય ભરવાડ યુગ (Hyksos Period) તરીકે ઓળખાય છે. આ ભરવાડ રાજાઓ અરબ જાતિના હતા. તેમનો સમય ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ઇ.સ. પૂર્વે ૧૬૦૦ નો મૂકવામાં આવેલો છે.[૪]

[૩] ત્રીજા વિભાગને નવીન રાજ્ય (The New Empire) નામ આપવામાં આવેલું છે. આ સમયમાં ૧૮, ૧૯ અને ૨૦ મા રાજવંશો થઈ ગયા; અને તેમનો સમય ઇ.સ. પૂર્વે ૧૫૮૦ થી ઇ.સ. પૂર્વે ૧૨૦૦ નો ગણવામાં આવેલો છે.[૫] આ યુગના ૧૮મા રાજવંશના સમયમાં રાજ્યક્રાંતિ

---

૩. Trans of The Holy Quran. Vol.I P.404–Usufali
૪. Trans of The Holy Quran by Usufali. Part I P.405
૫. Trans of The Holy Quran Usufali. Part I. 408

થઈ અને ભરવાડ રાજાઓને તથા પરદેશી અમાલેક લોકોને હાંકી કાઢવામાં આવ્યા. ઈસરાઈલિ લોકોને તો કાયમ રાખવામાં આવ્યા, પરંતુ તેમના પર દુઃખનાં વાદળો વરસતાં થયાં. અને તેમનું જીવન કષ્ટમય થવા લાગ્યું. આ સમયમાં મૂસા અલૈ. ઈસરાઈલ લોકોને મિસરમાંથી લઈ ગયા હતા.

[૪] ચોથા વિભાગમાં ડેલ્ટાના રાજાઓ પ્રભુત્વ ભોગવતા હતા. આ સમયમાં ૨૧ થી ૩૧ રાજવંશો થઈ ગયા. આ સમયને ઇ.સ. પૂર્વે ૧૨૦૦ થી ઇ.સ. પૂર્વે ૩૪૦ સુધીનો ગણવામાં આવે છે.

[૫] ઈ. સ. પૂર્વે ૩૪૦માં ઇજિપ્શિયન રાજવંશો નષ્ટ થયા. ઇ. સ. ૩૩૨માં મહાન સિકંદરે ઇજિપ્ત જીતી લીધું ત્યારથી એટલે કે ઇ. સ. પૂર્વે ૩૩૨થી ઇ. સ. પૂર્વે ૩૦ સુધી ગ્રીક રાજવંશના ટોલિમિયો (Patolemies) રાજ્ય કરતા હતા. તેમના પછી ઇ સ. પૂર્વે ૩૦થી ઇસ્વીસન ૬૩૯ સુધી ઇજિપ્ત રોમન સામ્રાજ્યનો એક ભાગ રહ્યું. છેવટે ઇ. સ. ૬૩૯માં ઇજિપ્ત પર મુસ્લિમ સત્તા સ્થપાઈ અને તે આજે પણ ટકી રહેલી છે.

---

હવે આપણે ઈસરાઈલ લોકોનો મિસરના વાસ્તવ્યનો કયો જમાનો હતો તે વિષે વિચાર કરીએ.

એ લોકો મિસરમાં આવવા શા માટે પ્રેરાયા હશે? એ પ્રશ્ન સૌથી પ્રથમ તમે પૂછશો. તમે પાછળ જોઈ ગયા કે ૧૫, ૧૬ અને ૧૭મા રાજવંશોના રાજવીઓ ભરવાડ રાજાઓ હતા. તેમણે નાઈલ નદીના પૂર્વ તરફના એક ફાંટા પર "ઝોન" (Zoan) નામનું નગર વસાવ્યું હતું; પરંતુ તેમણે રાજધાનીનું શહેર તો મેમ્ફીસ જ રાખ્યું હતું. ઝોનને તેમણે પોતાની અરબ જાતિના લોકોના કારોબારનું મુખ્ય મથક રાખ્યું હતુ. આથી ઝોન અને હેબ્રોન વચ્ચે મીઠો સંબંધ રહ્યા કરતો હતો. ઈજિપ્ત ઘણો જ ફળદ્રુપ દેશ હતો અને નાઈલ નદીમાંથી થતી સીંચાઈના કારણે ત્યાં ભાગ્યેજ દુકાળ પડતા હતા. આથી ઊલટું કનાનમાં વારંવાર અછત વર્તાતી હતી અને કેટલીયે વાર દુકાળ પડયા કરતા હતા. આ અંગે તૌરાતમાં આવે છે કે, "ત્યારપછી તે દેશમાં (કનાનમાં) દુકાળ પડયો; અને દેશમાં "દુકાળ ભારે હોવાથી ઈબ્રામ મિસરમાં રહેવા ગયો." ઉ પ્ર. ૧૨ : ૧૦ "તે સિવાય તે દેશમાં (ઇસ્હાક અલૈ. ના સમયમાં) બીજો દુકાળ પડયો." ઉ. પ્ર. ૨૬ : ૧–આ ઉપરાંત યૂસુફ અલૈ.ના સમયમાં મિસરમાં ૭ વર્ષનો

સતત દુકાળ પડયો ત્યારે કનાનમાં પણ એવોજ દુકાળ પડયો હતો. વળી મિસરના બાદશાહે પોતાની કુંવરી હાજરાને ઈબ્રાહીમ અલૈ. ને આપી હતી. આમ આ બે કુટુંબો વચ્ચે સગાઈ–સંબંધ બંધાયો હતો અને યૂસુફ અલૈ. સર્વ–સત્તાધીશ હતા. અનાજ મેળવવા તેમની પાસે યાકૂબ અલૈ. ના પુત્રોને આવવું પડતું હતું. વારંવારની દુકાળ પરિસ્થિતિ ટાળવા યાકૂબ અલૈ. પોતાના કુટુંબને મિસરમાં વસવા માટે લઈ ગયા હતા.

મિસરના આ અરબ ભરવાડ રાજાઓનો સમય ઇ. સ. પૂર્વે ૨૦૦૦ અને ઇ સ. પૂર્વે ૧૬૦૦ના ગાળામાં મૂકવામાં આવેલો છે તે તમે જોઈ ગયા. આવા કોઈક ભરવાડ રાજાના યૂસુફ અલૈ. અઝીઝે–મિસર અર્થાત મિસરના પ્રધાન–મંત્રી હતા. આ રીતે જોતાં ઇ. સ. પૂર્વે ૧૯૦૦ અને ઇ. સ. પૂર્વે ૧૭૦૦ના ગાળામાં યૂસુફ અલૈ. થઈ ગયેલા હોવા જોઈએ.

(૧) ૧૭મા રાજવંશના ભરવાડ રાજાઓને લગત મળી આવેલાં કેટલાંક પુરાતત્વ ઉત્ખલનના લખાણો પરથી એવું ફલિત થાય છે કે ૧૭મા રાજવંશના રાજાઓ પહેલાં મિસરમાં સખત અને લાંબો દુકાળ પડયો હતો, જે યૂસુફ અલૈ.ના સમયમાં પડેલા ૭ વર્ષના દુકાળ પરત્વેનું સૂચન છે. આથી એવું કહી શકાય કે યૂસુફ અલૈ. ૧૫મા કે ૧૬મા રાજવંશના સમયમાં થઈ ગયેલા હોવા જોઈએ. પુરાતત્વ–વિદ આફન્દીનું મંતવ્ય પણ એવુંજ છે અને તે એ રાજવંશોનો સમય ઈ. સ. પૂર્વે ૧૯૦૦ અને ઇ. સ. પૂર્વે ૧૭૦૦ના ગાળામાં મૂકે છે. જો તેમનું આગમન ૧૫મા રાજવંશના સમયમાં મૂકીએ તો ઈસરાઈલ લોકો ઇ. સ. પૂર્વે ૧૮૬૦–૬૫ના સમયમાં આવેલા ગણાય. જો તેમની પધરામણી ૧૬મા રાજવંશના સમયમાં મૂકીએ તો તે લોકો ઈ. સ. પૂર્વે ૧૭૫૦–૬૦ના આરસામાં આવેલા ગણાય.

(૨) હવે જો આપણે બાઈબલના વિદ્વાનોના સંશોધનને સાચું ગણીએ તો યૂસુફ અલૈ. નો જન્મ ઇ. સ. પૂર્વે ૧૯૦૬માં થયેલો ગણાય.[૬] યૂસુફ અલૈ. ના મિસરમાં આવ્યા પછી ચાળીસેક વર્ષે ઈસરાઈલ લોકો મિસરમાં આવ્યા હતા. તેથી એમ કહી શકાય કે તે લોકો ઇ. સ. પૂર્વે ૧૮૬૦–૬૫ના અરસામાં મિસરમાં આવેલા ગણાય.

(૩) ઈબ્રાહીમ અલૈ. ૧૦૦ વર્ષના થયા હતા ત્યારે ઇસ્હાક અલૈ.નો જન્મ થયો હતો.[૭] અને ઇસ્હાક અલૈ. ૬૦ વર્ષના થયા ત્યારે તેમના પુત્ર

---

૬. તફહીમુલ–કુરાન. મો. મોદૂદી Vol. II પૃ. ૩૮૧–૩૮૨.

૭. તૌ. ઉ. પ્ર. ૨૧ : ૫

યાકૂબ અલૈ.નો જન્મ થયો હતો.[૮] યાકૂબ અલૈ. ૧૪૭ વર્ષ જીવ્યા હતા અને તેમણે પોતાની ઉંમરનાં છેલ્લાં ૧૭ વરસ મિસરમાં ગાળ્યાં હતાં[૯] આ ઉપરથી ગણતરી કરતાં જણાશે કે ઈબ્રાહીમ અલૈ.ના જન્મ પછી ૨૯૦ વર્ષે ઈસરાઈલ લોકોનું મિસરમાં આગમન થયું હતું. આથી જો આપણે ઈબ્રાહીમ અલૈ.ના જન્મનું વર્ષ શોધી કાઢીએ તો ઈસરાઈલ લોકોના આગમનનું વર્ષ નક્કી કરી શકાય; અને આગમન પછી નિર્ગમનનું વર્ષ મળી શકે.

અરબ–ઇતિહાસકારો અને પવિત્ર કુરાનના ભાષ્યકારો તેમનો જન્મ ઇ.સ. પૂર્વે ૨૨૦૦ અને ૨૧૦૦ના ગાળામાં મૂકે છે.[૧૦] મૌ. સુલેમાન નદવી પોતાના પુસ્તક અરદુલ–કુરાન ભાગ બીજાના પૃ. ૩માં આ સમય આપે છે. જસ્ટીસ કાઝી મોહમ્મદ સુલેમાન પણ પોતાના પુસ્તક "રહેમતુલલિલ-આલમીન" ભા. ૩ પૃષ્ઠ ૯૯ માં લગભગ આજ સમય આપે છે. હવે જો તેમનો જન્મ ઇ. સ. પૂર્વે ૨૧૫૦–૫૫ના વરસમાં મૂકીએ તો ઈસરાઈલ લોકોનું આગમન ઇ. સ. પૂર્વે ૧૮૬૦–૬૫ના અરસામાં થયેલું ગણાય. ત્યારપછી ૪૩૦ વરસ સુધી તેઓ મિસરમાં રહ્યા એટલે તેમનું નિર્ગમનનું વરસ ઇ. સ. પૂર્વે ૧૪૩૦–૩૫નું કહી શકાય. આ રીતે જોતાં તેમના આગમન–નિર્ગમનનાં વરસ પાછળ જણાવેલ એ મત સાથે બંધબેસતાં આવે છે.

(૪) હવે મૂસા અલૈ. ના જન્મના કે મરણના વર્ષો ઉપરથી ઈસરાઈલ લોકોનાં આગમન–નિર્ગમનનાં વરસ જોઈએ.

મૂસા અલૈ.નો જન્મ ઇ. સ. પૂર્વે ૧૭૫૧માં ઈરાનના શાહ મિનોચરના સમયમાં થયો હતો, એવો મત તફસીરે હક્કાનીના કર્તા અબ્દુલ-હક દહેલવી સાહેબનો છે.[૧૧] મૂસા અલૈ ના આયુષ્ય અંગે તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "અને મૂસા મરણ પામ્યો ત્યારે તે એકસોવીસ વર્ષનો હતો." પુનર્નિયમ પ્ર. ૩૪ : ૭. એ આધારે મૂસા અલૈ.નું મૃત્યુ વર્ષ ઇ. સ. પૂર્વે ૧૪૫૨માં થયેલું ગણાય. અને એ હકીકત સર્વ–માન્ય થયેલી છે કે નિર્ગમન પછી ૪૦ વર્ષે મૂસા અલૈ.નું મૃત્યુ થયું હતું. એટલે તેમના નિર્ગમનનું વર્ષ ઇ. સ. પૂર્વે ૧૪૯૨માં થયેલું ગણાય. ઇ. સ. ૧૪૯૨માં મૂસા અલૈ. ના સમયનો ફિરઔન બાદશાહ આમનુફીસ બીજો સમુદ્રમાં તેના લશ્કર સાથે ડૂબી મૂવો એવું તફસીરે હક્કાનીના કર્તાનું કહેવું છે. તે માટે જુઓ તફસીરે

---

૮. તૌ. ઉ. પ્ર. ૨૫ : ૨૬ ૯. તૌ. ઉ. પ્ર. ૪૭ : ૪૮

૧૦. સુવાહિવ ૭ : ૧૦૩ની તફસીર.

૧૧. તફસીરે હક્કાની Vol. II. પૃ. ૫ તારીખે બની ઈસરાઈલ.

હકાની Vol. II. પૃ. ૯. જે ઘણું વહેલું ગણાય અને જેનો બીજા કોઈના મન સાથે મેળ ખાતો નથી.

યહૂદીઓ મૂસા અલૈ.નું મૃત્યુ–વર્ષ ઇ. સ. પૂર્વે ૧૨૭૨માં મૂકે છે.૧૨ એ આધારે તેમનું નિર્ગમનનું વર્ષ ઇ. સ. પૂર્વે ૧૩૧૨માં થયેલું ગણાય. કુરાનિક કહાણીઓના ત્રીજા ભાગમાં ઈબ્રાહીમ અલૈ. ના જન્મનું વર્ષ ઈ.સ. પૂર્વે ૨૦૩૨નું આપણે માન્ય રાખ્યું છે અને એ વર્ષ લગભગ ઈ.સ. પૂર્વે ૨૨૦૦–૨૧૦૦ના ગાળામાં ગણી શકાય. આ આધારે ઇસરાઈલ લોકોના આગમનનું વર્ષ ઇ.સ. પૂર્વે ૧૭૪૨નું ગણાય.

(૫) હાલમાં પુરાતત્ત્વ સંશોધકનો નવો મત રજૂ થયો છે. ઈજિપ્તના પુરાતત્ત્વ–વિદ્ [Archaelogist] અહમદ યૂસુફ આફન્દીનું કહેવું છે કે, "જ્યારે યૂસુફ અલૈ.ની મિસરમાં પધરામણી થઈ ત્યારે ૧૬મા રાજવંશનો ફિરઔન બાદશાહ "અબાબી–ઊલ–અવ્વલ" રાજ્ય કરતો હતો.૧૩ ઝુલેખાના પતિ પોટીફારના મકબરામાંથી મળી આવેલા શિલાલેખ ઉપરથી ઉપરોક્ત હકીકત આફન્દીએ પ્રતિપાદન કરી છે. આ અબાબીલ ભરવાડ રાજા હતો અને તેમનો રાજ્યકાળ ઈ. સ. પૂર્વે ૨૦૦૦–૧૬૦૦ વચ્ચેનો હતો. એથી ઈ.સ. પૂર્વે ૧૭૪૦ના અરસામાં આ અબાબીલનો રાજ્યકાળ મૂકીએ તો યહૂદીઓના મત સાથે આફન્દીના મતનો મેળ બેસી રહે છે.

આ પૃથક્કરણમાં આપણને ઇસરાઈલ–લોકોના આગમનનાં બે મત મળ્યા. (૧) ઈ.સ પૂર્વે. ૧૮૬૦–૬૫ (૨) ઈ.સ. પૂર્વે ૧૭૪૨. અને નિર્ગમનનાં વરસ (૧) ઈ.સ. પૂર્વે. ૧૪૩૦–૩૫ (૧) ઈ.સ. પૂર્વે ૧૩૧૨. આથી આપણે તેમના વાસ્તવ્યનો જમાનો ઈ.સ. પૂર્વે ૧૮૬૦ અને ઈ.સ. પૂર્વે ૧૩૧૨ની વચ્ચે મૂકી શકીએ.

ખરેખર તે કયો જમાનો હતો ને મૂસા અલૈ.ને કયા ફિરઔન બાદશાહ સાથે પાનું પડયું હતું તે પરથી કહી શકાય. કયો બાદશાહ હતો તેના નામનો ઉલ્લેખ નથી પવિત્ર કુરાનમાં કે નથી તૌરાતમાં પવિત્ર કુરાનમાં ફિરઔન અને તૌરાતમાં ફારૂન [Pharaoh]નો જ ઉલ્લેખ આવ્યા કરે છે. હવે આપણે મૂસા અલૈ. સાથે કયા ફિરઔનને પાનું પડયું હતું તેનું વિશ્લેષણ કરીએ.

અરબ–ઈતિહાસકારો અને પવિત્ર કુરાનના ભાષ્યકારોનું કહેવું છે કે, યૂસુફ અલૈ. મૃત્યુ પછી જે ફિરઔન ગાદીએ આવ્યો તેજ સમુદ્રમાં

---

૧૨. તફહીમુલ કુરાન Vol. I. પૃ. ૪૬ ફૂટનોટ મૌ. મૌદૂદી.
૧૩. કસસુલ–કુરાન હફીઝુર્રહમાન–Vol I. પૃ. ૩૬૧.

ડૂબી ગયો હતો. કેટલાક તેનું નામ વલીદ બિન મસ'બ બિને રય્યાન બતાવે છે; તો કેટલાક મસ'બ બિન રય્યાન દર્શાવે છે. તેણે ૪૪૦ વર્ષ સુધી પૂરા ઠાઠમાઠથી અને ભારે દબદબાથી રાજ્ય કર્યું હતું. આટલા લાંબા સમય સુધી તે કયારેય માંદો પડયો ન હતો, તેમજ તેનું માથું પણ દુઃખ્યું ન હતું. તેથી તેને એવો ભ્રમ થઈ ગયો હતો કે પોતે ઈશ્વર છે અને પ્રજાએ તેની પૂજા કરવી જોઈએ.

એ આટલું લંબુ જીવ્યો હોય એમ લાગતું નથી. એના સમયની સરેરાશ ઉંમર ૧૫૦ વર્ષની થઇ ગઈ હતી, એટલે એ સરેરાશ ઉમર વટાવી ૪૪૦ વર્ષ જીવે એ શક્ય લાગતું નથી. વળી ઇસરાઈલ લોકોના આગમન વેળા ૧૫ કે ૧૬મા રાજવંશનો ભરવાડ રાજા હતો, જ્યારે તેમના નિર્ગમન વેળા નવીન રાજવંશ સ્થપાઈ ચૂકયો હતો. તૌરાત પણ કહે છે કે, "હવે મિસરમાં એક નવો રાજા થયો, જે યૂસુફને ઓળખતો ન હતો." નિ.પ્ર. ૧:૮ મૂસા અલૈ. મદયનમાં હતા તે પ્રસંગને અનુલક્ષી તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "હવે ઘણા દિવસો વિત્યા પછી એમ થયું કે મિસરનો રાજા મરી ગયો." નિ.પ્ર. ૧:૨૩. આથી સ્પષ્ટ થાય છે કે યૂસુફ અલૈના મરણ પછીનો ફિરઔન બાદશાહ વલીદ સાથે મૂસા અલૈને પાનું પડયું ન હતું.

એમ કહેવામાં આવે છે કે, ૧૮મા રાજવંશના પ્રથમ રાજાએ દેશમાં રાષ્ટ્રીય ચળવળ ઉપાડી હતી. તેણે મિસરી લોકોને એટલે કે કિબ્તીઓને "આપણા દેશમાં આપણું રાજ્ય"નું સુત્ર આપ્યું હતું. આ ચળવળે ભરવાડ રાજાઓને અને તેમની જાતિના બે–અઢી લાખ લોકોને મિસરમાંથી હાંકી કાઢયા; અને નવીન રાજ્યની સ્થાપના કરવામાં આવી હતી. નવીન રાજ્યની સ્થાપના કરવામાં તથા રાષ્ટ્રીય ચળવળ ચલાવવામાં ૧૮મા રાજવંશના પહેલા રાજાને મદદ કરનાર થોથમસ પહેલો [Thothemes I] હોય એમ લાગે છે. "તેણે મિસરમાં રાજ્યક્રાંતિ આણી હતી"[૧૪] એ કથનથી ઉપરોક્ત હકીકતને ટેકો મળે છે. એનો રાજ્યકાળ ઇ.સ. પૂર્વે ૧૫૪૦ની આસપાસ મૂકવામાં આવે છે. તે ઈસરાઈલ લોકોને ઘણો સતાવતો હતો. તેનો સ્વભાવ અને તેની વર્તણૂક પવિત્ર કુરાનમાં વર્ણવેલા ફિરઔન સાથે બરાબર બંધ બેસતાં આવે છે. તેણે રાજ્યગાદીની ભાગીદાર તરીકે પોતાની પુત્રી હેટશેપસ્ટ [Hatshepshut]ને લીધી હતી. મૂસા અલૈ.ને નદીમાંથી કઢાવનાર, ધાવ નીમનાર અને તેમનો પુત્ર તરીકે ઉછેર કરનારનો ઉલ્લેખ તૌરાતમાં આવે છે તે ફિરઔન થોથમસની આ પુત્રી હતી. પોતાના પિતાની જેમ તેણી પણ

---

૧૪–૧૫. Trans. of the Holy Quran. Usufali Vol. I p.401

રાષ્ટ્રવાદી વિચારો ધરાવતી હતી.૧૫ તૌરાતમાં ફિરઔનની પુત્રીનું નામ નથી "અને ફારૂનની પુત્રીએ તેને કહ્યું કે આ બાળકને લઇ જઈને મારે માટે તેને ધવડાવને હું તને પગાર આપીશ. "નિ.પ્ર.૨:૯. પવિત્ર કુરાનમાં એવું કહેવામાં આવ્યું છે કે, "ફિરઔનના માણસોએ તેને બહાર કાઢયો હતો. ફિરઔનની પત્નીએ કહ્યું કે આ બાળક તો મારી અને તમારી આંખોની ઠંડક છે,...કદાચ... આપણે તેને દત્તક લઈએ." ૨૮:૮:૯ આમ પુરવાર થાય છે કે મૂસા અલૈ.નો ઉછેર કરનાર ફિરઔનની પત્ની આસિયા હતી, હેટશેપસ્ટ નહીં. થોથમસ પહેલો ઇ.સ. પૂર્વે ૧૫૪૦માં થઈ ગયો. એ ગણતરીએ ઇસરાઈલ-લોકોનું આગમનનું વરસ ઈ.સ. પૂર્વે ૧૯૭૦નું થાય જે સાવ ખોટું લાગે છે. આ કારણોને લઈ આપણે એવા નિર્ણય પર આવીશું કે થોથમસ પહેલા સાથે મૂસા અલૈ ને પાનું પડયું ન હતું. તેમને તો બે ફિરઔન બાદશાહો સાથે પાનું પડયું હતું એવો ઇશારો પવિત્ર કુરાનમાંથી મળે છે.૧૬ એક તે ફિરઔન જેના સમયમાં તેમનો જન્મ થયો હતો. આ હતો "રામસેસ બીજો" અને બીજો ફિરઔન તે હતો જે પોતાના લશ્કર સાથે સમુદ્રમાં ડૂબી મર્યો હતો. અને આ હતો રામસેસ ત્રીજો એટલે કે રામસેસ બીજાનો પુત્ર "મનફતાહ." એ ઘણો જ કઠોર હૃદયનો ભારે અવિવેકી, ઉદ્દત અને ઘમંડી હતો. તેનો સ્વભાવ અને તેની વર્તણૂક પણ થોથમસ પહેલાની જેમ તૌરાત અને પવિત્ર કુરાનમાં વર્ણવેલ ફિરઔનના સ્વભાવ અને વર્તણુક સાથે બરાબર બંધબેસતી આવતી હતી. તેના ભવ્ય દરબારમાં મૂસા અલૈ.ને પ્રવેશ મળતો ન હતો અને મહામુશ્કેલીએ મળ્યો ત્યારે તરતજ તેણે ટોણો માર્યો હતો કે, "......શું અમે તને અમારા ત્યાં બાળકની જેમ ઉછેર્યો નો'તો? અને શું તું તારી જિંદગાનીનાં કેટલાંક વર્ષો અમારે ત્યાં રહ્યો નો'તો?" ૨૬:૨૮-પવિત્ર કુરાનની આ આયતથી પુરવાર થાય છે કે ટોણો મારનાર તે ફિરઔન ન હતો જેના રાજમહેલમાં તેમનો ઉછેર થયો હતો; અર્થાત રામસેસ બીજો ન હતો. જો તે હોત તો તેણે એમ કહ્યું હોત કે, "શું મેં તને મારે ત્યાં બાળકની જેમ ઉછેર્યો નો'તો?" ટોણો મારનાર રામસેસ બીજાનો પુત્ર મનફતાહ હતો.

આ મનફતાહ જ સમુદ્રમાં ડૂબી ગયો હતો. તેનો પુરાવો નીચે જણાવેલ બાબતથી પણ મળી રહે છે

મિસરના લોકોમાં એવો રિવાજ હતો કે, તેઓ મૃતદેહોને વાઢકાપ કરી અમુક પ્રકારનો મસાલો લગાડી તેમના ઉપર કપડું વીંટાળી તેમને

---

૧૬. તફહીમુલ કુરાન vol II પૃ ૬૪. નોંધ ૮૫-મૌદૂદી

સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નહીં હોય. પવિત્ર કુરાનમાં તેના મૃતદેહ અંગે કહેવામાં આવ્યું છે કે "આજરોજ અમે તારા શરીરને (સમુદ્રથી) છૂટકારો આપીએ છીએ કે જેથી તે તારા પછીના લોકો માટે દ્રષ્ટાંત પૂરું પાડે અને એક નિશાની બની રહે." ૧૦ : ૯૨ આ આયતથી સ્પષ્ટ થાય છે કે તેનો મૃતદેહ કિનારે ફેંકાઈ ગયો હશે. તેનો મૃતદેહ ૩-૪ દિવસ પાણીમાં ડૂબેલો રહ્યો હશે, ત્યારે તેના મૃતદેહ પર મીઠાનું આવરણ જામી ગયું હશે, તેનું નાક માછલાંએ કરડી ખાધું હશે અને તેનું શરીર ફૂલી ગયું હશે ત્યારે પાણીએ તેને કિનારે કાઢી નાંખ્યું હશે. બાદશાહને યોગ્ય મરણ-ક્રિયાઓ કરતાં સુધી જળવાઈ રહે તેવી પરિસ્થિતિમાં નહીં હોય તેથી બનતી ઉતાવળે તેને દફન કરી દેવાની આવશ્યકતા ઉભી થઈ હશે. તેથી તેના શરીર પરનું મીઠાનું આવરણ દૂર કરી શકાયું નહીં હોય. તેના શબની મમી તૈયાર કરાવ્યા પછી બીજી વિધિઓ પતાવ્યા વિના તેની મમીને દફન કરી દીધી હશે. આ મમીને ૧૮મા રાજવંશના ફિરઔન રાજા "અમનતહબ"ના મકબરામાં દફન કરી દેવામાં આવી હશે. ઈ.સ. ૧૯૦૭માં સર એેફ્ટન ઈલિયટ-સ્મિથ નામના એક અંગ્રેજ વૈજ્ઞાનિકે અમનતહબના મકબરામાંથી મળી આવેલી એક મમી પરની પટીઓ ઉખેડી તો જે મૃતદેહ નીકળ્યો હતો તેના આખા શરીર પર મીઠાનું પડ બાઝેલું તથા તેનું નાક માછલાંએ કરડી ખાધેલું જણાયું. આ મમી આજે પણ કૈરોના સંગ્રહસ્થાનમાં જોવા મળે છે.૧૮ મીઠાના આવરણવાળું શબ અને માછલાંએ કરડી ખાધેલું નાક એ વાતની સાખ પૂરે છે કે આ મૃતદેહ સમુદ્રમાં ડૂબી ગયેલા ફિરઔનનોજ હોવો જોઈએ. અને તે "મનફતાહ"નોજ મૃતદેહ હોવો જોઈએ. આ બાબતો પરથી પૂરેપૂરી ખાત્રી થાય છે કે મૂસા અલૈ. ને "રામસેસ બીજા" અને તેના પુત્ર "મનફતાહ" સાથે પાનું પડયું હતું અને ઈસરાઈલ લોકોનું નિર્ગમન પણ મનફતાહના અંતઃકાળમાં સમુદ્રમાં ડૂબી ગયો ત્યારે થયું હતું.

૧૯મા રાજવંશના રામસેસ બીજાનો તથા તેના પુત્ર મનફતાહનો રાજ્યકાળ ઈ.સ. પૂર્વે ૧૨૯૫થી ઈ.સ. પૂર્વે ૧૨૨૫નો પુરાતત્વ ઉત્ખલનોના આધારે મૂકવામાં આવ્યો૧૮ છે એ બરાબર નથી, કારણ ઈ.સ. પૂર્વે ૧૨૨૫માં તો ઈસરાઈલ લોકો કનાનમાં ઠરીઠામ થઈ ગયા હતા. ૧૮, ૧૯, ૨૦મા રાજવંશના રાજાઓનો સમય ઈ.સ. પૂર્વે ૧૫૮૦થી ઈ.સ. પૂર્વે

૧૮. કસસુલ કુરાન vol. I. પૃ ૩૬૧ અને યૂસુફ અલીનું ભાષાંતર કુરાન. vol. I. પૃ. ૪૦૬

સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નહીં હોય. પવિત્ર કુરાનમાં તેના મૃતદેહ અંગે કહેવામાં આવ્યું છે કે "આજરોજ અમે તારા શરીરને (સમુદ્રથી) છૂટકારો આપીએ છીએ કે જેથી તે તારા પછીના લોકો માટે દૃષ્ટાંત પૂરું પાડે અને એક નિશાની બની રહે." ૧૦ : ૯૨ આ આયતથી સ્પષ્ટ થાય છે કે તેનો મૃતદેહ કિનારે ફેંકાઈ ગયો હશે. તેનો મૃતદેહ ૩–૪ દિવસ પાણીમાં ડૂબેલો રહ્યો હશે, ત્યારે તેના મૃતદેહ પર મીઠાનું આવરણ જામી ગયું હશે, તેનું નાક માછલાંએ કરડી ખાધું હશે અને તેનું શરીર ફૂલી ગયું હશે ત્યારે પાણીએ તેને કિનારે કાઢી નાંખ્યું હશે. બાદશાહને યોગ્ય મરણ–ક્રિયાઓ કરતાં સુધી જળવાઈ રહે તેવી પરિસ્થિતિમાં નહીં હોય તેથી બનતી ઉતાવળે તેને દફન કરી દેવાની આવશ્યકતા ઉભી થઈ હશે. તેથી તેના શરીર પરનું મીઠાનું આવરણ દૂર કરી શકાયું નહીં હોય. તેના શબની મમી તૈયાર કરાવ્યા પછી બીજી વિધિઓ પતાવ્યા વિના તેની મમીને દફન કરી દીધી હશે. આ મમીને ૧૮મા રાજવંશના ફિરઔન રાજા "અમનતહબ"ના મકબરામાં દફન કરી દેવામાં આવી હશે. ઈ. સ. ૧૯૦૭માં સર ગ્રેફ્ટન ઈલિયટ–સ્મિથ નામના એક અંગ્રેજ વૈજ્ઞાનિકે અમનતહબના મકબરામાંથી મળી આવેલી એક મમી પરની પટીઓ ઉખેડી તો જે મૃતદેહ નીકળ્યો હતો તેના આખા શરીર પર મીઠાનું પડ બાઝેલું તથા તેનું નાક માછલાંએ કરડી ખાધેલું જણાયું. આ મમી આજે પણ કેરોના સંગ્રહસ્થાનમાં જોવા મળે છે.૧૮ મીઠાના આવરણવાળું શબ અને માછલાંએ કરડી ખાધેલું નાક એ વાતની સાખ પુરે છે કે આ મૃતદેહ સમુદ્રમાં ડૂબી ગયેલા ફિરઔનનોજ હોવો જોઈએ. અને તે "મનફતાહ"નોજ મૃતદેહ હોવો જોઈએ. આ બાબતો પરથી પૂરેપૂરી ખાત્રી થાય છે કે મૂસા અલૈ. ને "રામસેસ બીજા" અને તેના પુત્ર "મનફતાહ" સાથે પાનું પડયું હતું અને ઈસરાઈલ લોકોનું નિર્ગમન પણ મનફતાહના અંતઃકાળમાં સમુદ્રમાં ડૂબી ગયો ત્યારે થયું હતું.

૧૯મા રાજવંશના રામસેસ બીજાનો તથા તેના પુત્ર મનફતાહનો રાજયકાળ ઈ. સ. પૂર્વે ૧૨૯૫થી ઈ. સ. પૂર્વે ૧૨૨૫નો પુરાતત્ત્વ ઉત્ખલનોના આધારે મૂકવામાં આવ્યો૧૮ છે એ બરાબર નથી, કારણ ઈ સ. પૂર્વે ૧૨૨૫માં તો ઈસરાઈલ લોકો કનાનમાં ઠરીઠામ થઈ ગયા હતા. ૧૮, ૧૯, ૨૦મા રાજવંશના રાજાઓનો સમય ઈ. સ. પૂર્વે ૧૫૮૦થી ઈ. સ. પૂર્વે

---

૧૮. કસસુલ કુરાન vol. I. પૃ ૩૬૧ અને યૂસુફ અલીનું ભાષાંતર કુરાન. vol. I. પૃ. ૪૦૬

૧૨૦૦નો મૂકવામાં આવેલો છે. ૧૯મો રાજવંશ વચમાં થયેલો છે એટલે ૧૯મા રાજવંશનો સમય ઈ. સ. પૂર્વે ૧૩૯૨ અને ઈ. સ. પૂર્વે ૧૩૨૫ નો હોવો જોઈએ. આમ ગણતાં બધો, ખાસ કરીને ઈ. સ. પૂર્વે ૧૨૭૨માં થયેલું મૂસા અલૈ.નું મૃત્યુ અને ઈ. સ. પૂર્વે ૧૩૧૨માં થયેલ નિર્ગમન સાથે, મેળ બેસી રહે છે. ટૂંકમાં જ્યારે ઈ. સ. પૂર્વે ૧૩૧૨માં મૂસા અલૈ. ઈસ્રાએલ પુત્રોને લઈ ગયા ત્યારે મનફતાહ પણ ડૂબી મૂઓ. ગમે તે હો, પણ એ સૂત્ર થઈ પડયું છે કે, "ઈસરાઈલ લોકો યૂસુફ અલૈ. સાથે આવ્યા અને મૂસા અલૈ. સાથે ચાલ્યા ગયા."

---

| આગમન | નિર્ગમન |
|---|---|
| (૧) ઈ. સ. પૂર્વે ૧૮૬૦–૬૫ | (૧) ઈ. સ. પૂર્વે ૧૪૩૦–૩૫ |
| (૨) ઈ. સ. પૂર્વે ૧૭૪૨ | (૨) ઈ. સ. પૂર્વે ૧૩૧૨ |

## પ્રકરણ ૩જું

## મિસરની સ્થિતિ

એ તો તમે જાણો છો કે, નૂહ અલૈ.ના ત્રણ પુત્રો હામ, સામ અને યાફેથના પરિવારોએ જગતને ફરી વસાવેલું છે. હામના પુત્ર કનાનનો પરિવાર સિરિયાના દક્ષિણ ભાગમાં જઈ વસ્યો તેથી તે પ્રદેશનું નામ કનાન પડયું હતું. તેના બીજા પુત્ર મિસરાઈમ અને તેનો પરિવાર જે દેશમાં જઈ વસ્યો તે દેશનું નામ મિસરાઈમ ઉપરથી મિસર પડયું. એ એક ઐતિહાસિક બીના છે કે ઇ. સ. પૂર્વે ૫૫૦૦થી લઈ ઈ. સ. પૂર્વે ૧૧૦૦ સુધી મિસરના લોકો કિબ્તીઓ તરીકે ઓળખાતા હતા. એથી એવું અનુમાન બંધાય છે કે મિસરાઈમનું બીજું નામ કિબ્ત હોવું જોઈએ. તે મૂળ–પૂર્વ જ હોવાથી તેના વંશજો કિબ્તીઓ કહેવાયા.

(૨) મિસર દેશ આફ્રિકા ખંડના ઈશાન ખૂણામાં આવેલો છે. એની ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર, દક્ષિણે સુદાન અને પશ્ચિમે લિબિયાનો દેશ આવેલો છે. એની પૂર્વની મોટા ભાગની હદ પર રાતો સમુદ્ર આવેલો છે; પરંતુ બાકીની ઉત્તરીય હદ પર રાતા સમુદ્રનો ફાંટો સુએજનો અખાત અને સુએજની નહેર આવેલ છે. સુએજના અખાત અને સુએજની નહેરની પેલી ગમ, પૂર્વમાં એશિયા ખંડનો સિનાયનો દ્વીપકલ્પ આવેલો છે. ભૂમધ્ય સમુદ્રને

પેલે પાર યુરોપ ખંડ આવેલો છે. આમ યુરોપ, એશિયા અને આફ્રિકા, એ ત્રણ ખંડોના મિલન-સ્થાને મિસર આવેલો હોવાથી એનું સ્થાન મહત્વનું રહ્યું છે.

સુએજની નહેર ભૂમધ્ય અને રાતા સમુદ્રને જોડે છે. એની લંબાઈ ૧૧૨ કિ.મી. અને પહોળાઇ ૬૦ કિ.મી. છે. આ નહેર ઈ.સ. ૧૮૬૯માં પૂરી કરવામાં આવી હતી. આથી સમજી શકાશે કે ઇસરાઇલ લોકોના વાસ્તવ્યના સમયમાં આ નહેર ન હતી. સુએજની સંયોગીભૂમિ હતી, જ્યાં થઈને મિસરથી પશ્ચિમ એશિયાના દેશોમાં જમીનમાર્ગે જઇ શકાતું હતું. એ માર્ગેજ ઇબ્રાહીમ અલૈ. તથા યાકૂબ અલૈ. કનાનના હેબ્રોનથી મિસર આવ્યા હતા. પશ્ચિમ એશિયાના દેશોમાં વસેલી અર્ધ-જંગલી, ભરવાડ-જીવન જીવતી અસંખ્ય જાતિઓને તક મળતી ત્યારે આ માર્ગેજ મિસરની સરહદ ઓળંગી લૂંટફાટ કરી જતી હતી. તેથીજ સુએજના નહેરના પ્રદેશ પર ઠેરઠેર ચોકીઓ મિસરે ઉભી કરી હતી. આ ચોકીઓના પૂરવઠા માટે રામસેસ બીજાએ ઇસરાઈલ લોકો પાસેથી વેઠ લઈ પિથોમ અને ગુર્ં–રામસેસના રક્ષણાત્મક શહેરો બંધાવ્યા હતાં. આમ પૂર્વની સરહદ સિવાય બીજી ત્રણે બાજુએથી પરદેશી આક્રમણથી મિસર દેશ સુરક્ષિત હતો.

(૩) મિસર આફ્રિકાના વિશાળ સહરાના રણનો એક ભાગ છે, એટલે ખરી રીતે જોતાં આખો મિસર દેશ પણ રણપ્રદેશ છે, પરંતુ નાઈલ નદીએ એની કાયા-પલટ કરી દીધી છે. તેની વચમાં થઈ આ નદી દક્ષિણથી ઉત્તર તરફ વહે છે, તેથી મિસરના ત્રણ ભાગ પડે છે. નદીના દરેક કાંઠા પર પચ્ચીસ-ત્રીસ કિલોમીટર છોડીને પૂર્વ અને પશ્ચિમનાં બે રણમેદાનો બન્યાં છે, જેમનો વિસ્તાર આખા મિસરમાં ઉત્તરથી દક્ષિણ સુધી ફેલાયેલો છે. બીજો ભાગ નાઇલ નદીની ખીણનો છે, જે નદીના કાંઠાની બંને બાજુએ ૨૫–૩૦ કિ.મી. સાંકડી પટીમાં આવેલો છે, અને તે અતિશય ફળદ્રુપ અને રસાળ છે. આ ખીણના પ્રદેશમાં આખા મિસરની જમીનના ૩ ટકા આવેલા છે, પરંતુ આખા દેશની ૮૦ ટકા વસ્તી અહીં વસે છે. પૂર્વ અને પશ્ચિમના રણપ્રદેશોમાં ફક્ત બે ટકા વસ્તી વસે છે. એ રીતે જોતાં નાઈલ નદીની ખીણ એટલે જ મિસર, એમ કહી શકાય.

આ ઉપરાંત નાઈલ નદી બીજી રીતે મિસરના બે ભાગ પાડે છે. કેરોથી નાઈલનો ત્રિકોણપ્રદેશ શરૂ થાય છે, જે ભૂમધ્ય સમુદ્ર સુધી જાય છે. એને આપણે હેઠલાણા ઇજિપ્તનો પ્રદેશ કહ્યો છે. કેરોથી ખીણનો દક્ષિણ ભાગ નાઈલની ઉપરવાસની ખીણ કહેવાય છે, જેને આપણે ઉપલાણા ઈજિપ્તનો પ્રદેશ કહ્યો છે.૧ ત્રિકોણપ્રદેશની જમીન કાંપના થરની બનેલી હોવાથી

ઘણીજ ફળદ્રુપ છે. આ ભાગમાંજ ગોશેનનો ભાગ આવેલો છે. ગોશેન અંગે તૌરાતમાં આવે છે કે, "...ફારૂને યૂસુફને કહ્યું,...મિસર દેશ તારી આગળ છે. દેશમાં ઉત્તમ ઠેકાણે તારા બાપને તથા તારા ભાઈઓને રહેવા દે. ગોશેન દેશમાં તેઓ રહે..." ઉ.પ્ર. ૪૭: ૫–૬.

બારેમાસ ભારે વરસાદ પડે છે એવા આફ્રિકાના વિષુવ–વૃત્તીય પ્રદેશો તથા વિક્ટોરિયા અને એલ્બર્ટ જેવાં મહાન સરોવરોમાં નાઇલ નદીનું ઉગમસ્થાન છે. વળી તેના જમણા કિનારે ઈથોપિયાના ઉંચા પહાડોમાંથી આવતી ભૂરી નાઈલ અને અત્બારા નામની નદીઓ પુષ્કળ પાણી નાઈલમાં ઠાલવે છે. ડાબા કિનારેથી બહર-અલ-ગાંઝલ પણ નાઇલને પાણી આપે છે. આ કારણોને લીધે નાઈલ નદીમાં બારેમાસ પુષ્કળ પાણી રહે છે. અહીં વરસાદ બહુ ઓછો પડે છે તેથી આકાશી ખેતી થઈ શકતી નથી. અતિ પ્રાચીન સમયથી જ નાઈલ નદીમાંથી નહેરો કાઢી ખેતી કરવામાં આવે છે. આ બાબતનો પુરાવો પવિત્ર કુરાનમાંથી મળી રહે છે. મૂસા અલૈ.ના સમયના "ફિરઓને પોતાની કોમના લોકોને દાંડી પીટાવી કહ્યું કે, હે મારી કોમના લોકો! શું મિસરનું રાજ્ય મારું નથી? અને શું આ નહેરો ...મારી નથી? શું તમે આટલું પણ જોતા નથી?" ૪૩ : ૫૧. આ આયતથી પુરવાર થાય છે કે ઇસરાઈલ–લોકોના સમયમાં ખેતી નહેરોથી થતી હતી. વળી નદી તટે પથરાયેલી કાંપની માટીમાંથી ઇંટો પાડવામાં આવતી હતી.૨

૪—એ તો તમે જાણો છો કે, ખોરાક, કપડાં અને રહેઠાણ એ ત્રણ જીવનની મૂળભૂત જરૂરિયાતો છે. આ ત્રણે જરૂરિયાતો મિસરાઈમના વંશજોને સહેલાઈથી અને વિપુલ પ્રમાણમાં મળતી હતી તેથી તેમને સારા પ્રમાણમાં ફુરસદ મળતી હતી અને ફુરસદજ સંસ્કૃતિનાં બીજ રોપે છે. તેથીજ માનવ–સંસ્કૃતિનું પ્રભાત આ મિસર દેશમાં પ્રગટ્યું હશે. એ બાબતમાં મતભેદ છે, પરંતુ મોટા ભાગના વિદ્વાનો મિસરની સંસ્કૃતિને માનવ–સંસ્કૃતિના વિકાસક્રમમાં અગ્રસ્થાન આપે છે. આ સંસ્કૃતિએજ જગતને ચિત્રલિપિ, કાગળ, પંચાંગ, શહેર–યોજના, સાહિત્ય, ગણિતશાસ્ત્ર. ઔષધશાસ્ત્ર અને વ્યવસ્થિત રાજ્યતંત્ર વગેરેની ભેટ આપી છે.

વાસ્તવ્યના સમયમાં (ઈ. સ. પૂર્વે ૧૮૬૦–ઈ. સ.પૂર્વે ૧૩૧૨) મિસર. સંસ્કૃતિની ટોચ પર હતું. તે સંસ્કૃતિનું કેન્દ્ર હતું. તે સમયમાં કેટલાક હાથયંત્રો મિસરમાં શોધાયાં હતાં, જેવાં કે કાપડ માટે કાંતવાના

૧. Trans. of the Holy Quran. Usufali. Vol I. P. 409
૨. તૌરત નિર્ગમન પ્ર. ૧ : ૧૪

રેંટિયા, મુન્જનિક એટલે કે લડાઈમાં પથ્થરો ફેંકવાની યાંત્રિક ગોફણ. ઝીણા બરનું કાપડ વણાતું હતું જેનો પુરાવો તોરતમાંથી મળે છે. "મુલાકાત મંડપના દ્વાર આગળ તેણે આંગણું બનાવ્યું: દક્ષિણ બાજુએ આંગણાની કનાતો ઝીણા કાંતેલા શણની એકસો હાથની હતી." નિ. પ્ર. ૧૮:૯ "તેઓએ પવિત્રસ્થાનમાં સેવા કરવાને સારું નીલ તથા જાંબુઆ તથા કિરમજી રંગનાં ઝીણાં વસ્ત્રો બનાવ્યાં." નિ. પ્ર ૩૯ ૧ આ ઉપરાંત કેટલાક હુન્નર-ઉદ્યોગો પણ ઠીકઠીક પ્રમાણમાં ચાલતા હતા. ત્રાંબા-પિત્તળનાં વાસણો અંગે આવે છે કે, "અને તેણે તે વેદીનાં સર્વપાત્રો એટલે ભસ્મપાત્રો, તથા તાવડીઓ તથા તપેલાં તથા ત્રિશૂળ તથા સગડીઓ બનાવ્યાં. તેણે તેનાં બધાં પાત્રો પિત્તળનાં બનાવ્યાં. તેણે વેદીને વાસ્તે પિત્તળની જાળી બનાવી." નિ. પ્ર. ૩૮: ૩-૪ તેઓ લોઢાના રથ વાપરતા હતા. તૌરાતમાં આવે છે કે, "અને તેણે (ફિરઔને) ચૂંટી કાઢેલા છસેં રથ અને મિસરના સર્વ રથો" ઇસરાઈલ-લોકોને પકડી પાછા લાવવા માટે લીધા હતા. નિ. પ્ર. ૧૪:૭ વસ્તુઓના ગુણદોષ પારખવામાં તેઓ પાવરધા હતા. શબોને મસાલો લગાડતા જેથી આ શબો જેવાંને તેવાં જળવાઇ રહ્યાં છે. અભિષેક કરવાનું તેલ અને ખુશબોદાર સુગંધીઓનો ચોખ્ખો ધૂપ ઇત્યાદિ તેઓ બનાવતા હતા. અજાયબ પમાડે તેવી ગંજાવર પિરામિડો ફક્ત મિસરમાંજ જોવા મળે છે. સ્ફિંક્સની પ્રતિમાઓ શિલ્પકળાની અદ્ભૂત સિદ્ધિ છે. આવી પ્રતિમાઓનું માથું માનવીનું અને શરીર સિંહનું હોય છે. સુથારી કામમાં પણ તેઓ પ્રવીણ હતા, જેનો પુરાવો તુતન્ખામનની ખુરશી પૂરો પાડે છે. નગરો વસાવવામાં પણ તેઓ શૂરા હતા. ઝોન, પિથોમ અને બર્રે-રામસેસનાં નગરો એ સમયનાં હતાં. તેનાં મકાનો ઈંટ ચૂનાનાં ચણવામાં આવતાં હતાં. ભારતમાં ચૂનાનો ગારા (Mortor) તરીકેનો ઉપયોગ મુસલમાનો આવ્યા ત્યારથી થવા લાગ્યો હતો. આથીજ મિસરનું સ્થાપત્ય કળામાં અનેરું સ્થાન હતું. કાગળની શોધ તેમણે કરી હોય એમ લાગે છે. નાઈલ નદીની પાસેની ભેજવાળી કાંઠાઓની જગાઓમાં પેપિરસ નામનો છોડ ઉગતો હતો. તેની છાલ ઘસીને સુંવાળી બનાવવામાં આવતી હતી. પછી તેને એક બીજા સાથે જોડીને તેનાં લાંબાં ટીપણાંઓ જેવા વીંટા બનાવવામાં આવતા અને તેમના ઉપર શાહીથી બરૂના કિત્તા વડે લખતા હતા. મેશમાં પાણી કે તેલ નાંખી ઉકાળીને શાહી બનાવતા હતા. તેમની લિપિ ચિત્રલિપિ હતી. આ લિપિમાં ધર્મગુરુઓ દ્વારા લખાણો થતાં હતાં, તેથી એ લિપિને "હિરોગ્લિફિક" કહેતા હતા.૩ સેમેટિક મૂળાક્ષરોની શોધ ભરવાડ રાજાઓના સમયમાં થઈ

હતી. ચિત્રલિપિમાં મમી સાથે "મરેલાઓ માટેનું પુસ્તક" મૂકતા હતા. એથી એવું પુરવાર થાય છે કે મર્યા પછી સજીવન થવાનું અને આત્મીય જીવન જીવવાનું છે એમ તેઓ દૃઢપણે માનતા હતા. મિસરે સારી રાજ્ય વ્યવસ્થાના પાઠ પણ જગતને ભણાવ્યા છે. રાજા સૌથી મોટો ગણાતો પરંતુ સર્વસત્તા મુખ્ય પ્રધાનને સોંપવામાં આવતી હતી. અગત્યના પ્રશ્નો પર ચર્ચા-વિચારણા રાજા અને દરબારીઓ કરતા, જેમકે કિબ્તીના ખૂન માટે મૂસા અલૈ.ને મોતની સજા દરબારમાં ચર્ચા-વિચારણા પછી નક્કી કરવામાં આવી હતી. બાહ્ય સલામતી માટે, પાડોશના રાજ્યો પર પ્રભાવ પાડવા માટે પાયદળ અને ઘોડેસવાર દળ રહેતાં હતાં. ૧૮મા રાજવંશના રાજા પાસે ૧૬ લાખનું સૈન્ય રહેતું હતું, જેમાં એક લાખ કાળા ઘોડેસવારો હતા. રથો પણ હતા જેમને ઘોડા જોડવામાં આવતા હતા. જે રાજ્ય ૧૬ લાખનું સ્થાયી સૈન્ય રાખી શકે તે રાજ્ય કેટલું બળવાન હશે તેની તો કલ્પના જ કરવી રહી.

(૫) આમ અનેક ક્ષેત્રમાં મિસરની સંસ્કૃતિ વિકસી હતી, પરંતુ તેનો મૂળભૂત પાયો ઇશ્વરપણાની ભાગીદારી પર એટલે કે અનેક દેવ-દેવીઓની ઉપાસના પર રચાયેલો હતો. સૂર્ય તેમનો સૌથી મોટો દેવ હતો, તેને તેઓ "રઅ" કહેતા હતા. મિસરના રાજાઓ સૂર્યદેવતાના અવતાર ગણાતા હતા, તેથી "રઅ" ઉપરથી તેઓ ફિરઔન કહેવાયા, અને સૂર્યનો અવતાર હોવાથી તેઓ પણ ઉપાસ્ય ગણાતા હતા. ચંદ્ર પણ સૂર્યની જેમ તેમનો પુરાણો દેવતા હતો. માનવીનું શરીર હોય અને માથું કોઈક પ્રાણીનું હોય એવી મૂર્તિઓની પૂજા પણ તેઓ કરતા હતા. તેમાં "અનુબીસ"ની એવી મૂર્તિ હતી જેનું માથું કૂતરાનું અને શરીર માનવીનું હતું, અને તેને લોકો મૃતાત્માઓનો રખેવાળ માનતા હતા. નાઈલ નદીને તેઓ જીવનદાત્રી માનતા હતા. તેનું પ્રતિક ઓસિરિસ [osiris]ને ગણતા હતા. એ દેવ માનવોના ભલા માટે આવ્યો હતો, પરંતુ દુષ્ટતાના દેવ સેટે અર્થાત શયતાને તેને મારી નાખ્યો હતો. આ દેવની પત્ની ઇસિસ [Isis] પણ દેવી મનાતી હતી. વળી તેમના પુત્ર હોરસ [Horus]ની પણ દેવતા તરીકે પૂજા થતી હતી. મૃત્યુ પછી માનવીનાં કૃત્યોનો ન્યાય ઓસિરિસ પાસે થશે તેવી તેમની દૃઢ માન્યતા હતી. આ માન્યતામાંથી એવું ફલિત થાય છે કે કર્મોનો જવાબ આપવા માટે પુનઃર્જન્મ લેવો પડશે એટલે આડકતરી રીતે તેઓ કયામતમાં માનતા હતા. આ પુનઃર્જન્મની માન્યતાના કારણે તેઓ માનતા હતા કે દેહ નાશવંત છે પણ આત્મા અમર છે, એટલે જ દેહને જાળવી રાખવા

૩. Trans. of the Holy Quran. Usufali. Vol. I. પૃ. ૪૦૫

માટે મૃતદેહોને મસાલો ભરી હજારો વર્ષો જળવાઈ રહે એવી મમીઓ બનાવવાની તેમનામાં પ્રથા હતી. વળી શાણપણ અને જાદુના દેવતા તરીકે તેઓ "થોથ" [Thoth]ને માનતા હતા. પરંતુ તેનું પ્રતિક હતું નાઈલ-નદીની ખીણમાં પ્રતિ-વરસે આવતું એક મૂંગું, ગૂઢ અને દમામવાળું પ્રવાસી પક્ષી. દેશમાં જાદુનું ચલણ ખૂબજ હતું. જ્યાં જુઓ ત્યાં જાદુગરો ખેલ-તમાશા કરતા નજરે પડતા હતા. તેઓ વાછરડાની પૂજા પણ કરતા હતા. તેમના પાટનગર મેમ્ફીસના મંદિરમાં વાછરડાની પૂજા સવિશેષ પ્રમાણમાં થતી હતી. તેને તેઓ અપિસ [Apis] કહેતા હતા. જ્યારે કોઈ કાળા રંગનો વાછરડો મળી આવતો ત્યારે આનંદમાં આવી લોકોનાં ટોળેટોળાં તેના દર્શનાર્થે ઉમટતાં અને ત્યાંજ તેનીપૂજા કરવા મંડી પડતા. આથી ઉલટું આવો અપિસ અર્થાત કાળો વાછરડો મરી જતો ત્યારે ભારે રડારોડ થતી, શોક પળાતો અને ભારે ઠાઠમાઠથી તેની દફન વિધિ કરવામાં આવતી હતી. ઈસરાઈલ લોકોનો સમયમાં તો વાછરડાની પૂજા ખૂબજ પ્રચલિત હતી. સૌથી વિશેષ નવાઈ પમાડે તેવી બાબત તો લોકો "રઅ" અર્થાત સૂર્ય-દેવતાનો અવતાર ફિરઔન બાદશાહોને ગણતા હતા અને તેથી તેમની પૂજા પણ કરતા હતા. સાચી સંસ્કૃતિ તો તૌહીદ કે એકેશ્વરવાદ પરજ રચાયેલી હોવી જોઇએ, મિસરમાં એની ઝલક ઇ. સ. પૂર્વે ૧૩૭૭થી ઈ. સ પૂર્વે ૧૩૬૦ના વરસોમાં જોવા મળે છે. હેલિયોપોલિસના મંદિરના સૂર્ય-દેવતાના મુખ્ય-પુજારીને એની ઝાંખી થઈ હતી. તેણે રાજગાદીએ આવ્યા પછી "ઇખ્નાટન" [Akhen-Aten] નામ ધારણ કરી ઝુંબેશ ઉપાડી જાહેર કર્યું હતું કે ઇશ્વર એક છે અને તે સિવાયના સર્વ દેવ-દેવતાઓ કાલ્પનિક છે. તૌહીદનો તેનો ખ્યાલ ૨૦-૨૫ વરસ ગૂંજતો રહ્યો. પછી તેનાજ જમાઈરાજ અને વારસદાર તુતન્ખામને [Tutenkhan-Amen] એકેશ્વરવાદ વિરૂદ્ધ ઝુંબેશ ઉપાડી અને ફરી પાછી દેવ-દેવીઓની પૂજા ચાલુ કરી દીધી. આવી તેમની ધાર્મિક પરિસ્થિતિ હતી.

તેમની સાંસ્કૃતિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ જોતાં સાહજિક રીતે કહી શકાય કે ઈસરાઈલ લોકોના વાસ્તવ્યના સમયમાં મિસરની સંસ્કૃતિનો સારો વિકાસ થયેલો હતો. તેની ગાદી પર થયેલા ૩૧ રાજવંશો પૈકી ૧૫, ૧૬ અને ૧૭મા રાજવંશોના ભરવાડ-રાજાઓ અને નવીન રાજયના ૧૮ અને ૧૯મા રાજવંશના રાજાઓના સમયમાં ઈસરાઈલ-લોકોનો વસવાટ મિસરમ રહ્યો. તેમની સાથે તેમને પાનું પડયું હતું.

## પ્રકરણ ૪ થું

## મિસરમાં ઈસરાઈલિ લોકોની હાલત

તેમનાં વાસ્તવ્યનાં કેટલાં વરસ થશે તથા તે વરસો દરમ્યાન તેમની કેવી હાલત રહેશે તે અંગેની ભવિષ્યવાણી તૌરાતમાં આ પ્રમાણે આપવામાં આવેલી છે :

"અને તેણે ઈબ્રામને કહ્યું, તું ખચીત જાણ, કે તારો વંશ પરદેશમાં ભટકશે, ને ત્યાંના લોકોની સેવા કરશે; અને ચારસેં વર્ષ લગી તેઓને દુઃખ દેવામાં આવશે; અને જે લોકોની સેવા તેઓ કરશે તેઓનો ન્યાય પણ હું કરીશ; અને ત્યારપછી તેઓ ઘણી સંપત્તિ લઈને નીકળશે... અને તેઓ ચોથી પેઢીમાં અહીં પાછા આવશે" ઉ. પ્ર. ૧૫ : ૧૨–૧૪

(૧) ભવિષ્યવાણીનું વિશ્લેષણ કરીએ કે તેમના કયા વંશજોને એ લાગુ પડે છે? ઈબ્રાહીમ અલૈ. ના વંશવેલાના ચાર ફાંટા છે તે તમે વાંચી ગયા છો.[1] તેમના પાટવી-પુત્ર ઇસ્માઈલ અલૈ.ના વંશજો અરબસ્તાનના પ્રદેશોમાં સ્થાયી થયા હતા. તેમનાં પત્ની કતૂરાહથી થયેલા પુત્રોના વંશજો મધ્યન લોકો અરબસ્તાનના વાયવ્ય-ખૂણામાં આવેલા મધ્યન પ્રદેશમાં વસી ગયા હતા. તેમના પત્ની સારાથી થયેલા તેમના પુત્ર ઇસ્હાક અલૈ.ના વંશજોના બે ફાંટા હતા. મોટો પુત્ર એસાવના વંશજો અદોમી લોકો અરબસ્તાનના ઈશાન ખૂણામાં આવેલા સેઈર-પહાડના પહાડી પ્રદેશમાં ઠરીઠામ થયા હતા. આમ અહીં જણાવેલા ત્રણ ફાંટાઓના વંશજો માટે ભટકવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી; એટલે ભટકવાનો પ્રશ્ન યાકૂબ અલૈ.ના વંશજો અર્થાત ઈસરાઈલ લોકોને લાગુ પડે છે, એમ સ્પષ્ટ થાય છે. યાકૂબ અલૈ. પોતાના કુટુંબને કનાનથી મિસરમાં લાવ્યા હતા અને કેટલાંક વર્ષો પછી મૂસા અલૈ. તેમને મિસરમાંથી કાઢી લાવ્યા ત્યારે તિયાના અરણ્યમાં ૪૦ વરસ લટકવું પડયું હતું. આમ ઈસરાઈલ લોકોને જ લટકાવવાનું થયું હતું, એટલે આ ભવિષ્ય-વાણી તેમને જ લાગુ પડે છે, એ નિર્વિવાદ વાત છે. તેઓ મિસરમાં ઘણાં વરસો રહ્યા પણ મિસરને તેમણે પોતાનું વતન બનાવ્યું નહીં, ત્યાં તેઓ પરદેશીઓજ રહ્યા. તેઓ કનાનનેજ પોતાનું વતન ગણતા હતા. એ બાબતનો પુરાવો તૌરાતમાંથી જ મળી રહે છે. તે પુરાવાની આયતો આ રહી. "અને પરદેશીને તું હેરાન

---

૧. કુરાનિક કહાણીઓ ભા. ૩ પૃ. ૬૧૧

ન કરઃ કેમ કે મિસર દેશમાં તમે પરદેશી હતા." નિ. પ્ર. ૨૩ : ૯ "અને યાકૂબે યૂસુફને કહ્યું, કનાન દેશના લૂઝમાં સર્વસમર્થ દેવે મને કહ્યું,... તારા પછી તારા વંશજોને આ દેશ સદાકાળના વતન સારુ આપીશ." ઉ. પ્ર. ૪૮ : ૩-૪

(૨) અને ચારસેં વરસ લગી તેઓને દુઃખ દેવામાં આવશે," એભવિષ્યવાણી પ્રમાણે તેમને કયાં કયાં દુઃખો દેવામાં આવશે તે હવે આપણે જોઈએ.

યૂસુફ અલૈ.એ ૮૦ વર્ષ લગી સત્તા ભોગવી હતી. તે પૈકી ૭૦ વર્ષ સુધી ઇસરાઇલિ-લોકો તેમની હયાતી દરમ્યાન "મિસર દેશના ગોશેન પ્રાંતમાં રહ્યા અને ત્યાં તેઓએ માલ-મિલ્કત મેળવીને સફળ થઈ ને બહુ વધ્યા." ઉ. પ્ર. ૪૭-૨૭. આમ યૂસુફ અલૈ.ની હયાતી દરમ્યાન ૮૦-૮૫ વરસ સુધી તેઓ સુખી હતા. ૧૮મા રાજવંશના બાદશાહ [થિથમસ ૧ લા]ના સમયમાં ભરવાડ રાજાઓને તથા અમાલેક જાતિના પરદેશી લોકોને મિસરમાંથી હાંકી કાઢવામાં આવ્યા પછી તરત જ તેમને દુઃખ દેવાની શરૂઆત થઈ, જેની સાખ તૌરાત આમ પૂરે છે. "હવે મિસર દેશ ઉપર એક નવો રાજા થયો જે યૂસુફને ઓળખતો ન હતો.......તેણે તેઓને માથે કામકાજની વેઠ તરીકે બોજ નાંખીને તેમને દુઃખ દેવા માંડયું. નિ. પ્ર. ૧ : ૮ અને ૧૧. આ ચર્ચામાંથી તેમનાં વાસ્તવ્યનાં વરસો કેટલાં તેનું સૂચન પણ મળે છે. ૭૦ વર્ષ યૂસુફ અલૈ.ની હયાતીમાં ગાળ્યાં : ૮૦-૮૫ વર્ષ પછી તેમના મરણ પછી સુખ-શાંતિમાં ગુજાર્યાં : પછી દુઃખના દહાડા શરૂ થયા જે ૪૦૦ વર્ષ લગી રહ્યા. એથી તેમનાં વાસ્તવ્યનાં વર્ષ ૭૦+૮૨+૪૦૦=૫૫૨ થાય. એ આધારે તેમનું આગમનનું વર્ષ ઈ. સ. પૂર્વે ૧૮૬૦-૬૫નું અને નિર્ગમનનું વર્ષ ઈ. સ. પૂર્વે ૧૩૧૨નું થાય.

આપણે એ પણ જોયું કે ઇસરાઇલીઓ મિસરમાં પરદેશીઓ તરીકે રહ્યા હતા. તેઓ અસભ્ય-જાતિના ગણાતા હતા કારણ તેમનો ધંધો પશુપાલનનો હતો. આથી કિબ્તીઓ તેમને ધિક્કારતા હતા;[૨] પરિણામે તેમની અને દેશવાસીઓ વચ્ચે વૈમનસ્ય અને વેરભાવ રહ્યા કરતો હોવો જોઈએ. આ કારણે તેમની માનસિક દુઃખદ પરિસ્થિતિ રહેતી હોવી જોઈએ.

આના જેવી જ પરિસ્થિતિ આપણને ભારતમાં જોવા મળે છે. ભારતમાં મુસલમાનો પરદેશથી આવ્યા અને આક્રમણો કરી ભારતમાં રાજ્ય સ્થાપ્યું;

---

૨. તૌરાત. ઉ. પ્ર. ૪૬ : ૩૪

પરંતુ તેમણે ભારતને પોતાનું વતન જાણ્યું. તેઓ પોતાની સાથે ઇસ્લામ ધર્મ લાવ્યા અને તેનો પ્રચાર કર્યો, જેથી ઘણાયે હિંદુઓએ અને ખાસ કરીને ક્ષત્રિય લોકોએ ઇસ્લામ ધર્મ અપનાવ્યો. આજે ભારતના મુસલમાનોનો મોટો ભાગ ઇસ્લામ અંગીકાર કરેલા હિંદુઓનો છે: એટલે જ તેઓ ગામડે-ગામડે અને શહેરે-શહેર સાથે રહે છે; છતાં તેમના વચ્ચે વૈમનસ્ય, વેરભાવ અને પૂર્વગ્રહ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે. જ્યાં સુધી મિસરમાં ભરવાડ-રાજાઓ સત્તા પર રહ્યા ત્યાં સુધી પરિસ્થિતિ શાંત રહી. તેવી જ રીતે જ્યાં સુધી મુસ્લિમ બાદશાહો સત્તા પર રહ્યા ત્યાં સુધી ભારતમાં કોમી રમખાણો ભાગ્યે જ થતાં હતાં. જ્યારથી ભાગલાની નીતિ અપનાવી ત્યારથી સારાયે ભારતમાં કોમી-રમખાણો થવા લાગ્યાં. અને આઝાદી મળી છતાં કોમી-રમખાણોની પરંપરા ઈ.સ. ૧૯૮૨ સુધી ચાલુ રહી. બંધારણીય રીતે સ્થપાયેલી સત્તાને ઉથલાવી પાડવા થતી અનેકવિધ ચળવળોને રોકવા કટોકટી જાહેર થઈ ત્યારથી કોમી-રમખાણો બંધ થયાં પણ પાછાં ચાલુ થયાં છે. કાયમને માટે આ કોમી-રમખાણો બંધ થશે તો આ એક મહાન સિદ્ધિ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લેખાશે.

મિસરમાં ઇસરાઈલ લોકોની પરિસ્થિતિ પણ કંઈક આવી જ હતી. તેઓ પોતાની સાથે ઈબ્રાહીમી-ધર્મ લાવ્યા હતા. એક જ ખુદાની બંદગી કરવાનો ઉપદેશ આપતા હતા, અને એ ધર્મનો પ્રચાર પણ કરતા હતા. યૂસુફ અલૈ.નો ૮૦ વરસનો ન્યાયયુક્ત અને નિર્મળ વહીવટના તથા પ્રજાને ૭ વરસના દુકાળમાંથી હેમખેમ ઉગારી લેવાના કારણે લોકો તેમને માનની નજરે જોતા હતા. તેમના સમયમાં લોકો તૌહીદ-પરસ્તી તરફ વળતા રહેતા હતા. વળી ધર્મગુરુઓએ સોએક વરસ સુધી ધર્મ-પ્રચારનું કાર્ય ઉમળકાભેર કર્યું હતું, તેથી ઘણા કિબ્તીઓ મિસરી દેવતાઓની પૂજા છોડી દઈ ઈબ્રાહીમી-ધર્મ અપનાવતા હતા. વળી તે સમયે તેઓ આર્થિક રીતે સુખી હતા. તથા ધર્મ-પલટો કરતા હતા તેથી ઇસરાઈલ-લોકોનો વસ્તી-વધારો કૂદકે ને ભૂસકે વધતો જતો હતો. મિસરમાં આવ્યા ત્યારે ૭૦ હતા અને મિસર છોડયું ત્યારે સત્તર લાખ હતા.[૩] આવો વસ્તી-વધારો ચાલુ રહે અને સાથે સાથે સ્થાનિક લોકો ધર્મ-પલટો કર્યા કરે તો, ફિરઔન અને તેના સરદારોને એવો ભય લાગ્યા કરતો હતો હતો કે ઇસરાઈલ લોકો કિબ્તીઓ કરતાં વધી જાય અને રાજ્યસત્તા તેમના હાથમાં ચાલી જાય.

મિસરની સરહદને અડોઅડ આવેલા સિરિયા-કનાનની સરહદ પર વસતા

---

૩. તૌરાત. ગણના પ્ર. ૧ : ૪૫-૪૬

"ઇસ્મિયા" નામના કબાઇલી લોકો સાથે રામસેસ બીજાને ૭ વર્ષ સુધી ઘર્ષણમાં ઉતરવું પડયું હતું.[૪] મનફતાહની પ્રશસ્તિમાં કહેવામાં આવ્યું છે કે, તેણે યૂસીન, જયરાજ અને બનુ ઇમનાં કનાનનાં શહેરો જીતી લીધાં હતાં.[૫] આવી લડાઈઓમાં ઇસરાઇલિ લોકો પેલા કબાઈલી લોકોને સાથ અને સહકાર આપે તો મિસરનું રાજ્ય પરદેશીઓના હાથમાં કાયમને માટે ચાલ્યું જાય: અથવા ઇસરાઇલ લોકો બળવો કરે અને પેલા કબાઇલી લોકો તેમને સાથ આપે તો ફિરઔનની સત્તા ઉથલી પડે અને તેમના હાથમાં રાજસત્તા આવી પડે. આવી બીક ફિરઔન, તેના સરદારો અને પ્રજાને લાગ્યા કરતી હતી. આ બીકનો પુરાવો તૌરાતમાંથી મળી રહે છે. મિસરના નવા રાજાએ, પોતાના લોકોને કહ્યું કે, "જુઓ, ઇસ્રાએલ–પુત્રોના લોક આપણા કરતાં ઝાઝા અને બળવાન છે; માટે ચાલો, આપણે તેઓ પ્રત્યે ચતુરાઈથી વર્તીએ; નહિ તો તે વધી જશે. ને કોઈક લડાઈ જાગે ત્યારે એવું બને કે તેઓ આપણા શત્રુઓની સાથે મળી જઈને આપણી સામે લડે." નિ. પ્ર. ૧ : ૯–૧૦

વળી એક લોકવાયકા એવી પ્રચલિત હતી કે, ઇસરાઇલિ લોકોમાંથી કોઈ એક વ્યક્તિ એવી જન્મશે કે જે કિબ્તીઓનું રાજ્ય ઉથલાવી પાડશે અને ફિરઔન તથા તેના લશ્કરનો નાશ કરશે. આ લોકવાયકાથી કિબ્તી લોકો ખૂબ ગભરાતા હતા આ બાબતનો મોઘમ ઇશારો, "જે લોકોની તેઓ સેવા કરશે તેમનો ન્યાય હું આપીશ" એવા ભવિષ્યવાણીના શબ્દોમાંથી મળી રહે છે. છેવટે તેમણે નિર્ણય લઈ લીધો કે યેનકેન પ્રકારેણ ઇસરાઇલિ લોકોને દબાવી દેવા.

આ બાબતોને લક્ષમાં રાખી, પહેલાં ભરવાડ–રાજાઓ અને તેમની સાથે આવેલા અમાલેક લોકોને હાંકી કાઢવાની ચળવળ ઉપડી હશે અને ત્યાર પછી ઇસરાઇલિ લોકોને દબાવી દેવાનાં અનેકવિધ પગલાં લેવાયાં હશે. આ ચળવળો યૂસુફ અલૈ.ના મૃત્યુ પછી આશરે સોએક વર્ષ પછી ઉપડી હોવી જોઈએ અને તે ૧૮મા રાજવંશના કોઈક પહેલા રાજાએ ઉપાડી હોવી જોઈએ. એ વંશમાં "થોથમસ પહેલા"ના અગાઉના કોઈક રાજાએ આ બંને ચળવળો ઉપાડેલી હોવી જોઈએ. એ રાજા કોણ હતો તેની ચોક્કસ માહિતી મળતી નથી: પરંતુ એમ કહેવામાં આવે છે કે આ ચળવળોનો આગેવાન ઇસ્ફહાન શહેરથી આવેલો, એક અતિ રૂપાળો અત્તાર કે અત્તર વેચનારો હતો. તે એટલો રૂપાળો હતો કે લોકો તેને "કાબૂસ"

---

૪–૫. કસસુલ કુરાન. મો.હફીઝુર્રહમાન. Vol. I પૃ. ૩૬૩–૬૪

અર્થાત્ પ્રકાશિત ચિનગારી કહેતા હતા. કેટલાક એવું માની બેઠા છે કે એ માણસ જ યૂસુફ અલૈ.ના સમયનો તથા મૂસા અલૈ.ના સમયનો ફિરઔન હતો. આ વાત સાવ ખોટી છે. યૂસુફ અલૈ.ના સમયના ફિરઔનનું નામ રય્યાન બિન વલીદ હતું, જ્યારે મૂસા અલૈ.ના સમયના ફિરઔનનું નામ વલીદ ઇબ્ને મસઅબ હતું અને એ બે પયગંબરો કે બે ફિરઔનોનો વચ્ચેનો સમય ૪૦૦ વરસનો હતો, એટલે પહેલો ફિરઔન રય્યાન ૪૦૦ વરસ જીવ્યાં હોય એમ લાગતું નથી કારણ તે સમયે લોકોનું સરેરાશ આયુષ્ય ઘટીને ૧૦૦–૧૫૦ વર્ષનું થઈ ગયું હતું.

ઇસ્ફહાન શહેરમાં તેને ભારે ખોટ ગઈ તેથી તે દેવાદાર બની ગયો હતો એટલે જ ત્યાંથી ભાગીને સિરિયામાં આવ્યો હતો. ત્યાં તેનું ઠેકાણું પડયું નહિ, એટલે કમાણી અર્થે મિસર નાસી આવ્યો હતો. અહીં આવ્યો ત્યારે એક ગામમાં તડબૂચ ઘણાં સસ્તાં મળતાં હતાં. તેને વિચાર આવ્યો કે તડબૂચ લાવીને શહેરમાં વેચીશ તો સારી કમાણી થશે. તેથી તેણે પેલા ગામમાંથી ઘણાં તડબૂચ ખરીદયાં. તેમને શહેરમાં લાવતો હતો ત્યારે રસ્તામાં ઠેકઠેકાણે તેને જકાત આપવી પડી, પરિણામે મેમ્ફીસના પાટનગરમાં પેઠો ત્યારે તેની પાસે ફક્ત એક જ તડબૂચ રહેવા પામ્યું હતું. આથી તે સમજી ગયો કે રાજ્યમાં અંધાધૂંધી અને અરાજકતા વ્યાપી ગયેલી હોવી જોઈએ. કોઈ બાહોશ અને બળવાન રાજા હોય એમ લ ગતું નથી. આ પરિસ્થિતિનો લાભ લઈ તે કબરસ્તાનનો દારોગો બની બેઠો. અનાયાસે તે વરસે રાજનગર મેમ્ફીસમાં વબાલ ફૂટી નીકળી હતી, તેથી ઘણા લોકો મરતા હતા. કબરસ્તાનમાં જે કોઈ શબ આવતું તે ઉપર તે જકાત લેવા લાગ્યો. આથી તે ઝાઝું કમાયો. હવે બન્યું એવું કે કોઈક અમીરનું શબ ત્યાં આવ્યું તેના વારસદારો પાસેથી પણ તેણે જકાતના પૈસાની માગણી કરી. પેલા વારસદારોએ તેને પકડાવીને રાજા સામે ઊભો કરી દીધો. રાજાએ પૂછ્યું : "તને આ જગા પર કોણે નીમ્યો ?"

વલીદે કહ્યું : "આપ નામદાર પાસે આવવા માટે મેં આમ કર્યું હતું. આપના રાજ્યમાં ઘણી અવ્યવસ્થા ફેલાયેલી છે. આ ત્રણ મહિનાની મારી નોકરીમાં હું આટલું કમાયો છું, તો બીજા નોકરો કેટલું કમાતા હશે તેનો વિચાર કરો. ત્રણ માસની મારી કમાણી આ રહી."

રાજા બોલ્યો : "આથી જ મારા રાજ્યની તિજોરીમાં જોઈતા પૈસા આવતા નથી. એનો કોઈક ઇલાજ કરવો ઘટે."

વળીહે કહ્યું : "મને વજીર બનાવો તો હું સારી વ્યવસ્થા કરીશ." તેની બાહોશી જોઈ બાદશાહે તેને ખાલી પડેલી વજીરની જગાએ નિમણૂક કરી દીધી. તેણે પ્રજાનું બે વરસનું મહેસૂલ માફ કરી દીધું અને સાથે સાથે સારી વ્યવસ્થા કરી રાજ્યની આવક પણ વધારી દીધી. આમ રાજા અને પ્રજા બંને તેનાથી ખુશ ખુશ થઈ ગયાં. તે પ્રજાનો વહાલસોયો થઈ પડયો. વળી તે "રઅ" અને ગૌમાતાની પૂજા સ્થાપિત કરવા લાગ્યો એટલે તે લોકોને વધારે માનીતો થઈ પડયો. તેણે "આપણા દેશમાં આપણું રાજ્ય" અને ભરવાડ રાજાઓને હાંકી કાઢો એવી ચળવળ ઉપાડી એટલે તે ચળવળનો મુખ્ય નેતા થઈ પડયો. નસીબસંજોગે તેવામાં ૧૭મા રાજવંશનો રાજા નિઃસંતાન ગુજરી ગયો એટલે તે રાજગાદી પર ચઢી બેઠો અથવા પ્રજાએ તેને રાજગાદી આપી દીધી હશે.૬ પછી તો તે "રઅ" અર્થાત્ સૂર્યદેવતાનો અવતાર ગણાયો એટલે પ્રજાએ તેનો પૂરો સાથ આપ્યો : જાગીરદારો, સરદારો અને ધર્મગુરુઓએ પણ તેને સારો સહકાર આપ્યો. તેમણે કિબ્તી જનતાને ભરવાડ-રાજાઓ અને અમાલેક લોકો સામે ખૂબ જ ઉશ્કેરી મૂકયા. સૌથી પહેલાં ભરવાડ-રાજાઓને પદભ્રષ્ટ કરવામાં આવ્યા અને લગભગ અઢી લાખ જેટલા અમાલેક લાકોને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા.૭ અમાલેક-લોકોની એકેએક યાદગારને જળમૂળથી ઉખેડી નાંખવામાં આવી. તેમનાં મંદિરોની મૂર્તિઓનો નાશ કરવામાં આવ્યો અને તેમના સ્થાને મિસરી દેવ-દેવતાઓની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી, પરિણામે પૂરજોશથી તેમના સૂર્યદેવ "રઅ" અને વાછરડાની પૂજા થવા લાગી.

ભરવાડ – રાજાઓને અને અમાલેક – લોકોને હાંકી કાઢયા પછી તેમણે ઇસરાઈલ – લોકોને દબાવવાનાં પગલાં લેવા માંડયાં, આ બાબતની શરૂઆત રાજાએ કરી તેનો પુરાવો તૌરાતના નિર્ગમન પ્રકરણ ૧ લાની ૮ થી ૧૧ આયતોમાંથી મળી રહે છે. તેમાં આવે છે કે, "... તેણે પોતાના લોકોને કહ્યું, ......તેઓને માથે બોજ નાખીને તેઓને દુઃખ દઈએ." પ્રથમ તેમનાં પ્રાર્થના-ઘરો તોડી નાખવામાં આવ્યાં અને તેમની સામૂહિક પ્રાર્થના અર્થાત્ નમાજ બંધ કરી દેવામાં આવી. આ બાબતનો ઉલ્લેખ પવિત્ર કુરાનની ૧૦ : ૮૭ની આયતમાં આ પ્રમાણે કરવામાં આવેલો છે." અને અમે મૂસા તથા તેના ભાઈને વહી મારફત જણાવ્યું કે, તમે તમારી કોમના લોકો માટે મિસરમાં થોડાંક મકાનો પ્રાપ્ત કરો. તે મકાનોને

૬. આ કહાણીઓ માટે જુઓ તફસીરે નઈમી. ભા. ૧. પૃ. ૪૬૦
૭. તફહીમુલ-કુરાન. મો. મૌદૂદી. Vol. II. પૃ. ૧૮૨

નમાજ માટેનાં કેન્દ્ર બનાવી લો અને ત્યાં નિયમિત નમાજ પઢતા રહો, અને ઈમાનવાળા લોકોને એની ખબર આપો." હકૂમત તરફથી થતી સતામણીના કારણે તેમની સામૂહિક પ્રાર્થના બંધ થઈ ગયેલી હોવી જોઈએ. તેને ફરીથી ચાલુ કરવાનો આ આયતમાં આદેશ છે. તેમના પર થતો જુલમ મૂર્તિપૂજાની સરળતા અને કિબ્તી લોકોની વાછરડાની પૂજા, આ ત્રણ કારણોના લીધે ઇસરાઈલ લોકોએ પણ વાછરડાની પૂજા અખત્યાર કરી લીધી. એ બાબતનો પુરાવો અહીં વર્ણવેલા બે પ્રસંગોમાંથી મળી રહે છે.

૧. જ્યારે તેઓ મિસર છોડી ચાલ્યા ગયા અને સમુદ્ર પાર કરી. સુક્કફા નામના સ્થળે આવ્યા ત્યારે કેટલીક જગાઓએ વાછરડાઓની મૂર્તિઓની ભવ્ય રીતે થતી પૂજા જોઈ તેઓ મૂસા અલૈ.ને કહેવા લાગ્યા: "અમારા માટે આવો કોઈક ઇલાહ કે ભગવાન તું અમને આપ. અમે પણ તેની ઉપાસના કરીએ."[૮]

૨. બીજો પ્રસંગ એવો બન્યો કે સિનાયના અરણ્યમાં આવેલા તૂર પર્વતની તળેટીમાં તેઓ છાવણી નાંખી પડયા હતા ત્યારે અલ્લાહ તઆલાએ મૂસા અલૈ.ને ૪૦ દિવસના યોગ માટે આ પર્વત પર બોલાવ્યા હતા, ત્યારે તેમની ગેરહાજરીમાં સામેરી નામના માણસે સોના-રૂપાનું વાછરડું ઢાળ્યું હતું તેની પૂજા કરવા તેઓ મંડી પડયા હતા[૯].

જુલમ અને દુ:ખના કારણે તેઓ અલ્લાહની બંદગી છોડી બેઠા હતા. કિબ્તીઓના સહવાસથી વાછરડાની પૂજા અખત્યાર કરી બેઠા હતા અને તે એટલે સુધી કે જ્યાં જ્યાં વાછરડું કે તેમની મૂર્તિ જોતા ત્યાં ત્યાં મૂસા અલૈ.ની હાજરીમાં પણ તેની પૂજા કરવાની માગણી કર્યા કરતા હતા.

ત્યાર પછી આર્થિક અને સામાજિક બાબતોમાં તેમને દુ:ખ આપવા માંડયું. એ બાબતનો પુરાવો પવિત્ર કુરાનની ૭ : ૧૨૯ની આયતમાંથી મળી રહે છે." તેમણે કહ્યું, [ હે મુસા ! ] તારા આવ્યા પહેલાં અમને સતાવવામાં આવતા હતા અને તારા આવ્યા પછી પણ આ આયતથી કહી શકાય કે; મૂસા અલૈ.ના જન્મ પહેલાં એટલે કે ૧૮મા રાજવંશના સમયમાં ઉપડેલી ચળવળથી તેમને સખ્ત દુ:ખ દેવાની શરૂઆત થઈ ગયેલી હોવી જોઈએ.

તેમનાં ઘરબાર લૂંટી લેવામાં આવતાં અને કેટલાયે લોકોને ઘરવિહોણા કરી મૂકવામાં આવતા. કેટલાક લોકો પાસેથી ગોશેન પ્રાંતની ફળદ્રુપ જમીન આંચકી લેવામાં આવતી હતી. તેમનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો હતો

૮. જુઓ કુરાન શરીફના પ્ર-૭ની ૧૩૮મી આયત.
૯. જુઓ કુરાન શરીફના પ્ર-૭ની ૧૪૮મી આયત.

એટલે તેમનાં પશુઓ માંસ ખાવા માટે વિના મૂલ્યે લઈ જતા હતા. રાજ્યની નોકરીમાંથી તેમને છૂટા કરવામાં આવતા હતા. આટલેથી સંતોષ ન પામતા તેમની પાસેથી સખત મજૂરીની તથા હલકા પ્રકારનાં કામો લેવામાં આવતાં હતાં, જેવાં કે નહેરો ખોદવી, માટીકામ કરવું, બાંધકામમાં મજૂરી કરવી, ઈંટો પાડવી, ચૂનો પકવવો, ભારે બોજ ઉઠાવવો, પથ્થરો ફોડવા, સલાટકામ, ખેત–મજૂરીનું કામ, રસ્તાઓ અને ઘરોની સફાઈનું કામ વગેરે વગેરે. આવાં સખત મજૂરીનાં કામોના બદલામાં તેમને મજૂરી ઘણી ઓછી આપવામાં આવતી હતી. સરકારી કર્મચારીઓ તો તેમની પાસેથી વેઠ લેતા હતા. એવી વેઠ લઈને જ પીથોમ અને બર્રે–રામસેસનાં શહેરો બંધાવ્યાં હતાં. ફિરઓનનો મુખ્ય ભઠિયારો એક ઇસરાઈલિ પાસેથી બાળવાનાં લાકડાં બળજબરાઈથી મફત કે જૂજ કિંમતે લેવા માંગતો હતો તે પ્રસંગોમાંથી એક કિબ્તીનું ખૂન મૂસા અલૈ.થી થઇ ગયું અને તેથી તેમને દેશ છોડી નાસી જવું પડયું, એ બનાવો તેમના પર થતા જુલમની સાખ પૂરે છે. આવાં આવાં કામો લઈ કિબ્તીઓએ તેમને ગુલામી દશામાં મૂકી દીધા હતા.

પ્રાચીન સમયમાં ભારતમાં ચાર વર્ણો હતા તેમ મિસરમાં પણ તે સમયના સમાજના ચાર વર્ગો હતા. સૌથી ટોચે રાજા, દરબારીઓ, તેના સરદારો અને પુરોહિતો હતા. તેઓ ધનની છોળોમાં વિલાસી જીવન જીવતા હતા. બીજો વર્ગ જમીનદારો અને ધર્મગુરુઓનો હતો. તેઓ ગુલામો પાસેથી તથા ઇસરાઈલિ લોકો પાસેથી પોતાની જાગીરની જમીનો ઉપર અમાનુષી કામ લેતા હતા. ત્રીજો વર્ગ કારીગરો અને વેપારીઓનો હતો. સૌથી નીચે શ્રમજીવી ખેડૂતો, પશુપાલકો અને ગુલામો હતા. તૌરાતમાં આવે છે કે, "અમારો તથા અમારા બાપદાદાનો ધંધો નાનપણથી અત્યાર સુધી ઢોર પાળવાનો છે; ...ભરવાડ–માત્રને મિસરીઓ ધિક્કારે છે." ઉ. પ્ર. ૪૬ : ૩૪ આથી સૂચન મળે છે કે, તેઓ આવ્યા ત્યારથી મિસરીઓ તેમને ધિક્કાર અને ઘૃણાની નજરે જોતા હતા. તેમને દુઃખ દેવામાં તેમણે કોઈ મણા રાખી ન હતી. બીજી જગાએ તૌરાતમાં કહેવામાં આવેલું છે કે. "અને મિસરીઓએ ઈસરાએલ–પુત્રો પાસે સખત વેઠ કરાવી અને ચૂનો તથા ઈંટો પાડવાના કામમાં તથા ખેતરમાં સર્વ પ્રકારની મજૂરી કરવામાં તેમની પાસે સખત ચાકરી કરાવીને તેઓએ તેમની જિંદગી કષ્ટમય કરી. તેમની પાસે જે જે ચાકરી તેઓ કરાવતા હતા તે બધી સખત વેઠ હતી. નિ. પ્ર. ૧ : ૧૩–૧૪. તેમના જુલમના કારણે પવિત્ર કુરાનમાં ફિરઓનની કોમને કેટલીયે ઠેકાણે "જાલિમ કોમ" કહી છે. "અને [તેમને તે સમયનો

કિસ્સો સંભળાવ] જ્યારે તારા માલિકે મૂસાને પુકારીને કહ્યું, તું તે જાલીમ કોમ પાસે જા એટલે ફિરઔનની કોમ પાસે જા" ૨૬ : ૧૦–૧૧ બીજી જગાએ કહેવામાં આવ્યું છે કે, "(હે મૂસા!) હવે બીક ન રાખો, જાલીમ કોમથી તમારો છૂટકારો થઈ ગયો છે." ૨૮ : ૨૫ તૌરાતમાં પણ કહેવામાં આવેલું છે કે, "અને મિસરીઓએ અમારા પર જુલમ કર્યો, ને અમને બહુ પીડા દીધી ને અમારી પાસે સખત વેઠ કરાવી. પુનર્નિયમ ૨૬ : ૬ તેમની ગુલામી દશામાં મિસરીઓ તેમને કેટલું દુઃખ આપતા હશે તેની તો કલ્પના જ કરવી રહી.

જ્યારે કે તેઓ મિસરીઓ સામે થતા હશે ત્યારે તેમને કેવી સજા કરતા હશે તે બાબત તો તે સમયની કઠોર શિક્ષાઓ પરથી સમજી શકાશે. મારપીટ તો સામાન્ય થઈ પડી હતી. કોઈ ઇસરાઈલ કામે જવા અથવા વેઠે જવા સહેજ પણ આનાકાની કરતો તો કિબ્તી તેને ત્યાં જ મારપીટ કરવા મંડી પડતો હતો. આ બાબતનો ખ્યાલ મૂસા અલૈ.એ બે દિવસ સુધી કિબ્તી અને સિબ્તી વચ્ચે થયેલા ઝઘડા અને મારપીટમાં જે ભાગ ભજવ્યો હતો તે ઉપરથી આપણને આવે છે નજીવા ગુનાઓ માટે, કિબ્તીઓની સામાન્ય ફરિયાદ ઉપરથી ઇસરાઈલીઓને કેદખાનામાં ધકલી દેવામાં આવતા હતા. જેલમાં નાંખતાં પહેલાં કોઈ પણ જાતની તપાસ કરવામાં આવતી ન હતી. ન્યાયકોર્ટોમાં ન્યાય પણ થતો ન હતો. આ બાબતનો ખ્યાલ એ પ્રસંગથી આવે છે કે, ઝુલેખાના પતિ પોટિફારના કહ્યાથી યૂસુફ અલૈ.ને તપાસ કર્યા વિના જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા અને કેસ ચલાવ્યા વિના ૭–૮ વર્ષ સુધી જેલમાં સબડયા કરવું પડયું હતું. શૂળીએ ચઢાવવાની શબને ઝાડની કોઈક ડાળીએ ટાંગી રાખવાની અને પથ્થર મારી મારી નાંખવાની શિક્ષાઓ તો પહેલેથી ચાલતી આવી હતી, પરંતુ ફિરઔને કેટલીક કઠોર સજાઓ શોધી કાઢી હતી. અંગ–વિચ્છેદ અને ખીલા ઠોકવાની સજાઓ તેણે પ્રથમવાર અમલમાં મૂકી હતી. અંગ–વિચ્છેદની સજામાં ઉલટા–સૂલટી હાથ એટલે કે ડાબા હાથ સાથે જમણો પગ અને જમણા હાથ સાથે ડાબો પગ કાપી નાંખવામાં આવતા હતા.[10] આ સજા ફિરઔને જાદુગરોને કરી હતી. માણસના શરીરમાં ચાર ખીલા ઠોકી મારી નાંખવાની સજા ફિરઔનેજ પ્રથમ વાર ચાલુ કરી હતી. તેથી જ પવિત્ર કુરાનમાં "મેખોવાળો ફિરઔન" છે.[11] પવિત્ર કુરાનમાં આવે છે કે, "અને અમે તમને ફિરઔનના લોકોના

૧૦. કુરાન શરીફ ૨૬ : ૪૯ની આયત જુઓ.
૧૧. કુરાન શરીફ ૩૮ : ૧૨ની આયત જુઓ.

હાથમાંથી છુટકારો અપાવ્યો. તેઓ તમને કઠોર શિક્ષા કરતા હતા. તમારા પુત્રોને કાપી નાખતા હતા અને પુત્રીઓને જીવતી રાખતા હતા." ૨:૪૯

"તેણે (ફિરઔને) ત્યાંના રહેવાસીઓના ભાગલા પાડી નાંખ્યા હતા. તેમાંના એક પક્ષનું (ઇસરાઈલ-લોકોનું) બળ તોડી નાંખતો હતો." ૨૮:૪ આ આયતથી સાબિત થાય છે કે, ફિરઔન પોતાની કોમના લોકો સાથે નરમાશ અને ન્યાયથી વર્તતો હતો, જ્યારે ઇસરાઈલ-લોકો સાથે કઠોરતા અને અન્યાયથી વર્તતો હતો અને તેમને ઘણા જ કમજોર બનાવી દીધા હતા અનેક પ્રકારની સતામણી અને શિક્ષાના કારણે તેઓ ગુલામી દશામાં મૂકાઈ ગયા હતા. તથા ઘણાજ હતાશ થઈ ગયા હતા. તૌરાત એ બાબતની સાખ પૂરે છે "અને ગુલામીના કારણે ઇસરાઈલ-પુત્રો નિસાસા નાંખતા હતા અને વિલાપ કરતા હતા." નિ. પ્ર. ૨:૨૩ પવિત્ર કુરાનમાં પણ કહેવામાં આવ્યું છે કે, "અને ફિરઔન તથા તેના સરદારો કહેવા લાગ્યા કે, શું અમે અમારા જેવા બે માણસો પર ઈમાન લઈ આવીએ કે એ બંનેની કોમ તો અમારી સત્તા નીચે અર્થાત્ અમારી ગુલામીમાં છે." ૨૩:૪૭ આથી જોઈ શકાશે કે તેમની દશા અત્યંત ખરાબ હતી.

ઇસરાઈલ-લોકોના ત્યાં પુત્રોને જન્મતાં જ મારી નાંખવાની અને પુત્રીઓને જીવતી રહેવા દેવાની યોજનાથી૧૨ ફિરઔન તેમનું નિકંદન કાઢવા માંગતો હતો. તૌરાતમાંથી પણ આ વાતને ટેકો મળે છે. "અને હેબ્રી દાયણો જેમાંની એકનું નામ શિફ્રાહ તથા બીજીનું નામ પૂઆહ હતું, તેમને મિસરના રાજાએ આજ્ઞા કરીને કહ્યું કે, જ્યારે તમે હેબ્રી સ્ત્રીઓ પાસે દાયણનું કામ કરવા જાઓ, ને જ્યારે તમે તેમને પ્રસવપાટ ઉપર જુઓ, ત્યારે જો છોકરો અવતરે તો તેને મારી નાખશો, પણ છોકરી અવતરે તો તેને જીવતી રહેવા દેવી." નિ. પ્ર. ૧:૧૫-૧૬ આ બંને હેબ્રી દાયણો અલ્લાહનો ડર રાખનારી હતી તેથી તેમણે ફિરઔનની આજ્ઞા પ્રમાણે અમલ ન કર્યો: એટલે ફિરઔને અહીં આપેલી બીજી રીત અપનાવી "ફારૂને પોતાના સર્વ લોકોને ફરમાવ્યું, કે જે પ્રત્યેક ઇસરાઈલ છોકરો જન્મે તેને તમારે નદીમાં ફેંકી દેવો, અને પ્રત્યેક છોકરીને તમારે જીવતી રહેવા દેવી" નિ. પ્ર. ૧:૨૨

આ જુલમનો કોરડો ઇસરાઈલ લોકો ઉપર ત્રણ વાર વીંઝાયો હતો. યૂસુફ અલૈ.ના મૃત્યુ પછી સોએક વર્ષ થયાં હતાં ત્યારે ભરવાડ-રાજાઓને

---

૧૨. જુઓ પવિત્ર કુરાનની ૨:૪૯/૧૪૫૬/ અને ૨૮૨૪ની આયતો

તથા અમાલક રાજાઓને હાંકી કાઢવામાં આવ્યા પછી ઇસરાઈલ લોકોને દાબી દેવાનાં પગલાં ૧૮મા રાજવંશના પહેલા અને બીજા રાજાઓએ લર્યાં ત્યારે પહેલી વાર આ કોરડો વીંઝાયો હતો; ઇસરાઈલ લોકોમાં એવાત પ્રચલિત હતી કે, તેમના ઘરોમાં એક બાળક એવો જન્મશે જે ફિરઔન અને તેના રાજ્યનો નાશ કરશે તેના ઉપર કિબ્તીઓ લક્ષ આપતા ન હતા; પરંતુ રામસેસ બીજાને સ્વપ્નું આવ્યું કે ઓચિંતી આગ લાગી જેણે તેને તથા તેની કોમના કિબ્તી લોકોને ભરખી લીધા, ત્યારે પેલી વાત તાજી થઈ. આવો કોઈ છોકરો જન્મવા ન પામે તે માટે રામસેસ બીજાએ આ કોરડો વીંઝયો હતો. ત્રીજી વાર રામસેસ બીજાના પુત્ર મનફતાહે આ કોરડો વીંઝવાનું ઠરાવ્યું હતું. જ્યારે મિસરીઓએ ફિરઔનને કહ્યું કે, "શા માટે મૂસા અને તેની કોમના લોકોને ફિતના-ફિસાદ કરાવવા માટે જીવતા રહેવા દે છે? ત્યારે મનફતાહે જવાબમાં કહ્યું કે "હવે પછી પાછા અમે તેમના પુત્રોને મારી નંખાવીશું અને તેમની પુત્રીઓને જીવતી રાખીશું અને અમારું તેમના પર આધિપત્ય છે." ૭ : ૧૨૭ કહેવામાં આવેલું છે કે, તેમણે ઇસરાઈલ લોકોના ૭૦ હજાર છોકરાઓને આ યોજના હેઠળ મારી નંખાવ્યા હતાં; પરંતુ કુદરતની ગતિ કંઈક ન્યારી છે આ યોજનાનો એકે હેતુ ફળીભૂત ન થયો. "જેમ જેમ તેઓ તેમને દુઃખ દેતા ગયા તેમ તેમ તેઓ વિશેષ વધ્યા અને બહોળો વિસ્તાર પામતા ગયા." નિ. પ્ર. ૧ : ૧૨ આવ્યા ત્યારે ૭૦ હતા અને ગયા ત્યારે ૧૭ લાખ હતા.

મૂસા અલૈ. આ ૧૭ લાખ ઇસરાઈલ લોકોને, તેમનાં બધાં ઢોરઢાંખરને અને મિસરીઓનાં સોના-ચાંદીના ઘરેણાં તથા તેમનાં સુંદર વસ્ત્રો સાથે સલામતીથી મિસરમાંથી કાઢી લઈ ગયા. આમ તેઓ ગયા ત્યારે મિસરીઓની ઘણી સંપતિ લઈને નીકળ્યા હતા. આ અંગે તૌરાતમાં આવે છે કે, "ઇસ્રાએલ-પુત્રોએ મૂસાના કહેવા મુજબ કરીને મિસરીઓ પાસેથી સોનાના તથા રૂપાના દાગીના તથા વસ્ત્રો માગી લીધાં,... ...અને તેઓએ મિસરીઓને લૂંટી લીધા." નિ. પ્ર. ૧૩ : ૩૧-પવિત્ર કુરાન પણ આ બાબતમાં ટેકો આપે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે "......ફિરઔનની કોમના ઘરેણાંનો ભારે બોજો લદાયેલો હતો." ૨૦ : ૮૭ આથી આપણે કહી શકીએ કે ઈબ્રાહીમ અલૈ.ને થયેલી ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી ઇસરાઈલ લોકોએ ૪૦૦ વર્ષ દુઃખ ભોગવ્યું, પરંતુ મિસર છોડયું ત્યારે તેઓ ૭૦ના ૧૭ લાખ થયા હતા અને ઘણી સંપતી લઈને નીકળ્યા હતા.

પવિત્ર કુરાનમાં ઇસરાઈલ લોકોના અનેક પ્રસંગો બોધ માટે આપેલા છે; એટલે તેમના જીવન–પ્રસંગોથી કુરાન શરીફ ભરપૂર છે. તેમનો ઉલ્લેખ નીચેની આયતોમાં થયેલો છે :

૨/૨૦થી૭૪' ૨/૮૩થી૮૭' ૨/૯૨-૯૩' ૨/૧૦૮' ૨/૧૧૩' ૨/૧૨૦–૧૨૨' ૨/૧૩૬' ૨/૨૧૧'

૨/૨૪૬થી૨૫૧' ૩/૧૧' ૩/૩૩' ૩/૭૨' ૩/૧૧૧' ૪/૧૫૩થી૧૫૫' ૪/૧૬૪' ૫/૧૨–૧૩'

૫/૨૦ થી ૨૬' ૫/૩૨' ૫/૪૪–૪૫' ૫/૭૦–૭૧' ૫/૭૮ થી ૮૧' ૬/૮૫' ૬/૧૪૬–૧૪૭'

૬/૧૫૫' ૭/૧૦૩ થી ૧૭૧' ૮/૫૪' ૧૦/૭૧ થી ૯૩' ૧૧/૯૬ થી ૯૯ ૧૧/૧૧૦' ૧૪/૫ થી ૮'

૧૬/૧૧૮' ૧૬/૧૨૪' ૧૭/૨ થી ૬' ૧૭/૧૦૧ થી ૧૦૪' ૧૮/૬૦ થી ૮૨' ૧૯/૧૧ થી ૫૩'

૨૦/૯ થી ૯૮' ૨૧/૪૮–૪૯' ૨૩/૪૫થી૪૯' ૨૫/૩૫–૩૬' ૨૬/૧૦ થી ૬૬' ૨૭/૭ થી ૧૧૪'

૨૮/૩ થી ૪૮' ૨૮/૭૬ થી ૮૧' ૨૯/૩૯–૪૦' ૩૨/૨૩ થી ૨૫' ૩૩/૭' ૩૭/૧૧૪થી૧૨૨'

૩૮/૧૨' ૪૦/૨૩ થી ૪૬' ૪૧/૪૫–૪૬' ૪૩/૪૬ થી ૫૬' ૪૪/૧૭ થી ૩૩' ૪૫/૧૬–૧૭'

૫૧/૩૮ થી ૪૦' ૫૩/૫૬' ૫૪/૪૧–૪૨' ૬૧/૫' ૬૨/૫–૬' ૬૬/૧૧' ૬૯/૯–૧૦' ૭૩/૧૫–૧૬'

૭૯/૧૫ થી ૨૬' ૮૫/૧૭–૧૮' ૮૯/૧૦ થી ૧૩'

પવિત્ર કુરાનમાં આમ ૪૧ સૂરાઓ અર્થાત્ પ્રકરણોની આયતોમાં ઇસરાઈલ લોકોને લગતું વર્ણન આવે છે. સૌથી વધુ આયતોમાં તેમનો ઉલ્લેખ થયેલો છે. એમના જીવન–પ્રસંગોમાં હિદાયત અર્થાત્ શીખનો ભંડાર પડેલો છે એમ કહેવામાં ખોટું નથી.

# પ્રકરણ ૫ મું

## મૂસા અલૈ.નો જન્મ

તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "આમ્રામ પોતાની ફૂઈ યોખેબેદ સાથે પરણ્યો, અને તેને પેટે હારૂન અને મૂસા થયા." નિ. પ્ર. ૬ : ૨૦ પવિત્ર કુરાનના ભાષ્યકારો પણ એ હકીકતને માન્ય રાખે છે. આથી સ્પષ્ટ થાય છે કે મૂસા અલૈ.ના પિતાનું નામ આમ્રામ અને માતાનું નામ યોખેબેદ હતું.[1] એમના પિતા પોતાની ફોઈ સાથે પરણ્યા, એ હકીકત વિચિત્ર અને અણછાજતી લાગે છે. પવિત્ર કુરાનમાં તો સગી ફોઈ સાથે લગ્ન કરવાની મનાઈ કરવામાં આવી છે.[2] સગી કે પિતરાણ ફોઈને પરણ્યા હતા તેનો ખુલાસો તૌરાતમાં નથી. પિતરાણ ફોઈ સાથે લગ્ન થયું હશે એમ નીચે આપેલ મુવાહિબમાંની વંશાવલી જોતાં લાગે છે.

એ તો તમે જાણો છો કે ઈબ્રાહીમ અલૈ.ના પૌત્ર યાકૂબ અલૈ.ના ૧૨ પુત્રો પૈકી ત્રીજા પુત્ર લેવીના કુળનાં બંને પતિ–પત્ની હતાં. એ પયગંબર કુળનાં હતાં એટલે મૂસા અલૈ.નું કુળ ઘણું જ ઉચ્ચ ગણાય.

લેવી. તૌરત પ્રમાણે[3]

- કહાથ
  - આમ્રામ
    - હારૂન
    - મૂસા

લેવી–મુવાહિબ પ્રમાણે

- હાતદ[4]
  - યોખેબેદ
- કહાથ[5]
  - યસહર
    - ઈમરાન
      - હારૂન
      - મૂસા

---

૧. તફસીરે કાદરી. Vol. II પૃ. ૧૮૦. ૨. પવિત્ર કુરાન. ૪ : ૨૩.
૩ નિર્ગમન પ્ર. ૬ : ૧ ૪. મુવાહિબ ૨૮ : ૭ની તફસીર.
૫. મુવાહિબ ૩ : ૩૩.

યોખેબેદ કોની પુત્રી હતાં તેનો ઉલ્લેખ તૌરાતમાં મળતો નથી એટલે મુવાહિબની વંશાવલીને માન્ય રાખવી પડે અને તે આધારે તે ઈમરાનનાં ફોઈ થાય એથી સમજી શકાય કે પિતરાણ ફોઈ સાથે લગ્ન કરવામાં બાધ આવતો નથી. આ વંશાવલીઓથી સ્પષ્ટ થાય છે કે આમ્રામ અને ઈમરાન એક જ છે. હિબ્રુનામ આમ્રામ અને અરબી નામ ઈમરાન છે. મુવાહિબમાં તૌરાત કરતાં એક પેઢી વધારે છે અને એ બરાબર જણાય છે, કારણ વાસ્તવ્યનાં ૪૩૦ વર્ષમાં પાંચ પેઢીઓ થાય એ સંભવિત છે, ચાર પેઢીઓ સંભવિત લાગતી નથી.

એ વાત તમે વાંચી ગયા કે મિસરના રાજાએ ઈબ્રાહીમ અલૈ.નાં પત્ની સારા સાથે અણછાજતું વર્તન દાખવ્યું હતું ત્યારે ઈબ્રાહીમ અલૈ.મે કહી નાખ્યું હતું કે, દૂરના ભવિષ્યમાં શાહીકુટુંબની છત્રછાયામાં ઉછરેલ કોઈક વ્યક્તિના હાથે મિસરના જુલમી રાજા અને તેના લશ્કરનું નિકંદન નીકળી જશે ઇસરાઈલ લોકો મિસરમાં આવ્યા ત્યારે આ આ ભવિષ્યવાણી તેમની જીભે ચઢી ગઈ હતી અને વખત જતાં કિંવદંતી બનીને ખૂબજ પ્રચલિત થઈ ગઈ હતી. ઇસરાઈલ-બાળકોને તો તેનો મુખપાઠ કરાવવામાં આવતો હતો. કિબ્તી લોકોના કાને આ વાત અથડાયા કરતી હતી, પણ તેઓ તેના પ્રત્યે દુર્લક્ષ સેવતા હતા. રામસેસ બીજાને જ્યારે સ્વપ્નાં આવ્યાં ત્યારે આ કિંવદંતીની યાદ તાજી થઈ.

તેને એક સ્વપ્ન એવું આવ્યું કે, ઇજિપ્તના કોઈક જંગલમાં દાવાનળ સળગ્યો. તેણે આખું વન ભરખી ખાધું. તેમાંથી એટલા તણખા ઉડ્યા કે જેથી મેમ્ફીસના કિબ્તી મહોલ્લાઓમાં ઘરો સળગી ગયાં અને એક એક કિબ્તી બળી મૂઓ. આ તણખાઓ ઇસરાઈલ લોકોનાં ઘરો સુધી જતાં જતાં ઓલવાઈ જતા હતા એટલે તેમને જરાયે નુકસાન થતું ન હતું.[૬] બીજું સ્વપ્નું તેને એવું આવ્યું કે એક મોટો અજગર તેના શાહીમહેલમાં ક્યાંકથી જઈ ચડ્યો અને તે તેના તખતને ગળી જવાનું કરતો હતો. તે ક્ષણોમાં તે એટલો ગભરાઈ ગયો કે તે છત્ર-પલંગમાંથી નીચે ગબડી પડ્યો અને જાગી ઊઠ્યો.

પવિત્ર કુરાનમાં કે તૌરાતમાં આ ભવિષ્યવાણી અને સ્વપ્નાંનો ક્યાંય ઉલ્લેખ થયો નથી. બંને પુસ્તકોમાં ફિરઔન ઇસરાઈલ છોકરાઓને જન્મતાં જ મારી નાંખતો હતો એ હકીકત આપી છે. તેથી એવા કોઈક બાળકના

---

૬. ઇબ્ને કસીર Vol. I. પૃ. ૧૧૨-૨ : ૫૦ની આયત.

જન્મની તેમને બીક લાગ્યા કરતી હતી, એમ કહી શકાય. આવી બીક સ્વપ્નાં આવ્યા પછી ખૂબ જ લાગ્યા કરતી હોવી જોઈએ એવું અનુમાન સહેજે બાંધી શકાય. પવિત્ર કુરાનના ભાષ્યકારો પણ ભવિષ્યવાણી અને સ્વપ્નાંઓનું વર્ણન આપે છે એટલે એવાં સ્વપ્નાં આવ્યાં હશે એમ માનવાને કારણ મળે છે.

આ સ્વપ્નાંઓનો ખુલાસો મેળવી આપવા ફિરઔને નજૂમીઓને આજ્ઞા આપી. તે સમયે જિન્નાતો ગગનોમાં ઊડી શકતા હતા અને ચોરીછૂપીથી ફરિશ્તાઓની વાતો સાંભળી લેતા હતા. ત્યાંથી પૃથ્વી પર આવી પોતાના કાહિન–મિત્રો અર્થાત્ જોશી–મિત્રોને કહી સંભળાવતા હતા. નજૂમીઓને હુકમ મળ્યો ત્યારે તેમણે સ્વપ્નાંઓનો ખુલાસો મેળવવા જિન્નાતોને વિનંતી કરી. જિન્નાતોએ ફરિશ્તાઓને ગગનમાં અંદરો–અંદર વાતો કરતા સાંભળ્યા કે ઇસરાઈલ લોકોમાં ફલાણી તારીખે શુક્રવારની પાછલી રાતે એક બાઈ સગર્ભા થશે અને તેને પુત્ર અવતરશે. તે મોટો થશે ત્યારે પયગંબર–પદ પામશે અને તે ફિરઔન, તેના દરબારીઓ અને તેના લશ્કરનો સમૂળગો નાશ કરશે. આ વાત જિન્નાતોએ પોતપોતાના જોશી–મિત્રોને કહી સંભળાવી. બધા જોશીઓ ભેગા થયા અને બધા જિન્નતોની વાત મળતી આવી એટલે તેમણે આ ખુલાસો ફિરઔનને ભર દરબારમાં કહી સંભળાવ્યો.

પેલી કિંવદંતી અને આ ખુલાસો, બંનેની વિગત અક્ષરશઃ મળતી આવી એટલે ફિરઔનને આ ખુલાસો ગળે ઊતરી ગયો. આવું બનવા ન પામે તે માટે તેણે તરતજ પગલાં લેવાનું શરૂ કરી દીધું. તેણે ઢંઢેરો પીટાવ્યો કે, "ફલાણી તારીખ ને શુક્રવારની રાતે કોઈ પણ પુરુષે સ્ત્રી–સંભોગ કરવો નહી. જો તે બાબતની જાણ પડશે તો બંનેને મોતની સજા ફરમાવવામાં આવશે. વળી તે રાતે પાટનગરના સઘળા પુરુષો શહેર બહાર ભેગા થાય અને જાગરણ કરે." વધુ સાવચેતી માટે આ હુકમ તેણે કિબ્તી તથા સિબ્તી બંને લોકોને લાગુ પાડ્યો અને બધા પુરુષોને પોતે જાતે શહેર બહાર લઈ ગયો.

બન્યું એવું કે, જાગરણ તેને જ વસમું પડ્યું. તે પોતાના અંગરક્ષક ઈમરાનને લઈ મોડી રાતે રાજમહેલમાં આવતો રહ્યો. જરાક આરામ કરવા આડો પડ્યો તેટલામાં તો તે ઘસઘસાટ ઊંઘી ગયો. ઈમરાનનાં પત્ની યોખેબેદને આ વાતની જાણ પડી ગઈ. શા માટે એકલા પોતાના પતિને લઈને રાજમહેલમાં આવ્યો હશે? આ જાણવાની ઉત્કંઠાથી યોખેબેદને ચેન પડ્યું નહીં. છૂપીરીતે તે રાજમહેલમાં આવ્યાં ત્યારે રાજમહેલના

પહેરેગીરો તો ત્યાં હતા જ નહીં. સીધાં જ પોતાના પતિ પાસે પહોંચી ગયાં તે વેળા પતિ શયનગૃહમાં પહેરો ભરતા હતા. એકાંતનો લાભ લઇ પતિ–પત્ની ભેગાં થયાં. આ સમયે જ યોખેબેદ સગર્ભા થયાં. જિન્નાતો મારફત જોશીઓને જાણ પડી ગઈ કે કોઈક ઇસરાઇલ–સ્ત્રી શુક્રવારની રાતના પાછલા પહોરમાં સગર્ભા થઈ ગયેલ છે. તેમણે ફિરઔનને આ વાતની જાણ કરી દીધી. આ સાંભળી તેને પિત્તો ઊછળી ગયો અને તેણે ફરમાન બહાર પાડી દીધું કે ઈસરાઈલ લોકોને ત્યાં છોકરો જન્મે તો તેને તરતજ સ્વધામ પહોંચાડી દેવો, અને છોકરી જન્મે તો તેને જીવતી રહેવા દેવી.

આ યોજનાને અમલમાં મૂકવા ફિરઔને હિબ્રૂ–કોમની જ દાયણોને સગર્ભા ઈસરાઈલ–સ્ત્રીઓને પ્રસુતિ કરાવવા માટે મૂકી. તે ઉપરાંત જાસૂસ દાયણોની પણ નિમણૂક કરવામાં આવી. આ જાસૂસ દાયણો પોતાની સાથે નાનાં બાળકોને લઇ ઇસરાઈલ લોકોને ઘેર જતી અને ત્યાં કોઈક યુક્તિ કરી તેમને રડાવતી, કે જેથી નાનાં બાળકોના રડવાનો અવાજ સાંભળી ઘરમાં છૂપાવી રાખેલાં બાળકો રડવા મંડી પડે. જાસૂસ સિપાહીઓ પણ રાખવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિમાં પોતાને પુત્ર અવતરે તો તેને કેવી રીતે બચાવવો તેમાં જ યોખેબેદ ચિંતીત રહ્યાં કરતાં હતાં. જે હિબ્રૂ દાયણો નીમવામાં આવી હતી તે ઘણી જ દયાવાન હતી. તૌરાત એ વાતની સાક્ષી પૂરે છે કે, "દાયણો દેવનો ભય રાખનારી હતી. ને મિસરના રાજાએ તેમને આપેલી આજ્ઞા પ્રમાણે ન કરતાં તેઓ છોકરાઓને જીવતા રહેવા દેતી." નિ. પ્ર. ૧ : ૧૭–જે દાયણ તેમના ઘેર પ્રસુતિ માટે આવી હતી તેને ફિરઔનનું આવું ઘાતકી કૃત્ય ગમતું ન હતું. વળી નવજાત શિશુ મૂસા અલૈ.નું મોહ પમાડે તેવું મુખારવિંદ જોઈ તેને વહાલ ઉપજ્યું.

તેણીએ બાળકની માતાને કહ્યું, "તમારું બાળક ઘણુ સુંદર છે. તેને જોઈ મોહિત થઈ છું એટલે તમારો ભેદ હું કોઈ ને કહીશ નહીં. તમે તેને છૂપાવી રાખજો. હું તો એવું જાહેર કરીશ કે તમને છોકરી અવતરી હતી, જે જન્મ્યા પછી મરણ પામી છે તેથી મેં તેને રાખોડીમાં દાબી દીધી હતી."[૭]

એક વાત એવી પણ છે કે મૂસા અલૈ.નો જન્મ થયો ત્યારે કેટલાક જાસૂસ સિપાહીઓ ઘરમાં પેસી ગયા. તેમની બહેને ગભરાટમાં ને ગભરાટમાં બાળકને ચૂલાની રાખોડીમાં સંતાડી દીધું. ઘરમાં નવજાત બાળક જોવામાં ન આવ્યું ત્યારે સિપાહીઓ બહાર નીકળી પડયા. આમ નવજાત શિશુને

---

૭. તફસીરે કાદરી–Vol. II. પૃ. ૧૮૦

સંતાડીને અલ્લાહની આજ્ઞાનુસાર માતા દૂધ પીવડાવતાં રહ્યાં. ત્રણ માસ સુધી દૂધ પાતાં રહ્યાં અને પુત્ર અન્તર્યામીની જાણ પડવા દીધી નહીં. તૌરાતમાં કહેલું છે કે, "તે સુંદર બાળકને જોઈને તેણીએ તેને ત્રણ માસ સુધી સંતાડી રાખ્યું" નિ. પ્ર. ૨:૨. જાસૂસોની ભારે તકેદારી રહેતી હતી તેથી વધુ સમય આ વાત છાની રાખવાનું યોખેબેદને મુશ્કેલ જણાયું આ નાજુક પરિસ્થિતિમાં શું કરવું તેનું માર્ગદર્શન અલ્લાહે આપ્યું જેનો ઉલ્લેખ પવિત્ર કુરાનમાં આ પ્રમાણે આવે છે: "અને અમે મૂસાની માને પ્રેરણા આપી કે તેણી તેને દૂધ પીવડાવે. પછી જ્યારે તેણીને તેના જીવનું જોખમ લાગે ત્યારે તેને નદીમાં નાંખી દેવામાં આવે. તેમ કરવામાં તેણી ન તો કોઈ બીક રાખે કે ન તો અફસોસ કરે. નિઃસંશય અમે તેને તારી પાસે પાછો મોકલી આપીશું અને તેને પયગંબરોમાંનો બનાવીશું." ૨૮ : ૭

"અને અમે મૂસાની માને પ્રેરણા આપી કે, તેને એક પેટીમાં મૂકી દે અને તે પેટીને નદીમાં તરતી મૂકી દે. નદી તેને કિનારે કાઢી નાંખશે અને તેને તેનો દુશ્મન જ બહાર કાઢશે. ૨૦ : ૩૮–૩૯

પછી તો માતાએ પોતાને મળેલી પ્રેરણા પ્રમાણે જ કર્યું. પોતાના પતિના સુથાર મિત્ર "ખરબીલ બિન સબૂરા" પાસે પાંચ વેંત લાંબી–પહોળી સમચોરસ પેટી બનાવડાવી. આ સુથાર ફિરઔનનો પિત્રાઈ ભાઈ થતો હતો. તેને એવો શક પડ્યો કે ઈમરાનના ત્યાં પુત્ર જન્મ્યો હોવો જોઈએ અને પેટીમાં તેને છૂપાવી રાખવાનો ઈમરાન અને તેની પત્નીનો ઇરાદો હોવો જોઈએ. આ વાત જાહેર કરવા તે ફિરઔન પાસે આવ્યો પણ તેની જીભ જ ઊપડી નહીં. ત્રણવાર આમ બન્યું એટલે તેમાં કુદરતનો કોઈક ભેદ છે એવું સમજી તેણે ઇસરાઈલ–ધર્મ સ્વીકારી લીધો.[૮] તૌરાતમાં આ હકીકતને આમ કહેવામાં આવી છે. "તેણીએ તેને ત્રણ માસ સંતાડી રાખ્યો અને તેથી વધારે સમય સંતાડવાનું અશક્ય લાગ્યું હોવાથી તેને સારુ ગોમતૃણની[૯] એક પેટી લીધી. તેને ચીકણી માટીથી તથા રાળ કે ડામરથી થેપીને તેમાં મૂકીને તેને નદીકાંઠે બરુઓ વચ્ચે મૂકી અને તેનું શું થાય છે તે જોવાને તેની બહેન વેગળે ઊભી રહી." નિ. પ્ર. ૨ : ૨ થી ૪. પવિત્ર કુરાનમાં આ અંગે કહેવામાં આવ્યું છે કે, "તેણીએ તેની–મૂસાની– બહેનને કહ્યું કે પેટીની પાછળ પાછળ જા. પછી તો તે અંજાણી બનીને

---

૮. આ વાત માટે જુઓ તફસીરે કાદરી Vol. II. પૃ. ૧૮૧

૯. જેના બેસવાના મૂઢા બનાવવામાં આવે છે

દૂરથી એવી રીતે પેટીને જોઈ રહી કે કોઈને આ બાબતની ખબર પડી નહીં." ૨૮ : ૧૦

પેટી તો તણાતી તણાતી રાજમહેલમાં આવેલાં નદીકિનારા પરનાં પગથિયાંને તેડે લાગી ગઈ. ફિરઔનના ઘરની કોઈક બાનુએ તે પેટીને દાસીઓ પાસે બહાર કઢાવી અને તે બાનુ તેને રાજમહેલમાં લઈ આવી. આ વેળા મૂસા અલૈની બહેન મરિયમના[૧૦] હર્ષનો પાર ન હતો. તે હતી પણ ચાલાક અને ચબરાક. તેણી મહેલમાં ફિરઔનની પત્ની અને પુત્રી પાસે આવજા કરતી હતી. મહેલમાં ભાઈનું શું થાય છે તે જોવા મહેલની નોકરડીઓમાં ભળી ગઈ. જે બાનુએ પેટીને બહાર કઢાવી હતી તે ફિરઔનની પુત્રી હતી એવું તૌરાતમાં કહેવામાં આવ્યું છે. "ફારૂનની પુત્રી નદીમાં સ્નાન કરવા આવી; ...અને તેણે પેલી પેટી જોઈને તે લઈ આવવા પોતાની દાસીને મોકલી." નિ. પ્ર. ૨ : ૫. પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "ફિરઔનના માણસોએ તેને (નદીમાંથી) બહાર કાઢી લીધો." ૨૮ : ૮

એક રિવાયત એવી પણ છે કે ફિરઔનને એકની એક પુત્રી હતી જેને કોઢની બીમારી હતી. જોશીઓએ એવું ભવિષ્ય ભાખ્યું હતું કે ફલાણા દિવસે નાઈલ નદીમાંથી એક બાળક રાજમહેલમાં આવશે. તેનું થૂંક લગાડવાથી શાહજાદીની કોઢની બીમારી મટી જશે. આ ભવિષ્યવાણીને યાદ રાખી ફિરઔન, તેની પત્ની અને પુત્રી તથા દાસ–દાસીઓ નાઈલ નદીના કિનારે એ દિવસે આવી બેઠાં અને પેલા બાળકની વાટ જોઈ રહ્યાં હતાં. તેવામાં નદીમાં તણાતી પેટી જોવામાં આવી. ફિરઔને તે પેટી પોતાનાં માણસો પાસે બહાર કઢાવી. ગમે તેમ હોય, ફિરઔન હાજર હોય કે ન હોય પણ તેના માણસોએ પેટીને બહાર કાઢી એ હકીકત છે.

આ વાતની જાણ સારાયે શહેરમાં પડી ગઈ. લોકોમાં કુતૂહલની સીમા ન હતી. પેટીમાં શું હશે તે જાણવા બધાં જ આતુર હતાં. પેટી ખોલવામાં આવી તો તેમાં એક સુંદર તંદુરસ્ત નવજાત શિશુ આરામથી અંગૂઠો ચૂસતું હતું. તેનું મુખારવિંદ એવું તેજસ્વી હતું કે તેને જોતાં જ જોનારને તેના ઉપર વહાલ ઉપજતું હતું : ખાસ કરીને ફિરઔનની પત્ની આસિયા બિન્તે મઝાહિમ, જે ઇસરાઈલ–કોમની હતી,

---

૧૦. મરિયમ નામ માટે જુઓ તૌરાત–ગણના પ્ર. ૧૨ : ૧ તથા તફ્હીમુલ કુરાન. મૌ. મૌદૂદી Vol. III પૃ. ૬૧૬.

તેને. પેલા બાળક ઉપર પુત્ર સમાણું હેત ઉપજતું હતું. પવિત્ર કુરાનમાં આ માટે એવું વર્ણન આવે છે કે, "અમે તેના ઉપર પ્રેમનું આવરણ નાંખી દીધું હતું," ૨૦ : ૩૯ આ કારણે ગમે તેવી અજાણી વ્યક્તિઓને તેના ઉપર વહાલ ઉપજતું હતું.

પેટી ઇસરાઇલ લોકોના મહોલ્લાઓ તરફથી તણાતી આવતી હતી એટલે બધા સમજી ગયા કે તે ઇસરાઇલી–બાળક જ હોવું જોઈએ. કેટલાક માસ છૂપી રીતે તેને ઉછેર્યું હશે, પરંતુ વધુ સમય છૂપાવી શકાયું નહીં હોય, એટલે તેને નદીમાં નાંખી દીધું કે જેથી કોઈ બહાર કાઢે અને તેને ઉછેરે. ત્યાં તો કોઈક દરબારી બોલી ઊઠયો, એ તો ચોક્કસ છે કે, એ ઇસરાઇલી–બાળક છે, માટે તેને ઝબે કરી નાંખવું જોઈએ. બનવાજોગ છે કે બાદશાહ સલામતના સ્વપ્નાનું જ એ બાળક હોય." ફિરઔન તેને મારી નાંખવા તૈયાર થયો. પતિનો રોષભર્યો ચહેરો જોઈ આસિયા પરિસ્થિતિ સમજી ગઈ. નમ્રતાપૂર્વક કહેવા લાગી, "બાદશાહ સલામત તમારા વહેમના કારણે હજારો ઇસરાઈલી બાળકો કતલ થઈ ગયાં છે. આથી તમે ઘણા જુલમી ગણાશો. એકાદ બાળક બચી જાય તો તેમાં શું ખાટું મોળું થઈ જવાનું છે? આવા સુંદર અને મોહ પમાડે તેવા નિર્દોષ અને નવજાત બાળકને મારી નાંખતાં તમારો જીવ કેમ ચાલશે? એને મારી ન નાંખશો. એનું જીવવું આપણા માટે ફાયદાકારક પણ થઈ પડે! એમ કહી શકાય કે તમારા સ્વપ્નાવાળો જ આ છોકરો છે? અને જો તેમ હોય તો પણ, જો તે આપણા ઘરમાં ઉછરીને મોટો થાય તો તેનામાં આપણા સંસ્કારો પડે એને તેથી આપણુ કંઈ બગાડશે નહીં! ઊલટું આપણુ ભલું તાકશે. તેના મુખ પરથી લાગે છે કે જગતમાં તે નામ કાઢશે અને તેથી દુનિયા તમને પણ યાદ કરશે." પવિત્ર કુરાનમાં આસિયાની ભલામણ આ પ્રમાણે થયેલી છે. ફિરઔનની પત્નીએ કહ્યું કે આ બાળક તો મારી અને તમારી આંખોની ઠંડક છે, તેને મારી ન નાંખો, કદાચ તે આપણને લાભ પહોંચાડે અથવા આપણે તેને દત્તક લઈએ." ૨૮ : ૯

પત્નીની આ કાકલૂદી સાંભળી ફિરઔન કહેવા લાગ્યો. "મને એ બાળકમાં ઝાઝો રસ નથી, તને ઠીક લાગે તેમ કર. તેને તારા પુત્ર માફક ઉછેર, તેમાં મને વાંધો નથી." આ પરવાનગી તો આપી, પરંતુ ફિરઔનને ખબર ન પડી કે તે પોતાના જ રાજમહેલમાં પોતાનો જ દુશ્મન ઉછેરી રહ્યો છે. પવિત્ર કુરાનમાં આવે છે કે, "નિ:સંશય ફિરઔન અને હામાન અને તે બંનેનાં સૈન્યો આમ કરવામાં ભૂલ કરનારા હતા." ૨૮ : ૮ મૂસા

અલૈના ઉછેરનું શું પરિણામ આવશે તેની તેઓને કંઈ ખબર ન હતી. આસિયાને તો પરવાનગી મળી એટલે તેણી તો ખુશ ખુશ થઈ ગઈ. પછી તો તેણી મૂસા અલૈ.ના ઉછેરના કાર્યમાં પડી ગઈ.

---

## પ્રકરણ ૬ઠ્ઠું

## મૂસા અલૈ.નો ઉછેર

શાહીમહેલમાં ઉછેરવાની પરવાનગી મળી એટલે દાસીઓએ બાળકનું નામ પાડવાની વાત રજૂ કરી. આ સાંભળી બધાં વિચારમાં પડી ગયાં. આસિયાએ જ પ્રસ્તાવ મૂક્યો કે, "આ બાળક પાણીમાં તણાતી લાકડાની પેટીમાંથી મળી આવ્યું છે માટે તેને અનુલક્ષીને એનું નામ પાડવું જોઈએ." તરત જ એક દાસી બોલી ઊઠી કે, "મૂ એટલે લાકડું અને શા એટલે પાણી, માટે બાળકનું નામ મૂશા રાખીએ." બીજી દાસી બોલી ઊઠી, "આ નામ બરાબર છે, 'મૂશા'નો અર્થ પાણીમાંથી ખેંચી કાઢેલો પણ થાય છે. આ છોકરાને પાણીમાંથી ખેંચી કાઢેલો છે એટલે એ રીતે પણ એનું નામ 'મૂશા' બરાબર બંધબેસતું આવે છે." બધાં જ બોલી ઊઠયાં: "વાહ, વાહ, નામ તો બરાબર શોધી કાઢયું છે. એ નામ અમને બધાંને મંજૂર છે." આમ એ બાળકનું નામ ફિરઔનના રાજમહેલમાં પાડવામાં આવ્યું. એ નામ એમનાં માતા-પિતાએ પણ સ્વીકારી લીધું. આમ એમનું નામ કિબ્તી ભાષામાં પાડવામાં આવ્યું.

ત્યાર પછી તેમને દૂધ પીવડાવવાની તજવીજ શરૂ થઈ. એ તો ઉઘાડું હતું કે તેમને કોઈક ધાવનું દૂધ પીવડાવવાનું હતું, અને તે સમયે મિસરમાં રિવાજ પણ એવો હતો કે શ્રીમંત કુટુંબોમાં બાળકોને દૂધ પાવા માટે ધાવોને રાખવાનો રિવાજ હતો. ધાવો દૂધ પીતાં બાળકોને પોતાના ઘેર લઈ જતી અને ઉછેરતી હતી. અમુક દિવસોના આંતરે આવી ધાવો તે બાળકોને તેમનાં મૂળ માબાપ પાસે દેખાડવા લઈ જતી હતી. આ રિવાજ મક્કામાં પણ હજરત મુહમ્મદ સલ્લ.ના સમયમાં એટલે કે ઈસવી સનના ૬ઠ્ઠા સૈકામાં પણ હતો. બાળ મૂસા અલૈ.ને દૂધ પીવડાવવા માટે કેટલીયે ધાવોને રાજમહેલમાં બોલાવવામાં આવી. પરંતુ તેમણે કોઈ પણ ધાવના સ્તનને મોંમાં જ ન લીધાં. આ અંગે પવિત્ર કુરાન કહે છે કે, "અમે પહેલેથી જ ધાવોનું સ્તનપાન

તેના માટે હરામ કરી મૂક્યું હતું." ૨૮ : ૧૨ કોઈ પણ ધાવનું દૂધ પીતા ન હતા તેથી તે ઘણા જ અસ્વસ્થ થઈ ગયા. બીજાં બધાં પણ અધીરાં અને બેચેન બની ગયાં. બાળક કોઈ પણ ધાવનું દૂધ પીતું નથી એટલે તે જીવશે કે કેમ એવો પ્રશ્ન બધાં ઉઠાવતાં હતાં. આ હાલત જોઈ ૧૦-૧૨ વરસની મરિયમ કહેવા લાગી, "શું હું તમને એક એવું કુટુંબ બતાવું જેના લોકો તમારા માટે આ બાળકના પાલનપોષણની જવાબદારી લે અને વળી તેઓ હિતેચ્છુ પણ હોય?" ૨૮ : ૧૨ વજીર હામાને છોકરીની આ વાત સાંભળી ત્યારે તે તાડૂકી ઊઠ્યો, "આ છોકરીને પકડી લો. એ જાણે છે કે આ બાળક કોનું છે." ચાલાક છોકરી સમજી ગઈ અને કહેવા લાગી, "મારો કહેવાનો આશય તો એ છે કે તે કુટુંબના લોકો બાદશાહ સલામતના હિતૈષી હોય, આ બાળકના નહીં. બાદશાહના હિતૈષી હોય એવા કુટુંબમાંથી જ ધાવ મળી આવે તેમ છે તે જાણી ધાવને બોલાવી લાવવાનો હુકમ મળ્યો એટલે મરિયમ પોતાની માતાને તેડી લાવવા ઘેર જવા ચાલી ગઈ.

અહીં ધાવની ગરબડમાં બધાં બેચેન હતાં ત્યારે માતા યોખેબેદ અધીરાં અને બેચેન હતાં. પ્રેરણાને વશ થઈ પુત્રને નદીમાં તો પધરાવી દીધો, પણ પછી માની મમતા અને માનું હેત ઉભરાઈ આવ્યાં અને અજંપો એટલો બધો થઈ ગયો કે મૂસા (અલૈ.)ની દરેક વસ્તુ જોઈ તેમનાં માતાં ડૂસકે ડૂસકે રડવા લાગ્યાં અને પોક મૂકીને રડી દેવાની સ્થિતિમાં હતાં. આમ ભેદ ખુલ્લો પાડી દેવા પોતે જાતે તૈયાર થઈ ગયાં. આ સમયે અલ્લાહ તરફથી તેમને આશ્વાસન મળ્યું ન હોત તો તેઓ જાતે જ ભેદ ખુલ્લો પાડી દેત. પવિત્ર કુરાનમાં આ અંગે કહેવામાં આવ્યું છે કે, મૂસાની માતાનું મન અધીરું બની ગયું. જો અમે તેના મનને દૃઢ બનાવ્યું ન હોત તો તે આ ભેદને ખુલ્લો પાડી દેત." ૨૮ : ૧૦ આ વેળા તેમની દીકરી તેમની પાસે આવી પહોંચી અને અથથી ઇતિ સુધીની સઘળી હકીકત માતાને કહી સંભળાવી. આથી માતાને સંતોષ થયો અને ખુશ થતાં થતાં મરિયમ સાથે રાજમહેલમાં આવ્યાં.

જ્યારે માતા અને મરિયમ આવ્યાં ત્યારે મૂસા અલૈ. ફિરઔનના ખોળામાં હતા. આ વેળા પણ કેટલીક ધાવો વારાફરતી સ્તનપાન કરાવવા બાળ મૂસા અલૈ.ને પોતાની ગોદમાં લેવા હાથ લગાવતી હતી પણ તે મોં ફેરવી લેતા હતા. જ્યારે તેમના તરફ માએ હાથ લંબાવ્યા ત્યારે સહેજ ખચકાઈને તેમની ગોદમાં ચાલ્યા ગયા અને તેમનું દૂધ પીવા લાગ્યા. આ જોઈ ફિરઔન બોલ્યો, "તું કોણ છે? શું તું આ બાળકની માતા નથી? તેણે

કેમ તારું દૂધ પીવા માંડયું ?" યોખેબેદ બોલ્યાં, "હું એક નેક અને પ્રમાણિક બાઈ છું. મારું દૂધ એટલું સરસ છે કે દરેક બાળક મારી પાસે ખુશ થઈને આવે છે અને તરત જ દૂધ પીવા લાગી જાય છે." આ જવાબ સાંભળી અને બાળકને તેનું દૂધ પીતું જોઈ ફિરઔન અને આસિયા બોલી ઊઠયાં, "આ બાળકનાં ધાવ તરીકે અમે તમને રાખી લઈએ છીએ. એને દૂધ પીવડાવવા માટે તથા એના ઉછેર માટે રોજનો એક દિનાર તમને આપવામાં આવશે." માતાને તો ભાવતું 'તું ને વૈદે કહ્યું એટલે ધાવ તરીકે રહેવાનું તેમણે કબૂલ કરી લીધું.

પછી તો તે સમયના રિવાજ પ્રમાણે બાળકને દૂધ પાવા અને ઉછેરવા માટે માતા પોતાના ઘેર લઈ આવ્યાં. અને અઠવાડિયામાં એક–બે દિવસ બાળ મૂસા અલૈ.ને આસિયા પાસે લઈ જતાં હતાં. આમ પોતાનો પુત્ર પોતાને પાછો મળ્યો, એટલું જ નહીં તેને દૂધ પાવા માટે પૈસા પણ મળવા લાગ્યા. આ અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "આ યુક્તિથી અમે મૂસાને તેની માતા પાસે પાછો પહોંચાડી દીધો કે જેથી તેની આંખો ઠંડી રહે અને તે દુ:ખી ન થાય: અને વળી તે જાણી લે કે અલ્લાહનો વાયદો સાચો હોય છે, પરંતુ ઘણાખરા લોકો આ હકીકત જાણતા નથી." ૨૮ : ૧૩ આ પ્રસંગની વાત નીકળતાં આપ સલઅમે ફરમાવ્યું હતું કે, "જે કોઈ પોતાની રોજી મેળવવા મહેનત કરે પરંતુ તેમ કરવામાં અલ્લાહની પ્રસન્નતા મેળવવાનું ધ્યેય રાખે તો તેનું દૃષ્ટાંત મૂસા અલૈ.ની માતા જેવું થશે. તે પોતાના પુત્રને દૂધ પીવડાવતાં હતાં છતાં તે માટે અવેજ પણ તેમને મળતો હતો."[૧] આવી વ્યક્તિને બે ફાયદા થાય છે: તે હલાલની રોજી કમાય છે અને તે નેકી અર્થાત્ પુણ્ય પણ કમાય છે. આ પ્રસંગનું વર્ણન તૌરાતમાં આ પ્રમાણે કરવામાં આવેલું છે.

"તેની (મૂસાની) બહેને ફારૂનની પુત્રીને કહ્યું, તારે માટે બાળકને ધવડાવવા સારુ હેબ્રી બાઈઓમાંથી એક ધાવને તારી પાસે તેડી લાવું ? અને ફારૂનની પુત્રીએ તેને કહ્યું, કે આ બાળકને લઈ જઈને મારે માટે તેને ધવડાવ, ને હું તને તે બદલ પગાર આપીશ. અને તે સ્ત્રીએ તેને લઈ ધવડાવ્યો, અને તે બાળક મોટું થયું ત્યારે તેણે તેને ફારૂનની પુત્રી પાસે

---

૧. مَثَلُ الَّذِىْ يَعْمَلُ وَيَحْتَسِبُ فِىْ صُنْعَتِهِ
الْخَيْرِ كَمَثَلِ أُمِّ مُوسٰى تَرْضَعُ وَلَدَهَا وَتَأْخُذُ أَجْرَهَا

આણ્યું', ને તે તેનો દીકરો થઈ રહ્યો. અને મેં તેને પાણીમાંથી તાણી કઢાવ્યો, એમ કહીને તેણે તેનું નામ મૂસા પાડયું." નિ. પ્ર. ૨ : ૭ થી ૧૦ આમ તૌરાતમાં બાળકને નદીમાંથી કઢાવનાર, ધાવ નીમનાર અને પુત્ર તરીકે તેનો ઉછેર કરનાર ફિરઓનની પુત્રી હતી, એવું વર્ણન આવે છે. તલમૂદમાં પણ એવું જ વર્ણન આવે છે. આ મતને યૂસુફ-અલીએ પોતાના પુસ્તક Translation of the Holy Quran ના પહેલા ભાગના પૃષ્ઠ ૨૯ પરની નોંધ ૬૪માં ગ્રાહ્ય રાખ્યો છે. તે હતી ફિરઓન બાદશાહ થોથમસ પહેલાની પુત્રી હેટશેપસ્ટ. બાળકને કતલ થતાં બચાવનાર, ધાવ નીમનાર અને ઉછેર કરનાર ફિરઓનની પત્ની હતાં એમ પવિત્ર કુરાનના વાંચનથી સમજાય છે. પવિત્ર કુરાન પાછલી ભૂલોને સુધારે છે એટલે કુરાનિક વાત સાચી છે અર્થાત્ મૂસા અલૈ.નો ઉછેર કરનાર ફિરઓનનાં પત્ની આસિયા હતાં, નહિ કે તેની પુત્રી. ગમે તેણે ઉછેર કર્યો હશે, પરંતુ એ તો હકીકત છે કે તેઓ પોતાની માતાના ખોળામાં જ પોતાના ઘેર દૂધ છૂટતાં સુધી ઊછર્યા હતા. આથી તેઓ પોતાનાં કુટુંબીજનોના સમાગમમાં સમજણા થયા ત્યારે આવતા હતા પરિણામે તેઓ જાણતા થયા કે પોતે મૂળ કઈ જાતિના છે. પોતાના પૂર્વજો કોણ હતા, પોતાના કૌટુંબિક-સંસ્કારો અને ઇસરાઈલી ધર્મથી સારી રીતે જાણકાર બન્યા હતા.

એવું અનુમાન તારવી શકાય છે કે, જ્યારે બે-એક વરસના થયા હશે ત્યારે તેમને દૂધ છોડાવી દેવામાં આવ્યું હશે અને તેમને શાહીમહેલમાં આસિયાએ બોલાવી લીધા હશે. એમ કહેવામાં આવે છે કે, આસિયા તેમનાં ફોઈબા થતાં હતાં.[2] એટલે પણ સ્વાભાવિક છે કે તેમણે મૂસા અલૈ. પ્રત્યે સારી કાળજી લઈ ઉછેર્યા હશે.

તેમની ચારેક વર્ષની ઉંમર થઈ હતી ત્યારે પ્રસંગોપાત્ત-ફિરઓન તેમને ખોળામાં લઈ રમાડતો હતો. એક વેળા ફિરઓને તેમને પોતાના ખોળામાં લીધા હતા ત્યારે તેમણે ફિરઓનની દાઢી પકડી લીધી અને કેટલાક વાળ ખેંચી કાઢયા. સાથે સાથે બીજા હાથે તેમણે ફિરઓનને તમાચો પણ લગાવી દીધો. આથી ફિરઓન ધૂઆંપૂઆં થઈ ગયો અને તેમને કતલ કરી નાંખવાનો હુકમ કરી દીધો. સંજોગવશાત્ આ વેળા આસિયા ત્યાં મોજૂદ હતાં. તુર્ત જ બોલી ઊઠયાં : " બાદશાહ સલામત ! તમારી દાઢીમાં પરોવેલા મોતીઓનો ચળકાટ જોઈ આ છોકરાએ આમ કર્યું"

---

૨. આ સગપણ માટે જુઓ તફસીરે કાદરી Vol. II. પૃ. ૧૮૧.

હોય એમ લાગે છે. બધાં બાળકો નિર્દોષ હોય છે. ચળકતી વસ્તુઓને તેઓ ઝટ પકડી લે છે, પછી ભલેને તે વસ્તુ હીરા–માણેક હોય કે ધગધગતા અંગારા હોય. ફિરઔનનો ગુસ્સો હજુ ઊતર્યો ન હતો; એટલે તેણે કહ્યું કે, "એ બાબતની પરીક્ષા લીધા વિના હું જંપીશ નહીં." તે જ વેળા તેના હુકમ મુજબ એક થાળીમાં હીરા–મોતી અને બીજી થાળીમાં ધગધગતા અંગારા લાવવામાં આવ્યા. બંને થાળીઓ મૂસા અલૈ.થી થોડેક દૂર મૂકવામાં આવી. થાળીઓમાં થતો ઝગઝગાટ જોઈ મૂસા અલૈ. થાળીઓ પાસે ગયા અને વધુ ઝગઝગાટ મારતા એક અંગારાને હાથમાં પકડી મોમાં મૂકી દીધો. આથી તેમનો હાથ અને જીભ દાઝી ગયાં. ખૂબ રડયા : દવા લગાવી ત્યારે કંઈક ચેન પડયું. હાથ સારો થયો પરંતુ કોઢ જેવો સફેદ ડાઘ હાથ પર પડી ગયો. પાછળથી એ જ હાથ "યદ્દે બૈજા" કે "ઝગારા મારતો હાથ" બન્યો હતો. જીભ પરનો ફોલ્લો મટી તો ગયો પરંતુ તે તોતડાઈ ગઈ, એટલે તેમના બોલવામાં સહેજ તોતડાપણું આવી ગયું. ફિરઔનને આસિયાની વાત સાચી લાગી. પછી તો તે મૂસા અલૈ. સાથે પ્રેમથી વર્તવા લાગ્યો.

મૂસા અલૈ. નવેક વરસના થયા હશે ત્યારે એક દિ' ફિરઔને તેમને પોતાના સિંહાસન પર પોતાની પડખે બેસાડયા. ફિરઔન દરબારીઓને સંબોધીને કહેતો હતો કે, "શું હું "રબ"નો અવતાર નથી ? એટલે હું તમારો માલિક છું; તમારો ભગવાન છું, મારા સિવાય બીજો કોણ પૂજવા લાયક છે ? સર્વ લોકોએ મારી જ પૂજા કરવી જોઈએ ને !" બધા દરબારીઓ તેની હામાં હા ભણતા હતા. આમ ફિરઔન પોતાની પૂજા કરવાનું કહેતો હતો તે વાત મૂસા અલૈ.થી સાંખી શકાઈ જ નહીં. સાચા ખુદાને બદલે પોતે ખુદા બની બેસવા માંગતો હતો તે પરિસ્થિતિ તૌહીદ-પરસ્ત મૂસા અલૈ. સહન કરી શકયા નહીં. ખૂબ જ ગુસ્સે થઈ ગયા. તરત જ સિંહાસન પરથી ઊતરી પડયા અને આવેશમાં ને આવેશમાં સિંહાસનને એવા જોરથી લાત મારી કે તેના આગળના પાયા ભાંગી ગયા અને ફિરઔન સિંહાસન પરથી ગબડી પડયો. મૂસા અલૈ. ત્યાંથી નાસીને આસિયાના ખોળામાં જઈ બેઠા અને તેમને બનેલી હકીકત કહી સંભળાવી. ફિરઔન અને તેના દરબારીઓ પણ ત્યાં આવ્યા અને મૂસા અલૈ.ને ઝબે કરી નાંખવા સોંપી દેવા આસિયાને કહેવા લાગ્યા. "તારા મૂસાએ તો ભરદરબારમાં મારું અપમાન કર્યું છે, એટલું જ નહીં, મારા ઈશ્વરપણાના અવતારને પણ ધોકો પહોંચાડયો છે. આજે એની કતલ કર્યા વિના હું રહેવાનો નથી." આસિયાએ તેને શાંત પાડયો અને નમ્રતાપૂર્વક કહેવા

લાગ્યાં, "હે પ્રિયે! તમે તો અમારા વડીલ છો અને બાદશાહ પણ છો. આવાં નાની ઉંમરનાં બાળકો પોતાનાં માતાપિતા સાથે આવાં બાળતોફાનો કરે જ. જેટલું બાળક તેજસ્વી અને હિંમતવાન તેટલું તોફાની હોય. આ બાળકના પાલક પિતા તમે બન્યા છો એટલે તમારે તો તેની સાથે પ્રેમથી રહેવું ઘટે, વારંવાર એને કતલ કરવાનું ફરમાવો એ આપના જેવા બાદશાહને ન શોભે. હું તો માનું છું કે આ તમારું પાલક–બાળક તમારા પછી તમારું વિશાળ રાજ્ય સંભાળી લેશે અને તમારું નામ રાખશે." ફિરઔનને પોતાની પત્નીની વાત ગળે ઊતરી ગઈ અને કતલ કરવાને બદલે શાબાશી આપી અને કહેવા લાગ્યો કે, "તારો જોટો જડે તેમ નથી."

તેમના શિક્ષણ અને ઉછેર સંબંધી તલમૂદમાં[૩] કહેવામાં આવ્યું છે કે ફિરઔનના મહેલમાં તેઓ એક સુંદર અને તેજસ્વી યુવાન તરીકે ખીલ્યા હતા. તેઓ રાજકુમારનો પોશાક પહેરતા હતા. શાહીપદને શોભે તેવો ઠાઠ-માઠ રાખતા હતા. ઘણી વેળા ગોશેન પ્રાંતમાં જતા અને ત્યાં ઈસરાઈલિ લોકો પર થતો જુલમ જાતે નિહાળતા હતા અને તેમનાં દુઃખો પણ જાતે જોતા હતા. તેમણે જ ફિરઔનને સમજાવ્યો હતો કે લાગલગાટ કામ કરવાથી લોકોને કંટાળો ઊપજે છે તથા લોકો નબળા પણ પડી જાય છે. પરિણામે તેઓ પૂરતું કામ આપી શકતા નથી એટલે સરવાળે રાજ્યને જ ખોટ જાય છે. લોકોના શક્તિ તથા સ્ફૂર્તિ કાયમ રાખવા માટે અઠવાડિયામાં એક દિવસ આરામની જરૂરત રહે છે. માટે અઠવાડિયામાં એક દિવસ રજા પાળવી જોઈએ. ફિરઔનને તેમની આ વાતમાં તથ્ય જણાયું એટલે અઠવાડિયામાં એક દિવસ રજા પાળવાનું આખા રાજ્યમાં નક્કી થયું. આમ અઠવાડિક રજા રાખવાની પદ્ધતિ મૂસા અલૈ.ના પ્રતાપે મિસરમાં પ્રથમવાર દાખલ થઈ. આ અને આવાં બીજા ભલાઈનાં કામો કરવાથી દેશભરમાં તેમની વાહ વાહ થતી હતી અને લોકો પણ તેમને બહુ માનની નજરે જોતા હતા.

તેમના ભણતર અને ઘડતર માટે બાઇબલના પ્રેરિતોનાં કૃત્યોના પ્રકરણ ૭ : ૨૧–૨૨મી આયતોમાં કહેવામાં આવ્યું છે કે, "પછી તેને નાખી દીધો ત્યારે ફારૂનની દીકરીએ તેને ઉપાડી લઈને પોતાના દીકરા તરીકે પાળ્યો. મૂસાને મિશનરીઓની સર્વ વિદ્યા શીખવવામાં આવી હતી. તે બોલવા–ચાલવામાં બાહોશ અને કામ કરવામાં પરાક્રમી હતો." પવિત્ર કુરાનમાં આ અંગે ઇશારો કરવામાં આવેલો છે કે, "જ્યારે મૂસા પોતાની

---

૩. તફહીમુલ કુરાન–મૌ. મૌદૂદી. Vol. III. પૃ. ૫૨૧. નોંધ–૧૨.

ભરજુવાનીએ પહોંચી ગયો અને (તેનો માનસિક તથા શારીરિક વિકાસ) પરિપૂર્ણ થયો ત્યારે અમે તેને હિકમત અને જ્ઞાન અર્પણ કર્યાં." ૨૮:૧૪ હિકમત એટલે સૂઝબૂઝ, બુદ્ધિ, ડહાપણ અને ફેંસલા કરવાની શક્તિ અને જ્ઞાન એટલે ધાર્મિક તેમ જ સંસારી જ્ઞાન[૪] આપ્યાં. આ આયતમાં ભરયુવાની માટે "અશુદદહુ" અને "વસ્તવા" શબ્દો વપરાયા છે-અશુદદહુ એટલે ૧૫થી ૨૦ વરસની વય અને વસ્તવા એટલે ૨૦થી ૩૦ વરસની વય : એથી સ્પષ્ટ થાય છે કે તેઓ ૧૫થી ૩૦ વરસની વયે પહોંચ્યા ત્યારે તેઓ જ્ઞાન અને બુદ્ધિમાં પૂર્ણ થયા હતા. પોતાના કૌટુંબિક સમાગમના કારણે પોતાના પૂર્વજોના એટલે કે પયગંબરોના સંસ્કારો તેમણે અપનાવી લીધા હતા. અહરનિશ અલ્લાહની બંદગી કરવાનું ચૂકતા ન હતા. રાજ્યાધિકારીઓ, દરબારીઓ અને લોકો સાથેના સંપર્કના કારણે તેમનામાં વ્યાવહારિક જ્ઞાન પણ સારું હતું. જ્યાં જતા ત્યાં લોકો તેમનો મોભો અને માન-મરતબો જાળવતા હતા. ટૂંકમાં આ અવસ્થાએ પણ તેઓ ખૂબ જ પ્રતિષ્ઠિત ગણાતા હતા.

તરુણાવસ્થામાં (૧૫-૨૦ વરસ) ફિરઓનના નોકરો સાથે શહેરમાં ફરતા રહેતા હતા. કેટલીક વેળા ફિરઓન તેમનો હાથ પકડી પોતાની પાસે બેસાડતો અને તેમની મીઠીમીઠી વાણી સાંભળી હરખાતો અને તેમની સાથે પ્રેમથી વર્તતો હતો. ૨૦ વરસની વયે ફિરઓને તેમનાં લગ્ન મોટી ધામ-ધૂમથી કર્યાં હતાં. લગ્ન પછી અને ત્રીસ વરસની વયે ફિરઓનની ધાકથી નાસી ગયા તે સમયના ગાળા દરમ્યાન તેમને "હરશૂન" અને "બિલકા" નામના બે પુત્રો થયા હતા.[૫] આ પુત્રોને રાજમહેલમાં મૂકી તેમને હિજરત કરવી પડી હતી.

એમ કહેવામાં આવે છે કે તેઓ રંગે ઘઉંવર્ણા અને કદે ઊંચા હતા. તેમના શરીર પર વાળ એટલા ઘનિષ્ટ પ્રમાણમાં થતા હતા કે તેમના ઝભ્ભામાંથી પણ બહાર નીકળતા હતા. સ્વભાવે અતિશય તેજ હતા.[૬]

---

૪. દીની અને દુન્યવી જ્ઞાન :

૫. કિર્દૂ કસસુલ-અંબિયા પૃ. ૧૨૩

૬. સુવાહિબ. ૧૭:૨ની આયતની તફસીરમાંથી.

## પ્રકરણ ૭મું

## મૂસા અલૈ.ની હિજરત

મૂસા અલૈ. મિસરના બાદશાહ ફિરઓનના રાજમહેલમાં ઊછર્યા હતા. જયારે તેઓ ભરજુવાનીમાં આવ્યા ત્યારે તેમને મિસર છોડવું પડયું હતું, એટલે કે તેમને હિજરત કરવી પડી હતી. કયા સંજોગોમાં તેમને હિજરત કરવી પડી તેની કહાણી અહીં આપણે કહીશું.

પાછલા પ્રકરણમાં આપણે વાંચી ગયા છીએ કે મૂસા (અલૈ) ફિરઓનના કોઈક શાહીમહેલમાં રહેતા હતા. આ શાહીમહેલ શહેર બહાર હતો અને ત્યાંથી અવારનવાર નગરચર્યા માટે તેઓ શહેરમાં આવતા જતા હતા. આ બાબતનો પુરાવો પવિત્ર કુરાનની ૨૮ : ૧૫મી આયતમાંથી મળી રહે છે. તેમાં કહેવામાં આવ્યું છે, કે "તે એવા સમયે શહેરમાં દાખલ થયા કે જયારે શહેરના લોકો ગાફેલ હતા;" એટલે કે લોકો નિદ્રામાં અથવા ઘરોમાં આરામમાં હતા. આ આયતના "શહેરમાં દાખલ થયા" એ શબ્દો પરથી સ્પષ્ટ થાય છે કે શાહીમહેલ શહેર બહાર હોવો જોઈએ. એ જ આયતના "એવા સમયે દાખલ થયા" એ શબ્દો પરથી ફલિત થાય છે કે તેઓ શાહીમહેલમાંથી અવારનવાર નગરચર્યા માટે શહેરમાં આવતા જતા હતા. "એવા સમયે દાખલ થયા કે જયારે શહેરના લોકો ગાફેલ હતા." એ શબ્દો પરથી એવું કહી શકાય કે તેઓ બપોરના સમયે બધું કામકાજ બંધ કરવામાં આવે છે અને લોકો આરામ કરતા હોય છે ત્યારે શહેરમાં આવ્યા હશે. મિસરમાં આજે બપોરે પણ બધું કામકાજ બંધ કરવામાં આવે છે. આ ઉપરાંત આ શબ્દો પરથી એવું પણ અનુમાન તારવી શકાય કે, તેઓ થોડી રાત ગયા પછી લોકો ઘરોમાં શરૂઆતની નિદ્રામાં હશે ત્યારે આવ્યા હશે. ગમે તે સમયે આવ્યા હશે. પરંતુ એ તો સ્પષ્ટ છે કે તેઓ શહેરમાં આવ્યા હશે ત્યારે રસ્તાઓ કે ચૌટાંઓ સૂમસામ હતાં.

બધે સૂનકાર વ્યાપ્યો હતો છતાં તેમણે "બે માણસોને એકબીજા સાથે લડતા ઝઘડતા જોયા; જેમાંનો એક પોતાની જ જાતિનો હતો અને બીજો તેમની દુશ્મન જાતિનો હતો." ૨૮ : ૧૫ આ આયત કહી રહી છે કે, એક ઇસરાઈલ-કોમનો અને બીજો ફિરઓનની કોમનો હતો : ટૂંકમાં એક સિબ્તી હતો જયારે બીજો કિબ્તી હતો. કહેવામાં આવે છે કે કિબ્તી ફિરઓનના રસોડાનો દારોગો અર્થાત્ રસોડાનો વડો હતો. પેલો સિબ્તી

જંગલમાંથી લાકડાં કાપી લાવી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ફિરઓનના રસોડામાં દરરોજ દસ હજાર ગરીબોને ભોજન આપવામાં આવતું હતું.[1] આ કારણે આ દારોગાને રસોડા માટે લાકડાની વ્યવસ્થા કરવી પડતી હતી. તેમાં પેલો સિબ્તી ઘણીવાર પકડાઈ જતો હતો. લાકડાં તેની પાસેથી વેઠ પેટે લઈ લેવામાં આવતાં હતાં, એટલે લાકડાંના પૈસા તેને મળતા ન હતા. આ સમયે પણ લાકડાં લાવી આપવા અને તેને શાહીમહેલમાં લઈ જવા દબાણ કરતો હતો. સિબ્તી આવી કનડગતથી કંટાળી ગયો હતો. તેથી તથા બહુ મોડું પણ થયું હતું તેથી, લાકડાં શહેરમાં લઈ જવા ના પાડતો હતો. આથી દારોગો તેને પકડીને મારઝૂડ કરતો હતો. આ વેળા મૂસા (અલૈ.) ત્યાં આવી ચડયા. તેમને જોઈ પેલો સિબ્તી પોતાને મદદ કરવા કહેવા લાગ્યો. આ પ્રસંગ અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "પછી જે પોતાની જાતિનો માણસ હતો તે દુશ્મન જાતિના માણસ વિરુદ્ધ મૂસાને ફરિયાદ કરતાં કહેવા લાગ્યો. ૨૮ : ૧૫ તે મૂસા (અલૈ.)ને કહેવા લાગ્યો : "મને બચાવો." પોતાની કોમના માણસ ઉપર થતો ત્રાસ જોઈ મૂસા (અલૈ.) બંનેની પાસે આવ્યા અને પેલા કિબ્તીને કહેવા લાગ્યા : "આ ભાઈને છોડી દે. શા માટે આવા આરામના સમયે એની પાસેથી વેઠ લે છે? અને શા માટે એને મારઝૂડ કરે છે?" કિબ્તીએ તેમનું કહ્યું માન્યું નહીં, એટલે તેને છૂટો પાડવા માટે તેને ખેંચ્યો પણ તે છૂટો પડયો નહીં અને સિબ્તીને પકડી રાખીને મારઝૂડ ચાલુ રાખી. છૂટો પડતો જ ન હતો એટલે તેમણે કિબ્તીની છાતીમાં એક ઠોંસો મારી દીધો. આથી શું બન્યું તે અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "પછી મૂસાએ તેને ઠોંસો માર્યો અને અને તેથી તે મરી ગયો." ૨૮ : ૧૫

આથી એવું અનુમાન સહેજે બાંધી શકાય કે, ઠોંસો લાગતાંની સાથે પેલો કિબ્તી ભોંય પર પછડાઈ પડયો હશે. અને તેનું માથું સખત રીતે છૂંદાયું હશે. અને સાથે સાથે ઠોંસો છાતીમાં લાગ્યો હતો એટલે એકીસાથે માથાની અને છાતીની બે ઈજાઓ થઈ. તેની છાતી નબળી હશે અને તેમાં ભોંય પર ચત્તાપાટ પડતાં માથું છૂંદાયું હશે એટલે ત્યાં જ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. એ તો દરેકને ગળે ઊતરે એવી બાબત છે કે મૂસા (અલૈ.)નો ઇરાદો કિબ્તીને જાનથી મારી નાંખવાનો ન

---

૧. જલ્વાએ તૂર–લેખક : મૌલાના મોલવી હાફિઝ મોહંમ્મદ ઇસ્હાક. પૃ ૯૯.

હતો. જો તેમનો ઇરાદો હોત તો, ઠોંસો મારવાના બદલે માથામાં ડાંગ કે ડંડો માર્યો હોત ! અથવા પેટમાં છરો ભોંકી દીધો હોત ! તેમનો ઇરાદો તો સિબ્તીને કિબ્તીના પંજામાંથી છોડાવવાનો હતો; એટલે તેમને ખ્યાલ પણ આવ્યો નહીં હોય કે એક જ ઠોંસો મારતાંની સાથે કોઈ પણ હૃષ્ટપુષ્ટ માણસ મરી જાય: અને આવો ખ્યાલ કોઈ પણ માણસને આવે નહીં એ સ્વાભાવિક છે. આથી મૂસા (અલૈ.) સમજી ગયા કે, આજે શયતાન મારી સાથે ખેલ ખેલી ગયો છે. ખૂનનો બદલો ખૂનથી ચૂકવવાનો કાયદો મિસરમાં હતો તેથી ખૂનનો આરોપ મારા પર મૂકવામાં આવે અને મને મારી નાંખવામાં આવે, પરિણામ શહેરમાં સિબ્તીઓ–કિબ્તીઓ વચ્ચે કોમી હુલ્લડ ફાટી નીકળે, એ દાવ શયતાન મારી સાથે રમી ગયો છે. તેમને આ ખ્યાલ આવ્યો તેનો પુરાવો પવિત્ર કુરાનની ૨૮:૧૫–૧૬ની આયતો-માંથી મળી રહે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "પછી મૂસાએ કહ્યું : આ શયતાનનું કારસ્તાન છે. ખરેખર તે અવળે માર્ગે લઈ જનાર ઉઘાડો દુશ્મન છે. પછી તેમણે કહ્યું: "હે મારા પરવરદિગાર ! ખરેખર મારાથી કસૂર થઈ ગઈ છે, માટે તું મને ક્ષમા આપ." અલ્લાહે તેમને ક્ષમા આપી, ખરેખર તે ક્ષમા આપનારો મહા દયાળુ અને પરમ કૃપાળુ છે." ૨૮:૧૬

તૌરાતમાં આ પ્રસંગને વર્ણવતાં મૂસા (અલૈ.)ને ગુનેગાર ઠેરવવામાં આવેલા છે. તેમાં આ પ્રસંગ અંગે કહેવામાં આવ્યું છે કે, "અને તે દિવસોમાં એમ થયું કે મૂસા મોટા થયા ત્યારે તે બહાર નીકળીને પોતાના ભાઈઓ પાસે ગયા, ને તેમના ઉપર ગુજરતો જુલમ તેમણે જોયો; અને એક મિસરીને પોતાના એક હેબ્રી ભાઈને મારતાં જોયો, અને તેમણે આમ-તેમ જોઈને કોઈને ન દીઠો, એટલે મિસરીને મારી નાંખીને રેતીમાં સંતાડી દીધો." નિ. પ્ર. ૨:૧૧–૧૨ તલમૂદમાં પણ આ પ્રસંગને આ પ્રમાણે જ વર્ણવવામાં આવ્યો છે. આ પ્રસંગના વર્ણનથી સમજી શકાશે કે ઇસરાઈલ લોકો જ પોતાના મહાપુરુષોની કારકિર્દીને ઝાંખી પાડતા અચકાતા નથી, પવિત્ર કુરાન સત્યતાપૂર્વક વાત રજૂ કરીને મૂસા (અલૈ.)ની નિર્દોષતા સાબિત કરે છે. યુવાવસ્થાએ પહોંચેલા એક ડાહ્યા સમજદાર માણસ, જેમને આગળ જતાં સૌથી ઉચ્ચ પદ પયગંબરનું મળવાનું છે, તેમનો આવો આંધળો કોમવાદ હોઈ શકે નહીં; અને તેમને એવો ગુસ્સો પણ આવે નહીં કે પોતાની જાતિના માણસને થતી મારઝૂડ માટે બીજા માણસને મારી નાંખે ! પયગંબરો જન્મથી જ માસૂમ એટલે કે નિર્દોષ અથવા નિષ્પાપી હોય છે, એટલે જાણી જોઈને એમના જેવા મહાન ને માતબર પયગંબર

ગુનો કરે જ નહીં; એ મૂળભૂત વાત ભૂલીને તૌરાત તેમને દોષિત ઠેરવે એ કેટલું અજુગતું છે તેનો ખ્યાલ વાચક જ બાંધી લે. વળી આથી ઈશ્વરદત્ત પુસ્તક તૌરાતમાં કરેલા ફેરફારનો ખ્યાલ પણ વાંચકને આવ્યા વિના રહેતો નથી.

કિબ્તી માર્યો ગયો તેની જાણ ફિરઔનને પડી ગઈ, પરંતુ તેને કોણે મારી નાંખ્યો હતો તેની મૂસા (અલૈ.) અને પેલા સિબ્તી સિવાય કોઈને ખબર ન હતી. એ વાત અજબ રીતે છતી થઈ ગઈ. પોતાના હાથે ખૂન થયું છે તેથી પોતાનું શું થશે તેની બીકમાં અને તેના ગભરાટમાં તેમણે આખી રાત બેચેનીમાં વિતાવી. "પછી તેણે, (મૂસાએ) તે રાત્રિ તે શહેરમાં ભયભીત પરિસ્થિતિમાં વિતાવી ને સવાર થઈ ત્યારે અચાનક જે માણસે આગલે દિવસે તેમની મદદ માંગી હતી તે માણસ તેમને મદદ માટે પોકારી રહ્યો હતો. આથી મૂસાએ તેને કહ્યું : "ખરેખર તું છકી ગયેલો લાગે છે." ૨૮ : ૧૭ તું ઝઘડાળુ માણસ લાગે છે. કોઈ ને કોઈ સાથે બીડતો જ રહે છે. ગઈ કાલે એક માણસ સાથે તેં ટંટો કર્યો હતો. આજે આ માણસ સાથે ટંટો કરી બેઠો છે. આ વેળાનો ઝઘડો પણ એક સિબ્તી અને એક કિબ્તી વચ્ચેનો હતો : પરંતુ તૌરાતમાં આ ઝઘડો બે ઈસરાઈલીઓ અર્થાત્ બે સિબ્તીઓ વચ્ચેનો કહેલો છે. તેમાં આવે છે કે, "અને બીજે દિવસે તે બહાર ફરવા નીકળ્યો, ને જુઓ, બે હેબ્રીઓ એકબીજા સાથે વઢતા હતા." નિ. પ્ર. ૨ : ૧૩ કિબ્તી જુલમ કરતો હતો, તેથી તેને દૂર કરવા મૂસા (અલૈ.)એ દૂર હઠી જવા પડકાર ફેંક્યો, પણ પેલો કિબ્તી હઠયો નહીં. એટલે મૂસા (અલૈ.)એ તેને હઠાવવા હાથ ઉગામ્યો. આ જોઈ પેલો સિબ્તી ડરી ગયો અને એવું સમજી બેઠો કે મને મારવા જ ઉગામ્યો છે. તેથી તે બોલી ઊઠયો : "હે મૂસા ! તેં ગઈ કાલે એક જણનું ખૂન કર્યું હતું તેમ શું તું આજે મારું ખૂન કરવા માંગે છે ? આ દેશમાં જાલિમ વધુ જાલિમ બની રહે એવું તું ઇચ્છે છે ? શું તું સુલેહ–શાંતિ જાળવનાર બનવા માંગતો નથી ?" ૨૮ : ૧૯ આમ જેને ગઈ કાલે મદદ કરી હતી અને જેને આજે પણ મદદ કરવા માંગતા હતા તેણે જ રસોડાના દારોગા ફાતૂનને[૨] કોણે મારી નાંખ્યો હતો તે વાત ઉઘાડી પાડી દીધી. પેલો કિબ્તી ત્યાંથી સીધો ફિરઔન પાસે આવ્યો અને વડા રસોઈઆ ફાતૂનનું ખૂન મૂસા (અલૈ.)એ કર્યું છે તેની જાણ કરી દીધી. ફિરઔન પહેલેથી મૂસા (અલૈ.)ને મનોમન ધિક્કારતો તો

૨. આ દારોગાનું નામ છે. જુઓ તફસીરે કાદરી–Vol. II. પૃ. ૧૮૪.

હતો જ. તેઓ ખૂની છે એવું જાણતાં ફિરઓનના ગુસ્સાનો પાર ન રહ્યો અને ખૂન કરવા બદલ મૂસા (અલૈ.)ને શું કરવું તે માટે તાબડતોબ દરબાર ભર્યો. હામાન વજીરે સલાહ આપી કે, "મને તો પહેલેથી જ શક પડયા કરતો હતો કે, આ છોકરો તે જ હોવો જોઈએ જે આપણા દેશને બરબાદ કરવાનો છે. એ ખૂની છે એટલે આપણા દેશના કાયદા અનુસાર તેને કતલ કરવો જોઈએ. આપણને એક સરસ તક મળી ગઈ છે, જેને ગુમાવવી ન જોઈએ. આ તક ફરીથી મળવાની નથી, માટે ખૂની મૂસાને મોતની સજા કરવી જોઈએ અને તે માટે આપણને કોઈ દોષ દેશે નહીં. ફિરઓન હતો તો જુલ્મગાર પરંતુ તે ન્યાયપ્રિય પણ હતો. તેણે હામાનની વાતને ટેકો આપ્યો. સઘળા દરબારીઓને આ વાત ગળે ઊતરી ગઈ અને મૂસા (અલૈ.)ને ફાંસી દેવાનું નક્કી કર્યું.

દરબારમાં આ પ્રશ્ન ચર્ચાતો હતો ત્યારે બીકના માર્યા મૂસા (અલૈ.) પોતાની માતા યોખેબેદ પાસે ચાલ્યા ગયા હતા અને તેમને સઘળી હકીકત કહી રહ્યા હતા. તેમને મોતની સજા ફરમાવવી જોઈએ એવી ચર્ચા ચાલતી હતી ત્યારે "ખરજીલ"[૩] નામનો એક કિબ્તી દરબારી, જે મૂસા (અલૈ.)નો મિત્ર અને હિતેચ્છુ હતો તે શહેરની ગલી–કૂંચીઓમાં થઈને ન આવતાં, "શહેરના છેવટના ભાગમાંથી દોડતાં દોડતાં આવ્યો અને કહેવા લાગ્યો હે મૂસા! ખરેખર દરબારીઓ તને મારી નાંખવાની મસલત કરી રહ્યા છે, માટે તું અબઘડી જ અહીંથી ચાલ્યો જા. હું તારા શુભેચ્છકો માંહેનો છું." ૨૮ : ૨૦

મૂસા (અલૈ.)ને પોતાના મિત્ર ખરજીલની આ સલાહ ગળે ઊતરી ગઈ. પોતે સમજી ગયા કે, જો હું ઘડીભરનો વિલંબ કરીશ તો, સિપાહીઓ મને શોધી કાઢશે અને ફિરઓન સમક્ષ મને હાજર કરી દેશે. હું તેના જ મહેલમાં પુત્રની જેમ ઊછર્યો છું છતાં તે ખૂનનો બદલો લીધા વિના રહેવાનો નથી. આ સંજોગો જોઈ તેઓ પોતાનાં હિતેચ્છુ આસિયાને મળ્યા વિના અને માતાને ઉતાવળમાં મળીને શહેર બહાર નીકળી ગયા.

પોતે એકલાએ કદી મુસાફરી કરી ન હતી, તેથી મૂઝવણમાં તો હતા જ. કયાં જવું, કેવી રીતે જવું, તેની મૂઝવણમાં પડી ગયા. પંડે ફિરઓનના એક દરબારી હતા. શાહજાદા તરીકે રાજ્યના કામકાજના પરિચયમાં આવ્યા કરતા હતા, એટલે મિસરના પાડોશી દેશો, તેના સીમાડા અને થાણુંઓનો સારો એવો ખ્યાલ હતો, તેઓ જાણતા હતા કે, મિસરથી

૩. તફસીરે કાદરી–Vol. II. પૃ. ૧૮૪.

નાસી જવા માટે સિરિયા – પેલેસ્ટાઈન, ઇથોપિયા અને અરબસ્તાનના ઉત્તરનો પ્રદેશ જે મધ્યન નામે ઓળખાતો હતો તે, એમ ત્રણ દેશો જ હતા. તે સમયે મિસરથી લઈ ઇથોપિયાની તળભૂમિ સુધી સોના, ચાંદી અને તાંબાથી ખાંણો હતી.[૪] આ ખાણો મિસરની માલિકીની હતી એટલે તે ખાણોમાં હજારો મિસરીઓ કામ કરતા હતા. વળી ખાણોની જાળવણી માટે ઠેરઠેર મિસરમાં થાણાં હતાં એટણે ઇથોપિયા નાસી જવામાં પકડાઈ જવાનો પૂરતો સંભવ હતો. સિરિયા – પેલેસ્ટાઈનના પ્રદેશો સૌથી પાસે હતા, પરંતુ અહીંજ ધોરી માર્ગ હતો અને તેથી સીમાડાઓ પર ઘણાં મિસરનાં થાણાં વટાવવાં પડે તેમ હતું એટલે આ માર્ગે જવાનું અત્યંત જોખમકારક હતું. મધ્યનનો પ્રદેશ દૂર હતો, તેની સાથે મિસરનો નજીવો વેપાર ચાલતો હતો એટલે પ્રમાણમાં તેના રસ્તા ચોકીઓ વિનાના હતા. આથી મધ્યન જવાનું તેમણે નક્કી કર્યું.

નકશો જોતાં જણાશે કે, મધ્યન શહેર સિનાયના દ્વિપકલ્પની પૂર્વ–દક્ષિણમાં આવેલા અકબાના અખાતના પૂર્વકિનારે આવેલું છે. મિસરથી ત્યાં સીધા રસ્તે જવું હોય તો સુએજનો અખાત અને અકબાનો અખાત, એમ બે અખાતો ઓળંગવા પડે. તેઓ કોઈ પણ જાતની તૈયારી વિના ભાગેડુ (fugitive) જેવા નાસી જતા હતા. તેથી આ સીધા અખાતો ઓળંગવાના રસ્તે જવું તેમના માટે શકય ન હતું. આ સંજોગોમાં મધ્યન જવા માટે ગોશેન પ્રાંતથી સંયોગીભૂમિ સુધી પ્રથમ આવવાનું હતું અને આ રસ્તો ખૂબ જ અવરજવરવાળો હતો. તેથી મિસરથી સુએજની સંયોગી ભૂમિ સુધીનો એટલે કે અત્રે સુએજની નહેર છે ત્યાં સુધીનો કોઈક સૂનો રસ્તો તેમણે પકડયો હશે. પછી ત્યાંથી સિનાયનો દ્વિપકલ્પ અને સિનાયનું રણ પસાર કરવાનાં હતાં, એટલે કે સિનાયનાં દ્વીપકલ્પમાં તેમને પૂર્વ–દક્ષિણનો રસ્તો કાપીને મધ્યન પહોંચવાનું હતું.

શહેરમાંથી બહાર નીકળતી વેળાનું વર્ણન પવિત્ર કુરાનમાં આ પ્રમાણે આવે છે. "પછી તે ત્યાંથી (શહેરમાંથી) ડરતો ડરતો બહાર નીકળ્યો અને વાટ જોવા લાગ્યો." ૨૮ : ૨૧ મધ્યનનો કયો રસ્તો, તેની પૂછપરછ કરવા માટે કોઈક વટેમાર્ગુની વાટ જોતા ઊભા રહ્યા. આ સમયે તેઓ ખુદા પાસે એવી "દુઆ માંગવા લાગ્યા કે હે મારા પરવરદિગાર ! મને આ જુલમગાર કોમથી બચાવી લે." ૨૮ : ૨૧ કહેવામાં આવે છે કે

૪. જલ્વાએ તૂર – મો. મોહમ્મદ ઇસ્હાક. પૃ. ૯૮.

જિબ્રીલે માનવસ્વરૂપમાં આવીને તેમને મધ્યનનો રસ્તો બતાવ્યો.[૫] આથી તેઓ મધ્યનના રસ્તે પડી ગયા, પરંતુ રસ્તાથી અજાણ હોવાથી અલ્લાહ તઆલા પાસેથી આખી વાટ દુઆ માંગતા જતા હતા કે, "હે મારા પરવરદિગાર ! મને સીધો માર્ગ બતાવ." પવિત્ર કુરાનમાં આ અંગે કહેવામાં આવ્યું છે કે, "અને જ્યારે તે મધ્યન તરફ મોં રાખી ચાલવા લાગ્યો ત્યારે કહેવા લાગ્યો, "મને આશા છે કે મારો પરવરદિગાર મને સીધા માર્ગે (શાંતિના સ્થળે) લઈ જશે." ૨૮ : ૨૨ શહેર બહાર નીકળ્યા પછી શહેરથી થોડુંક ચાલ્યા હશે ત્યારે તેઓ એવી જગાએ આવી પડયા કે જ્યાંથી ત્રણ રસ્તાઓ પડતા હતા.[૬] અહીં પછી ઉપરોક્ત દુઆ માંગી ત્યારે ફરીથી જિબ્રીલે વચલો રસ્તો બતાવ્યો જે સીધો મધ્યન જતો હતો.

કોઈ પણ પ્રકારની પૂર્વતૈયારી વિના ઓચિંતા નીકળી પડયા હતા. એક ટંક ચાલે તેટલી ભોજનસામગ્રી પણ સાથે લેવાનો સમય ન હતો. પાણી પીવા માટે પ્યાલો સરખો લેવા રહ્યા ન હતા, તો પછી મશક તો લે જ કયાંથી ? મધ્યનનો રસ્તો પૂરા ૮ દિવસનો હતો. રસ્તામાં પાણી ખોબે ભરીને પીવું પડતું હતું. રસ્તે ફળાઉ ઝાડો પણ ન હતાં કે જેથી ફળો ખાઈ પેટ ભરે અને સાથે થોડાંક લઈ લે. ખાસ કરીને સુએજની સંયોગી-ભૂમિ પછી સિનાયના અરણ્યમાં કકડીને ભૂખ લાગતી ત્યારે કોઈ જાતનું ઘાસ ખાઈ લેતા હતા. અત્યાર સુધી રાજમહેલમાં ઊછર્યા હતા. ભૂખ-તરસ શું તેનો અનુભવ ન હતો; હવે પ્રત્યક્ષ અનુભવ કરવો પડયો. પગપાળા ચાલવાથી પગે છાલાં પડી ગયાં હતાં. સામાન્ય માણસ કરતાં તેમને આ મુસાફરી કપરી લાગી હશે, પરંતુ ધીરજ ધરી અલ્લાહ પર ભરોસો રાખી ચાલ્યા જ કર્યું. છેવટે આઠમા દિવસે મધ્યનની ભાગોળે આવેલા એક કૂવા પાસે આવી બેઠા અને ત્યાં એક ઝાડના છાંયડામાં વિસામો લેવા બેઠા.

---

૫. ગુજ. કુરાન–રાંદેર. Vol. II. પૃ. ૯૦૩.

૬. કુરાન મજીદ–ગુજ. તરજુમો. ઇસ્ફહાની. Vol. II. પૃ. ૭૪૪. નોંધ–૨.

## પ્રકરણ ૮ મું

### મૂસા અલૈ. મધ્યનમાં

રાતા સમુદ્રનો પૂર્વનો ફાંટો અકબાના અખાત તરીકે ઓળખાય છે. આ અખાતના કિનારાથી પૂર્વમાં મધ્યનનો પ્રદેશ આવેલો છે. આ પ્રદેશ પર ફિરઔનની સત્તા ન હતી. ત્યાં ઈબ્રાહીમ (અલૈ.)ના પુત્ર મધ્યનના વંશજો રહેતા હતા. મૂસા (અલૈ.) "જ્યારે મધ્યનના પાણી (કૂવા) પર આવી પહોંચ્યા ત્યારે ત્યાં (ગોવાળ) લોકોના એક ટોળાને પાણી ખેંચીને (પોતાનાં જાનવરોને) પીવડાવતું જોયું, અને તેમનાથી થોડેક દૂર બે સ્ત્રીઓ પોતાનાં જાનવરોને રોકીને ઊભેલી જોઈ. મૂસાએ પૂછ્યું : "તમારી શું પરિસ્થિતિ છે ?" તેમણે કહ્યું : "જ્યાં સુધી આ ગોવાળો અહીંથી હઠશે નહીં ત્યાં સુધી અમે (અમારાં જાનવરોને) પાણી પાઈ શકતાં નથી અને અમારા પિતા ઘણા જ વૃદ્ધ છે." ૨૮ : ૨૩

મૂસા (અલૈ.) મધ્યન શહેરની સીમમાં કે ભાગોળમાં આવેલ કૂવા પર આવી ચડયા. તેમની મુસાફરી અનિશ્ચિત હતી : ક્યાં જવું તે નિશ્ચિત ન હતું. પોતાને દેહાંત-દંડની સજા થઈ હતી અને ફિરઔનના સિપાહીઓ પાછળ પડેલા હતા. લાંબી મુસાફરીથી કંટાળી ગયા હતા અને થાકી પણ ગયા હતા. આ સંજોગોમાં તેઓ બહુ જ ચિંતાગ્રસ્ત હતા. તરસ પણ ખૂબ લાગી હતી એટલે દૂરથી કૂવો જોઈને ત્યાં આવ્યા હશે. ત્યાં તેમણે ગોવાળોને ઘેટાં-બકરાંને પાણી પાતા જોયા. પોતે અજાણ્યા હતા પરંતુ વિવેકી હતા તેથી તરસ લાગી હોવા છતાં તેને છિપાવવા ગોવાળોની વચમાં જઈ કોઈકને બાજુ પર હડસેલી મૂકીને પાણી પીવાનું યોગ્ય લાગ્યું નહીં હોય, તેથી આ કૂવા પાસેના એક ઝાડના છાંયડા તળે વિસામો લેવા બેઠા. તે વેળા તેમણે ગોવાળોની પાછળ બે તરુણીઓને પોતાનાં ઘેટાં-બકરાં લઈને એક બાજુએ ઊભેલી જોઈ. આ તરુણીઓની દયામય હાલત જોઈ તેમણે તેમને પૂછ્યું કે તમે એક બાજુ પર કેમ ઊભા રહ્યાં છો ? કોની વાટ જુઓ છો ? તેમણે જવાબ આપ્યો કે આ ગોવાળો પોતપોતાનાં ઘેટાં-બકરાંને પાણી પીવડાવી લઈ ન જાય ત્યાં સુધી અમે અમારાં ઘેટાં-બકરાંને પાણી પીવડાવી શકતી નથી : "અમારે દરરોજ આ ગોવાળોનાં ઘેટાં-બકરાંને

પીતાં વધેલું પાણી અમારા ઘેટાં-બકરાંને પાવું પડે છે. અમે સ્ત્રીઓ હોઈ પાણીનો ભારે કોસ અમારાથી ખેંચી શકાતો નથી. અમારા ઘરમાં અમારા સિવાય બીજું કોઈ નથી અને અમારા પિતા ઘણા જ વૃદ્ધ છે. એટલે અમારા ઘેટાં-બકરાં ચારવાનું કામ પણ અમારે જ કરવું પડે છે." આમ તેમણે તેમની પરિસ્થિતિનું આખું ચિત્ર "અમારા પિતા ઘણા જ વૃદ્ધ છે,"[1] એ શબ્દોમાં ખડું કરી દીધું.

તરુણીઓની આ વાત સાંભળી મૂસા (અલૈ.)ની સ્ત્રી-દાક્ષિણ્ય-(chivalry)ની ભાવના જાગૃત થઈ આવી અને તેમની દયાવૃત્તિએ પણ ઉછાળો માર્યો. તરત જ તેઓ પેલા ગોવાળો પાસે આવ્યા અને તેમને કહેવા લાગ્યા: "તમે શા માટે આ તરુણીઓનાં જાનવરોને પહેલું પાણી પાઈ દેતા નથી? અને શા માટે તેમને છેવટ સુધી રોકી રાખો છો?" ગોવાળો ગાંજ્યા જાય તેવા ન હતા. ઝટ જવાબ આપ્યો: "તમે આવી સેવાની લગન ધરાવતા હો તો તમે જ તેમનાં જાનવરોને પાણી પાઈ દોને!" આમ કહી તેમણે ભેગા મળીને કૂવાનું મોં પથ્થર ખસેડીને ઢાંકી દીધું. આ જોઈ મૂસા (અલૈ.) કૂવા પાસે આવ્યા. ગોવાળોના કૃત્યથી તેઓ સહેજ ક્રોધાયમાન થયા હતા. તેમનાં ચઢેલાં ભવાં જોઈ ગોવાળો હટી ગયા અને એક જગાએ ઊભા રહી તેઓ શું કરે છે તે જોવા લાગ્યા. ગોવાળોએ મૂકેલો પથ્થર ૪૦ માણસોથી પણ હટી શકે તેવો ન હતો, તેને મૂસા (અલૈ.)એ એકલા હાથે ખસેડી મૂક્યો. ત્યાં પડેલા દસ માણસો ખેંચી શકે તેવો કોસ તેમણે એકલા હાથે ખેંચી પેલી તરુણીઓનાં ઘેટાં-બકરાંને પાણી પાયું. પછી ભોજન અંગે શું કરવું તેની ચિંતામાં પેલા ઝાડના છાંયડાં તળે વિસામો લેવા બેઠા. આ અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "પછી મૂસાએ તેમની ખાતર (તેમનાં જાનવરોને) પાણી પાયું અને પછી છાંયડામાં આવ્યો ગયો અને ત્યાં દુઆ માંગવા લાગ્યો કે, હે મારા પરવરદિગાર! આજે જે પણ ન્યામત મારા માટે મોકલે તેનો હું ગરજવાન છું." ૨૮ : ૪. ઘેટાં-બકરાંને પાણી પીવડાવ્યા પછી બંને તરુણીઓ ઘેર ચાલી ગઈ.

આ બંને તરુણીઓ વૃદ્ધ શેખની દીકરીઓ હતી. મોટીનું નામ સફૂરા અને નાનીનું નામ સફીરા હતું.[2] બંને બહેનો દરરોજ કરતાં વહેલી ઘેર

---

૧. وأبونا شيخ كبير

૨. તફસીરે કાદરી Vol. II. પૃ. ૧૮૫. OR કુરાન મજીદ-ગુજરાતી પ્રો. ઇસ્ફહાની Vol. II. પૃ. ૭૪૪ નોંધ ૩.

આવી હતી. તેથી તેમના પિતાએ વહેલા ઘેર આવવાનું કારણ પૂછ્યું. સફૂરાએ કૂવા પર બનેલી સઘળી વાત પિતાને કહી સંભળાવી. મૂસા (અલૈ.)ની શક્તિ અને રીતભાતનાં ભારોભાર વખાણ કર્યાં એટલે તરત જ તેમને તેડી લાવવા સફૂરાને મોકલ્યાં. મૂસા (અલૈ.) તો છાંયડામાં બેઠેલા હતા. તેમણે એક તરુણીને તેમની પાસે શરમાતી શરમાતી આવતાં જોઈ. પાસે આવીને તેણી કહેવા લાગી: "મારા પિતાશ્રી આપને સલામ કહેવડાવે છે અને આપને અમારા ઘેર બોલાવે છે." આ વાતનું વર્ણન પવિત્ર કુરાનમાં આ પ્રમાણે આવે છે: "પછી તે બંને સ્ત્રીઓ પૈકી એક શરમાતી શરમાતી તેની પાસે આવી અને કહેવા લાગી કે અમારા માટે (અમારાં જાનવરોને)પાણી પાયું તેનો બદલો આપવા માટે મારા પિતાશ્રી તમને બોલાવે છે." ૨૮:૨૫.

મૂસા (અલૈ.)ને સહાયતાની જરૂર તો હતી જ એટલે તરત જ તેણીની પાછળ થઈ ગયા. સફૂરા તેમની આગળ આગળ ચાલતાં હતાં તેથી તેમના શરીરનો કોઈ અવયવ દેખાઈ જતો હતો. આથી મૂસા (અલૈ.) સંકોચ અનુભવતા હતા એટલે તેઓ આગળ થઈ ગયા અને બંને ઘેર આવ્યાં. વૃદ્ધ શેખ તેમને જોઈ ઊભા થઈ ગયા અને હસ્તધૂનન કરી તેમને બેસાડયા અને કહેવા લાગ્યા: "તમે મારાં જાનવરોને પાણી પાયું અને મારી પુત્રીઓને વહેલી ફારેગ કરી દીધી તે માટે હું તમારો ઋણી છું સંકોચ વિના કહો કે તમે કોણ છો? કયાંથી આવો છો? શા કારણે આવવું પડયું?" મૂસા (અલૈ.)એ પોતાનો અહેવાલ સવિસ્તર કહી સંભળાવ્યો. ઘરનાં બધાં આ અહેવાલ એકચિત્તે સાંભળતાં હતાં. અહેવાલ સાંભળતાં જતાં હતાં અને વિસ્મય પામતાં જતાં હતાં. તેમના માટે માન ઊપજતું હતું અને તેમના પ્રત્યે દયાભાવની લાગણી પેદા થતી હતી. વૃદ્ધ શેખે તેમને આશ્વાસન આપતાં કહ્યું, "હવે લગીરે બીક રાખીશ નહીં. તું જુલમગાર લોકોના હાથમાંથી છુટકારો મેળવી ચૂકયો છે." ૨૮:૨૫.

અહેવાલ પૂરો થયા પછી તેમની આગળ જમણ મૂકવામાં આવ્યું ત્યારે તે કહેવા લાગ્યા: "મેં તમારાં ઘેટાં-બકરાંને પાણી પાયું તે સેવાના બદલામાં હું ખાવાપીવા માંગતો નથી. મેં તો આ સેવા, અલ્લાહના ખાતર દયાભાવ આવવાથી કરી છે." આ સાંભળી વૃદ્ધ શેખ બોલી ઊઠયા, "તમારા અહેસાનના અવેજમાં આ જમણ હું આપતો નથી. તમે મારા મહેમાન છો. મારા ઘરનો એવો શિરસ્તો છે કે, અજાણ્યો મારે ત્યાં આવી ચડે તેને અમે ઘરમાં જે કંઈ જમણ તૈયાર હોય તે વડે જમાડીએ છીએ. હું પણ અલ્લાહ ખાતર જમાડું છું." આગ્રહ જોઈ મૂસા (અલૈ.) જમવા મંડયા.

જમતા હશે ત્યારે અથવા જમ્યા પછી જુદા ઓરડામાં આરામ કરતા હશે ત્યારે અને થાકી જવાથી ઘસઘસાટ ઊંઘી ગયા હશે ત્યારે બંને તરુણીઓ પૈકી એકે કહ્યું : " પિતાજી ! એને નોકર રાખી લો : જેને પણ તમે નોકર તરીકે રાખવા માંગતા હો તેવાઓ પૈકી તે માણસ વધુ લાયક ગણાય, જે તાકાતવાન હોય અને પ્રમાણિક પણ." ૨૮ : ૨૬ આ સાંભળી વૃદ્ધ શેખે પૂછ્યું : " બેટા ! તમે કેવી રીતે જાણ્યું કે આપણો આ અજાણ્યો મહેમાન તાકાતવાન છે અને પ્રમાણિક પણ ? " સફૂરા કહેવા લાગી, " પિતાજી ! આપણા આ મહેમાને કૂવાના ઢાંકણાના ૪૦ માણસો હટાવી શકે તે પથ્થરને એકલા હાથે ખસેડયો હતો અને દસ માણસ ખેંચે તે કોસ વડે કૂવામાંથી પાણી ખેંચ્યું હતું. એટલે એ શક્તિશાળી છે. હું તેમને તેડવા ગઈ હતી ત્યારે સ્ત્રીમર્યાદા જાળવવા મારી પાછળ ન ચાલતાં આગળ ચાલતા હતા. આથી કહી શકાય કે તેઓ પ્રમાણિક છે." ઘરમાં કોઈક યુવાન નોકરની જરૂર તો હતી જ. પિતાને તેમના ગુણોની ખાતરી થઈ ગઈ કે તેઓ તાકાતવાન, પ્રમાણિક અને વિવેકી લાગે છે; એટલે ઘરમાં નોકર રાખી લેવા જેવો તો છે જ એમ વિચારી મહેમાનને પોતાને ત્યાં નોકર રાખી લેવા કંઈ ગોઠવણ કરવી તે વિચારવા લાગ્યા.

જો વેતનથી રાખવામાં આવે તો ગમે ત્યારે છૂટો થઈ જાય અને ચાલ્યો જાય. અમુક સમય સુધી નોકરી કરવાની શરત મૂકવામાં આવે તો લાંબી મુદતનો કરાર ન પણ કરે. ખૂબ વિચાર કરી તેમણે મનોમન નિશ્ચય કર્યો કે પુત્રીઓ ઉંમરલાયક થઈ ગઈ છે એટલે તેમને પરણાવી દેવાની જરૂર છે. આ મહેમાન એકાદ પુત્રીના વર તરીકે યોગ્ય લાગે છે. એકાદ પુત્રીને એની સાથે પરણાવું તો મહેર કે પલ્લા પેટે અમુક વરસો સુધી નોકર રહેવાની શરત મૂકી શકાય અને ઘરમાં પણ રાખી શકાય; કોઈ લાંછન લાગે નહીં કે કોઈ ખોટો આક્ષેપ મૂકી શકે નહીં. આમ પૂરો વિચાર કર્યા પછી, "તેમણે (મૂસાને) કહ્યું : 'મારી એવી ઇચ્છા છે કે મારી આ બે પુત્રીઓ પૈકી એકનાં લગ્ન તારી સાથે કરી આપું. પરંતુ એવી શરતે કે તું આઠ વરસ મારી નોકરી કરે; પણ જો તું દસ વર્ષ પૂરાં કરે તો તે તારા પર અવલંબિત છે. હું તને કોઈ મુસીબતમાં નાંખવા માંગતો નથી, ઈશ્વરેચ્છા હશે તો તું મને સદાચરણી જોઈશ." ૨૮ : ૨૭ "તમે મારી એક પુત્રી સાથે, તમને પસંદ પડે તેની સાથે લગ્ન કરી અમારી સાથે અમારા ઘરમાં રહેશો તોપણ તમારા ઉપર કામનો બોજો નાંખી તમને દુઃખી કરીશ નહીં. હું અને મારી પુત્રીઓ ભલા અને નરમ સ્વભાવનાં

છીએ એટલે અમારી સાથે રહેવાથી કંટાળો ઉપજશે નહીં. વળી અમે બધાં મળતાવડા સ્વભાવનાં છીએ એટલે તમે અમારામાં ભળી જશો અને તમે અમારા ઘરમાં સુખમય દિવસો ગુજારશો."

આ સાંભળી મૂસા (અલૈ.) કહેવા લાગ્યા: "મારી અને તમારી વચ્ચે આ શરત (કબૂલ મંજૂર) છે. બે મુદ્દતમાંથી ગમે તે એક મુદ્દત હું પૂરી કરી દઉં તો ત્યાર પછી મારી પાસે તેથી વધુ મુદ્દતની માગણી થવી ન જોઈએ. આપણી વચ્ચે જે શરત કે વાતચીત થઈ તેનો સાક્ષી અલ્લાહ છે." ૨૮:૨૮ ત્યાર પછી મોટી પુત્રી સફૂરા સાથે તેમનાં લગ્ન આઠ વરસ મહેર કે પલ્લા પેટે નોકર રહેવાની શરતે થયાં. તે સમયે મહેર કે પલ્લા પેટે જણસભાવ કે રોકડ પૈસા સિવાય મહેનત-મજૂરી કરવાનો પણ રિવાજ હતો. લગ્ન થયાં એટલે વૃદ્ધ શેખનાં ઘેટાં-બકરાં ચારવાનું અને તેમની સંભાળ રાખવાનું કામ તેમને માથે આવી પડ્યું.

તેમને આ કામ માટે એક લાઠીની જરૂર પડી. એમ કહેવામાં આવે છે કે આ વૃદ્ધ શેખ શુઐબ અલૈ. હતા. તેમની પાસે પહેલાંના પયગંબરોની ૭૦ લાઠીઓ હતી.[૩] તેમાં એક લાઠી એવી હતી જેને બે પાંખિયાં હતાં અને જેને આદમ (અલૈ.) સ્વર્ગમાંથી પોતાની સાથે લાવ્યા હતા. આ લાઠી વૃદ્ધ શેખને વારસામાં મળી હતી. સાથે એવી વસિયત પણ મળી હતી કે એ લાઠી તે પયગંબરને આપવી જે અલ્લાહ સાથે વાતો કરનાર હોય: અર્થાત્ જેનો ઇલકાબ "કલીમુલ્લાહ"નો હોય. આ સઘળી લાઠીઓ એક કોટડીમાં સંભાળીને રાખવામાં આવતી હતી, ત્યાંથી એક લાઠી લઈ આવવા મૂસા (અલૈ.)ને કહેવામાં આવ્યું. તેઓ પેલી કોટડીમાં ગયા અને પેલી બે પાંખિયાવાળી આદમ (અલૈ.) જન્નતમાંથી લાવ્યા હતા તેને, લઈ આવ્યા. વૃદ્ધ શેખે બીજી કોઈ લાઠી લઈ આવવા પાછા મોકલ્યા. ત્યાં જઈ બીજી લાઠી લેવા ગયા ત્યાં તો આ લાઠી જ તેમના હાથમાં આવી ગઈ. ફરીથી એ લાઠી મૂકી દઈ બીજી કોઈ લાઠી લઈ આવવા વૃદ્ધ શેખે ફરમાવ્યું. આ વેળા પણ પહેલાંની જેમ તે જ લાઠી હાથમાં આવતાં તેને લઈ પાછા આવ્યા. આ પ્રમાણે સાત વાર બન્યું. એ જ લાઠી હાથમાં આવી જતી હતી. છેવટે કંઈક મંત્ર પઢીને વૃદ્ધ શેખે તેને જમીન પર ફેંકી દીધી. તે જમીનમાં છએક આંગળ પેસી ગઈ. એ લાઠી ઉઠાવી લેવાનો મૂસા (અલૈ.)ને તેમણે આદેશ આપ્યો. મૂસા (અલૈ.)એ તે લાઠીને સહેલાઈથી ઉઠાવી લીધી. આથી

---

૩. જવ્વાએ નૂર – મો. મોહમ્મદ ઇસ્હાક. પૃ. પર.

વૃદ્ધ શેખને ખાતરી થઈ કે, મૂસા (અલૈ.) ભવિષ્યમાં અલ્લાહ સાથે વાતો કરનાર પયગંબર થશે, એટલે એ લાઠી એમને જ મળવી જોઈએ. એમ તેમણે નક્કી કર્યું. આમ આ અતિપુરાણી અને ચમત્કારિક લાઠી મૂસા (અલૈ.)ને મળી ગઈ.

તૌરાતમાં હિજરત અને લગ્નસંબંધી વાત આ પ્રમાણે કહેવામાં આવી છે.

" તેં જેમ પેલા મિસરીને મારી નાખ્યો, તેમ મને મારી નાખવા તું ધારે છે શું? અને મૂસાને ડર લાગ્યો, ને તેણે કહ્યું, કે નિશ્ચે તેને તે વાતની જાણ પડી છે. હવે ફારૂને એ વાત સાંભળી ત્યારે તેણે મૂસાને મારી નાખવાને શોધ્યો, પણ મૂસા ફારૂનની સંમુખથી નાસીને મિદ્યાન દેશમાં જઈ રહ્યો; અને તે એક કૂવા પાસે બેઠો."

"હવે મિદ્યાનના યાજકને[૪] સાત પુત્રીઓ હતી અને તેઓએ આવીને તેમના પિતાના ઘેટાં–બકરાંના ટોળાને પાવા સારુ પાણી કાઢીને હવાડા ભર્યા ત્યારે ભરવાડોએ આવીને તેમને કાઢી મૂકી: પણ મૂસાએ ઊઠીને તેમને સહાય કરી, ને તેમના ટોળાને પાણી પાયું. અને જ્યારે તેઓ તેમના પિતા રેઉએલની પાસે પાછી ગઈ, ત્યારે તેમણે કહ્યું, કે તમે આટલાં વહેલાં કેમ આવ્યાં? ત્યારે તેઓએ કહ્યું, કે એક મિસરીએ અમોને ભરવાડોના હાથમાંથી છોડાવી, ને વળી અમારે સારુ પાણી કાઢીને પાયું, ત્યારે તેણે તેની પુત્રીઓને કહ્યું, કે અત્યારે તે ક્યાં છે? તમે તે માણસને કેમ મૂકીને આવ્યા? તેને રોટલી ખાવા માટે તેડાવો. અને મૂસા ખુશીથી તે માણસને ત્યાં રહ્યો; અને તેણે પોતાની પુત્રી સિપ્પોરાહ મૂસાને દીધી. અને તેને પેટે પુત્રનો પ્રસવ થયો, ને તેણે તેનું નામ ગેર્શોમ પાડ્યું: કેમ કે તેણે કહ્યું કે "હું પરદેશમાં પ્રવાસી થયો છું." નિ. પ્ર. ૨ : ૧૪ થી ૨૨

પવિત્ર કુરાનમાં મૂસા (અલૈ.)ના સસરા એટલે કે મદ્યનના વૃદ્ધ શેખ સંબંધી ક્યાંયે તેમનું નામ લેવામાં આવ્યું નથી, એટલે જ એમના નામ માટે જુદા જુદા મત પ્રવર્તે છે, જે આ પ્રમાણે છે.[૫]

૧. આપ સલ્લ.ના સાથીઓનાં જીવનચરિત્રોના લેખકો તથા અરબ સાહિત્યકારો વગેરેનો એવો મત છે કે, મદ્યનના આ વૃદ્ધ શેખ શુએબ

---

૪. મિદ્યાનના યાજકનું નામ તૌરાતમાં યિથ્રો આપવામાં આવ્યું છે. જુઓ નિર્ગમન પ્રકરણ ૩ : ૧.

૫. કસસુલ–કુરાન. મો. હફીઝુર્રેહમાન. Vol. III પૃ. ૩૮૭.

(અલૈ.) જ હતા. આ મત ઘણો પ્રચલિત છે અને માન્ય થયેલો છે. પ્રખ્યાત ભાષ્યકારો ઇબ્ને જરીર તિબરી અને ઇબ્ને કસીર બંને આ મત માન્ય રાખે છે.

૨. એક જૂથનું એવું કહેવું છે કે, મધ્યનના વૃદ્ધ શેખ "યસરૂન" નામે હતા અને તે શુએબ (અલૈ.)ના ભત્રીજા થતા હતા.

૩. બીજા એક જૂથનું કહેવું છે કે, મૂસા (અલૈ.)ના સસરાનું નામ "યિથ્રી" હતું. તિબરીએ ઇબ્ને અબ્બાસ (રદી.)ને ટાંકીને કહ્યું છે કે, મૂસા (અલૈ.)ને રાખનાર મધ્યનના વૃદ્ધ શેખનું નામ "યિથ્રી" હતું. તેમણે એવું પણ કહ્યું છે કે પેલી બાઈના પિતાનું નામ "યિથ્રી" હતું. આ "યિથ્રી" શુએબ (અલૈ.)ના ભત્રીજા થતા હતા, એવું કહેવામાં આવ્યું નથી. તૌરાતમાં એને મળતું "યિથ્રો" નામ આપવામાં આવેલું છે.[૬] વળી બાઈઓના પિતાનું નામ "રેઉએલ" આપવામાં આવેલું છે.[૭] આમ તૌરાતમાં એ વૃદ્ધ–શેખનાં "રેઉએલ" અને "યિથ્રો" એવાં બે નામ આપવામાં આવેલાં છે.

૪. ઉલેમાઓના એક જૂથનું કહેવું છે કે, મધ્યનનો આ વૃદ્ધ શેખ મધ્યનના લોકોમાંનો એક નેક માણસ હતો.


૫. વળી એક જૂથનું મંતવ્ય છે કે, આ વૃદ્ધ શેખ ન તો શુએબ (અલૈ.) હોઈ શકે; ન તેમના ભત્રીજા હોઈ શકે.

પવિત્ર કુરાનના વાંચનથી એવું લાગે છે કે, મૂસા (અલૈ.)થી ઘણાં વરસો પહેલા શુએબ (અલૈ.) થઈ ગયા હતા. શુએબે (અલૈ.) પોતાની કોમના લોકોને ઉપદેશ આપતાં કહ્યું હતું કે, "લૂતની કોમનો મામલો બહુ વરસો પહેલાં બન્યો નથી." ૧૧ : ૮૯ એ તો જાણીતી બાબત છે કે, લૂતની પ્રજાનો વિનાશ ઈબ્રાહીમ (અલૈ.)ના સમયમાં તેમની હયાતી દરમ્યાન થયો હતો : તેમની અને મૂસા અલૈ. વચ્ચેનો સમય આશરે સાડી છસો વરસનો હતો. અહીં નીચે આપેલી વંશાવળીઓ જોતાં જણાશે કે મૂસા અલૈ.ના દાદા કહાથ શુએબ અલૈ.ના સમકાલીન હશે, એમ લાગે છે. ઇબ્રાહીમ અલૈ.નાં છેલ્લાં પત્ની કટૂરાહના વંશવેલામાં જ શુએબ અલૈ. થયા છે એટલે કહાથ કરતાં શુએબ અલૈ. વયમાં ઘણા નાના હશે એમ માનવાને કારણ મળે છે. આ ઉપરાંત કેટલાક ઉલેમાઓ અને પવિત્ર કુરાનના

૬. તૌરાત–નિર્ગમન, પ્રકરણ ૩ : ૧.
૭. તૌરાત–નિર્ગમન પ્રકરણ ૨ : ૧૮.

ભાષ્યકારો શુએબ અલૈ.ની ઉંમરને તે સમયની સરેરાશ ઉંમર કરતાં વધારે મૂકે છે. એટલે પણ મૂસા અલૈ.ના શુએબ અલૈ. કેટલાંક વરસો સમકાલીન રહ્યા હશે, પરંતુ વયમાં ઘણા જ વૃદ્ધ હશે, એમ લાગે છે. આ બધું જોતાં શુએબ અલૈ.ની પુત્રી સફૂરા સાથે મૂસા અલૈ. લગ્નગ્રંથિથી જોડાયા હતા એમાં પૂરું તથ્ય જણાય છે. આવાં અનુમાનો તારવ્યા છતાં મધ્યનના વૃદ્ધ શેખ શુએબ અલૈ. જ હોત તો પવિત્ર કુરાનમાં મૂસા અલૈ.ના અનેક પ્રસંગોનાં વર્ણનોમાં કોઈક જગ્યાએ તેમના નામનો ઉલ્લેખ થયો હોત; પરંતુ વૃદ્ધ શેખનું નામ કુરાનમાં મૂસા અલૈ.ના સંબંધમાં ક્યાંય નથી. પવિત્ર કુરાનમાં તો એ વ્યક્તિને "શેખુન કબીર" કહ્યું છે એટલે આપણે પણ તેમને મૂસા અલૈ.ના સંબંધમાં વૃદ્ધ શેખ ગણવા જોઈએ. આથી મેં પણ અહીં વૃદ્ધ શેખ નામ અપનાવ્યું છે.

## — વંશાવળીઓ —



# પ્રકરણ ૯ મું

## મૂસા અલૈ.ને પયગંબરી મળી

પાછલા પ્રકરણમાં આપણે જોઈ ગયા કે, આઠ વર્ષ ફરજિયાતનાં અને વધુ બે વર્ષ મરજિયાતનાં મહેર કે પલ્લા પેટે નોકર રહેવાની શરતે મધ્યનના વૃદ્ધ શેખની મોટી પુત્રી સફૂરા સાથે મૂસા (અલૈ.)એ લગ્ન કર્યાં હતાં. આ શરતની મુદ્દત પૂરી કરવા તેઓ વૃદ્ધ શેખના ત્યાં જ રહેવા લાગ્યા હતા. ત્યાં રહેવાનું તેમને ગોઠતું આવી ગયું હતું, એટલે જુદું ઘર રાખીને જુદા રસોડે રહેવાનું તેમણે રાખ્યું ન હતું. વૃદ્ધ શેખના ઘરમાં બધાં હળીમળીને રહેતાં હતાં : કજિયા-કંકાસનું નામ નહોતું. પરંતુ ઘણી વેળા દૂર જંગલમાં ઘાસચારો મળતો ત્યાં જવાનું થતું ત્યારે તેઓ પોતાના પત્ની સફૂરાને સાથે લઈ જતા હતા. આવી પરિસ્થિતિ ભરવાડ-જીવન જીવતાં કુટુંબોમાં સામાન્યપણે ઉપસ્થિત થયા કરે છે. અને મૂસા (અલૈ.)નું મધ્યનનું જીવન આવા પ્રકારનું હતું એટલે ઉપરોક્ત પરિસ્થિતિ આ વરસો દરમ્યાન ઉપસ્થિત થયા કરતી હતી. આવા પ્રસંગો સિવાય આખું કુટુંબ ભેગું રહેતું હતું.

મૂસા (અલૈ.)ના કામકાજથી, હળીમળીને રહેવાથી અને તેમની સુંદર રીતભાતથી વૃદ્ધ શેખને ખૂબ જ સંતોષ થતો હતો, પરિણામે તેમનાથી શેખ અત્યંત રાજી રહેતા હતા. આ કારણે દરેક વરસના અંતે શેખ તેમને ઇનામ અકરામ આપ્યા કરતા હતા. કહેવામાં આવે છે કે,[૧] પાંચમા વરસે જેટલાં નર બચ્ચાં જન્મ્યાં હતાં તે બધાં શેખે તેમને ઇનામ-અકરામ તરીકે આપ્યાં હતાં. છઠ્ઠા વરસના અંતે જેટલાં માદા-બચ્ચાં જન્મ્યાં હતાં તે બધાં આપ્યાં હતાં. સાતમા વરસે કાળાં કે કાબરાં જન્મેલાં બચ્ચાં આપ્યાં હતાં. આઠમા વરસે સફેદ જન્મેલાં બચ્ચાં આપવામાં આવ્યાં હતાં. મૂસા (અલૈ.) પણ પોતાની ફરજ બજાવવામાં અને પોતાનું ઋણ ફેડવામાં પાછા પડતા ન હતા. સ્વેચ્છાએ બીજાં બે વરસ સેવા કરવાનું ચાલુ રાખ્યું હતું. વૃદ્ધ-શેખે છેલ્લા વરસમાં, એટલે કે દસમા વરસમાં જેટલાં બચ્ચાં જન્મ્યાં હતાં તે બધાં તેમને આપી દીધાં હતાં.[૨] આ કારણે તેમની આર્થિક સ્થિતિ પગભર થઈ ગઈ હતી. દસ વરસ પૂરાં થયાં હતાં છતાં પોતાનાં તથા વૃદ્ધ-શેખનાં ઘેટાં-બકરાં ચારવાનું કામકાજ ચાલુ રાખ્યું હતું.

---

૧. જલ્વાએ નૂર-મો. હાફિઝ મોહમ્મદ ઇસ્હાક- પૃ. ૫૪-૫૫.

૨. કસસુલ-કુરાન. મો. હફીઝુર્રેહમાન- Vol. I. પૃ ૩૯૯.

દસ વરસ પૂરાં થયા પછી શિયાળામાં એક દિવસ ઘેટાં–બકરાં ચરાવતા મધ્યનથી ઘણા દૂર સિનાય પર્વતની હારમાળાની એક ખીણમાં જઈ ચડ્યા. સાથે પત્ની સફૂરા પણ હતાં. આ ખીણમાં જવાનો તેમનો મુદ્દલે ઇરાદો ન હતો, પરંતુ ઘેટાં–બકરાં એ ખીણ તરફ આપમેળે વળી ગયાં. પતિ–પત્ની બંનેએ તેમને બીજી તરફ વાળવા બહુધા મહેનત કરી પણ તે વળ્યાં જ નહીં અને ત્યાં જતાં જતાં રાત પડી ગઈ.

તૌરાતનો સૂર પણ એવો જ છે કે મુદ્દત પૂરી થતાંની સાથે જ તેઓ મિસર જવા રવાના થયા ન હતા. ઘેટાં–બકરાં ચારતા ચારતા ભૂલા પડી ગયા હતા અને તૂર પહાડની પાસેની ખીણમાં જઈ પહોંચ્યા હતા. તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "હવે મૂસા પોતાના સસરાનાં એટલે કે મિદ્યાનના યાજક યિથ્રોનાં ઘેટાં સાચવતો હતો અને તે એ ઘેટાંને અરણ્યની પેલી બાજુએ લઈ ગયો, ને તે દેવના પર્વત હોરેબ આગળ આવ્યો." નિર્ગમન પ્ર. ૩ : ૧

તૂર પહાડની ખીણમાં મૂસા (અલૈ.)ના આવવા સંબંધી બીજી એક વાત પ્રચલિત છે. તેમણે જ્યારે દસ વરસ પૂરાં કર્યાં ત્યારે તરત જ તેઓ વૃદ્ધ–શેખની તહેનાતમાં હાજર થયા અને કહેવા લાગ્યા, "મારા મુરબ્બી ! મહેર અથવા પલ્લા માટે થયેલી શરતનાં આઠ વરસ મેં આપની સેવા-ચાકરી કરી. તે ઉપરાંત તમારી ઇચ્છાનુસાર મેં વધુ બે વરસની સેવા સ્વેચ્છાએ આપી છે. આમ મેં આપણી વચ્ચે થયેલું શરતનું પૂરેપૂરું પાલન કર્યું છે. હું અહીં આવ્યો ત્યારથી મારાં માતા–પિતાને કે મારાં ભાઈ–ભાંડુઓને મળ્યો નથી. તેમને મળવા હું ઘણો જ ઉત્સુક છું; તમે મને જો રજા આપો તો હું મિસર જાઉં; મારાં કુટુંબીઓને મળું, તેમની સાથે રહીને મારું શેષ જીવન ગુજારું."

વૃદ્ધ–શેખે જવાબમાં કહ્યું : "એ તો સત્ય બીના છે કે તમે આપણી શરતનું પૂરેપૂરું પાલન કર્યું છે. મેં શરતમાં વચન આપ્યું હતું કે, "તું મને સદાચરણી જોઈશ," એટલે હું તમને રોકવા માંગતો નથી, તમે અને સફૂરા બંને જઈ શકો છો"

મૂસા (અલૈ) કહેવા લાગ્યા : "તમે વધુ માગણી કરતા નથી એટલે કહી શકાય કે તમે પણ શરતનું પાલન કર્યું છે. મારી સાથે તમે ઘણા જ માયાળુપણે વર્ત્યા છો અને મને તમારા એક કુટુંબીજન જેવો ઘરમાં રાખ્યો એ માટે હું તમારો અત્યંત ઋણી છું. મને સહર્ષ જવાની રજા આપો છો તે માટે હું તમારો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."

આ સાંભળી વૃદ્ધ-શેખ કહેવા લાગ્યા, "એક વાત મને યાદ આવે છે. મિસરમાં તમારાથી એક મિસરવાસીનું મોત નિપજ્યું હતું અને તેથી જ તમે અહીં નાસી આવ્યા હતા. એ ખૂન બદલ ફિરઔન તમને ફાંસી દેવા માંગતો હતો. તમે પાછા ત્યાં જાઓ છો, તો શું ફિરઔન ખૂનનો બદલો નહીં લે?"

મૂસા (અલૈ.) કહેવા લાગ્યા, "તે સમયનો ફિરઔન બાદશાહ રામસેસ બીજો મરી ગયો છે અને તેનો પુત્ર મનફતાહ ગાદી પર આવ્યો છે એટલે ખૂનની વાત વિસારે પડી ગઈ હશે. વળી હું છૂપી રીતે ત્યાં જઈશ એટલે એ વાત ફરીથી ઉથલવાની શક્યતા મને જણાતી નથી."

વૃદ્ધ-શેખ કહેવા લાગ્યા, "તો પછી તમે સુખેથી જઈ શકો છો. આ વરસમાં મારાં ઘેટાં-બકરાંનાં જેટલાં બચ્ચાં જન્મ્યાં તે બધાં જ હું તમને બક્ષિસ આપું છું. તમે તમારા કુટુંબને તથા તમારાં ઘેટાં-બકરાંને લઈ જઈ શકો છો."

આમ પોતાના સસરાની રજા મળતાં પોતાનાં ઘેટાં-બકરાં અને કુટુંબીજનોને લઈ તેઓ મિસર જવા નીકળ્યા. ચાલતાં ચાલતાં પાંચેક દિવસ પસાર થયા હશે ત્યારે તેઓ સિનાયના અરણ્યમાં રસ્તામાં ભૂલા પડી ગયા. ઘેટાં-બકરાં દિશા બદલી ચાલવા માંડયાં અને તેમને સિનાય પહાડની હારમાળામાં આવેલા તૂર નામના પહાડની ખીણમાં લઈ આવ્યાં. ત્યાં આવ્યા ત્યારે રાત પડી ગઈ હતી.

આ વાતમાં તથ્ય જણાતું નથી. તૂર પર્વત પર અલ્લાહ સાથે થયેલી વાતચીત પરથી સમજાશે કે મિસર જવાની તેમની હિંમત પડતી ન હતી; તો પછી ત્યાં જવાની રજૂઆત વૃદ્ધ-શેખ સમક્ષ ક્યાંથી કરે? એ વાતચીતમાં આવે છે કે, "મૂસાએ કહ્યું, હે મારા પરવરદિગાર! મેં તેમનો એક માણસ મારી નાંખ્યો હતો, જેથી મને ભય લાગ્યા કરે છે કે તેઓ મને મારી નાંખશે." ૨૮ : ૩૩ "મે તેમનો એક ગુનો કર્યો છે જેથી હું બીઉં છું કે કદાચ તેઓ મને મારી નાંખે." ૨૬ : ૧૪ અલ્લાહે તેમને બાંહેધરી આપી કે, "ના, ના, એવું બનશે જ નહીં." ત્યારે જ મિસર જવા રવાના થયા.

રાત્રે જ્યારે ખીણમાં આવ્યા ત્યારે વરસાદ વરસવા લાગ્યો. રાત અંધારી હતી, પવન ફૂંકાતો હતો, હિમ્ફળની ઠંડી તો હતી જ અને વધારામાં શિયાળાની કડકડતી ઠંડી પડતી હતી, તેથી કોઈ ગુફામાં આશ્રય લેવાની જરૂર પડી. આશ્રય તો કોઈક ગુફામાં મળી ગયો, પરંતુ ઠંડીથી

રહેવાતું ન હતું. તેથી તાપવા માટે તાપણી સળગાવવાની જરૂર પડી. પાસે ચકમક તો હતો. તેનાથી દેવતા પાડવા લાગ્યા. તે પડતો ન હતો. દેવતા પાડવા ખૂબ મથામણ કરી. કદી પોલાદના ટુકડાને પથરી પર મારતા હતા. પણ રૂના સોગટાનો ગલ અતિશય ભેજના કારણે તણખા પકડતો ન હતો. તે ન સળગ્યો તે ન જ સળગ્યો. કંટાળીને દેવતા પાડવાનું બોડી વાળ્યું અને આગની શોધમાં ગુફાની બહાર નીકળી પડયા. સામે જ સિનાયના પર્વતોની હારમાળા હતી.

એ હારમાળાના પૂર્વ બાજુના પર્વતો સામે હતા અને તે મધ્યનથી એક દિવસના અંતરે આવેલા રાતા સમુદ્રના બે પાંખિયા અકબાના અખાત અને સુએજના અખાત વચ્ચે મિસર જવાના રસ્તા પર આવેલા હતા. તેમણે આ હારમાળાની સામે જોયું તો તૂર પહાડ ઉપરની ઝાડીમાં અગ્નિની જ્વાળાઓ જોઈ. પત્ની પાસે આવ્યા અને કહેવા લાગ્યા, "તમે સગર્ભા સ્થિતિમાં છો તેથી ગરમાવાની ખૂબ જ જરૂર છે. મેં સામેના પહાડ પરની ઝાડીમાં અગ્નિની જ્વાળા જોઈ છે. તમે થોડી ધીરજ રાખો. ત્યાં જઈ હું ખબર કાઢી લાવું કે ત્યાં કયા લોકો રહે છે: ત્યાંથી કયાં કયાં રસ્તા જાય છે: અને અહીંથી પાસેમાં પાસે કયા લોકો રહે છે, વગેરે બાબતની ભાળ કાઢી લાવું. જો આટલા તેટલામાં આપણી માફક વટેમાર્ગુઓ જ હોય તો તેમની પાસેથી થોડાક અંગારા લઈ આવું કે જેથી અહીં આપણે તાપણી સળગાવીએ અને તાપીએ. પવિત્ર કુરાનમાં આ પ્રસંગનું વર્ણન ત્રણેક જગએ આવે છે. "પછી જ્યારે મૂસાએ મુદ્દત પૂરી કરી દીધી અને પોતાનાં ઘરવાળાંઓને લઈને જતો હતો ત્યારે તેણે તૂર પહાડ ઉપર આગ જોઈ તેણે પોતાનાં ઘરવાળાંને કહ્યું : તમે અહીં થોભો. મેં આગ જોઈ છે: ત્યાંથી કોઈક ખબર લઈ આવું અથવા તે આગમાંથી અંગારા લઈ આવું કે જેથી તમે તાપો."[3]

તેઓ અગ્નિની જ્વાળા તરફ થોડું ચાલ્યા હશે ત્યારે જણાયું કે અગ્નિની જ્વાળાઓ સફેદ હતી અને તે એક લીલા ઉન્નાબના[4] ઝાડને ઝળહળતું કરી મૂકતી હતી. તે ઝાડ પાસે કે તેટલામાં કોઈ પણ જણાતું ન હતું. ખરેખર ન તો ત્યાં અગ્નિ હતી કે ન અગ્નિની જ્વાળાઓ. સૂર્યના

---

૩. આ માટે જુઓ પવિત્ર કુરાનની ૨૦:૧૦ અને ૨૭:૮ની આયતો.

૪. એના ફળ બોર જેવાં પરંતુ જાંબુ જેવાં હોય છે. ઔષધિના કામમાં આવે છે.

માનવીઓ કરતાં કદે ઘણા જ મોટા અને તેજસ્વી હોવા છતાં તેઓ કિરણો પડવાથી કોઈક વસ્તુ અથવા કાચનો ટુકડો ઝળહળે છે, પ્રકાશે છે તેમ ત્યાં કંઈક ઝળહળતું હતું, પ્રકાશતું હતું : પરંતુ કોઈ વસ્તુ ઝળહળતી કે પ્રકાશતી ન હતી. રાત્રિનો સમય હતો છતાં અજબ વાત તો એ હતી કે આવું બનતું હતું. એ તો અલ્લાહ તઆલાનું નૂર (તેજ) ઝળહળતું કે પ્રકાશતું હતું. એ હતી અલ્લાહની તજલ્લી. હજારો પડદા હઠાવી તે વ્યક્ત કે જાહેર થયો હતો. તેથી તેનું નૂર સ્વયં પ્રકાશતું હતું. તેના જ નૂર કે તેજની જ્વાળાઓ દેખાતી હતી. તેથી એમ લાગતું હતું કે ત્યાં અગ્નિ હતી. દૂરથી એવું જણાતું કે ઝાડ હમણાં જ બળીને ભસ્મ કરી નાંખશે; પરંતુ તે જ્વાળાઓ ન ઝાડને બાળીને ભસ્મ કરી દેતી હતી, કે ન બૂઝાઈ જતી હતી. ઝાડ પ્રકાશતું હતું અને તે જેવું ને તેવું લીલુંછમ રહેતું હતું. આ ઝાડ આજે પણ લીલુંછમ છે. આ પરિસ્થિતિ જોઈ તેઓ સહેજ ચમકાયા. પછી થોડી હિંમત ભેગી કરી આગળ વધ્યા તો તે જ્વાળાઓ દૂર ને દૂર ચાલી ગઈ. જેમ જેમ તેઓ તેમની તરફ જતા હતા તેમ તેમ તે જ્વાળાઓ દૂર ને દૂર ચાલી જતી હતી. આથી તેઓ થોડા ભયભીત બન્યા અને પાછા ફરવાનો ઇરાદો કર્યો. પાછા ફરવા પૂંઠ ફેરવે ત્યાં તો તે જ્વાળાઓ એકદમ પાસે આવી ગઈ. આ પ્રસંગનું વર્ણન પવિત્ર કુરાનમાં ત્રણ જગાએ આ પ્રમાણે આવે છે :

"પછી જ્યારે તે તેની (અગ્નિની જ્વાળાઓ) પાસે આવ્યો તો ખીણના જમણા કિનારાની બરકત ભરી જગાના એક ઝાડમાંથી અવાજ સંભળાયો : હે મૂસા ! એ તો હું અલ્લાહ છું, બન્ને વિશ્વનો માલિક."[૫] ૨૮ : ૩૦

"પછી જ્યારે તે તેની (અગ્નિની જ્વાળા) પાસે આવ્યો ત્યારે તેને સંબોધવામાં આવ્યો : અય મૂસા ! એ તો હું તારો રબ છું : માટે તું તારા જોડા ઉતારી નાંખ : અત્રે તું તુવાના પવિત્ર મેદાનમાં છે અને મેં તને પયગંબરી માટે પસંદ કર્યો છે, માટે (અત્યારે) જે કંઈ તને વહી કરવામાં આવે તે સાંભળ. બેશક હું અલ્લાહ છું. મારા સિવાય બીજું કોઈ ઉપાસ્ય (ઈલાહ) નથી, માટે તું મારી જ ઉપાસના (બંદગી) કર અને મને યાદ કરવા માટે નમાજ પઢતો રહે." ૨૦ : ૧૨થી ૧૪

"અને જ્યારે મૂસા તેની (અગ્નિની જ્વાળા) પાસે આવ્યો ત્યારે તેને સંબોધવામાં આવ્યો : જે કોઈ અત્રે આ અગ્નિની જ્વાળામાં છે અને

૫. ૨૭:૮ [illegible]

જે કોઈ તેના વાતાવરણમાં છે તે ભાગ્યવાન છે : અને વિશ્વનો માલિક હું અલ્લાહ પંડે પાક પવિત્ર છું. હે મૂસા ! એ તો હું અલ્લાહ છું, મહાશક્તિશાળી અને સમજદાર."[૬] ૨૭ : ૮૯

તૌરાતમાં આ પ્રસંગનું વર્ણન આ પ્રમાણે આવે છે :

"હવે મૂસા પોતાના સસરાના એટલે મિદ્યાનના યાજક યિથ્રોનાં ઘેટાં સાચવતો હતો; અને તે એ ઘેટાંને અરણ્યની પેલી બાજુએ લઈ ગયો, ને તે દેવના પર્વતની હોરેબ આગળ આવ્યો અને યહોવહના દૂતે ઝાડવા મધ્યે અગ્નિની જ્વાળામાં તેને દર્શન દીધું. અને તે જોતો હતો. તેણે જોયું, ઝાડવું અગ્નિથી બળતું હતું, (તેમ છતાં) ઝાડવું ભસ્મ થતું નો'તું, અને મૂસાએ કહ્યું, કે હવે હું પાસે જઈને આ ચમત્કારિક બનાવ જોઈશ કે ઝાડવું કેમ ભસ્મ થતું નથી. અને યહોવાહે જોયું કે તે જોવા માટે એક બાજુએ ફર્યો છે, ત્યારે ઝાડવામાંથી દેવે તેને હાંક મારીને કહ્યું, કે મૂસા ! મૂસા ! અને તેણે કહ્યું, કે હું આ રહ્યો. ત્યારે તેણે કહ્યું, અહીં નજીક ના આવતો : તારા પગમાંથી તારાં ચંપલ ઉતાર, કેમ કે જે જગાએ તું ઊભો છે તે પવિત્ર ભૂમિ છે." નિર્ગમન પ્ર. ૩ ૧થી ૫

તૌરાતમાંથી સ્પષ્ટ થાય છે કે, જે ઝાડવામાંથી અવાજ સંભળાયો હતો. તે ઝાડવું તે હતું જેના ઉપર અગ્નિની જ્વાળા નજરે પડતી હતી, એવું લાગતું હતું કે તે ઝાડવું હમણાં જ બળીને ભસ્મ થઈ જશે; પરંતુ તે બળતું ન હતું. પવિત્ર કુરાનમાં પણ કહેવામાં આવેલું છે કે, તે ઝાડવું ઝળહળતું હતું અને તેમાંથી અવાજ આવતો હતો. તૌરાતમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે યહોવાહના દૂતે દર્શન દીધું : અને દેવે હાંક મારી. આથી એમ કહી શકાય કે દર્શન દે છે ફરિશ્તો અને વાત કરે છે યહોવાહ.આમ તૌરાતમાં પરસ્પર વિરોધતા છે. એકસૂત્રતા નથી. પવિત્ર કુરાનમાં વાતો કરનાર અલ્લાહ છે અને તે ત્યાં હાજર છે : અર્થાત્ ઝાડવામાં નૂર અલ્લાહનું હતું અને અવાજ પણ અલ્લાહનો હતો. આમ પવિત્ર કુરાનમાં એકસૂત્રતા જળવાઈ રહી છે.

અસલ નૂર કે તેજ અલ્લાહનું જ છે. તેના નૂરમાંથી હજરત મુહમ્મદ સલ્લ.નું નૂર સૌથી પહેલાં પેદા કરવામાં આવ્યું હતું : અને પછી તેમના નૂરમાંથી સૃષ્ટિનું સર્જન કરવામાં આવ્યું હતું, એ વાત તમે વાંચી ગયા છો.[૭] અલ્લાહે ફરિશ્તાઓને એવા પ્રકારના નૂરમાંથી પેદા કર્યા છે કે તેઓ

---

૬. إِنِّي أَنَا اللَّهُ رَبُّ الْعَالَمِينَ

૭. કુરાનિક કહાણીઓ ભાગ ૧. પૃ–૨.

અંધારામાં કે અજવાળામાં જોઈ શકાતા નથી. તેઓ માનવસ્વરૂપમાં આવતા ત્યારે જ જોઈ શકાતા. આમ ફરિશ્તાઓને તેમના અસલ સ્વરૂપમાં જોવાનું અશકય હોય તો અલ્લાહ તઆલાને જોવાનું શકય હોય જ નહીં. તૂર પર્વત પર મૂસા અલૈ.એ જે જ્વાળા જોઈ હતી તે અલ્લાહના નૂરનો કે તેના તેજનો પરમાણુ જોયો હતો. અલ્લાહ તઆલાને પ્રત્યક્ષ જોયા નથી. પ્રત્યક્ષ જોવા માટે તેમણે માગણી કરી હતી તે વેળા નૂરની એક ઝલકથી તે બેભાન બની ગયા હતા, તે હકીકત હવે પછી આવે છે.

બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, ઝાડવામાંથી જે અવાજ આવ્યો હતો તે અવાજ કોનો હતો? ફરિશ્તાનો કે અલ્લાહનો? તે અવાજ અલ્લાહનો જ હતો. તૌરાત કહે છે કે "દેવે હાંક મારીને કહ્યું" અને પવિત્ર કુરાન કહે છે કે, "તેના રબે તેની સાથે વાતો કરી." ૭:૧૪૩ – "હે મૂસા ! સર્વ લોકો પર મેં તને અગ્રિમતા આપી: મેં તને પયગંબરી માટે અને મારી સાથે વાતો કરવા પસંદ કર્યો છે." ૭:૧૪૪ આથી સિદ્ધ થાય છે કે તે અવાજ અલ્લાહનો હતો અને અલ્લાહે જ તેમને પયગંબરી માટે પસંદ કર્યા હતા.

આ પ્રસંગના અનુસંધાનમાં ત્રીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, તૂવાની પવિત્ર ખીણમાં અલ્લાહે મૂસા અલૈ.ને જોડા ઉતારી નાંખવાનો આદેશ શા માટે આપ્યો હશે? તૌરાતના નિ. પ્ર. ૩:૫ માં ચંપલ કાઢી નાંખવાનો આદેશ છે. આ આદેશના કારણે યહૂદીઓ જોડા કે ચંપલ પહેરીને નમાજ પઢવાને કે પ્રાર્થના કરવાને અજુગતું ગણે છે: આથી ઊલટું જોડા કે ચંપલ પાક કે પવિત્ર હોય તો તેવા જોડા કે ચંપલ સાથે નમાજ પઢવાનું મુસલમાન અજુગતું ગણતા નથી. એ સ્વાભાવિક બાબત છે કે, જ્યાં અલ્લાહની બંદગી થતી હોય તે જગા પાક–પવિત્ર હોવી જ જોઈએ. આ જગાએ અલ્લાહ પોતાનું દેદીપ્યમાન તેજ (તજલ્લી) બતાવતા હતા એટલે તૂવાની ખીણની જગા વધુ પાક–પવિત્ર હોવી જોઈએ. મૂસા અલૈ.એ જે જોડા પહેર્યા હતા તે પાક – પવિત્ર ન હતા. તે મરેલા ગધેડાના ચામડાના હતા[૮] અને તેનું ચામડું પકવેલું પણ ન હતું. પાક–પવિત્ર ભૂમિમાં નાપાક જોડા ન આવે, એ કારણે આદેશ આપવામાં આવ્યો હતો. બીજું કારણ એ પણ હતું કે જોડા ઉતારવાથી નમ્રતા દેખાડી શકાય અને જગા માન

૮. આ હદીસ છે. كانتا من جلد حمار ميت

આપવાને લાયક છે એમ દેખાડી શકાય. ત્રીજું કારણ એ હતું કે જોડા ઉતારવાથી તેમના પગને પવિત્ર માટીનો સ્પર્શ થાય અને તેથી તેમને બરકત મળે, ચોથું કારણ એ હતું કે તેમને પોતાની પત્ની માટે ચિંતા થયા કરતી હતી. જોડા ઉતારી નાંખવાના આદેશથી તેમને એ જ ગાએ શાંતિપૂર્વક બેસવાનું છે, પત્ની માટે ચિંતા કરવાનું કોઈ કારણ નથી એવો અર્થ પણ નીકળે છે.

તુવાની ખીણ તૂર પર્વતની તળેટીમાં આવેલી છે. આ તૂર પર્વત દરિયાની સપાટીથી ૫,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલો છે. તુવાની ખીણના મેદાનમાં રોમન સામ્રાજ્યના પ્રથમ ખ્રિસ્તી શહેનશાહ કોન્સટન્ટાઇનને ઈ. સ. ૩૬૫ના અરસામાં એક દેવળ બંધાવ્યું હતું. ત્યાર પછી આશરે બસો વરસે રોમન શહેનશાહ જસ્ટીનિયને ત્યાં એક મઠ (Monastry) બંધાવ્યો હતો. આ મઠમાં પેલા દેવળનો સમાવેશ કરી લેવામાં આવ્યો હતો. દેવળ અને મઠ બંને આજે પણ અસ્તિત્વમાં છે અને ગ્રીક રૂઢિચુસ્ત ચર્ચ (Greek Orthodox church)ના પાદરીઓ તેમનો કબજો ધરાવે છે અને વહીવટ પણ સંભાળે છે.

અલ્લાહ તઆલાએ હવે મૂસા અલૈ.ને પયગંબરી આપી. તુવાની ખીણમાં તેમને અલ્લાહ સાથે વાતો કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જેમને ઘેટાં–બકરાંની સંભાળ લેવાની હતી તેમને હવે માનવીઓની સંભાળ લેવાની થઈ. તેમના પર થયેલી અલ્લાહની મહેરબાનીનું ચિત્ર એક કવિએ નીચેની પંક્તિમાં દોર્યું છે:

ખુદાકે ફઝલકા મૂસાસે પૂછીએ એહવાલ
વહ આગ લેનેકો જાએ પયગમ્બરી મિલ જાએ.

---

૯. ગુજ. કુરાન – ઈસ્ફહાની. Vol. II. પૃ. ૬૦૦ પરની નોંધ.

# પ્રકરણ ૧૦મું

## મોજિઝા એનાયત થાય છે.

જ્યારે તેમણે અલ્લાહનો અવાજ સાંભળ્યો ત્યારે તેઓ સમજી ગયા કે આજે મારું ભાગ્ય ખૂલી ગયું છે અને તે માનવ – ઔન્નત્યની ટોચે પહોંચી ગયું છે. આ વેળા તેમના હર્ષનો પાર ન હતો. હર્ષાવેશમાં દિગ્મૂઢ બનીને ત્યાં ને ત્યાં જ મૌન સેવી, ઊભા રહ્યા હતા. આ મૌન પણ અલ્લાહે જ તોડયું. અલ્લાહે તેમને પૂછ્યું : "હે મૂસા ! તારા જમણા હાથમાં શું છે ?"

તેમના હાથમાં લાઠી છે તે જાણવા માટે આ પ્રશ્ન પૂછયો ન હતો. આ બાબતથી અલ્લાહ અંજાણ હોઈ શકે નહીં. સામાન્ય માનવી પણ તેમના હાથમાં લાઠી હતી તે જોઈ શકતો હતો. આમ પૂછવાનું પ્રયોજન એ હતું કે તેમના હાથમાં લાઠી હતી તે તેમના લક્ષમાં રહે અને પછી તે લાઠી કેવા કેવા મોજિઝાઓ સર્જે છે તે જુઓ.

"લાઠી છે," એવો ટૂંકો જવાબ આપવાને બદલે તેમણે લાંબો જવાબ આપ્યો, "એ મારી લાઠી છે : (ચાલું છું ત્યારે અને ઘેટાં–બકરાં ચરાવતી વેળા ઊભો રહું છું ત્યારે) હું એનો સહારો લઉં છું. (મારાં ઘેટાં–બકરાં માટે) એના વડે પાંદડાં ઝૂડીને પાડું છું. તે ઉપરાંત એનાથી બીજાં કેટલાંય કામ લઉં છું." ૨૦ : ૧૮

તે સમયે તેમના મનની કેવી સ્થિતિ હતી, તે કેવા હર્ષઘેલા બની ગયા હતા તેનું ચિત્ર આ લાંબો જવાબ રજૂ કરે છે. જ્યારે કોઈને પોતાનાથી ઉચ્ચ દરજ્જાની વ્યક્તિ સાથે વાતો કરવાની તક મળે છે ત્યારે તે પોતાની વાતને લંબાવ્યે જાય છે કે જેથી તેમની વાતચીત ટૂંકમાં પતી ન જાય અને વાત કરવાનો પૂરેપૂરો લહાવો મળે. આવું જ કંઈ તેમણે કર્યું. લાઠીથી ક્યાં કામો પોતે લે છે તે કહેવાની જરૂર ન હતી, પરંતુ લાઠીથી પોતે જે જે કામો લેતા હતા તે બધાં તેઓ સંભળાવવા માંગતા હતા : પરંતુ તેમ કરવામાં અલ્લાહ તઆલાનું ઔચિત્ય અથવા તેમના પ્રત્યે અદબ ન જળવાઈ રહેવાનો ખ્યાલ તેમને આવ્યો હશે એટલે જ "એનાથી બીજાં ઘણાં કામ લઉં છું" એમ કહી વાતને ટૂંકમાં પતાવી દીધી.

બીજાં કયાં કયાં કામો તેઓ લાઠીથી લેતા હતા તે અંગે કહેવામાં આવે છે કે, (૧) તેઓ લાઠી સાથે વાતો કરતા હતા. (૨) પોતાનાં ઘેટાં-બકરાંને બીજા ગોવાળોનાં ઘેટાં-બકરાંથી અલગ રાખવાનું કામ લાઠી પાસેથી લેતા હતા. (૩) વાઘ-વરુ જેવાં હિંસક પ્રાણીઓને લાઠી વડે હાંકી કાઢતા હતા. (૪) લાઠીને જમીનમાં ઊભી ખોસતા ત્યારે લાઠીથી તેમના ઉપર સારો છાંયડો પડતો હતો. (૫) ફળોની મોસમમાં લાઠી તેમને સ્વાદિષ્ટ ફળ આપતી હતી. (૬) અંધારી રાતોમાં તે બત્તી કે ટોર્ચની જેમ અજવાળું આપતી હતી. (૭) તેના પર જ્યારે માલસામાન લાદતા ત્યારે તે વહન કરી જતી હતી. (૮) થાકી જતા ત્યારે તેનો ઘોડો બનાવતા અને તેમને જ્યાં જવું હોય ત્યાં લઈ જતી હતી. આ લાઠી ભારે ચમત્કારિક હતી. તેનું નામ "અલીક" હતું.[1]

પછી અલ્લાહે તેમને આજ્ઞા આપી "હે મૂસા ! એને ફેંકી દે. પછી તેણે તેને ફેંકી દીધી તો તે આમતેમ દોડતો સાપ બની ગઈ." ૨૦ : ૧૯-૨૦

આ હેરત પમાડે તેવો બનાવ નજરોનજર જોવામાં આવે તો કોને બીક ન લાગે ? તેઓ ગભરાઈ ગયા અને ખૂબ ડરી ગયા એટલે "પીઠ ફેરવીને નાઠા અને પાછું વળીને જોયું પણ નહીં."[2] ૨૮ : ૩૧ ડરના માર્યા તેમને નાસતા જોઈને અલ્લાહે ફરમાવ્યું: "હે મૂસા ! પાછો આવ અને ડર નહીં : તું નિર્ભય છે." ૨૮ : ૩૧. તે સમયે અલ્લાહે એવું પણ ફરમાવ્યું હતું કે, "હે મૂસા! બીતો ના, કારણ કે મારી હાજરીમાં પયગંબરો કદી પણ ડરતા નથી." ૨૭ : ૧૦[2] તેઓ સહેજ સ્વસ્થ થયા ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "એને પકડી લે, ડરીશ નહીં, અમે એને હમણાં જ એના અસલ સ્વરૂપમાં લાવી દઈશું." ૨૦ : ૨૦

આમ જ્યારે અલ્લાહ તરફથી પૂરેપૂરું આશ્વાસન મળ્યું, બાંયધરી મળી ત્યારે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયા અને જરાયે ક્ષોભ રાખ્યા વિના સાપના મોંમાં હાથ નાંખ્યો તો તે તેના મૂળ સ્વરૂપમાં આવી ગઈ અર્થાત્ બે પાંખિયાવાળી લાઠી બની ગઈ.

મૂસા અલૈ. (બીજું કોઈ નહીં) આ લાઠીને અલ્લાહનું નામ લઈ જમીન પર ફેંકી દેતા ત્યારે તરત જ તે અજગરનું સ્વરૂપ ધારણ કરી લેતી હતી. તે

૧. ગુજ. કુરાન – ઈસ્ફહાની. Vol. II પૃ. ૬૦૦.

૨. આ બાબત વર્ણવતી બીજી આયત ૨૭ : ૧૦ તે આગળ જુઓ.

આયતનું વર્ણન પવિત્ર કુરાનમાં પાંચ જગાએ આવે છે. લાઠીના એક છેડે નાનાં નાનાં બે પાંખિયાં હતાં. આ પાંખિયાંનું અજગરનું મોં બની જતું હતું. મૂસા અલૈ. જ્યારે અલ્લાહનું નામ લઈ તેને જમીન પર ફેંકતા ત્યારે ત્યારે તે અજગર બની જતી હતી. પવિત્ર કુરાનની ૭ : ૧૦૭ અને ૨૬ : ૩૨ની આયતોમાં કહેવામાં આવ્યું છે કે, "જેવી મૂસાએ લાઠીને જમીન પર ફેંકી દીધી તેવી જ તે સોઅબાનુમ – મુબીન"[3] ખરેખર સાચો અજગર બની જતી. લાઠીનું બીજું લક્ષણ ૨૦ : ૧૮ મી આયતમાં વર્ણવવામાં આવેલું છે. તેમાં કહેવામાં આવેલું છે કે, મૂસા અલૈ.એ "તેને ફેંકી દીધી તો તે 'હય્યતુન–તસઆ'[4] આમતેમ દોડતો સાપ બની ગઈ. ૨૭ : ૧૦ અને ૨૮ : ૩૧ની આયતોમાં કહેવામાં આવ્યું છે કે, જ્યારે તેમણે લાઠીને જમીન પર ફેંકી દીધી ત્યારે 'તેને તેણે જાન'[5] ભુજંગ કે નાના સ્ફૂર્તિલા સાપના સ્વરૂપમાં જોઈ. અજગર શરીરે ભારે હોવાથી તે જલદી જલદી દોડી શકતો નથી; પરંતુ આ લાઠીનો અજગર આમતેમ દોડતો ફરતો હતો. વળી અજગર આળસુ હોય છે. મોટા ભાગે એક જગાએ પડી રહે છે, પરંતુ આ લાઠીનો અજગર નાના સાપ જેવો ઘણો જ સ્ફૂર્તિલો રહેતો હતો. એ લાઠીનો કેવો અજગર બની જતો હતો તેનાં લક્ષણો ઉપરની પાંચ આયતોમાં વર્ણવવામાં આવેલાં છે. આ મોજિઝો "અસાએ મૂસા"[6] તરીકે ખ્યાતિ પામ્યો છે.

અસાનો ઉર્ફે લાઠીનો મોજિઝો એનાયત કર્યા પછી તરત જ અલ્લાહ તઆલાએ તેમને ફરમાવ્યું : "તારો હાથ તારી બગલમાં નાંખ, તે કોઈ પણ પ્રકારની ખામી વિનાનો ઝગારા મારતો બહાર નીકળશે." અને તને બીક લાગે તો તે દૂર કરવા તારા હાથને તારા પડખાંમાં ભીંસી દે. તારા રબ તરફની આ બે ઉઘાડી નિશાનીઓ છે અર્થાત્ આ બે મોજિઝા (આશ્ચર્ય-કૃત્યો) ફિરઔન અને તેના દરબારીઓ સમક્ષ દેખાડવા તને આપવામાં આવેલા છે. નિઃસંશય તેઓ નાફરમાન લોકો છે." ૨૮ : ૩૨ અલ્લાહ તઆલાના આ ફરમાન અનુસાર મૂસા અલૈ.એ પોતાનો જમણો હાથ ડાબા હાથની બગલમાં નાંખ્યો અને બગલમાં તેને સહેજ દબાવ્યો, પછી બહાર

૩. ثُعْبَانٌ مُّبِينٌ ٧:١٠٧

૪. حَيَّةٌ تَسْعَىٰ ٢٠:٢٠

૫. جَانٌّ ٢٧:١٠

૬. عصا موسى

કાઢયો તો તે સૂર્યના જેવો પ્રકાશતો બહાર આવ્યો. ત્યાર પછી તેને ડાબા હાથની બગલમાં નાંખી બહાર કાઢયો તો તે પહેલાંનાં જેવો જ બહાર આવ્યો.

તૌરાતમાં આ બે આશ્ચર્ય–કૃત્યો એટલે કે આ બે મોજિઝાઓનું વર્ણન આ પ્રમાણે આપવામાં આવેલું છે :

" યહોવાહે તેને કહ્યું, કે તારા હાથમાં શું છે ? અને તેણે કહ્યું, કે લાકડી. અને તેણે તેને કહ્યું કે તેને ભૂમિ પર નાંખ. એટલે તેણે તેને ભૂમિ પર નાખી, એટલે તે સર્પ થઈ ગઇ. અને મૂસા તેની આગળથી નાઠો, અને યહોવાહે મૂસાને કહ્યું કે તારો હાથ લાંબો કરીને તેની પૂંછડી પકડ. અને તેણે તેનો હાથ લાંબો કરીને તે પકડયો, એ તેના હાથમાં લાકડી થઈ ગયો.) અને એ ઉપરાંત યહોવાહે તેને કહ્યું, કે હવે તારો હાથ તારા બદનમાં ઘાલ. ત્યારે તેણે પોતાનો હાથ બદનમાં ઘાલ્યો : અને તેણે તે બહાર કાઢયો, જુઓ, તેનો હાથ કોઢીલો બની બરફ જેવો થઈ ગયો, અને તેણે કહ્યું, કે તારો હાથ ફરીથી તારા બદનમાં ઘાલ, અને તેણે પોતાનો હાથ ફરીથી બદનમાં ઘાલ્યો : અને બદનમાંથી તેણે તે કાઢયો ત્યારે જુઓ, તેનો હાથ તેના (બાકીના) દેહના જેવો થઈ ગયો." નિર્ગમન પ્ર. ૪ : ૨ થી ૭.

તૌરાતમાં સાપનાં લક્ષણો આપ્યાં નથી : અને હાથ બરફ જેવો કોઢ થયેલો હોય તેવો સફેદ બની જતો હતો, પણ ઝગારા મારતો ન હતો એમ કહ્યું છે. તલમૂદમાં પણ આને ભળતી જ વાત કહેવામાં આવેલી છે, પરંતુ તેમાં એવું કહેવામાં આવેલું છે કે : ફિરઔનને કોઢની બીમારી હતી, જેને તે છૂપાવી રાખતો હતો. બગલમાં હાથ નાંખવાથી તે કોઢની બીમારી ઝટ લાગુ પડી જાય છે અને ફરીથી બગલમાં નાંખવાથી તે બીમારી મટી જાય છે એવું પ્રત્યક્ષ દેખાડવા આ મોજિઝો એનાયત કરવામાં આવ્યો હતો, એમ કહેવાનો તલમૂદનો આશય છે. જો આ માટે જ આ મોજિઝો એનાયત કરાયો હોય તો, તે એકલા ફિરઔન માટે જ હતો એમ કહી શકાય. બીજા દરબારીઓને તે દેખાડવામાં આવ્યો હતો, તો તેમ કરવાનું, ઉપરોક્ત પરિસ્થિતિમાં, કારણ સમજી શકાતું નથી. હા ! એ વાતમાં તથ્ય છે કે બાળપણમાં તેમણે ધગધગતો અંગારો હાથ વડે પકડી મોંમાં મૂકી દીધો હતો, તેથી તેમના જમણા હાથ પર દાઝયાના સફેદ ડાઘ રહ્યા હશે. એટલે તે ડાઘ બરફ જેવા સફેદ હશે. સાચી હકીકત તો પવિત્ર કુરાનમાં આપેલી છે. બગલમાં નાંખતા અને બહાર કાઢતા ત્યારે તેમનો હાથ સૂર્યના જેવો પ્રકાશતો થઈ જતો હતો : અને તેની સામે જોવાથી આંખો અંજાઈ જતી હતી. એ તો આપણો જાતઅનુભવ છે કે, સહેજ ઓછા ઉષ્ણતામાને

સ્ટવ બળતો હોય ત્યારે તેનો ભડકો પીળો હોય છે. ખૂબ જ ઉષ્ણતામાને બળતો હોય ત્યારે ભડકો સફેદ થઈ જાય છે. મૂસા અલૈ.ના હાથ ગરમ થયા વિના સફેદ પ્રકાશતો હતો. આ મોજિઝો "યદે બૈઝા"[૭] તરીકે ખ્યાતિ પામ્યો છે.

તૂર પહાડ પર પ્રથમ મુલાકાત વેળા, પયગંબર તરીકે પસંદ કરતી વેળા "અસાયે મૂસા અને યદે બૈઝા" અર્થાત્ "મૂસાની લાઠી અને ઝગારા મારતા હાથ"ના બે મોજિઝાઓ એનાયત કરવાનાં બે કારણો જણાય છે. પહેલું કારણ એ હતું કે તેમને પોતાને સંપૂર્ણ ખાતરી થઈ જાય કે આવાં આશ્ચર્ય–કૃત્યો એનાયત કરનાર બીજો કોઈ નહીં પણ સૃષ્ટિનો સર્જનહાર, જગતનો પાલનહાર, સર્વનો પરવરદિગાર, બંને વિશ્વનો માલિક અને બાદશાહોનો બાદશાહ, અલ્લાહ જ હોવો જોઈએ. આ આશ્ચર્ય–કૃત્યો લોકોને દેખાડે તો તેમને પણ ખાતરી થાય કે તેમને એ આશ્ચર્ય–કૃત્યો એનાયત કરનાર અલ્લાહ જ હોવો જોઈએ. બીજું કારણ એ હતું કે તેમને ખતરનાક મિશન માટે મોકલવામાં આવી રહ્યા છે તો તેમની પાસે આક્રમણ-શીલ અને રક્ષણાત્મકશીલ હથિયારો પણ એનાયત થયેલાં છે. એક મહા–બળવાન રાજ્યકર્તાનો, સભ્ય પરંતુ જુલમી પ્રજાનો અને લાવલશ્કરનો સામનો કરવા તેમને મોકલવામાં આવી રહ્યા છે, તે માટે તેઓ ખાલી હાથે જઈ રહ્યા નથી, સાથે આ બે અજોડ હથિયારો લઈને જવાનું છે. લાઠીનું હથિયાર આક્રમણશીલ હતું. લાઠીનો અજગર સામાને–આખા સૈન્યને–ગળી જાય તેવો શક્તિશાળી હતો. ઝગારા મારતા હાથનું હથિયાર રક્ષણાત્મક હતું. જો કોઈ તેમના પર ઓચિંતો હુમલો કરે અથવા હજારો સિપાહીઓ તેમને પકડવા આવે અથવા હુમલો કરવા આવે તો તેમને આ ઝગારા મારતો હાથ જ બતાવવાનો રહેતો. તેથી બધાની આંખો અંજાઈ જાય અને તેઓ ભયભીત બની જાય. આ ઉપરાંત ભયને દૂર કરવાનું પણ એ હથિયાર હતું. ભય લાગે ત્યારે આ હાથને પોતાના પડખામાં દબાવવાથી ભય દૂર થઈ જતો હતો. પક્ષીઓ ભયમાં હોય છે ત્યારે તેઓ પોતાની પાંખો ભીંસી દે છે, તેથી તેમનો ભય દૂર થઈ જાય છે. ભય દૂર થાય ત્યારે તેઓ પાંખો ફફડાવી પહોળી કરે છે. આમ કરવાથી ભય દૂર થઈ જતો અને હિંમત આવી જતી હતી. આ બંને મોજિઝાઓ તેમને જીવનપર્યંત એનાયત થયા હતા.

---

૭. ૨૮:૩૨ يَدٌ بَيْضَاءَ

આ બે હથિયારો – મોજિઝાઓ – આપી અલ્લાહ તઆલાએ તેમને ફિરઔન, તેના દરબારીઓ અને પ્રજા પાસે મોકલતાં કહ્યું : તારા પાલન-કર્તા તરફથી આ બે આશ્ચર્ય–કૃત્યો ફિરઔન અને તેના દરબારીઓ (સમક્ષ રજૂ કરવા) માટે છે, કારણ તેઓ ઘણા જ નાફરમાન લોક બની ગયા છે." ૨૮ : ૩૨ શા માટે મોકલ્યા તે અંગે પવિત્ર કુરાન કહે છે : "હવે તું ફિરઔન પાસે જા, તેણે ઘણું માથું ઊંચક્યું છે." ૨૦ : ૩૪ આમ અલ્લાહે "તેને ફિરઔનની પાસે સ્પષ્ટ નિશાનીઓ (મોજિઝાઓ) સાથે મોકલ્યો." ૫૧ : ૩૮

---

## પ્રકરણ ૧૧મું

### મૂસા અલૈ.એ અલ્લાહ પાસે માંગેલી બાંયધરીઓ

મૂસા અલૈ. ફિરઔનના મહેલમાં ઊછર્યા હતા, તેના દરબારમાં દરબારી તરીકે બેસતા હતા, એક શાહજાદાની જેમ રહેતા હતા, એટલે ફિરઔનના મિજાજથી સંપૂર્ણપણે વાકેફ હતા : તેનો કેટલો રોફ પડતો હતો, તેનો કેટલો દબદબો હતો, તેની હજૂરમાં બેસનારા કેવા દરબારીઓ હતા, કેવું અને કેટલું સૈન્ય હતું, મિસરની જનતા પર તેનો કેવો પ્રભાવ પડતો હતો, લોકો તેને કેટલો પૂજ્ય ગણતા હતા, તે કેટલો જુલમગાર હતો, કેવી રીતે ગુનેગારોના હાથપગ કપાવી નંખાવતો હતો, ખજૂરીઓનાં ઝાડો પર ફાંસીએ લટકાવતો અથવા ખીલા ઠોકીને મારી નંખાવતો હતો અને ઈસરાઈલિ લોકો પર કેવો ત્રાસ અને જુલમ ગુજારતો હતો, એ બાબતોથી તેઓ સારી રીતે વાકેફગાર હતા. વળી લોકો નાફરમાન હતા અને જુલમગાર હતા. આ કારણોને લીધે તેમની પાસે "અસાએ મૂસા" અને "યદે–બૈજા"નાં બે આશ્ચર્ય–કૃત્યો અર્થાત્ મોજિઝા હોવા છતાં અલ્લાહ તઆલા પાસે ત્યાં જ તૂર પર્વત પર પયગંબરી અને મોજિઝાઓ એનાયત થયા પછી તેમણે બીજી વધુ બાંયધરીઓ માંગવા માંડી. તેઓ અલ્લાહ તઆલા પાસે અરજ ગુજારવા લાગ્યા :

" હે મારા પરવરદિગાર ! મેં તેમનો એક માણસ મારી નાંખ્યો હતો, તેથી મને બીક લાગ્યા કરે છે કે તેઓ મને મારી નાંખશે." ૨૮ : ૩૩ એ વાતને ઉથલાવતાં તેઓ ફરીથી અરજ ગુજારે છે કે, "વળી મારા ભાઈ

પર તેમના ગુનાનો બોજો પણ છે, તેથી મને ધાસ્તી લાગ્યા કરે છે કે,
કદાચ તેઓ મને મારી નાંખે." અલ્લાહ તઆલાએ આના જવાબમાં
ફરમાવ્યું, "ના, ના, (એવું કદાપિ બનશે નહીં) તમે અમારી બંને
નિશાનીઓ લઈ ને જાઓ : નિઃસંશય અમે તમારી સાથે (રહી દરેક વાત)
સાંભળનારા રહીશું." ૨૮ : ૧૫

તેમનો વાળ પણ વાંકો થશે નહીં એવી બાંયધરી મળતાં તેઓ અલ્લાહ
તઆલાને કહેવા લાગ્યા : "હું એ વાતથી પણ બીઉં છું કે તેઓ મને
(અવશ્ય) જૂઠો ગણી કાઢશે." ૨૮ : ૩૪ આ બાબતને ઉથાપતાં તેમણે
અરજ કરી કે, "હે પરવરદિગાર ! મને એવો ભય લાગ્યા કરે છે કે તેઓ
મને જૂઠો ગણી કાઢશે." ૨૬ : ૧૨

વધુ માગણી કરતાં, તેમણે વિનંતી કરી કે, "હે પરવરદિગાર, મારી
છાતી વિશાળ કરી દે અને મારું આ કામ સરળ બનાવી દે, મારી જીભની
ગાંઠને તું ખોલી નાંખ કે જેથી લોકો મારી વાત સમજી શકે." ૨૦ : ૨૫-૨૮
"મારી છાતી ધબકયા કરે છે, મારાથી ચોખ્ખેચોખ્ખું બોલી શકાય તેવું
કરી દે." મનોમન તેઓ એવું પણ કહેતા જતા હતા કે, "તેં જ્યારે
પયગંબરનું ઉચ્ચ પદ મને આપ્યું છે ત્યારે તો તું મારા ઉપદેશનો માર્ગ
સરળ બનાવી દે, મારી છાતી વિશાળ કરી દે જેથી મારામાં અખૂટ હિંમત
આવે. મારી જીભ બોલતાં તોતડાઈ જાય છે અને હું અટકી અટકીને
બોલું છું. તે મારી ખોડ તું દૂર કરી દે. મારી વાણી મીઠી અને સરળ
બનાવી દે. મારા વકતૃત્વને સુંદર ને છટાદાર બનાવી દે."

"એ વાત મને સાંભરી આવે છે કે મારો ભાઈ હારૂન મારા કરતાં
વકતૃત્વમાં વધુ નિપુણ છે. માટે હે પરવરદિગાર, મારા ભાઈ હારૂનને મારો
મદદગાર બનાવી મોકલ, કારણ તે વકતૃત્વમાં મારાથી ચઢિયાતો છે." ૨૮ : ૩૪
"તું હારૂનને પયગંબર બનાવી (મારો સહાયક બનાવી) મોકલ. ૨૬ : ૧૩

અલ્લાહ તઆલાએ ઉપરોક્ત સઘળી માગણીઓના જવાબમાં ફરમાવ્યું
કે, "હે મૂસા ! તારી સર્વ માગણીઓ કબૂલ મંજૂર છે." ૨૦ : ૩૬ વળી
વધુમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે અમે બહુ જલદી તારા ભાઈ દ્વારા
તારા હાથ મજબૂત કરી દઈશું અને તમને બંનેને એવી શકિત અપર્ણ
કરીશું કે તેઓ તમને ઈજા પહોંચાડી શકશે નહીં." ૨૮ : ૩૫ વળી એવું
પણ "ફરમાવ્યું કે લગીરે બીક રાખશો નહીં, હું તમારી સાથે છું, સઘળું
સાંભળું છું ને જોઉં છું. હવે તમે બંને તેની પાસે જાઓ અને તેને કહો
કે, અમે બંને તારા પરવરદિગારના મોકલેલા (પયગંબરો) છીએ." ૨૦ : ૪૭-

" પરંતુ તેની સાથે બહુ નમ્રતાથી વાદવિવાદ કરજો : કદાચને તે બોધ ગ્રહણ કરે અથવા ડરી જાય (ને સીધા રસ્તા પર આવી જાય)." ૨૦ : ૪૫

ઉપરોક્ત આયતો પરથી સ્પષ્ટ થાય છે કે, મૂસા અલૈ.એ જે જે માગણીઓ અલ્લાહ તઆલા પાસે મૂકી હતી તે બધીને તેણે કબૂલ મંજૂર કરી લીધી હતી; એટલું જ નહીં, ઉપરથી એવી બાંયધરી આપી કે " હું તમારી સર્વ વાતો સાંભળતો રહીશ, કોઈ પણ પ્રકારની નાજુક પરિસ્થિતિ ઊભી થશે તો અવશ્ય હું તમારી મદદ કરીશ : જરાયે ગભરાશો નહીં." ફિરઔન સાથે નમ્રતાથી વર્તવાની શીખમાં આપણને પણ બોધ મળે છે કે, સામા પક્ષને સમજાવતી વેળા, ખાસ કરીને ધાર્મિક પ્રચારકાર્ય કરતી વેળા સહેજે ગુસ્સો કરવો નહીં. શાંત ચિત્તે, નમ્રતાથી વાદવિવાદ કે વાતો કરવી.

અલ્લાહ તઆલાએ સઘળી માગણીઓ માન્ય રાખી. તેમાં પોતાના ભાઈ હારૂનને પયગંબરી મળે તે માગણી પણ મંજૂર થઈ. પયગંબરનો દરજ્જો રાજાઓ, મહારાજાઓ, વડા પ્રધાનો કે પ્રમુખો અને સંતો કરતાં પણ ઊંચો છે. ઊંચામાં ઊંચો દરજ્જો પયગંબરનો ગણાય છે. પયગંબર આપણા ઉપદેશક અને માર્ગદર્શક હોય છે તેથી તે માનવ-પેશવા ગણાય છે. પોતાના ભાઈને પયગંબરી અપાવી એટલે ભાઈની અજોડ સેવા કરેલી ગણાય. રામાયણમાં આવે છે કે, "રામને બાર વરસ વનવાસ અને ભરતને ગાદી" આપવાનું નક્કી થયું ત્યારે ભરતે ગાદી પર બેસવા ના પાડી. રામની પાદુકા ગાદી પર મૂકી તેણે રામ વતી ૧૨ વરસ રાજ્ય ચલાવ્યું, પરંતુ ૧૨ વરસ પછી વનવાસ ભોગવી રામ પાછા ફર્યા ત્યારે ભરતે રાજીખુશીથી હરખાતાં હરખાતાં ગાદી રામને સોંપી દીધી. આમ ભાઈનો હક્ક અદા કરી ગાદી આપી દીધી. આ પ્રસંગથી કહેવત પડી ગઈ છે કે, " ભાઈ હોજો તો ભરત જેવો " મૂસા અલૈ.એ પોતાના માડીજાયાને જગતનો મહાનમાં મહાન પયગંબરીનો દરજ્જો અપાવ્યો તેથી કહી શકાય કે, " માડીજાયો હોજો તો મૂસા જેવો."

આ પ્રસંગને પવિત્ર કુરાનમાં ભવ્યતાથી વર્ણવ્યો છે, જ્યારે તૌરાત કે તલમૂદમાં તેનું ગૌરવ કેટલું જાળવ્યું છે તે જુઓ. તૌરાતમાં આવે છે, " માટે હવે ચાલ, મિસરમાંથી મારા લોક ઈસ્રાએલ-પુત્રોને કાઢી લાવવા માટે હું તને ફારૂન પાસે મોકલું છું. અને મૂસાએ ખુદાવંદને કહ્યું, કે "હું કોણ કે ફારૂનની પાસે જઈને ઈસ્રાએલ-પુત્રોને મિસરમાંથી કાઢી લાવું ?" નિ. પ્ર. ૩ : ૧૦ – ૧૧ તલમૂદ બે ડગ આગળ જાય છે. તેમાં એવું વર્ણન આવે છે કે, ખુદાવંદ અને મૂસા (અલૈ.) વચ્ચે ૭ દિવસ સુધી

ભાંજગડ ચાલતી રહી. ખુદાવંદ તેમને કહેતો કે, "પયગંબર બન." મૂસા અલૈ. કહેતા કે, "મારી જીભ જ ચાલતી નથી, તો હું કેવી રીતે પયગંબર બનું?" છેવટે ખુદાવંદે સ્પષ્ટ સંભળાવી દીધું કે "મારી એ જ ઇચ્છા છે કે તું જ પયગંબર બને." તેના જવાબમાં મૂસા અલૈ. બોલી ઊઠયા, "આ લૂતને બચાવવા તેં ફરિસ્તા મોકલ્યા હતા. હાજરા જ્યારે સારાના ઘેરથી ભાગી ગયા હતાં ત્યારે તે પાંચ ફરિશ્તા મોકલ્યા હતા અને હવે તારા ખાસ દાસોને મિસરમાંથી કાઢી લાવવા માટે મને મોકલી રહ્યો છે." આથી ખુદાવંદ નારાજ થઈ ગયો અને તેથી પયગંબરીમાં તેમના ભાઈ હારૂનને સામેલ કરી દીધા; અને મૂસા અલૈ.ના વંશજોને યાજકપદ કે પુરોહિતપદ ન આપતાં હારૂનના વંશજોને આપ્યું. સાચી વાત કુરાન શરીફે રજૂ કરી છે. આથી શું તમે કહી શકો છો કે આ પુસ્તકોમાંથી પવિત્ર કુરાનના કિસ્સાઓ લેવામાં આવ્યા છે? બેશરમ અને જૂઠા લોકો આવું કહેતાં લેશ પણ ખચકાતા નથી.[૮] આવા જૂઠાઓ માટે બીજું શું હોઈ શકે? અલ્લાહ તઆલાનો ફિટકાર જ ને!

---

## પ્રકરણ ૧૨મું

## મૂસા અલૈ.નું મિસર પાછા ફરવું

અલ્લાહ તઆલા સાથેની વાતોથી ફારેગ થયા પછી મૂસા અલૈ. પોતાની લાઠી લઈ, જોડા પહેરી પર્વત પરથી નીચે ઊતર્યા ત્યાર પછીની હકીકત તૌરાતમાં આ પ્રમાણે આવે છે:

"અને મૂસા ત્યાંથી નીકળીને તેના સસરા યિથ્રોની પાસે પાછો આવ્યો, ને તેણે તેને કહ્યું, કે મિસરમાં રહેનારા મારા ભાઈઓ હજી સુધી જીવે છે કે નહિ તે જોવા સારુ કૃપા કરીને મને તેમની પાસે જવા દે. અને યિથ્રોએ મૂસાને કહ્યું, કે શાંતિથી જા અને મિદ્યાનમાં યહોવાહે મૂસાને કહ્યું કે મિસરમાં પાછો જા.........અને મૂસા પોતાની સ્ત્રી તથા પોતાના પુત્રોને લઈને તેમને ગધેડા ઉપર બેસાડીને મિસરમાં પાછો ગયો." નિ. પ્ર. ૪ : ૧૮થી ૨૦ તુવાના મેદાનમાંથી તેઓ મિસર એકલા આવ્યા હતા કે પોતાના કુટુંબને લઈને આવ્યા હતા તેનું વર્ણન પવિત્ર કુરાનમાં

૮. તફહીમુલ-કુરાન. મો. મૌદૂદી. Vol. III. પૃ. ૯૫ – નોંધ ૧૯.

ક્યાંય નથી. આ કારણે તૌરાતના ઉપરોક્ત વર્ણનને આપણે સ્વીકારી લઈએ તો વાંધાજનક નથી.

તેમના ભાઈ હારૂન અલૈ. ને તેમના વજીર બનાવવામાં આવ્યા હતા. એ અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "નિઃસંશય અમે મૂસાને (તૌરાત) કિતાબ આપી અને (તે પહેલાં) તેના ભાઈ હારૂનને તેનો વજીર બનાવ્યો હતો." ૨૫ : ૩૫ મૂસા અલૈ. મિસર આવતા હતા ત્યારે હારૂન અલૈ. તેમનું સ્વાગત કરવા સામે ગયા હતા, જેનો ઉલ્લેખ તૌરાતના નિ. પ્ર. ૪ : ૨૭ : ૨૮ની આયતોમાં આમ થયેલો છે : "અને યહોવાહે હારૂનને કહ્યું કે, તું મૂસાને મળવાને અરણ્યમાં જા અને તે ગયો ને દેવના પર્વતમાં મળીને તેણે તેને ચુંબન કર્યું અને યહોવાહે જે સંદેશો લઈને તેને મોકલ્યો હતો તથા જે ચિહ્નો વિષે તેને આજ્ઞા આપી હતી તે સર્વ મૂસાએ હારૂનને કહી સંભળાવી." આથી એવું પ્રતિપાદન થાય છે કે આ બધી બાબતની જાણ અલ્લાહે તેમને અગાઉથી વહી કરી દીધી હતી. બંને અરણ્યમાં મળ્યા. ત્યાં બધી વાતચીત ખુલાસાવાર કર્યા પછી મોડી રાતે બધાં ઘેર આવ્યાં. ઘરમાં જે કંઈ જમવાનું હાજર હતું તે તેમનાં માતા યોખેબેદે બધાંને ખવડાવ્યું.

ત્યાર પછી બધાંની ઓળખવિધિ હારૂન અલૈ.એ કરાવી હશે. પિતા ઈમરાન મરણ પામ્યા હતા એટલે યોખેબેદ, બહેન મરિયમ, હારૂન અલૈ.નાં પત્ની અને તેમના પુત્ર-પુત્રીઓ વગેરે મૂસા અલૈ.ને, તેમનાં પત્ની સફૂરાને અને તેમના પુત્રો ગેરશોમ અને અલીએઝરને ભેટી પડ્યાં હશે. પછી મૂસા અલૈ.એ મધ્યનમાં પોતે કેવી જિંદગી ગુજારી હતી તેનું હૃદયદ્રાવક વર્ણન કર્યું હશે. તેમની માતાએ અને બહેને તેમના જન્મની રોમાંચક કહાણી કહી સંભળાવી હશે અને ખાસ કરીને માતાને જ પગાર પર આયા તરીકે રાખ્યાં હતાં, દૂધ પોતાના પુત્રને પીવડાવતાં હતાં પરંતુ પગાર ફિરઔન ચૂકવતો હતો, એ વર્ણન કર્યું હશે ત્યારે બધાં ઉલ્લાસિત થયાં હશે અને અલ્લાહનો આભાર માન્યો હશે તથા તેનાં ગુણગાન ગાયાં હશે. છેવટે તેમણે હવે પછી શું કાર્ય કરવાનું છે તેનો આછોપાતળો ખ્યાલ આપ્યો હશે અને પછી આરામ માટે વિખરાયાં હશે.

બીજા દિવસે, પયગંબર તરીકે પોતાનું મિશન-કાર્ય કેવી રીતે કરવું તેની રૂપરેખા બંને ભાઈઓએ તૈયાર કરી હશે. બંનેને સાથે રહીને ઉપદેશકાર્ય કરવાનું હતું. આ બાબતથી તેઓ સમજી ગયા હતા કે હારૂન અલૈ. મૂસા અલૈ.ના વજીર અને મદદગાર હતા. તેમની માગણી પણ

તેવી જ હતી. પવિત્ર કુરાનમાં આવે છે કે, "મારા ભાઈ હારૂનની જીભ મારા કરતાં વધુ ચાલે છે (વધુ વાચાળ છે), તેથી તેને મારી સાથે મદદગાર બનાવી મોકલી દે કે તે મને ટેકો આપ્યા કરે." ૨૮ : ૩૪ તેમને છૂટા પડીને કાર્ય કરવાનું ન હતું. જ્યાં જાય ત્યાં અને જ્યારે પણ જાય ત્યારે સાથે રહીને ઉપદેશકાર્ય કરવાનું હતું.

બંને ઈબ્રાહીમ અલૈ.ના વંશજો હતા, અને તેમણે ઉપદેશ આપવાનું કાર્ય પોતાના પિતા આઝરથી શરૂ કર્યું હતું. પ્રથમ ઘરનાં માણસોને અને પોતાના કુટુંબીજનોને ઉપદેશ આપવો, એ તેમનો સિદ્ધાંત બંને ભાઈઓએ પણ માન્ય રાખ્યો અને પોતાના કાર્યનો આરંભ પોતાના ઘરેથી જ કર્યો. ઘરનાં બધાં તૌહીદ કે એકેશ્વરવાદમાં માનતાં હતાં એટલે અલ્લાહની બંદગી કરતાં હતાં. ઈબ્રાહીમ અલૈ. ઈસ્હાક અલૈ. યાકૂબ અલૈ. અને યૂસુફ અલૈ. જેવા તેમના પૂર્વજોએ તૌહીદના સંસ્કારો તેમનામાં સીંચ્યા હતા એટલે બધાંએ બંનેને પયગંબર તરીકે સ્વીકારી લીધા. "અલ્લાહના રસૂલની તાબેદારી કરવામાં અલ્લાહની તાબેદારી સમાયેલી છે," ૪૭ : ૩૩ એવા મુખ્ય સંસ્કારથી તેમના ઘરનાં બધાં સારી રીતે પરિચિત હતાં એટલે તેમણે તાબેદારી સ્વીકારી લીધી, એટલું જ નહીં તેમના ઘરનાં બધાં સારો સાથ અને સહકાર આપવા લાગ્યાં.

ઈસરાઈલ કોમને હિદાયત આપવા પવિત્ર કુરાનની ૧૪ : ૫મી આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે, અમે મૂસાને અમારી નિશાનીઓ આપી (એવી આજ્ઞા સાથે) મોકલ્યો હતો કે તે પોતાની કોમને અંધકારોમાંથી પ્રકાશમાં લઈ આવે." ઈસરાઈલ લોકો કેટલાંયે વરસોથી ગુલામી દશા ભોગવતા હતા તેથી કાયરતા કૃતઘ્નતા, હઠીલાઈ, કલેશ-વૃત્તિ, આંધળું અનુકરણ કરવાની વૃત્તિ જેવા ગુલામીના અવગુણો તેમનામાં ઘર કરી બેઠા હતા. મિસરી લોકોનું અનુકરણ કરી તેઓ સૂર્ય-પૂજા અને ગૌ-પૂજા તરફ ઢળ્યા હતા, અને કેટલાયે મૂર્તિપૂજકો બની બેઠા હતા. આવા અવગુણો અને મૂર્તિપૂજાના અંધકારોમાં પડી ગયા હતા તેથી પોતાના કુટુંબીજનોને હિદાયત આપ્યા પછી પોતાની કોમના લોકોને હિદાયત આપવા લક્ષ દેવા માંડયું. તેમની પાર્શ્વભૂમિકામાં તૌહીદ-પરસ્તીના સંસ્કારો પડેલા જ હતા. તેથી "મૂસા હારૂને જઈને ઈસ્રાએલ-પુત્રોના વડીલોને એકત્ર કર્યા અને યહોવાહે મૂસાને કહેલી વાતો હારૂને તેમને કહી સંભળાવી. અને તેણે લોકોનાં દેખતાં તે ચિહ્નો કરી બતાવ્યાં અને લોકોને વિશ્વાસ બેઠો." તૌરાત નિ. પ્ર. ૪ : ૨૯ આમ તેમણે સીધા કે પુણ્યના માર્ગે

લાવવાના સમજાવટ તથા તાલીમનો અને ડર બતાવવાનો એમ બંને માર્ગ અખત્યાર કર્યા. તેમના પૂર્વજો પયગંબરો તો હતા જ. એટલે પયગંબરો જે ઉપદેશ આપે છે તે સાચો હોય છે તેવું ઈસરાઈલ લોકોને ભાન હતું. પરિણામે તેમણે આ બંને પયગંબરોને અપનાવી લીધા. વળી ફિરઓનના ત્રાસથી તેઓ કંટાળી ગયા હતા અને મૂસા અલૈ. તેમને ગુલામીમાંથી છોડાવી જશે એવી આશાએ પણ તેમણે આ પયગંબરોની તાબેદારી સ્વીકારી લીધી. ચમત્કારિક લાઠી અને ઝગારા મારતા હાથનાં આશ્ચર્ય-કૃત્ય જોઈ તેઓ ડરી પણ ગયા અને ના માનવામાં કેટલું માઠું પરિણામ આવશે તે પણ તારવી કાઢયું હતું. આ કારણોને લઈ ને ઈસિરાઈલ લોકો સંગઠિત થઈ ગયા હતા.

તે સમયનો સમાજ જ એવો હતો કે રાજા અને દરબારીઓ જે ધર્મ કે આચાર-વિચાર પાળતા તે ધર્મ કે આચાર-વિચાર લોકો પણ પાળતા હતા. તેથી જ "યથા રાજા તથા પ્રજા" એટલે કે "જેવો રાજા તેવી પ્રજા"ની કહેવત પડી ગઈ છે. પાછળ તમે વાંચી ગયા છો કે અલ્લાહની ઇબાદત કે તાબેદારી કરવાના ધર્મને દરેક કાળમાં ઇસ્લામ ધર્મ કહેવામાં આવ્યો છે, અને જગતમાં જેટલાયે પયગંબરો થઈ ગયા તેમણે બધાએ એ જ ઈસ્લામ ધર્મ પાળ્યો છે અને એનો જ ઉપદેશ આપ્યો છે. મુસા અલૈ. અને હારૂન અલૈ. બંનેને એ ધર્મનો જ ઉપદેશ આપવાનો અને પ્રચાર કરવાનો હતો. તે સમયની પરિસ્થિતિથી બંને સમજી ગયા હતા કે, જો ફિરઓન અને તેના દરબારીઓને સમજાવટ કે ડર બતાવ્યાથી ઇસ્લામ તરફ લાવી શકાશે તો પ્રજાને એ ધર્મ તરફ સહેલાઈથી વાળી શકાશે. આ દૃષ્ટિએ તેમણે ફિરઓન અને તેના દરબારીઓને હિદાયત આપવાનું કાર્ય ઉપાડવાનું નક્કી કર્યું.

ફિરઓનના દરબારમાં જવા માની મમતાએ તેમને રાકયા.[1] માતા યોખેબેદ બોલી ઊઠયાં, "ના, ના, મારા વહાલા પુત્રો! ફિરઓનના દરબારમાં ન જશો. તમે એવી વ્યક્તિ પાસે જઈ રહ્યા છો જે રાજગાદી પર છે અને જુલમી અને ઘમંડી પણ છે. તેની પાસે ન જશો. હાલનો ફિરઓન મનફતાહ તો તેના પિતા રામસેસ કરતાં પણ વધુ ઘાતકી છે. એ તો તમે જાણો છો કે, બધા જ ફિરઓન રાજાઓ પોતાને "રઅ" અર્થાત્ સૂર્ય-દેવતાના અવતાર માનતા આવ્યા છે, પણ આ ફિરઓન તો પોતે જ ભગવાન બની બેઠો છે અને પોતાની ભક્તિ કરાવે છે. પોતાનામાં ભગવાનનો અંશ છે

---

૧. કસસુલ-કુરાન. મૌ. હફીઝુર્રેહમાન - Vol. I. પૃ. ૪૦૮.

તેથી ફિરઔન રાજાઓ કદી પણ ખોટું કામ કરતા નથી એવી માન્યતા તેમનામાં પરાપૂર્વથી ઘર કરી બેસેલી છે અને આ ફિરઔન તો ભરદરબારમાં એ વાત કહ્યા કરે છે.[૨] એથી એના હુકમની જે કોઈ અવગણના કરે છે તેને તે ફાંસીએ ચઢાવી દે છે. નાના નાના ગુનાઓ માટે પણ તે લોકોના હાથપગમાં ખીલા ઠોકાવે છે. અથવા ઊલટા–સૂલટા હાથપગ કપાવી નાંખે છે. તમે તો "રબ્બુલ આલમીન" એટલે કે જગપતિના પ્રતિનિધિ બનીને તેની પાસે જાઓ છો, તેથી સ્પષ્ટ થાય છે કે તમે કિબ્તી – પ્રજાના જીવનમાં આમૂલાગ્ર ફેરફાર કરવા માંગો છો: એટલે તેમના ધાર્મિક, સામાજિક, રાજકીય કે આર્થિક જીવનમાં ફેરફાર કરવા માંગો છો. ફિરઔનની થતી ભક્તિ અટકાવવા માંગો છો, એ તો ઠીક પણ તમે તેને ઉપાસ્ય કે ઇલાહની જગાએથી ઉપાસક કે સેવક બનાવવા માંગો છો એટલે તમને તે મારી નાંખ્યા વિના રહેવાનો નથી. અને મૂસા! તમે તો એક મિસરીનું ખૂન કરી ભાગી ગયા હતા એટલે તમને તો તે મારી નાંખ્યા વિના રહેવાનો જ નથી; એટલે તેને ઉપદેશ આપવાનું માંડી વાળો. વળી હવે હું વૃદ્ધા થઈ છું. મારે તમારા વિના બીજા કયા દીકરા છે? તમને બંનેને મારી નાખે તો આપણા ઘરનું શું થાય? ઘરમાં છોકરાં નાનાં નાનાં છે. અત્રે આપણા બધાંનું ગુજરાન કરવાનું આપણે ગુલામી દશામાં હોવાથી મુશ્કેલ પડે છે; તો તમારી ગેરહાજરીમાં કેટલું મુશ્કેલ પડશે તેનો ખ્યાલ કરો, ના, ના, મારા વહાલા પુત્રો! ફિરઔન પાસે જવાની વાત જ કરશો નહીં."

મૂસા અલૈ. એ માતાને સમજાવતાં કહ્યું, "અમ્મા જાન! ગભરાવાની જરાયે જરૂર નથી. અલ્લાહે મને "ચમત્કારિક લાઠી અને ઝગારા મારતો હાથ"નાં બે આશ્ચર્ય–કૃત્યો આપ્યાં છે એટલે કોઈ પણ અમારો વાળ વાંકો કરી શકે તેમ નથી. ખૂનનો મારો ગુનો અલ્લાહે માફ કરી દીધો છે. વળી અમે બંને ભાઈઓ અરણ્યમાં હતા ત્યારે "અમે બંનેએ દુઆ માંગી હતી કે હે અમારા માલિક! અમને બીક લાગે છે કે તે અમારા ઉપર સખ્તાઈ કરે અને વધુ આવેશમાં આવી જાય તો!" ૨૦ : ૪૫ તેના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું હતું કે "તમે જરાએ બીશો નહીં, હું તમારી સાથે છું, સઘળું સાંભળું છું ને સઘળું જોઉં છું." ૨૦ : ૪૬ અલ્લાહનો જ મને આદેશ છે કે, "તું ફિરઔન પાસે જા, તે હદ વટાવી ગયો છે." ૨૦ : ૨૪ વળી તેણે તુવાના મેદાનમાં પોકારીને મને કહ્યું હતું કે, ફિરઔન

---

૨. પવિત્ર કુરાનની ૭૯ : ૨૬ આયત પરથી.

પાસે જા, તેણે ઘણું માથું ઊંચક્યું છે." ૭૯ : ૧૭ અલ્લાહના હુકમની અવગણના આપણે કેવી રીતે કરી શકીએ? આપણાં બધાનું રક્ષણ તે અવશ્ય કરશે જ. માટે રાજીખુશીથી અમને જવાની રજા આપો અને આશીર્વાદ પણ આપો."

મૂસા અલૈ.ની હકીકત સાંભળી માતા યોખેબેદ કહેવા લાગ્યાં, "મારા વહાલા પુત્રો! અલ્લાહનો જ આદેશ હોય તો હું તમને કેવી રીતે ના પાડી શકું? તમે મને અલ્લાહ તઆલાએ ફરમાવેલી એક વાત કરી હતી તે મને યાદ આવે છે કે, "તે તમને બંનેને એવી શક્તિ આપશે કે જેથી તમને ઈજા પહોંચાડવા કોઈ પણ તમારી પાસે ફરકશે નહીં અને તમે તથા તમારા સાથીઓ છેવટે વિજય પામશો." ૨૮ : ૩૫ તો પછી મારે બીવાનું કોઈ કારણ નથી. ફિરઔન પાસે નીડર બનીને જાઓ અને તમારું કામ કરો. મારા તમને આશીર્વાદ છે."

---

## પ્રકરણ ૧૩મું

## મૂસા અલૈ.નું મિશન–કાર્ય

ફિરઔન અને તેની કોમના સરદારો સાથે બંને પયગંબર ભાઈઓને વાદવિવાદના ઘણા પ્રસંગો યોજાયા હતા. વાતચીતની દરેક બેઠક વેળા બંને ભાઈઓ સાથે જ રહેતા હતા. ત્યારે મૂસા અલૈ. પોતાની માતૃભાષા હિબ્રૂમાં બોલતા હતા, કારણ દસ વરસ મધ્યનમાં રહ્યા હતા તેથી મિસરી ભાષા પરનો જોઈએ તેટલો કાબૂ રહ્યો ન હતો. આથી ઊલટું હારૂન અલૈ. હિબ્રૂ અને મિસરી બંને ભાષાઓ પર સારું પ્રભુત્વ ધરાવતા હતા. મિસરી ભાષા રાજભાષા હતી અને હિબ્રૂ તેમની માતૃભાષા હતી. કેટલાંયે વરસો વહી ગયાં હતાં છતાં ઇસરાઈલ–લોકોએ હિબ્રૂ ભાષાને જાળવી રાખી હતી. અંદરોઅંદર બોલચાલમાં, લખવામાં તેઓ હિબ્રૂનો ઉપયોગ કરતા હતા. મધ્યનની ભાષા અને હિબ્રૂમાં ઝાઝો ફેર ન હતો, મધ્યનની ભાષા હિબ્રૂની એક બોલી હતી; એટલે જ ફિરઔન અને મૂસા અલૈ. વચ્ચે તેઓ દુભાષિયાનું કામ કરી શકતા હતા. વળી તેઓ ઘણા જ વાચાળ હતા એટલે મૂસા અલૈ.ની દલીલોની છણાવટ છટાદાર, આકર્ષક અને સુંદર શૈલીમાં તેઓ કરતા હતા. આવી સઘળી બેઠકોમાં વાદવિવાદ હંમેશાં મૂસા અલૈ. સાથે થતો હતો

અને હારૂન અલૈ. એવા વાદવિવાદનું સ્પષ્ટીકરણ કરતા હતા.

માતાના આર્શીવાદ મળ્યા પછી તૂવાના પવિત્ર મેદાનમાં મળેલા " ફિરઔન પાસે જા "ના આદેશ અનુસાર બંને ભાઈ ઓ ફિરઔનના દરબારમાં મહામુશીબતે પ્રવેશની રજા મળતાં નીડર બનીને દાખલ થઈ ગયા અને પોતાના આવવાનું પ્રયોજન જણાવ્યું અને તેની સાથે વાતચીત શરૂ કરી દીધી. પ્રથમ બેઠકની વાતચીત શરૂ કરતાં મૂસા અલૈ. કહેવા લાગ્યા : બાદશાહ સલામત ! અમને બંનેને અલ્લાહ તઆલાએ તેના પયગંબર બનાવીને તમારી પાસે મોકલ્યા છે. મારો રબ જ તમને કહેવડાવે છે કે; " તારી એવી ઈચ્છા થાય છે કે તું પાક–પવિત્ર બની જાય ? જો તું ( શિર્કથી એટલે કે ઈશ્વરપણાની ભાગીદારીથી ) પાક–પવિત્ર થવા માંગતો હોય તો હું તને તારા પરવરદિગારનો સીધો માર્ગ દેખાડું, કે જેથી તું ભય પામે, ( અને સાચા માર્ગે પડી જાય) " ૭૯ : ૧૮–૧૯.

અહીં પ્રથમ આપણે એ બાબતનો નિર્ણય કરવાનો છે કે તમારો ઇલાહ કોણ ? અલ્લાહ સિવાય બીજો કોઈ " ઇલાહ " અર્થાત્ ઉપાસ્ય નથી. તેના ઈશ્વરપણામાં કોઈ ભાગીદાર નથી. તે જાતે કોઈ અવતાર લેતો નથી અને એનો અવતાર કોઈ માનવી લઈ શકતો નથી. માટે બાદશાહ સલામત ! તમે તેને તમારો રબ માનો અને તેની ઇબાદત કે તાબેદારી કરો. આ જ સાચો માર્ગ છે. તે કંઈ જવાબ આપતો ન હતો, ચૂપ રહ્યો.

" પછી તેણે ( મૂસાએ ) એક મોટી નિશાની–ચમત્કારિક લાકડીની–તેને દેખાડી પરંતુ તેણે તેને જૂઠી માની અને નાફરમાની કરી. પછી તો તે પીઠ ફેરવી ચાલ્યો ગયો. " ૭૯ : ૨૦ થી ૨૨. આમ મૂસા અલૈ.ની વાત તેણે માની નહીં. લાકડીના ચમત્કારને જાદુ માની લીધું અને દરબારમાંથી ઊઠીને ચાલ્યો ગયો.

બીજા પ્રસંગે[૧] ભરદરબારમાં ફિરઔનને કહેવા લાગ્યા, " બાદશાહ સલામત ! " હું તો "રબ્બુલ–આલમીન "નો અર્થાત્ વિશ્વના માલિકનો મોકલેલો એલચી અર્થાત્ પયગંબર છું. મારા માટે કોઈ રીતે એ ઘટતું નથી કે હું અલ્લાહ સંબંધી સત્ય સિવાય બીજું કંઈ વદું. નિઃસંશય હું તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી નિશાનીઓ લઈને આવ્યો છું. તો પછી ઇસરાઈલ લોકોને મારી સાથે મોકલી દે. " ૭ : ૧૦૪–૧૦૫

---

૧. આ પ્રસંગો ક્રમવાર નથી. ફિરઔન સાથેની બેઠકોમાં થયેલી ચર્ચા સાચી છે.

તમે ઇસરાઈલ–લોકોને ગુલામ બનાવી મૂકયા છે તેમની પાસે ફરજિયાત હલકાં કામો કરાવો છો અને તેમની પાસેથી વેઠ પણ લો છો. તેમના પર જુલમ કરવાનું માંડી વાળો. તેમને ગુલામીમાંથી મુક્ત કરી દો. અલ્લાહની જ ભક્તિ કરો અને ઇસરાઈલ–લોકોને મારી સાથે મોકલી દો. આ બંને બાબતો અમે અલ્લાહ તરફથી કહી રહ્યા છીએ. તેમાં કોઈ પ્રકારની બનાવટ નથી. કોઈ વધઘટ નથી. અલ્લાહનો સંદેશો તમને અક્ષરશઃ કહી સંભળાવીએ છીએ. બાદશાહ સલામત! તમારા માટે એ જ ઇષ્ટ છે કે અમારી વાતો સ્વીકારી લો. અમારી તાબેદારી કરો, ભલેને તમે રાજ કરો, પરંતુ તે ન્યાયપૂર્વક. આજથી જ અલ્લાહ તઆલાની ઇબાદત અને તાબેદારી કરવાનુ ચાલુ કરી દો; અને ઇસરાઈલી લોકોને તેમના પૂર્વજોના દેશ કનાનમાં જવા તેમને મારી સાથે કહી દો."

આ સાંભળી ફિરઔન બોલ્યો : "શું અમે તને અમારા ઘરમાં બાળક તરીકે ઉછેર્યો નથી? શું અમારા ત્યાં કેટલોક સમય તું રહ્યો નથી? ત્યારે તેં એવું કામ કર્યું હતું જે તું જાણે છે. તું અનુપકારી છે," ૨૬ :૧૮–૧૯

મૂસાએ (જવાબમાં) કહ્યું : તે વેળા હું એવું કામ કરી બેઠો હતો. ભૂલચૂકમાં મેં એ કામ કર્યું હતું. પછી જ્યારે મને તમારી બીક લાગી ત્યારે હું તમારા ત્યાંથી ભાગી ગયો હતો. પછી તો મને મારા પરવરદિગારે સદ્બુદ્ધિ આપી અને મને પયગંબરોમાંનો એક પયગંબર બનાવ્યો અને તે ઉપકાર કે જેનો ભાર તું આજે મારા પર મૂકે છે તેનો બદલો શું એ છે કે તેં ઇસરાઈલ લોકોને ગુલામ બનાવી રાખ્યા છે?" ૨૬ : ૨૦થી ૨૨.

હારૂન અલૈ. સ્પષ્ટતા કરતાં કહેવા લાગ્યા : "એ સાચી વાત છે કે તમારાં ઘરમાં જ મૂસાનો ઉછેર થયો હતો. કેટલોક સમય તેણે રાજમહેલમાં વિતાવ્યો હતો. તમારા પિતાએ જ તેમને પરણાવ્યો હતો. એમણે ભૂલથી અજાણ્યે એક કિબ્તી ભાઈનું ખૂન કર્યું હતું તેથી તેમને ફાંસીએ ચડાવવાનો તમે અને તમારા દરબારીઓએ નિર્ણય લીધો હતો. તેથી તેમને મિસર છોડી મધ્યન નાસી જવું પડ્યું હતું, પરંતુ અલ્લાહે તેમનો એ ગુનો માફ કર્યો છે. એટલે હવે એ બાબતમાં કશું કરવાનું રહેતું નથી. લાચારી એવી આવી પડી હતી અને તે તમારી નીતિના કારણે કે તમારા ત્યાં તેમનો ઉછેર થયો. પરંતુ અલ્લાહ સર્વ–શક્તિમાન છે. તેણે એમને પયગંબરનું સૌથી ઉચ્ચ પદ આપ્યું, અને તમારા ભલા માટે તમારા સુધાર માટે પાછા તમારી પાસે જ મોકલ્યા છે. શું એ યોગ્ય લેખાશે, શું એ ન્યાય્ય ગણાશે કે એમના ઉછેર માટે તેમની સઘળી ઇસરાઈલ – કોમને ગુલામ

બનાવી લેશમાં આવે ?"

આ વાદવિવાદના જવાબમાં ફિરઔન કહેવા લાગ્યો "શું અમે અમારા જેવા જ બે માણસોની વાતને માની લઈએ? અને વળી એ બે માણસો તે કોમના હોય જે અમારી ગુલામીમાં હોય!" ૨૩:૪૭ તમે બંને રબ્બુલ-આલમીનના-જગપતિના એલચી છો, તેના મોકલેલા પયગંબરો છો એવું અમે કેવી રીતે માની લઈએ? પાગલ તો નથી બની ગયા ને! અસભ્ય જાતિના છો; ભરવાડ જીવન ગુજારનારા તમે સભ્ય જાતિના લોકોને ઉપદેશ આપવા નીકળ્યા છો. ચાલ્યા જાઓ. તમારા ઉપદેશ ઉપર અમે વિચાર કરીશું.

---

ત્રીજા એક પ્રસંગે અલ્લાહ તઆલાએ સંદેશો કહેવડાવ્યો : "હે મૂસા અને હારૂન! હવે તમે બંને તેની પાસે પહોંચી જાઓ અને કહો કે અમે બંને તારા રબના મોકલેલા રસૂલ છીએ... અને ઈસરાઈલ-લોકોને અમારી સાથે જવાની રજા દે અને તેમને રંજાડ નહીં. અલબત્ત, અમે તારી પાસે તારા પરવરદિગાર તરફથી નિશાની લઈને આવ્યા છીએ. જે કોઈ સીધા માર્ગે ચાલશે તેના પર કોઈ દુઃખ આવી પડશે નહીં. અમને એવો પણ હુકમ વહ્ય કરવામાં આવ્યો છે કે જે કોઈ સત્યને જૂઠું ગણશે અને સત્યથી મોં ફેરવી લેશે તેના ઉપર કોપ ઊતરશે." ૨૦:૪૭થી ૪૯.

આ સાંભળી ફિરઔન મજાક ઉડાવતાં કહેવા લાગ્યો, "અલ્યા મૂસા! હું તારા રબને માનતો થઈ જાઉં તો તે મને શું આપશે?"

મૂસા અલૈ.એ જવાબમાં કહ્યું, "મારો રબ તમને ત્રણ વસ્તુઓ આપશે. એક, તમે જીવતા રહેશો ત્યાં સુધી જુવાન રહેશો. બીજી ઇનાયત એ હશે કે તમારું જેટલું આયુષ્ય નક્કી થયું છે તેમાં તમને સો વરસનું વધુ આયુષ્ય મળશે. ત્રીજી ઇનાયત એ હશે કે આજના જગતના તમે સમ્રાટ રહેશો."

આ સાંભળી ફિરઔનના મોંમાં પાણી છૂટી ગયું અને બંને ભાઈઓને કહેવા લાગ્યો : "બહુ સરસ! કાલે તમે અમારા દરબારમાં પધારજો. અમારા વજીરોની સલાહ લઈ તમને જવાબ આપીશું." દરબાર બરખાસ્ત થયા કેડે ફિરઔને હામાનનો મશવરો લેવા માંડયો. બીજા વજીરોની હાજરીમાં ફિરઔન કહેવા લાગ્યો : "આખા જગતનો સમ્રાટ બનવાની મને મહત્ત્વાકાંક્ષા નથી : એ હકીકત છે કે જેટલા વરસ જીવું તેટલા વરસ યુવાન રહું. એથી મૂસા અને હારૂનના પરવરદિગારને સ્વીકારી લેવા હું તૈયાર થઈ ગયો છું. તમારી

સલાહ શું છે?" હામાન બોલી ઊઠયો : "જહાંપનાહ! આ નજીવી બાબત માટે તમે ઉપાસ્ય મટીને ઉપાસક બનવા માંગો છો! જો તમે એમના રબનો સ્વીકાર કરી લેશો તો ઇસરાઇલ-લોકો આપણા લોકોના અગ્રુવા અને પુરોહિતો બની જશે. સૂર્યદેવતાના તમે અવતાર ગણાઓ છો તે ગણાશો નહીં અને તેથી તમારો હાલ જે રોફ અને દબદબો છે તે નષ્ટ પામશે. હું તમને આજ રાત્રે જ યુવાન બનાવી દઉં તો! ફિરઓને કહ્યું, "જો તેમ કરી શકો તો મારે બીજી કોઈ જરૂર નથી. મૂસા અને હારૂનના રબને સ્વીકારવાની જરૂર નથી." રાત્રે ફિરઓનની દાઢીને ખિજાબથી કાળી રંગી દીધી તેથી તે જુવાન જેવો લાગવા માંડયો.[૨]

ચોથા પ્રસંગે એવું બન્યું કે, ફિરઓનને અને તેની કોમના સરદારોને ભયભીત કરવાના ઇરાદાથી મૂસા અલૈ. અને હારૂન અલૈ. બંને દરબારમાં આવ્યા ત્યારે તેણે (મૂસાએ) કહ્યું : "ખરેખર, હું રબ્બુલ – આલમીનનો અર્થાત્ બંને વિશ્વના માલિકનો મોકલેલો પયગંબર છું." ૪૩ : ૪૭ "તમે મારું કહ્યું માનો. આપણા બંનેના રબની બંદગી કરવાનું રાખો અને ઇસરાઇલ-લોકોને આ દેશ છોડી જવાની છૂટી આપો."

આ વેળા ફિરઓન ચિડાઈ ગયો અને કહેવા લાગ્યો: "તમે બંને ભાઈઓ કોઈ નવી જ વાત લઈને આવ્યા હોય એમ લાગે છે. તમારા કહેવાથી તો એવું લાગે છે કે, તમે કોઈ દેશના એલચી બનીને આવ્યા તો નથી ને? તમે તો આકાશ અને પૃથ્વીના રબના એલચી બનીને આવ્યા છો. તમે દરેક વેળા કહેતા આવ્યા છો કે રબ્બુલ-આલમીનના એટલે કે બંને વિશ્વના માલિકના એલચી બનીને આવ્યા છો. કહો તો ખરા કે, તમારો રબ્બુલ – આલમીન કોણ છે?" ૨૦ : ૪૯ શું મારા સિવાય બીજો કોઈ રબ છે ખરો? જો હોય તો તે કોણ છે તે કહો. રબ્બુલ – આલમીનની શી હકીકત છે?" ૨૬ : ૨૩

આ પ્રશ્નથી ફિરઓન એવું જાણવા માંગતો હતો કે, બંને ભાઈઓ કોને રબ બનાવી બેઠા છે? કોને મિસરનો અધિદેવ એટલે સૌથી મોટો દેવ ગણવા માંગે છે? કોને મિસરના લોકોનો અધિષ્ઠાતા માની બેઠા છે? કોને અન્નદેવતા ગણવા માંગે છે? મારા સિવાય બીજાને માલિક ગણે તો બધા લોકો તેના કબ્જામાં આવી જાય. અને મારો માનમરતબો ચાલ્યો જ જાય ને? કોઈક દિ' મને કે મારા વંશજોને ગાદીએથી ઉઠાડી મૂકે ને! હું જ લોકોનો અધિનાથ છું. હું જ લોકોનો સૌથી મોટો દેવ છું." આ

૨. જલવાએ તૂર – મો. હાફિજ મોહમ્મદ ઈસ્હાક – પૃ. ૬૯.

વાત ઠસાવવા માટે તે બહોળો પ્રચાર કરવા લાગ્યો. એક વેળા "લોકોને ભેગા કર્યા અને પોકારીને કહ્યું : હું જ તમારો સૌથી મોટો રબ છું." ૭૯ : ૨૪. વળી તે ભાષણોમાં કે જાહેર નિવેદનોમાં કહેતો કે, નીફાત, ફતા અને માન જેવા નાના દેવતાઓ તમારા કુળ–દેવતાઓ છે. તમારા શરીરને ઘડનાર "ફીનમો" નામનો દેવતા છે. મૃત્યુલોકનો દેવતા 'ઓસીરસ' છે. સ્વર્ગનો દેવતા 'મયાઓરત' છે. 'ઇઝરીઆ' દયાની દેવી છે. તમારું આયુષ્ય નક્કી કરનાર 'તોમા' નામનો દેવ છે. 'હોરસ' દેવ તમને સુખદુઃખ આપે છે. 'હાસુ' અથવા ગૌમાતા તમારી કામધેનુ અર્થાત્ મનઃકામના પૂરી કરનારી દેવી છે. એ સઘળા દેવ–દેવતાઓમાં 'આમનરબ' એટલે કે સૂર્યદેવ સૌથી શ્રેષ્ઠ દેવ છે. મિસરના સઘળા રાજાઓ તેના અવતાર છે એટલે તેના 'રબ' નામ પરથી ફિરઔન કહેવાયા ને ! હું મિસરનો રાજવી હોઈ સૂર્યદેવનો અવતારી છું એટલે જ હું દેવાંશી છું ને ! "[૩]

દેવાંશી હોવાની ફિરઔનના દાવાની વાત પવિત્ર કુરાનમાં ઘણી જગાએ આવે છે. એક પ્રસંગે તેણે મૂસા અલૈ.ને સંભળાવી દીધું હતું કે, "જો તું મારા સિવાય બીજા કોઈને ઇલાહ અર્થાત્ ઉપાસ્ય બનાવીશ તો હું તને કેદમાં નાંખીશ." ૨૬ : ૨૯

પાંચમી બેઠકમાં "લોકોનો રબ કોણ" એની ચર્ચા શરૂ થઈ તેવું ફિરઔને સુણાવી દીધું કે, "હે દરબારીઓ ! મને તો મારા સિવાય અન્ય કોઈ તમારો ઇલાહ કે ઉપાસ્ય જણાતો નથી. માટે હે હામાન ! મારા માટે આ ભૂમિ પર (ઈંટવાડા માટે) આગ સળગાવ, અને પછી (ઈંટોનો) ઊંચો મહેલ તૈયાર કરાવ કે જેથી તેના ઉપર ચઢીને હું મૂસાના રબની માહિતી મેળવું. ખરેખર હું તો એને જૂઠું બોલનારા માંહેનો માનું છું." ૨૮ : ૩૮

"આમ કહેવામાં મારો આશય એ નથી કે, મેં સૃષ્ટિનું સર્જન કર્યું છે. હું એ કહેવા માગું છું કે, સૂર્યદેવનો હું અવતાર છું અને સૂર્યદેવ મિસરનો શ્રેષ્ઠ દેવ છે એટલે ઇજિપ્તની ગાદીનો હકદાર હું છું. આખા મિસરમાં મારી જ આણ વર્તવી જોઈએ. તમને બંને ભાઈઓને ઇસરાઈલ-લોકોને અહીંથી લઈ જવાની માગણી કરવાનો શો અધિકાર છે? તમે કહો તેમ મારે ચાલવું શું? કોની પૂજા મારે કરવી તેમાં પણ તમારી દખલગીરી? મારા ઉપર તમારા રબની હકૂમત છે એમ તમારું કહેવું છે? તેના હાથ નીચે તેનો પ્રતિનિધિ થઈ મારે તેના તમારી મારફત બતાવેલા માર્ગે ચાલવું

૩. કસસુલ-કુરાન. મૌ. હીફઝુર્રહેમાન Vol. I. પૃ. ૪૧૨–નોંધ–૧.

શું ? આ પરિસ્થિતિ અપનાવવા હું તૈયાર નથી." આથી ફિરઔને પોતાની કોમમાં ઢંઢેરો પિટાવીને કહ્યું : "હે મારી કોમના લોકો ! શું મારી પાસે મિસર દેશની હકૂમત નથી ? શું મિસરની નહેરો મારા પગ હેઠળ (મારા તાબાની) નથી ? શું એ તમને દેખાતું નથી ?" ૪૨ : ૫૧.

મૂસા અલૈ. ફિરઔનના પ્રશ્નોના જવાબ આપતાં કહેવા લાગ્યા, "બાદશાહ સલામત ! રબ અંગેનો સાચો ખ્યાલ અમે લાવ્યા છીએ. જે અમારો રબ છે, જે બંને વિશ્વનો માલિક છે તે તો સકળ સૃષ્ટિનો સર્જનહાર છે. તે આપણા બધાનો, આપણા પૂર્વજોનો અને આપણા વંશજોનો રબ છે. "તે એવો રબ છે કે જેણે દરેક વસ્તુને તેનો ઘાટ કે તેની રચના અર્પણ કર્યાં, પછી તે વસ્તુને જીવન જીવવાનો માર્ગ દેખાડયો." ૨૦ : ૫૦ એ તો ઉઘાડી વાત છે કે દરેક સજીવ કે નિર્જીવ વસ્તુને તેણે જ પેદા કરી છે. દરેક વસ્તુનો ઘાટ, તેનો દેખાવ, તેનામાં પડેલી જાગૃત કે સુષુપ્ત શક્તિઓ, તેના ગુણદોષ ઇત્યાદિ તેણે જ આપ્યાં છે. ત્યારપછી તેણે એવી વ્યવસ્થા કરી કે દરેક વસ્તુ જે હેતુ માટે પેદા કરવામાં આવી તે હેતુ પાર પાડવાનું કાર્ય અવિરત-પણે કર્યા કરે. જેમ કે કાન સાંભળવાનું, આંખ જોવાનું કામ કર્યા કરે. આવું બધું દરેક વસ્તુને તેણે જ આત્મસાત્ કર્યું છે : જેમ કે માછલીને તરવાની અને પક્ષીઓને ઊડવાની શક્તિ તેણે જ આપી છે. દરેક વસ્તુનો તે જ સર્જનહાર છે. બાદશાહ સલામત ! તમને ખ્યાલ આવી ગયો હશે કે અમારો રબ કોણ છે ? શા કારણે અમે તેને રબ માનીએ છીએ. તે જ અનુત્પત્તિમાંથી ઉત્પત્તિમાં લાવે છે. તમે મિસરના રાજવી ખરા પરંતુ રબ તો નહીં જ." તેમની વાત ફિરઔન અને તેના સરદારોને ગળે ન ઊતરી તે ન જ ઊતરી.

---

છઠ્ઠી બેઠકમાં વાત શરૂ થતાંની સાથે જ ફિરઔન તાડૂકીને બોલ્યો : "તમે બંને રબ્બુલ–આલમીનના એલચી કે પયગંબર થઈને મારા દરબારમાં આવો છો. જુઓ ને ! મારા હાથમાં સોનાના કંકણ છે. જેના પર હું પ્રસન્ન થાઉં છું તેને આ સોનાનાં કંકણ ઇનામ–અકરામ તરીકે હું આપી દઉં છું. વળી મારી તહેનાતમાં ચોવીસે કલાક એક હજૂરિયા (orderley) રહે છે અને લશ્કર પણ મારી તહેનાતમાં ખડે પગે રહે છે. જો તું તારા રબ પાસેથી આવ્યો હોય તો તેણે આવું કશું પણ તને શા માટે આપ્યું નહીં ? જો આપ્યું હોત તો તું તેનો પ્રતિનિધિ છે એમ બધા માની લેત." પવિત્ર કુરાનમાં આ બાબત આ પ્રમાણે વર્ણવેલી છે. "(જો સાચો પયગંબર હોત તો)

તેના માટે સોનાનાં કંકણ કેમ ઉતારવામાં આવ્યા નથી? અથવા તેના માટે કોઈ ફરિશ્તા ને ઑર્ડરલી કેમ મૂકયો નથી?" ૪૩ : ૫૩

મૂસા અલૈ. કહેવા લાગ્યા, "બાદશાહ સલામત! રબ્બુલ–આલમીન મારા પર પ્રસન્ન છે. તેનો હું પયગંબર છું. તેણે મને બે અજોડ વસ્તુઓ મોજિઝા તરીકે આપી છે. જુઓ આ મારી લાઠી. મારા રબનું નામ લઈ તેને જમીન ઉપર ફેંકી દઉં છું તો તે આમતેમ દોડતો સ્ફૂર્તિલો અજગર બની જાય છે. એક નિર્જીવ લાઠી મારા માલિકે આપેલી નિશાનીના પ્રતાપે અજગર બની જાય છે ને! જુઓ મારા હાથ તરફ. મારી બગલમાં નાંખી અલ્લાહનું નામ લઈ હું તેને બહાર કાઢું તો કેવો ઝગારા મારતો થઈ જાય છે! આ બે મહાન નિશાનીઓ આગળ સોનાના કંકણની શી વિસાત! હું ઇન્સાન છું અને ઇન્સાનોને હિદાયત આપી મારે તેમને સાચો માર્ગ દેખાડવાનો છે. ફરિશ્તાઓને માર્ગ દેખાડવાનો નથી અને ફરિશ્તાઓને ઇન્સાનોને માર્ગ દેખાડતા કે હિદાયત આપતા જોયા કે જાણ્યા નથીઃ તો પછી મારો ઑર્ડરલી ફરિશ્તો શા માટે હોઈ શકે?

આમ કહી મૂસા અલૈ.એ ચમત્કારિક લાઠી અને ઝગારા મારતા હાથનાં આશ્ચર્ય–કૃત્યો દેખાડયાં ત્યારે ફિરઔન અને તેની કોમના સરદારોએ "આ તો ખુલ્લું જાદુ છે." ૧૦ : ૭૬–"એવા ખેલો તો અમારા દેશના જાદુગરો પણ કરી શકે છે." એવું એવું કહીને[૪] હસીમજાકમાં ઉડાવી દીધા. ૪૩ : ૪૭ "અલ્યા મૂસા! અમને તો એવું લાગે છે કે, તું પરદેશોમાં ઘણા વરસ રહ્યો ત્યારે તેં જાદુવિદ્યા શીખી લીધી છે અને હવે તારા રબનો એલચી બનીને જાદુના ખેલો બતાવે છે. તમારા જાદુના ચમત્કારિક ખેલોથી અમે ડરી જવાના નથી અને તમે જે કહેશો તે અમે માની લેવાના નથી."

મૂસા અલૈ. નમ્રતાપૂર્વક કહેવા લાગ્યા, "તમારી આ માન્યતા સાવ ખોટી છે. મેં કોઈ જાદુવિદ્યા પ્રાપ્ત કરી નથી. મને જાદુ કરતાં આવડતું નથી. મેં અહીં જે આશ્ચર્ય–કૃત્યો બતાવ્યાં છે તે તમારા અને મારા રબે મને બક્ષેલાં છે. હું તેનો એલચી છું એટલે પણ મારાથી સત્ય સિવાય બીજું કંઈ વદી શકાય નહીં. હું જે કંઈ છું તે તદ્દન સાચું છે. મારા પર તમને વિશ્વાસ હોય તો માનો." ફિરઔન અને તેના સરદારો બોલી ઊઠયા, "અમે તો તને જૂઠો માનીએ છીએ."

---

૪. વધુ માટે જુઓ પવિત્ર કુરાનની ૨૮ : ૩૬ – ૪૦ : ૨૪ અને ૫૧ : ૩૯ની આયતો

સાતમી બેઠકમાં તો મૂસા અલૈ.ને લાગ્યું કે ફિરઔન અને તેના સરદારો સમજાવટથી માને એમ લાગતા નથી એટલે તેમને ડર બતાવવાનો કાર્યક્રમ રાખ્યો. તે કહેવા લાગ્યા : "બાદશાહ સલામત! જો તમે અને તમારી કોમના સરદારો અમારા કહ્યા પ્રમાણે વર્તશો તો તમને એવું સ્વર્ગ મળશે જેમાં કેટલાયે બાગો હશે અને તેમાં નહેરો વહેતી હશે. ત્યાં તમારે મહેનત કરવાની રહેશે નહીં અને વળી ત્યાં સદા રહેવાનું થશે. જો તમે મને જૂઠો માનશો, મને જાદુગર ગણશો અને મારી અવગણના કરશો તો તમારા ઉપર અવશ્ય અહીં જ કોઈક આફત આવી પડયા વિના રહેવાની નથી : તમે જ તમારો નાશ કરી નાંખશો તથા પરલોકમાં તમારે નરકની અગ્નિમાં સદાને માટે સબડયા કરવાનું થશે. બાદશાહ સલામત! તમે જ કહોને કે તમે કોઈ ને એલચી તરીકે કોઈક ખંડિયા રાજા પાસે મોકલો અને તે એલચીની વાત પેલો તાબાનો રાજા ન માને તો તમે શું કરો?" ફિરઔન બોલી ઊઠયો : "હું તો તેને, તેના સરદારોને અને તેના લશ્કરને દરિયામાં ડુબાડી દઉં."

મુસા અલૈ. કહેવા લાગ્યા : "જે કંઈ આકાશોમાં છે, જે કંઈ પૃથ્વીમાં છે તથા જે કંઈ તેમની વચમાં છે તેનો માલિક તો મારો રબ છે. તેને જ હું રબ્બુલ–આલમીન, સૃષ્ટિનો સર્જનહાર અને માલિક, જગપતિ કહું છું. બંને વિશ્વનું રાજ્ય તો તેનું છે અને હું તેનો એલચી છું. તમે મારું કહ્યું ન માનો તો એ મારો–તમારો રબ અને બાદશાહોનો બાદશાહ તમારી સાથે કેવી રીતે વર્તે?"

ફિરઔન બોલ્યો : "હું મિસરનો સરમુખત્યાર છું. હું જ મિસરના લોકોનો રબ છું એટલે એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં તારો રબ તું કહે છે તેમ રબ્બુલ–આલમીન કે બંને વિશ્વનો માલિક હોય તો, અને તું તેનો એલચી હોય તો, તારું ન માનવાના કારણે તે મારા લશ્કરને, મારા સરદારોને અને મને દરિયામાં ડુબાડી દે." આમ બંને પયગંબર ભાઈ ઓને ન માને તો પોતાને શી શિક્ષા થવી જોઈએ તેનો નિર્ણય તેણે પોતે જ આપી દીધો.

---

આખરી બેઠકના વાદવિવાદના પ્રસંગનું વર્ણન પવિત્ર કુરાનની ૨૬ : ૨૩થી ૩૬ની આયતોમાં આ પ્રમાણે કરવામાં આવેલું છે :

ફિરઔને પૂછ્યું : "અને બંને વિશ્વના રબ વિષે શી હકીકત છે?"

મૂસાએ કહ્યું : "આકાશો અને પૃથ્વી તથા તેમની બંનેની વચ્ચે જે કંઈ છે તેનો તે રબ છે : જો તમને મારા પર વિશ્વાસ હોય તો–(આ વાત માનો.)"

ફિરઓને પોતાની આજુબાજુના દરબારીઓને કહ્યું : "સાંભળો છો ને!"

મૂસાએ કહ્યું : "તે તમારો રબ છે એટલું જ નહીં તમારા બાપ-દાદાઓનો પણ તે જ રબ છે."

ફિરઓને કહ્યું : "રબ્બુલ–આલમીને (અર્થાત્ જગપતિએ) જેને અમારા તરફ પયગંબર તરીકે મોકલ્યો છે તે તો ખરેખર પાગલ જેવો લાગે છે."

મૂસાએ કહ્યું : "જો તમે (તમારા પૂર્વગ્રહને તજીને) બુદ્ધિપૂર્વક વિચારશો તો સમજી શકશો કે પૂર્વનો અને પશ્ચિમનો તથા તેમની બંનેની વચ્ચેનો તે જ રબ છે."

તેણે (ફિરઓને) કહ્યું : "જો તું મારા સિવાય અન્ય કોઈને ઇલાહ અથવા ઉપાસ્ય બનાવીશ તો હું તને કેદીઓમાં પધરાવી દઈશ."

મૂસાએ કહ્યું : "જો હું તારી પાસે એક ઉઘાડો મોજિઝો અથવા આશ્ચર્ય–કૃત્ય લાવ્યો હોઉં તો પણ ?"

ફિરઓન કહ્યું : "જો તું સાચો હોય તો તે આશ્ચર્ય–કૃત્ય અમને દેખાડ."

આથી મૂસાએ પોતાની લાઠી જમીન પર ફેંકી દીધી એટલે તરત જ તે ખરેખર અજગર બની ગઈ અને પોતાનો હાથ બગલમાં નાંખી બહાર કાઢ્યો તો તે ઝગારા મારતો થઈ ગયો.

"આ જોઈ ફિરઓન પોતાની આજુબાજુના દરબારીઓ પર નજર નાંખી બોલ્યો : ખરેખર આ તો મહા–ઉસ્તાદ જાદુગર છે અને એ જાદુગર તમને તમારા દેશમાંથી જાદુના બળ વડે કાઢી મૂકવા માંગે છે. તેના સંબંધમાં તમે શું સલાહ આપો છો ?"

તેમણે જવાબમાં કહ્યું : "તેને તથા તેના ભાઈને થોડીક ઢીલ આપો."

આમ મૂસા અલૈ. અને હારૂન અલૈ. અંગે શાં પગલાં ભરવાં તે માટે ચર્ચાવિચારણા કરવાનું નક્કી કર્યું.

## પ્રકરણ ૧૪મું

## મૂસા અલૈ.ને માત કરવા ચર્ચા–વિચારણા

આપણે જોયું કે, વાદવિવાદના અનેક પ્રસંગો ઉપસ્થિત થયા હતા; પરંતુ એકે પ્રસંગે મૂસા અલૈ.એ તેજ સ્વભાવના હોવા છતાં, પોતાનો મિજાજ ગુમાવ્યો ન હતો, આથી ઊલટું ફિરઔન અને તેના સરદારો તેમને ગુલામી કોમનો હલકો માણસ, અનુપકારી, તોતડો, પાગલ, જૂઠો અને જાદુગર કહેતાં સહેજે પણ ખચકાતા ન હતા. આવા અપમાનજનક શબ્દો તેમની રૂબરૂમાં કહેવામાં આવતા હતા, છતાં શાંતચિત્તે તે આ બધું સાંભળી લેતા અને સમજાવવાનું પોતાનું કાર્ય કર્યે જતા હતા. ફિરઔન તો તેમને જેલમાં પૂરી મારી નાંખવાની ધમકી પણ આપતો હતો. મૂસા અલૈ.ના મોઅ્જિઝા જોઈ ફિરઔનને એવી ધાસ્તી લાગી ગઈ કે તેનું રાજ્ય છિનવાઈ જશે અને ભરદરબારમાં ગમે તેવું અર્થ વિનાનું તેણે બોલી નાંખ્યું. તેના જેવા મહારાજ્યના શક્તિશાળી બાદશાહ સામે દબાયેલી, ગુલામીમાં સપડાયેલી કોમના ફક્ત બે જણા ઊભા હતા. તેમની પાસે કોઈ સૈન્ય ન હતું. તેમની કોમમાં જોમ ન હતું. રાજ્યને ઉથલાવી પાડવાની કોઈ ચળવળ ન હતી. કોઈ રાજ્યનો તેમને ટેકો ન હતો. આ પરિસ્થિતિ હતી ત્યાં લાઠીનો અજગર બની જતાં જોઈ અને એક હાથને ઝગારા મારતો જોઈ ફિરઔન ચીસ પાડી ઊઠયો કે, "જાદુના બળ વડે અમને દેશમાંથી કાઢી મૂકવા માંગે છે." આ શબ્દો તેને લાગેલો ભય સૂચવે છે. જાદુના બળથી કોઈ રાજ્યક્રાંતિ થઈ નથી, કોઈ લડાઈ જિતાઈ નથી. જાદુગરો તો તેના રાજ્યમાં અસંખ્ય હતા અને હેરત પમાડે તેવા જાદુઈ ખેલો બતાવતા હતા. તે જાતે પણ સમજતો હતો કે જાદુના ખેલો બતાવી ઇનામ – અકરામ સિવાય જાદુગરોની કોઈ કિંમત હોતી નથી.

હવે ફિરઔન અને તેની કોમના સરદાર સમક્ષ પવિત્ર કુરાનમાં જ સૂચવેલી બાબતોના પ્રશ્નો ઉપસ્થિત થયા.

૧. "હે મૂસા! શું તું એટલા માટે આવ્યો છે કે, અમારા બાપદાદાઓ જે માર્ગ પર હતા તે માર્ગ પરથી અમને હટાવી મૂકે અને અહીંની ભૂમિ પર તમારી વડાઈ (તમારું વર્ચસ્વ) સ્થપાય." ૧૦ : ૭૮.

૨. "હે મૂસા! શું તું એટલા માટે અમારી પાસે આવ્યો છે કે તારા જાદુના બળ વડે અમને અમારા દેશમાંથી કાઢી મૂકે?" ૨૦ : ૫૭

૩. "મને વહેમ આવ્યાં કરે છે કે આ માણસ (મૂસા) તમારા ધર્મનો પલટો કરી નાંખશે અથવા દેશમાં ફિતના-ફિસાદ ઊભા કર્યા કરશે." ૪૦:૨૬

આ કારણે તે "મૂસા અલૈ. વિરુદ્ધ કોઈક યુક્તિ શોધી કાઢવા માંગતો હતો." ૭૯:૨૨ તેમની સામે કેવી રીતે કામ લેવું તે અંગે વિચાર કરવા ફિરઓનને તેની કોમના સરદારોએ ઉતાવળિયું પગલું ન ભરવા અને થોડોક સમય રાહ જોવાની સલાહ આપી હતી. આ સમય ૬ માસનો હતો.[1] આ સમય દરમ્યાન આ પયગંબર ભાઈઓ પર શા પગલાં ભરવાં તેની ચર્ચાવિચારણા કરવા બેઠક યોજાઈ અને તેમાં નીચેના પ્રશ્નો રજૂ થયા હતા.

૧. બંને ભાઈઓને દરબારમાં આવતા બંધ કરી દેવા. આ બાબત પર વિચારણા કરતાં એવું ઠરાવવામાં આવ્યું કે એમ કરવું હિતાવહ નથી. જો તેમને અટકાવવામાં આવે તો મિસર જેવા બળવાન અને સભ્ય રાજ્યની પતીજ અને તેનો મોભો બંને નષ્ટ પામે અને આમજનતાનું વલણ તેમના તરફનું થઈ જાય. જનતામાં ધર્મપ્રચારનો છૂટો દોર મળી જાય અને પછી ધર્મપ્રચાર કરતાં અટકાવીએ તો રાજ્યધર્મની આબરૂને ધોકો લાગે અને "ફિરઓન તેમનો રબ છે" એવી લોકમાન્યતા નષ્ટ પામે એટલે વધુ ને વધુ લોકો મૂસા અલૈ.નો ધર્મ સ્વીકારતા થાય અને પહેલાંની જેમ દેશમાં પરધર્મી ને પરદેશી હકૂમત સ્થાપિત થાય.

૨. તેમના "રબ્બુલ-આલમીન"ને જ ખતમ કરી દેવો. આ પ્રશ્નની ચર્ચા નીકળતાં ફિરઓને કહ્યું કે "હે રાજ્યાધિકારીઓ! હું તો મારા સિવાય બીજા કોઈને તમારો રબ જાણતો નથી." ૨૮:૩૮ બીજો કોઈ રબ છે તે જાણવા માટે મેં હામાનને ઈંટો પડાવવાનો અને તેનો એક ઊંચો મહેલ બાંધવાનો હુકમ આપ્યો હતો. તેના પર ચઢીને મૂસાના રબની તલાશ કરી હતી પણ તેનો પત્તો મને તો ન મળ્યો. પછી તો મેં તેને મારી નાંખવા ગગનમાં એક તીર ફેંક્યું જે લોહીથી ખરડાયેલું પાછું આવ્યું હતું, એટલે મૂસાનો રબ તો મારી નાંખવામાં આવ્યો છે. એટલે આ પ્રશ્ન અંગે કશું કરવાનું રહેતું નથી. પરંતુ આવી જાહેરાત આપણે લોકોમાં કરીએ તો લોકો આપણને મૂર્ખા લેખે." આવી હાસ્યજનક બાબત રશિયનોએ અવકાશમાં સ્પુટનિક મોકલી ઉપસ્થિત કરી છે. કમ્યુનિસ્ટ લોકોનું કહેવું છે કે, અમારા સ્પુટનિક અવકાશયાત્રીઓને અવકાશમાં ક્યાંયે ખુદા

---

૧. ઉર્દૂ કસસુલ-અંબિયા. પૃ.-૧૬૨

મળ્યો નથી.૨ શું તેઓ એવું માની બેઠા છે કે રબ્બુલ – આલમીન અવકાશમાં ક્યાંય બેઠેલો છે? આ અગાધ વિશ્વમાં જમીનથી ઉપર કેટલાક લાખ માઈલના અંતરે અંતરિક્ષમાં તે ન મળે તો એમ સમજી લેવું કે તે ક્યાંય નથી? રબ્બુલ – આલમીન તો પૂર્વમાં છે, પશ્ચિમમાં છે, તેમની વચ્ચેની જગામાં છે; અર્થાત્ તે સર્વવ્યાપક છે.

૩. બંનેને કેદમાં પૂરી દેવા. આ પ્રશ્ન ચર્ચાની એરણ પર આવ્યો ત્યારે ફિરઓન કહેવા લાગ્યો: "આપણા કેદખાનાં ઊંડા કૂવા જેવાં છે. તેમાં કેદીને નાંખ્યા પછી તે રિબાઈ રિબાઈ ને મરી જાય છે. કેદખાનાંની આવી હાલત બંને ભાઈઓ જાણે છે, છતાં મેં તેમને ત્યાંની હાલત કેવી છે તેનો પૂરેપૂરો હૃદયદ્રાવક ખ્યાલ આપ્યો હતો અને કેદમાં નાંખવાની ધમકી આપી હતી. તેની અસર તેમના પર જરાયે અસર ન થઈ. ઊલટું મને કહેવા લાગ્યા કે, "અમારા રબનાં ઉઘાડાં આશ્ચર્ય–કૃત્યો બતાવું તોપણ તું અમને કેદમાં નાંખીશ?" ૨૬:૩૦ આમ કહેવામાં તેમના કહેવાનો આશય એ હતો કે તેમને પકડી શકે એવું કોણ છે? જો હું લશ્કર મોકલું તો તેને આવતું જોઈ પેલો ઝગારા મારતો હાથ બતાવે એટલે બધા સૈનિકોની આંખો અંજાઈ જ જાય ને! અને તે સમયે લાઠીના અજગરને છોડી મૂકે તો આખા લશ્કરનો કોળિયો જ કરી જાય ને! અને આપણા તરફ છોડી મૂકે તો આપણા બધાંનું આવી જ બને ને! આ સંજોગોમાં તેમને કેદમાં પૂરવાનું શક્ય નથી.

૪. બંને ભાઈઓને જાદુના જોરે માત કરવા. આ પ્રશ્ન હામાન વજીરે રજૂ કર્યો. રજૂઆત કરતાં તે કહેવા લાગ્યો: "આપણા દેશમાં આજે જાદુ ખૂબ જ પ્રચલિત છે. હજારો જાદુગરો દેશના ખૂણેખાંચરે જાદુના ખેલો કરતા ફરે છે. ઉસ્તાદ જાદુગરો છે અને મહા–ઉસ્તાદ જાદુગરો પણ છે. એવા બાહોશ જાદુગરોને કોઈક વિશાળ મેદાનમાં ભેગા કરી ધોળે દહાડે મૂસાનો મુકાબલો કરાવવાની જરૂર છે. મને તો સંપૂર્ણ ખાતરી છે કે આપણા જાદુગરો આ બંને ભાઈઓને માત કર્યા વિના રહેવાના નથી: અને તેઓ માત થશે તો તેમના ધર્મપ્રચારનો, તેમની વડાઈ સ્થાપવાનો, ઇસરાઈલ–લોકોને મિસરમાંથી લઈ જવાનો અને આપણને દેશમાંથી હાંકી કાઢવાનો— એવા એવા પ્રશ્નોનો ઉકેલ આપમેળે આવી જશે." ફિરઓન અને તેના

---

૨. તફહીમુલ–કુરાન. મો. મૌદૂદી. Vol. III. પૃ. ૬૩૮. નોંધ–૫૩.

સરદારોને હામાનનો આ ઉકેલ અત્યંત ગમી ગયો. મૂસા અલૈ. અને હારૂન અલૈ. બંને જાદુગરોનો મુકાબલો કરે એવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

---

## પ્રકરણ ૧૫મું

## મૂસા અલૈ.નો જાદુગરો સાથે મુકાબલો

બેઠકમાં થયેલા ઠરાવ અનુસાર જાદુગરોનો સામનો કરવાનું આહ્વાન આપવામાં આવ્યું કે, "હે મૂસા! અમે પણ તારા મુકાબલામાં એવું જ જાદુ લાવીએ છીએ. તારા અને અમારા વચ્ચે ક્યાં અને ક્યારે મુકાબલો કરવો તે તું જ નક્કી કરી લે. આ નિર્ણયથી ન તો અમે ફરી જઈશું, ન તું ફરી જજે. ખુલ્લા મેદાનમાં આવી જા." ૨૦ : ૫૮

ફિરઓન અને તેના સરદારો મૂસા અલૈ.ના મોજિઝાઓને જાદુ માની બેઠા હતા, એટલે પોતાને આપવામાં આવેલ નિશાનીઓ જાદુ નથી પણ આશ્ચર્ય-કૃત્યો છે એવું પુરવાર કરવાની તક મળી છે એમ જાણી તેમણે આહ્વાન સ્વીકારી લીધું; અને સ્વીકારતાં કહ્યું, "ઈદના દિવસે મુકાબલો રાખીએ અને દિવસ ચઢયે લોક એકઠા થઈ જાય." ૨૦ : ૫૯ મિસરના લોકો જેને 'યૌમુલ-ઝીનત' કહેતા હતા તે ઈદના દિવસે સવારના ૯-૧૦ વાગ્યાના સમયે મુકાબલો રાખવાનું સૂચન મૂસા અલૈ.એ જાતે કર્યું હતું. વળી તે દિવસે આખા રાજ્યમાંથી લોકોને એલેકઝાંડ્રિયાના દરિયાકિનારાના વિશાળ મેદાનમાં એકઠા થવાનું એમણે સૂચવ્યું.[૩] અહીં મોટો જનસમુદાય એકઠો થવાનો સંભવ હતો અને સમય સવારના ૯-૧૦ વાગ્યાનો રાખવામાં એ હેતુ હતો કે સૂર્યના અજવાળામાં લોકો સારી રીતે જોઈ શકે અને શંકા-કુશંકા કરવાની કોઈને તક ન મળે.

આ મુકાબલો જોવા વધુ ને વધુ સંખ્યામાં લોકો પધારે એવું ફિરઓન પણ ઇચ્છતો હતો, તેથી એના પક્ષે આ ઈદનો દિવસ અને સવારનો સમય સ્વીકારી લીધો. આ સ્વીકાર્યા પછી ઈદના દિવસને ૬ માસ હતા[૪] તેથી પૂરતી તૈયારી કરવાની તક ફિરઓનને મળી ગઈ. જ્યાંથી

---

૩. મુવાહિબ-૭ : ૧૧૬ની આયતની તફસીર જુઓ.

૪. ઉર્દૂ કસસુલ-અંબિયા. પૃ. ૧૩૨.

પણ જાદુગરો મળે ત્યાંથી તેમને લઈ આવવા ફિરઔને માણસો મોકલી દીધા. આ સમય અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "તેમણે (સરદારોએ) કહ્યું : એને અને એના ભાઈને થોડોક સમય આપો અને શહેરોમાં હલકારા એટલે કે ખેપિયા મોકલો કે તેઓ તમારી પાસે કુશળ જાદુગરો લઈ આવે." ૨૬ : ૩૬–૩૭ વળી આખા દેશમાં દાંડી પિટાવી આ બાબતની ખબર આપવામાં આવી હતી. તેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે, "આપણા જાદુગરો મૂસાને હરાવશે તો આપણો ધર્મ ટકી રહેશે. જો તેવું નહીં બને તો બંને ભાઈઓનો ધર્મ છવાઈ જશે. આપણા જાદુગરોને ઉત્તેજન આપવા અને જાદુની મહાન સ્પર્ધા જોવા જાહેર નિમંત્રણ છે." લોકોને લઈ આવવા માટે મોકલેલા ખેપિયા લોકોને કહેતા, "ઇજતેમામાં ચાલશોને! જાદુગરોને ઉત્તેજન આપવા માટે જરૂર પધારો."

આ સ્પર્ધા માટે રાજ્ય તરફથી સર્વ પ્રકારની તૈયારી કરવામાં આવી હતી. એલેકઝાંડ્રિયાના મેદાનને શણગારવામાં આવ્યું હતું. સ્ટેડિયમની માફક બેસવા માટે અને પ્રેક્ષકો જોઈ શકે તે માટે ચારે તરફથી વચમાં જતો ઢાળ રાખવામાં આવ્યો હતો. એક બાજુ ખાસ તંબુ નીચે મુખ્ય મંચ તૈયાર કરવામાં આવ્યો હતો, તેના પર ફિરઔન, તેનાં કુટુંબીજનો, તેના સરદારો–દરબારીઓ અને રાજ્યાધિકારીઓ તથા પુરોહિતોની બેસવાની વ્યવસ્થા હતી. મુખ્ય મંચની બાજુમાં જાદુગરોને બેસવાનું હતું. મૂસા અલૈ.ને અને હારૂન અલૈ.ને જાદુગરો પાસે જ મંચની અડોઅડ બેસવાની જોગવાઈ હતી. વચમાં મોટી જગા ખુલ્લી રાખવામાં આવી હતી. બાકીની જગા આમજનતા માટે રાખવામાં આવી હતી. બેસવામાં કે જોવામાં લડાઈ–ટંટા ન થાય તે માટે સૈનિકો ગોઠવી દેવામાં આવ્યા હતા. મેદાનમાં અમુક જગાએ ભઠ્ઠીઓ ખોદવામાં આવી હતી કે જેથી સ્પર્ધાના સમયે તે નીચેથી સળગતી રહે અને તેમની ઉપરની જમીન ગરમ રહે.

બંને પક્ષે મુકાબલાને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો હતો, ફિરઔન પક્ષે ૭૦,૦૦૦ જેટલા જાદુગરો મેદાનમાં ઊતર્યા હતા. તેઓ પોતાનાં સાધનો સાથે હારબંધ ગોઠવાઈ ગયા હતા. સામા પક્ષે રબ્બુલ–આલમીનના ફક્ત બે જ પયગંબર ખેલાડીઓ હતા, જાદુગરોએ ભગવાં કપડાં પહેર્યાં હતાં જ્યારે બંને પયગંબરો સફેદ કફનીમાં સજ્જ હતા. આ પૈકી હારૂન અલૈ.ના હાથ ખાલી હતા. મૂસા અલૈ.ના હાથમાં બે પાંખિયાળી લાકડી હતી. જાદુ અને મોજિઝા વચ્ચેની આ ટેસ્ટ–મેચ હતી. જાદુગરો અને બે પયગંબરો વચ્ચેનો આ ટેસ્ટ–મુકાબલો હતો. પરંતુ ખૂબી તો એ હતી કે

આ મેચ જોવા માટે ટિકિટો ન હતી, મેચ મફતમાં જોવાની હતી. જોવા આવનારાઓને માનપૂર્વક બોલાવવામાં આવ્યા હતા અને માનપૂર્વક વ્યવસ્થિત બેસાડવામાં આવ્યા હતા. ફિરઓન પક્ષના લાખો લોકો આ મુકાબલો જોવા આવ્યા હતા. તેમને ખાતરી આપવામાં આવી હતી કે જાદુગરોની જીત થવાની પૂરી શક્યતા છે તેથી તે બધા હર્ષઘેલા થઈને આવ્યા હતા. અને ખૂબ જ ઉલ્લાસમાં હતા. આથી ઊલટું મૂસા–હારૂન (અલૈ.)ના પક્ષે છૂપાતા છૂપાતા કેટલાક ઇસરાલીઓ આવ્યા હતા. પરંતુ તેઓ ઉઘાડી રીતે તેમને ઉત્તેજન આપી શકતા ન હતા. ફિરઓન પક્ષના પ્રેક્ષકો મોટેથી બૂમો પાડતા હતા કે, "જાદુગરોનો જય થાઓ!" "જાદુગર ઝિંદાબાદ." આમ પોકારીને તેમનામાં ઉત્સાહ અને હોંશ પૂરતા હતા, તથા તેમનામાં આત્મશ્રદ્ધા પ્રેરતા હતા. આમ કરીને તેઓ પયગંબર ભાઈઓમાં હતાશા ઊભી કરવા માંગતા હતા; પરંતુ બંને ભાઈઓ અલ્લાહ તઆલા પર શ્રદ્ધા રાખી આત્મનિર્ભર થઈને બેઠા હતા.

અહીં ભેગા થયેલા ૭૦ હજાર જાદુગરોમાં ૭૦–૭૨ મહા–ઉસ્તાદ જાદુગરો હતા. તેમના જેવું જાદુ કોઈ કરી શકે તેમ ન હતું, બધા જાદુગરોનો આગેવાન શમઉન નામનો જાદુગર હતો.[૫] તે નેનવાહથી આવ્યો હતો. મહા–ઉસ્તાદ જાદુગરોનો મોટો ભાગ ઇસરાઇલીઓનો જ હતો. "લોઢાને લોઢું કાપે' એ સિદ્ધાંતને અનુલક્ષી કુર્મા નગરમાં તેમને ખાસ તાલીમ માટે ફિરઓને જ મોકલ્યા હતા.

બધાંના વતી શમઉન ફિરઓનને કહેવા લાગ્યો, "બાદશાહ સલામત! અહીં એવા જાદુગરો ભેગા થયા છે કે તેમના જેવું જાદુ પૃથ્વી પર બીજા કોઈ જાણતા નથી. હા, ઉપરથી કંઈક બને તો જ અમે લાચાર બની જઈએ. જો તેવું કંઈક ન બને તો અમારી જીત નિશ્ચિત છે. આ આ આગેવાન જાદુગર કોઈક વાત કરવા માંગે છે, તે સાંભળવા આપ નામદારને મારી અરજ છે."

તેમણે ફિરઓનને કહ્યું : "જો અમે જીતી જઈએ તો અમને બદલો મળશે ને? તેણે કહ્યું : "હા, હા, તમે અમારા માનીતા બની જશો." ૭ : ૧૧૩–૧૧૪ આમ સારો બદલો મળવાનું વચન મળતાં આગેવાન જાદુગરો પોતાની જગાઓએ આવ્યા. શમઉન કહેવા લાગ્યો : "જો જીત મળશે તો બધા જ જાદુગરોને સારો બદલો આપવાનું બાદશાહે વચન

૫. મુવાહિબ. ૭ : ૧૧૨મી આયતની તફસીર.

આપ્યું છે: માટે હવે બધા તૈયાર થઈ જાઓ અને મનમૂકીને તમારી જાદુવિદ્યા દેખાડો." આ સમયે મૂસા અલૈ. સઘળા જાદુગરોને કહેવા લાગ્યા, "જુઓ! હું રબ્બુલ–આલમીનનો મોકલેલો એલચી છું; હું પયગંબર છું. પયગંબર છું તે બાબતમાં મને જૂઠો ન માનો. અમે પયગંબરો કદી જૂઠું બોલતા નથી કે ખોટું કામ કરતા નથી. અમારું કામ હિદાયત આપવાનું છે. તમે મને સાચો માનો. તમે મારી સામે જીત મેળવવાના નથી." આ સંબોધનનો અગત્યનો ભાગ પવિત્ર કુરાનમાં આ પ્રમાણે આપવામાં આવેલો છે:

"હે દુર્ભાગી લોકો! અલ્લાહ પ્રત્યે જૂઠું ન કહો. નહીં તો કોઈક કોપથી તમારો નાશ થશે. અને જે કોઈ અલ્લાહ પ્રત્યે આળ મૂકે છે તે અંતે નિષ્ફળ જાય છે." ૨૦:૬૧ આ વાત સાંભળી ત્યારે તેમનામાં બે પક્ષ પડી ગયા. અને તેઓ ગુસપુસ ગુસપુસ મસલત કરવા લાગ્યા. તેઓ કહેતા હતા કે, આ માણસ જાદુગરોની માફક બોલતો નથી, તે સાચો લાગે છે."[૧] વળી તેમણે નક્કી કર્યું કે જો આ માણસ જીતી જાય તો આપણે તેની તાબેદારી સ્વીકારી લઈશું." ફિરઓન અને તેના સરદારો જાદુગરોની ગુસપુસ થતી મસલત જોઈ રહ્યા હતા. તેઓ પૂછવા લાગ્યા: "શું બાબત છે? શેની ગુસપુસ ચાલી રહી છે?" બીકના માર્યા જાદુગરોએ વાત છુપાવી અને જવાબ આપ્યો કે, "નિઃસંશય એ બંને જાદુગરો છે અને જાદુના જોરે તેઓ તમને તમારા દેશમાંથી કાઢી મૂકવા માંગે છે અને તમારી અનુપમ અને અનુકરણીય રહેણીકરણીને મિટાવી દેવા માંગે છે." ૨૦:૬૩ આ જવાબ સાંભળી ફિરઓન અને તેના કેટલાક સરદારો કહેવા લાગ્યા કે આ સમયે આવી ગુસપુસ વાતો હોય? આજે આગળપાછળનો વિચાર કરવાનો હોય?! મનને કાબૂમાં રાખી દૃઢ બનીને કામ કરો. તમે પણ તમારા સઘળા દાવપેચ એકઠા કરી લો અને પછી મેદાનમાં હારબંધ ગોઠવાઈ જાઓ. આજે જે ચઢિયાતો રહેશે તેણે બાજી જીતી લીધી એમ કહેવાશે." ૨૦:૬૪ આ હુકમ છૂટતાં બધા જાદુગરો ગોળાકાર હારોમાં ગોઠવાઈ ગયા, જ્યારે મૂસા અને હારૂન (અલૈ.) સમક્ષ તેમનો નેતા શમઉન આવીને ઊભો થઈ ગયો. આ સમયે કોણ દાવ પહેલો ફેંકે તે માટે ટોસ ઉછાળવાનો ન હતો. જાદુગરો જ બોલ્યા: "તમે દાવ ફેંકો છો કે અમે ફેંકીએ?" ૨૦:૬૫ મૂસાએ કહ્યું: "ના, ના, તમે જ ફેંકો."

---

૧. તફસીરે કાદરી–Vol. II. પૃ. ૩૪.

૨૦ : ૬૬ આમ સરસાઈ ભોગવી શકાય તે માટેની તક મૂસા અલૈ.એ જાદુગરોને જ આપી. હવે રમત શરૂ થઈ.

ફિરઔને હુકમ આપ્યો તેની સાથે મેદાનમાં લાઠીઓ અને દોરડાં પડવા લાગ્યાં. એમ કહેવામાં આવે છે કે, ત્રણ ગધેડાં લાદીને[૭] લાઠીઓ અને દોરડાં જાદુગરો લાવ્યા હતા. મેદાનમાં અસંખ્ય સાપ સાપોલિયાં આમ તેમ ચાલતાં ફરતાં દેખાયાં. કેટલીક લાઠીઓના પોલાણમાં પારો ભરેલો હતો જે ગરમ થતાં ફૂલવા લાગ્યો એટલે વધુ જગા રોકવા જતાં તે લાઠીઓના સાપ હાલતાચાલતા દેખાયા હતા. જાદુગરોએ નજરબંધીથી સાપ દેખાડયા હતા. પવિત્ર કુરાનમાં આ સંબંધી કહેવામાં આવ્યું છે કે, "તેમના દોરડાં અને લાઠીઓ વગેરે તેમના જાદુના પ્રતાપે એવા દેખાવા લાગ્યા કે જાણે મોટા વિકરાળ સાપ દોડી રહ્યા છે." ૨૦ : ૬૬ પછી જ્યારે તેમણે પોતાના જાદુના દાવ નાંખ્યા ત્યારે લોકોની નજરબંધી કરી દઈ ને સૌને ડરાવી માર્યા. આમ તેમણે ભારે જાદુ દેખાડયું." ૭ : ૧૧૬, આમ-તેમ દોડતા ફરતા તથા પોતાના તરફ લપકતા સાપ જોઈ, "મૂસા અલૈ. પણ ડરી ગયા." ૨૦ : ૬૭ તેમના મનમાં એવો વસવસો થયો કે લોકો ઉપર જાદુની અસર પડી જશે અને સાચી વાત સમજવામાં આવશે નહીં. એ સમયે અમે (અલ્લાહે) કહ્યું : "જરાયે ડર નહીં; વર્ચસ્વ તો તારું જ રહેશે. તારા જમણા હાથમાં જે કંઈ છે તે જમીન પર ફેંકી દે. તે જાદુગરોની સઘળી બનાવટો હડપ કરી જશે. જાદુગરોએ જે કંઈ કર્યું છે તે તો જાદુનો પ્રપંચ છે. જાદુગરો ગમે તેવું કરે પરંતુ તેમને સફળતા મળતી નથી." ૨૦ : ૬૮–૬૯ આ વાત પવિત્ર કુરાનની ૭ : ૧૧૭ની આયતમાં આ પ્રમાણે કહેવામાં આવી છે : "અને અમે મૂસાને વહી મારફત જણાવ્યું કે તું પણ તારી લાઠી ફેંકી દે." "પછી મૂસાએ પોતાની લાઠી જમીન ઉપર ફેંકી દીધી તો તેમના જૂઠા ચમત્કારોને અર્થાત્ જાદુગરોએ જે ઢોંગ ધતૂરા રચ્યા હતા તેમને ગળી જતી હતી." ૨૬ : ૪૫ મૂસા અલૈ.ની લાઠી અજગર બનીને સઘળા બનાવટી સાપોને ગળી જવા લાગી. બાકીના અજગરના પેટમાં હજારો સાપ જાણે કૂવામાં પડતા હોય તેમ પડતા હતા. આ લાઠીનો અજગર ખરેખર સાચો અજગર હતો, જ્યારે જાદુગરોના સાપ સાચા ન હતા. ફક્ત દેખાવમાં જ સાપ હતા. જો જાદુગરોના સાપ સાચા હોત તો તેઓ ત્યાં જ એકબીજા

૭. તફસીરે કાદરી–Vol. II. પૃ. ૩૪.

સાથે અથડાયા હોત; અને ખાસ કરીને સાચો અજગર તેમને હડપ કરી જતો હતો ત્યારે તે સાપ નાસી ગયા હોત અથવા સાચા અજગર સાથે ઝપાઝપી કરી હોત; પરંતુ આવું કશું બન્યું નહીં. તેથી પુરવાર થયું કે લાઠીનો અજગર સાચો સાપ હતો જ્યારે જાદુગરોનાં દોરડાંના અને લાકડીઓના સાપ દેખાવમાં જ સાપ હતા. તમે પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે કે અજગરના પેટમાં પડેલાં દોરડાં અને લાકડીઓનું શું થયું હશે ? તેના પેટમાં પડતાંની સાથી જ થોડી વારમાં તે બધાં મળ કે હવાના સ્વરૂપમાં બહાર નીકળી જતાં હશે.

લાઠીના અજગરે આખું મેદાન સાફ કરી નાંખ્યું. ત્યાર પછી તેણે અતિવિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. તેની પૂંછડી સમુદ્રના પાણી સુધી પહોંચી ગઈ અને તેણે પોતાનું મોં ૮૦ ફૂટ જેટલું પહોળું કર્યું હતું. તેની આંખો અંગારા જેવી ધગધગતી હતી. આ સમયે પ્રેક્ષકો તરફ જરાક લપક્યો ત્યાં તો નાસભાગ થવા લાગી અને તે નાસભાગમાં ૨૫-૩૦ હજાર માણસો માર્યા ગયા. પછી અજગર ફિરઓન અને તેના દરબારીઓ તરફ લપક્યો. તે જોઈ ફિરઓન બૂમો પાડવા લાગ્યો : "હે મૂસા ! તારી લાઠી જલદી લઈ લે. તે મારા દરબારીઓને અને મને હડપ કરી જશે." મૂસા અલૈ.એ અજગર પર પોતાનો હાથ મૂક્યો એટલે અસલ લાઠી હાથમાં આવી ગઈ.

આથી સત્ય પુરવાર થયું અને ફિરઓન, તેના દરબારીઓ અને જાદુગરો જે કંઈ કરતા હતા તે મિથ્યા થઈને રહ્યું. આમ ફિરઓનીઓ મુકાબલામાં હારી ગયા.

---

## પ્રકરણ ૧૬મું

# મુકાબલામાંથી નિપજેલાં પરિણામો

જાદુગરો સાચી પરિસ્થિતિ સમજી ગયા. તેમને સંપૂર્ણ ખાતરી થઈ ગઈ કે મૂસા અલૈ.નું જાદુ નહોતું, તેમનો મોજિઝો અર્થાત્ અલ્લાહે બક્ષેલું આશ્ચર્ય–કૃત્ય હતું એટલે જ અમે હજારોની સંખ્યામાં હતા અને જાદુ વિદ્યામાં અમે ગાંજ્યા જઈએ એવા નો'તા છતાં એક જ માણસે અમને હરાવી દીધા, એથી અમને પણ ખાતરી થઈ છે કે આ બંને ભાઈઓ રબ્બુલ – આલમીનના મોકલેલા છે. આથી તેઓ 'સિજદા'માં પડી ગયા અને પુકારી પુકારીને કહેવા લાગ્યા કે "અમે રબ્બુલ – આલમીન એટલે કે બંને વિશ્વના રબને માની લીધો, તે રબને માની લીધો જેને હારૂન અને મૂસા માને છે." ૭:૧૨૧–૧૨૨

ફિરઔને જોયું કે પોતાની બધી બાજી ઊંધી વળી ગઈ છે, પોતે હલકો પડી ગયો છે, પોતાની ભારે નાલેશી થઈ છે અને આ જાદુગરો ફરી બેઠા છે તેમ મિસરની આમજનતા પણ ફરી બેસે એવી પૂરતી વકી છે તેથી તે એક નવી ચાલ ચાલ્યો અને કહેવા લાગ્યો : "આમ કેમ? હું તમને રજા આપું તે પહેલાં તો તમે (ફરી બેઠા અને) ઈમાન લઈ આવ્યા? તેથી એવું જણાય છે કે મિસર દેશના મૂળમા લિકોને તેમના દેશમાંથી કાઢી મૂકવાની કોઈક છૂપી ચળવળ રાજધાનીના આ શહેરમાં તમે ચલાવી રહ્યા છો. હવે તમને ખબર પડી જશે કે એનું શું પરિણામ આવે છે? હું તમારા હાથપગ ઊલટાસૂલટી કપાવી નંખાવીશ અને પછી તમને સૌને શૂળીએ ચઢાવી દઈશ." ૭:૧૨૩–૧૨૪ ફરીથી ધમકી આપતાં ફિરઔન તાડૂક્યો : "આમ કેમ? હું તમને રજા આપું તે પહેલાં તો તમે (ફરી બેઠા અને) ઈમાન લઈ આવ્યા. તેથી એમ જણાય છે કે એ તમારા બધાનો ગુરુ છે, તેણે જ તમને જાદુ શીખવાડયું છે. ઠીક! હવે હું તમારા હાથપગ ઊલટાસૂલટા કપાવી નંખાવીશ અને ખજૂરિયોનાં થડિયાં પર તમને શૂળીએ ચઢાવીશ. પછી તમને ખબર પડી જશે કે અમારા બેમાંથી કોની શિક્ષા વધુ આકરી અને વધુ ટકી રહેનારી છે." ૨૦:૭૧

જ્યારે કોઈ વ્યક્તિમાં સાચું અને પાકું ઈમાન પ્રગટે કે અડગ શ્રદ્ધા જન્મે છે ત્યારે તે વ્યક્તિ ગમે તેવી ધાકધમકીથી સહેજ પણ દબાતી

નથી અને મોતથી પણ ડરતી નથી. જાદુગરોની બાબતમાં પણ એવું જ બન્યું. તેમનામાં ઈમાન પ્રગટ્યું હતું. સવારના તેઓ નાસ્તિક હતા, સાંજે આસ્તિક બની ગયા હતા. સવારમાં તેઓ ઇનામ–અકરામની લાલચમાં પડયા હતા, સાંજે તેમનામાં અલ્લાહ પ્રત્યે અડગ શ્રદ્ધા જન્મી હતી. આ કારણે તેઓ એવા નિડર બની ગયા હતા કે તેમના હાથપગ ઊલટાસૂલટા કાપી નાંખવાની ધમકી અ.પવામાં આવી હતી; પછી ખજૂરિયોનાં થડિયાએ શૂળીએ દેવાની અને તેમનાં મૃતદેહોને લટકાવી રાખવામાં આવશે એવી બીક બતાવવામાં આવી હતી છતાં પણ તેમનું ઈમાન જરાયે ડગમગ્યું નહીં કે ન તો તેમની શ્રદ્ધાને ઝાંખપ લાગી. ઊલટું તેઓ ફિરઔનને ઉઘાડે છોગે કહેવા લાગ્યા: "કંઈ પરવા નથી. નિઃસંશય અમે અમારા રબ પાસે પાછા જવાના જ છીએ; પણ અમે એવી આશા રાખીએ છીએ કે અમારો રબ અમારા ગુના, એ કારણે માફ કરી દેશે કે અમે આજે સર્વ લોકોમાં પ્રથમ જ ઈમાન લાવનાર છીએ." ૨૬ : ૫૦–૫૧

પછી તો જાદુગરો ફિરઔનની સામા થઈ ગયા અને કહેવા લાગ્યા : "સત્યની ખુલ્લી નિશાનીઓનો પ્રાદુર્ભાવ થયો તેથી તથા જેણે અમને પેદા કર્યા છે તેથી અમે તને કદાપિ પણ પ્રાધાન્યતા આપીશું નહીં: ભલેને, તું જે કંઈ કરવા માંગતો હોય તે કરી લે. તું શું કરી લઈશ? વધુમાં વધુ તું અમારી આ જિંદગીનો ફેંસલો કરી શકીશ. અમે તો અમારા પરવરદિગાર પર ઈમાન લઈ આવ્યા છીએ જેથી નિઃસંશય તે અમારા ગુના માફ કરી દેશે અને ખાસ કરીને તેં બળજબરાઈથી અમારી પાસે જાદુ કરાવ્યું તે ગુનો તો તે અવશ્ય માફ કરી જ દેશે. અમારા માટે તારા કરતાં અલ્લા બહેતર છે. અને તે ચિરસ્થાયી રહેનારો પણ છે." ૨૦ : ૭૨–૭૩

હે ફિરઔન! ઈમાન લાવવા માટે તારી રજા મેળવવાની જરૂર નથી, તે સમજાવતાં જાદુગરો કહેવા લાગ્યા : "અમે તો અમારા માલિક પાસે પાછા જવાના જ છીએ! તો પછી અમને બીક શેની? તું એટલા માટે જ અમારા પર વેર લેવા માંગે છે કે અમે સારીય દુનિયાના માલિક પર ઈમાન લઈ આવ્યા? અમને તો અમારા રબની નિશાનીઓનું દર્શન થયું ત્યાર પછી જ અમે ઈમાન લઈ આવ્યા છીએ. હે અમારા પરવરદિગાર! તું અમારા ઉપર સહનશીલતાનાં દ્વાર ઊઘાડી નાંખ અને અમને ઈમાનની દશામાં મૃત્યુ આપ." ૭ : ૧૨૫–૧૨૬

જાદુગરોની આ હિંમત જોઈ ફિરઔન રાતોપીળો થઈ ગયો અને

હુકમ આપી દીધો કે બધા જાદુગરોના હાથપગ ઊલટા-સૂલટા કાપી નાંખો અને તેમનાં ગળાંઓમાં દોરડાં બાંધી ખજૂરિયોનાં થડિયાં પર તેમને લટકાવી દો. આ સમયે વળી પાછી જાદુગરોએ દુઆ માંગી હતી કે, "હે અમારા પરવરદિગાર! તું અમને ધીરજ ધરવાનું બળ આપ અને અમને ઈમાનની હાલતમાં જ મૃત્યુ આપ." આ સમયે ત્યાં સન્નાટો જ છવાઈ ગયો હશે ને! અને ત્યાર પછી બધા પ્રેક્ષકો વિખરાવા માંડયા હશે ને !

આ પ્રસંગે કેટલાક ઇસરાઈલી યુવાનો ઈમાન લઈ આવ્યા. આ અંગે પવિત્ર કુરાનમાં ફરમાવવામાં આવેલું છે કે, "ફિરઔન અને તેના સરદારો દુઃખ આપે તથા સતાવે એવા ભયથી મૂસા પર તેની કોમના કેટલાક યુવાનો સિવાય બીજું કોઈ ઈમાન લાવ્યું નહીં. અને ખરેખર ફિરઔન સારાયે મિસર દેશમાં મહાબળવાન અને મહાજુલમગાર હતો. જુલમ કરવામાં તે હદ વટાવી ગયો હતો. તેથી મૂસાએ પોતાની કોમના ઈમાન લઈ આવનારા લોકોને કહ્યું : જો તમે ખરેખર અલ્લાહ પર ઈમાન લાવ્યા હોય તથા તેની તાબેદારી કરવા માંગતા હોય તો તેના પર શ્રદ્ધા રાખો." ૧૦ : ૮૩ – ૮૪ ફિરઔનથી લગીરે ડરશો નહીં.

આ સાંભળી તેમણે કહ્યું : "અમે તો અલ્લાહ પર જ શ્રદ્ધા રાખીએ છીએ. હે અમારા પરવરદિગાર ! અમને આ જુલમગાર કોમની અજમાયેશમાં નાંખનો મા : અને તારી કૃપા વડે એ અધર્મીઓથી અમને છુટકારો આપ." ૧૦ : ૮૫ – ૮૬

સઘળા ઇસરાઈલીઓ ઈબ્રાહીમ અલૈ.ના ઇસ્હાક અલૈ.ના અને યાકૂબ અલૈ.ના વંશજો હતા એટલે મૂસા અલૈ. તથા હારૂન અલૈ.ને પયગંબર માનતા તો હતા, પરંતુ ગુલામીના કારણે એટલા ડરપોક બની ગયા હતા કે તેમને સાથ આપવા અને તેમની તાબેદારી કરવા બહાર પડતા ન હતા. જાદુગરો કિબ્તી કોમના હતા, આઝાદી ભોગવતા હતા તેથી હિંમત દાખવી "મૂસા અને હારૂનના રબ" પર ઈમાન લઈ આવ્યા. તેમણે આઝાદીની ખુમારી બતાવી, જ્યારે ઇસરાઈલીઓએ ગુલામીનું ડરપોકપણું દેખાડયું.

જાદુ અને મોઅજિઝાની આ ટેસ્ટ–મેચ એવી રમાઈ કે એ મેચોની શ્રેણી ન થઈ શકી. એક જ મેચમાં સાબિત થઈ ગયું કે જાદુમાં પ્રપંચો હોય છે, તેમાં નજરબંધી હોય છે, તેમાં બનાવટ હોય છે : જ્યારે મોઅજિઝામાં પ્રપંચો હોતા નથી, કોઈ પણ પ્રકારની બનાવટ હોતી નથી. કુદરત તરફથી તેમાં બધું બને છે. જાદુગરો જ ઈમાન લઈ આવ્યા એટલે ફરીથી મુકાબલો યોજાય એવી પરિસ્થિતિ જ ન રહી. બધા જ પ્રેક્ષકોને ખાતરી થઈ ગઈ

હતી કે મૂસા અલૈ. સાચા હતા, પરંતુ તેમણે એટલે કિબ્તીઓએ જાણી-બૂઝીને અભિમાન અને હઠધર્મી રાખીને મોઅજિઝાઓનો ઇન્કાર કર્યો, પણ "તેમનાં અંતઃકરણોમાં તેમની સત્યતાની તો ખાતરી જ થયેલી હતી." ૨૭ : ૧૪ આ હઠધર્મીના લીધે કોઈ પણ કિબ્તી ઈમાન લાવવા તૈયાર ન થયો.

ફિરઔન, તેના સરદારો, તેના દરબારીઓ અને તેના રાજ્યાધિકારીઓને આ મુકાબલો જોવાથી સંપૂર્ણ ખાતરી થઈ ગઈ હતી કે મોઅજિઝો કુદરતી હતો, તેમાં જાદુનો અંશ પણ નો'તો, છતાં તેમણે હઠધર્મી દાખવી મૂસા અલૈ.ની વાતનો સ્વીકાર ન કર્યો. તેમણે જ મુકાબલો યોજ્યો હતો. તેમાં જાદુગરોએ અલ્લાહની નિશાનીઓ જોઈ લીધી એટલે હાર સ્વીકારી લીધી, એટલું જ નહીં મૂસા અલૈ. પર ઈમાન લઈ આવ્યા હતા. એટલે જ ફિરઔન એન્ડ કંપની એટલી ભોંઠી પડી ગઈ હતી કે પોતાનો મોભો અને પ્રતિષ્ઠા ગુમાવી બેસે એવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ હતી. તેથી ફિરઔન નવી ચાલ ચાલ્યો કે જેથી પોતાની પ્રતિષ્ઠા જળવાઈ રહે. જાદુગરોને ડરાવ્યા, ધમકાવ્યા પણ તેમણે જરાયે મચક આપી નહીં. ઉપરથી સંભળાવી દીધું કે, "તારાથી થાય તે કરી લે, અમે તો રબ્બુલ-આલમીન પર, જે મૂસા અને હારૂનનો પણ રબ છે, તેના પર ઈમાન લઈ આવ્યા છીએ." તેમને શૂળીએ લટકાવ્યા પરંતુ મૂસા અલૈ. અને હારૂન અલૈ.ને એક શબ્દ પણ બોલવાની હિંમત દાખવી શક્યો નહીં.

---

ફિરઔન અને તેના સરદારોને જાદુ અને મોઅજિઝાના મુકાબલામાં થયેલી સખત હારથી તથા જાદુગરોના વર્તનથી ચેન પડતું ન હતું એટલે તરત જ દરબાર ભર્યો અને મુકાબલાની ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી. એ ચર્ચામાં નીચેના પ્રશ્નોની છણાવટ કરવામાં આવી :

૧. મૂસા અલૈ. પાસે જાદુ હતું કે મોઅજિઝો ? ચર્ચામાં તેઓ કહેવા લાગ્યા : "બંને માણસ જેવા માણસ છે. તેમનામાં કોઈ વિશિષ્ટતા નથી. બંને વિશ્વના રબના તેઓ એલચી છે તેવું તેઓ કહ્યા કરે છે. તેથી તેઓ કહે છે તેમ શું આપણે માની લેવું ! વળી બંને અસભ્ય જાતિના છે, ગુલામ કોમના છે એટલે આપણે સભ્ય જાતિના અને આઝાદ કોમના હોઈ તેમની તાબેદારી કેવી રીતે સ્વીકારી લઈએ ?" તેમનાં અંતઃકરણોમાં તેમની સત્યતાની ખાતરી થઈ ગઈ હતી," છતાં હઠધર્મીના કારણે એવું ઠેરવ્યું કે મૂસા અલૈ. મહાજાદુગર જ છે.

૨. આ બંને ભાઈઓને છૂટા રાખવા કે કેમ? એ પ્રશ્ન ચર્ચાની એરણ પર આવ્યો ત્યારે ફિરઔનની કોમના સરદારો બોલી ઊઠયા : "હે ફિરઔન! તો પછી તું મૂસા અને તેની કોમના લોકોને આપણા દેશમાં ફિતનો-ફિસાદ કરવા શા માટે છૂટા રાખે છે? શા માટે તેમને પહેલાંની જેમ રહેવા દે છે? આથી તેઓ તારી તથા તારા દેવ-દેવતાઓની પૂજા કરવાનું છોડી બેઠા છે." ૭ : ૧૨૬

જવાબમાં ફિરઔને કહ્યું : "હવે ફરીથી અમે તેમના પુત્રોને મારી નંખાવીશું અને તેમની પુત્રીઓને જીવતી રાખીશું. અમારું તો તેમના ઉપર પૂરું આધિપત્ય છે." ૭ : ૧૨૭ વળી પવિત્ર કુરાનમાં બીજી જગાએ આ અંગે કહેવામાં આવ્યું છે કે, "અને અમે મૂસાને અમારી નિશાનીઓ અને સ્પષ્ટ પુરાવા સાથે ફિરઔન તથા હામાન તથા હારૂન પાસે મોકલ્યો, પરંતુ તેમણે તો એવું કહ્યું કે એ તો જાદુગર છે–મહા-જૂઠો. અને પછી જ્યારે સાચી બાબત લઈને તે લોકો પાસે આવ્યો ત્યારે તેઓ કહેવા લાગ્યા કે જે લોકો એના પર ઈમાન લાવ્યા છે તેમના પુત્રોને મારી નાંખો અને તેમની પુત્રીઓને જીવતી રહેવા દો." ૪૦ : ૨૩ થી ૨૫.

ઇસરાઈલ લોકોના પુત્રોને જન્મતાં જ મારી નાંખવાના અને પુત્રીઓને જીવતી રાખવાના ફિરઔન રાજાઓએ એકંદરે ત્રણ વાર હુકમો આપ્યા હતા: (૧) સૌથી પહેલો યૂસુફ અલૈ.ના મરણ પછી સોએક વરસે ભરવાડ રાજાઓને અને અમાલેક લોકોને કાઢી મૂકયા પછી ઇસરાઈલીઓને દબાવવા માટે આમ કરવામાં આવ્યું હતું, (૨) બીજો હુકમ મૂસા અલૈ.ના જન્મ વેળા જ્યોતિષીઓએ ફિરઔનનાં સ્વપ્નોનો ઉકેલ આપ્યો તે વેળા (૩) ત્રીજી વેળાએ લેકઝાંડ્રિયાના મેદાનમાં મૂસા અલૈ. જાદુથી માત ન થયા, ત્યાર પછી તેમને છૂટા રાખવા કે કેમ ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે.

આ ચર્ચામાં થયેલા હુકમની જાણ મૂસા અલૈ. અને હારૂન અલૈ.ને થઈ ત્યારે તેમણે ઇસરાઈલ-લોકોને એકઠા કર્યા અને આશ્વાસન આપતાં કહેવા લાગ્યા : "હે મારા જ્ઞાતિબંધુઓ! તમે અલ્લાહની મદદ માંગો અને ધીરજ રાખો. આ ધરતી તો અલ્લાહની જ છે. તે પોતાના બંદા એટલે કે સેવકોમાંથી જેને ચાહે છે તેને (જમીનનો) માલિક બનાવી દે છે. અંતિમ પરિણામ તો તે લોકો માટે છે જે અલ્લાહથી ડરતા રહે છે." ૭ : ૧૨૮

આ સાંભળી તેઓ (ઇસરાઈલ-લોકો) બોલી ઊઠયા : "તારા આવ્યા પહેલાં અને તારા આવ્યા પછી પણ અમે તો પીડા ભોગવતા રહ્યા છીએ."

મૂસા અલૈ.એ જવાબમાં કહ્યું : "ટૂંકમાં જ તમારો પરવરદિગાર તમારા શત્રુનો નાશ કરશે અને તમને કોઈક દેશમાં જગા આપશે. (અર્થાત્ તમને રાજ્ય આપશે.) ત્યાર પછી તે જોતો રહેશે કે તમે કેવું વર્તન દાખવો છો." ૭ : ૧૨૯

હારૂન અલૈ.એ તેમને સમજાવતાં કહ્યું : "ફિરઔનના દિવસો હજુ ભરાઈ ગયા નથી. અલ્લાહ હજુ તેને ઢીલ આપવા માંગે છે કે જેથી તેને એવું કહેવાનું ન રહે કે સુધરી જવા માટે તેને પૂરતી તક આપવામાં આવી નથી. ખુદા–તઆલા તો દુષ્ટ વ્યક્તિને સુધરી જવા, અલ્લાહનો ઇનકાર કરનાર તેમાં ગળાબૂડ ડૂબી ન જાય અને દુષ્ટ લોકો પોતાનાં દુષ્ટકૃત્યો પૂરાં કરી ન લે ત્યાં સુધી ઢીલ આપે છે. જયારે આવી દુષ્ટ વ્યક્તિને કોઈ રીતે સુધરી ન જાય અને પોતાની દુષ્ટતા અને પોતાનો હઠાગ્રહ ચાલુ રાખે ત્યારે અલ્લાહ તેનો નાશ કર્યા વિના રહેતો નથી. ફિરઔન અને તેના કોમ માટે છેવટનો ફેંસલો ખુદા ન આપે ત્યાં સુધી તમે શાંત રહો, બળાપો કર્યા કરો નહીં. હમણાં જ અમને વહી દ્વારા કહેવામાં આવ્યું છે કે, "તમે બંને તમારી કોમ માટે મિસરમાં જ કિબ્લાનાં મકાનો બનાવો અર્થાત્ તે મકાનોને પ્રાર્થના–ઘરો બનાવો તથા નમાજ પાબંદીથી પઢતા રહો. તમને છુટકારો મળશે, એ શુભ–સમાચાર પણ સંભળાવી દો." ૧૦ : ૮૭ તમારા શત્રુઓ ફિરઔન, તેના સરદારો અને તેની કોમના લોકો છે, જે જુલમી કોમના લોકો છે, એ જુલમી પ્રજાનો વહેલો મોડો નાશ થવાનો જ છે અને તેમની ગુલામીમાંથી તમારો છુટકારો થવાનો જ છે."

---

## પ્રકરણ ૧૭મું

### મૂસા અલૈ.ને કતલ કરવાના મનસૂબા

મુકાબલા પછી થયેલ ચર્ચાવિચારણામાં બંને ભાઈઓને છૂટા રાખવા કે કેમ ?" એ પ્રશ્ન છેડાતાં ફિરઔનના સરદારો કહેતા હતા કે "મૂસાને શા માટે કતલ કરી નાખતા નથી ?" આ પ્રશ્ન તેના મનમાં ઘોળાયા કરતો હતો તેથી તેણે મૂસા અલૈ.ને મળવાનું પણ બંધ કરી દીધું.[1] તે આવી બેચેનીની સ્થિતિમાં તો હતો જ, તેમાં તેણે ઇસરાઇલ–

---

૧. મુવાહિબ Vol. XIV P. 114, ૪૦ : ૨૬ની તફસીર.

લોકોને પાઠવેલા શુભ-સમાચાર જાણ્યા એટલે તે ગુસ્સામાં ખળભળી ઊઠયો અને પોતાના સરદારોને કહેવા લાગ્યો : "જોઉં છું, મૂસાનો પરવરદિગાર તેના શત્રુઓનો કેવી રીતે નાશ કરશે? તેના શત્રુઓ બીજા કોણ? હું અને તમે જ ને? વળી તે ગુલામીમાંથી ઇસરાઈલીઓને છુટકારો મળવાની પણ આગાહી કરે છે. હું તેમને મિસરમાંથી જવા જ દેવાનો નથી ને? પછી તે ઇસરાઈલીઓને આપણી ગુલામીમાંથી કેવી રીતે છુટકારો અપાવશે? જો તમે બધા સહમત થતા હો – તો મને મૂસાને જ કતલ કરી નાંખવા દો ને? પછી ભલે તે તેના પરવરદિગારને પોકાર્યા કરે! મને તો એ ડર લાગ્યા કરે છે કે તે તમારા ધર્મને બદલી નાંખશે અથવા આ દેશમાં ઝઘડા ઉપસ્થિત કર્યા કરશે." ૪૦:૨૬

ઉપરની આયત પરથી જણાય છે કે ફિરઔન એવું દેખાડવા માંગતો હતો કે તે પોતાના સરદારોના વિચારોને લઈને મૂસા અલૈ.ને કતલ કરવા માંગતો ન હતો. પોતે તો તેમ કરવામાં જરાયે ગભરાતો નથી. સત્ય બીના તો એ હતી કે તે અને તેના સરદારો મૂસા અલૈ.ના મોજિઝાઓથી – લાકડી અને ઝગારા મારતા હાથથી – એટલા ડરતા હતા કે તેમને કતલ કરવાની, જેલમાં નાંખવાની કે બીજાં કોઈ પગલાં ભરવાની કોઈની હિંમત ચાલતી ન હતી; આ કારણે તેમને કોઈ પણ પ્રકારની શારીરિક દુઃખ આપવાની વાત બધા સરદારો ટાળી દેતા હતા.

મૂસા અલૈ.એ જ્યારે તેમને કતલ કરવાની વાત જાણી ત્યારે તે કહેવા લાગ્યા : "હું તો દરેક ઘમંડી માણસ કે જે હિસાબના દિવસને માનતો ન હોય તેનાથી બચવા માટે મારા–તમારા પરવરદિગારનો આશ્રય શોધું છું." ૪૦:૨૭ આથી ફલિત થાય છે કે ગમે તેવી પરિસ્થિતિમાં તેઓ અલ્લાહનું શરણું શોધતા હતા, પોતાને એનાયત થયેલા મોજિઝાઓનું નહીં. આપણા માટે પણ દુઃખમાંથી બચવાને સૌથી સારામાં સારો ઉપાય મૂસા અલૈ.એ જે ઉપાય લીધો હતો તે છે અર્થાત્ અલ્લાહનો આશ્રય.

તેમને કતલ કરવાની ચર્ચામાં "ફિરઔનના આપ્તજનોમાંથી[૨] ઈમાન લઈ આવેલો એક પુરુષ, જેણે અત્યાર સુધી પોતાનું ઈમાન છુપાવી રાખ્યું હતું તે કહેવા લાગ્યો : "તમે એક માણસને એટલા માટે મારી નાંખવા માંગો છો કે તે એટલું કહે છે કે મારો રબ અલ્લાહ છે અને તે

---

૨. તે ફિરઔનના કાકાનો દીકરો હતો. તેનું નામ ખેરબીલ હતું, જુઓ મુવાહિબ Vol. XIV P. ૧૧૯, ૪૦–૨૭ ની તફસીર.

તમારી સમક્ષ પરવરદિગારની નિશાનીઓ લઈને આવ્યો છે. આમ છતાં તે જૂઠો હશે તો તેનું જૂઠાણું તેને જ ભારે પડશે: પરંતુ જો તે સાચો હશે તો તેમને જે આફતોથી તે ડરાવે છે તેમાંની થોડીઘણી તમારા ઉપર આવી પડશે. નિઃસંશય જે માણસ સાવ જૂઠો હોય તેને અલ્લાહ સાચો માર્ગ દેખાડતો નથી. હે મારા ભાઈઓ ! આજે અહીં તમારું રાજ્ય છે અને આ દેશમાં તમે સત્તાધારી છો : પણ કાલે આપણા ઉપર અલ્લાહની આફત આવી પડે તો આપણને કોણ બચાવશે ? " ૪૦ : ૨૮-૨૯

બધા તેને શાંતિપૂર્વક સાંભળી રહ્યા હતા ત્યારે વચમાં ફિરઓન બોલી ઊઠયો : " હું તો તમને એવી સલાહ આપું છું જે મારી સમજમાં આવે છે. તથા તમને હું તે માર્ગ બતાવું છું જેમાં હું તમારી ભલાઈ સમજું છું.' ૪૦ : ૨૯

ફિરઔને તેથી મોઘમપણે જણાવ્યું કે પોતાની સમજ અને માર્ગદર્શન આવાં છે, તેથી તે ખોટાં છે તેવું મોઘમપણે કહી ખેરખ્વાહે આમ જણાવ્યું : ' હે મારા ભાઈઓ ! મને તો ભય લાગ્યા કરે છે કે તમારા ઉપર અગાઉની પ્રજાઓના જેવી આફતો આવી ન પડે ! એટલે કે નૂહ તથા આદ તથા સમૂદ તથા તેમની પછીની પ્રજાઓના જેવી હાલત ન થઈ જાય ! અને અલ્લાહ તો લોકો પર કોઈ પણ પ્રકારની સખતાઈ કરવા માંગતો નથી." ૪૦ : ૩૦-૩૧

" વળી મને એ પણ ભય લાગ્યા કરે છે કે તમારા ઉપર હાંક-પોકારનો દિવસ[3] આવી ન પડે! ત્યારે તમે પીઠ ફેરવીને ભાગી જવા માંગશો, પણ તમને અલ્લાહના કોપથી બચાવનાર કોઈ પણ નહીં હોય : (યાદ રાખે) અલ્લાહ જેને ભૂલમાં રાખે છે તેને માર્ગદર્શન આપનાર કોઈ મળશે નહીં." ૪૦ : ૩૨-૩૩

" અને ખરેખર તમારી પાસે એના ( મૂસા ) પહેલાં યૂસુફ ખુલ્લી નિશાનીઓ લઈને આવ્યો હતો. પરંતુ તે જે લાવ્યો હતો તેમાં તમે સતત શંકા-કુશંકાઓ એટલે સુધી કરતા હતા કે જયારે તે મરણ પામ્યો ત્યારે તમે કહેવા લાગ્યા હતા કે એના પછી અલ્લાહ કદી પણ કોઈ પયગંબર મોકલશે નહીં. આમ જે કોઈ હદ વટાવી જાય છે તેને અલ્લાહ હિદાયતની એટલે કે સાચા માર્ગદર્શનની પ્રેરણા આપતો નથી." ૪૦ : ૩૪

---

૩. મુવેહીબ Vol. XIV. ૪૦ : ૩૨ ઉપરની તફસીર

ખેરબીલે ગોપમપણે બતાવી દીધું કે ફિરઓન ખોટો છે તથા યૂસુફ અલૈ. પછી મૂસા અલૈ. એક પયગંબર છે.

શરૂઆતમાં ખેરબીલ સાચી પરિસ્થિતિ ગોપમપણે સમજાવતો હતો, પરંતુ લોકો તેની વાત સાંભળી ન સાંભળી કરી દેતા હતા એટલે તોડી-ફોડીને સ્પષ્ટ શબ્દોમાં તે કહેવા લાગ્યો : " હે મારી કોમના લોકો ! તમે મારું અનુકરણ કરો. હું તમને પુણ્યના માર્ગે લઈ જઈશ. આ જીવનમાં કામચલાઉ લાભ લેવાનો હોય છે; જ્યારે પરલોકના જીવનમાં કાયમના મકાનમાં રહેવાનું છે. જે કોઈ અનીતિ આચરશે તેને તે અનીતિના પ્રમાણમાં બદલો મળશે ૪ જે કોઈ પુણ્ય કરશે, પછી ભલેને તે પુરુષ હોય કે સ્ત્રી, પણ તે વ્યક્તિ શ્રદ્ધાળુ અર્થાત્ અલ્લાહમાં માનનારી હશે તો તે સ્વર્ગમાં દાખલ થશે અને ત્યાં તેને અપાર રોજી આપવામાં આવશે." ૪૦ : ૩૮થી ૪૦

ખેરબીલની વાતોથી લોકો સમજી ગયા કે તેણે ધર્મપલટો કર્યો છે એટલે તેઓ તેને ધમકાવવા લાગ્યા કે, "અલ્યા ખેરબીલ ! તેં તો આપણા બાપદાદાઓનું નામ બોળ્યું. તને શરમ ન આવી કે તેં પેલા મહા-જાદુગર મૂસાનો જૂઠો ધર્મ અંગિકાર કરી લીધો અને આપણા દેવ દેવતાઓની પૂજા છોડી દઈ મૂસા–હારૂનના રબની ઇબાદત અને તાબેદારી કરવા લાગી ગયો !"

આ સાંભળી ખેરબીલ કહેવા લાગ્યો, " હે મારા જ્ઞાતિબંધુઓ ! આ શું થઈ રહ્યું છે ? હું તમને સ્વર્ગ તરફ બોલાવી રહ્યો છું અને તમે મને નરકાગાર તરફ બોલાવી રહ્યા છો ! તમે તો મને એવી હાલતમાં ઢસડી લઈ જવા માગો છો કે હું અલ્લાહનો ઇનકાર કરું (હું નાસ્તિક બની જાઉં ) અને એવી વસ્તુઓને તેના ઈશ્વરપણામાં ભાગીદાર બનાવું જેમની મને જરાયે જાણ નથી. હું તો તમને તેના–અલ્લાહ–તરફ બોલાવું છું જે મહા-સામર્થ્યવાન અને અતિ–ક્ષમાવાન છે એ તો ઉઘાડું સત્ય છે કે તમે મને તેની (ફિરઓનની તાબેદારી) તરફ બોલાવો છો કે જે ન તો આ લોકમાં કે ન તો પરલોકમાં આપણી કોઈ પણ જરૂરિયાત પૂરી પાડવા પોકારવાને લાયક છે. વળી એ પણ ઉઘાડું સત્ય છે કે આપણે સર્વ કોઈને અલ્લાહ પાસે પાછા જવાનું છે અને નિઃસંશય હદ વટાવી જનારા લોકો જ નરકવાસીઓ છે. " ૪૦ : ૪૧થી ૪૩

---

૪. એક અનીતિ કે ખોટા કામનો બદલો તેના જેટલો જ મળવાનો છે : જ્યારે એક પુણ્ય કે સારા કામનો બદલો અગિયાર ગણો મળવાનો છે. મુવાહિબ Vol. XIV પૃ ૧૩૦. ૪૦ : ૩૪ની તફસીર.

પછી તો ફિરઓન અને કંપનીએ તેને મારવા લીધો એટલે તે કહેવા લાગ્યો : " હું જે કંઈ કહી રહ્યો છું તે તમે નજીકના ભવિષ્યમાં યાદ કરશો. હું તો મારો કેસ અલ્લાહને સોંપી દઉં છું.." ૪૦ : ૪૪–૪૫.

આમ કહી તે સભામાંથી ચાલ્યો ગયો અને એક ગુફામાં જઈ અલ્લાહની બંદગીમાં દિવસો ગાળવા લાગ્યો. ફિરઓને તેને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. તેને પકડવા ફિરઓનના અંગરક્ષકો ગુફા પાસે આવ્યા તો ત્યાં આજુબાજુ વાઘ, વરુ, ચિત્તા જેવાં હિંસક પ્રાણીઓ ફરતાં નજરે પડયાં. તેમને જોઈ અંગરક્ષકો પાછા ફરી ગયા અને ફિરઓનને આ હકીકત કહી સંભળાવી. વાત છૂપી રાખવા ત્યાં ગયેલા અંગરક્ષકોને બાદશાહે મારી નંખાવ્યા; જેથી ખેરબીલ સાચો છે એવી વાત ફેલાય નહીં.[૫] ખેરબીલે પોતાનો કેસ અલ્લાહને સોંપી દીધો હતો. એટલે અલ્લાહે પણ તેને તેના–ફિરઓનના–દાવપેચની મુસીબતોમાંથી બચાવી લીધો અને પછી તો ફિરઓન અને તેની કોમના લોકોને દુઃખભરી આપત્તિઓએ ઘેરી લીધા." ૪૦: ૪૫. એથી મૂસા અલૈ.ને કતલ કરવાનો પ્રશ્ન જ બાજુએ પડી ગયો. તેમના ઉપર એક પછી એક એટલી આપત્તિઓ પડી કે ખેરબીલ અને મૂસા અલૈ.ને મારી નાંખવાની વાત કરવાની પણ તેમને ફુરસદ મળતી ન હતી, ઊલટું આપત્તિઓમાંથી ઊગરવા માટે ફિરઓન અને કંપનીને વારંવાર મૂસા અલૈ. પાસે આવવું પડતું હતું અને કરગરવું પડતું હતું.

---

૫. તફસીરે કાદરી Vol. II. પૃ. ૩૫૦ તથા ગુજ. કુરાન ઇસ્ફહાની Vol. II. પૃ–૯૦૬.

## પ્રકરણ ૧૮મું

# ફિરઔન અને ફિરઔનીઓ પર પડેલી આફતો

ફિરઔન અને તેની કોમના લોકો ગળથૂથીમાંથી જ હતા ઘમંડી અને ગર્વિષ્ઠ.[૧] ઘમંડમાં ને ઘમંડમાં તેઓ મૂસા અલૈ.ને તોતડો,[૨] મહા-જૂઠો,[૩] મહા–ઉસ્તાદ જાદુગર,[૪] પાગલ,[૫] અનુપકારી,[૬] નીચ[૭] અને અઠંગ પ્રપંચી[૮] કહીને તેમનું અપમાન કરતા હતા અને તેમની ઠેકડી ઉડાડતા હતા. વળી તેઓ તેમના પર એવો આક્ષેપ મૂકતા હતા કે તે તો મિસરીઓને દેશમાંથી કાઢી મૂકવા માંગે છે અને મિસરની ગાદી પચાવી પાડવા માંગે છે તથા તેમના ધર્મનું નિકંદન કાઢવા માંગે છે.[૯] પછી વાત ત્યાં સુધી ગઈ કે ઇસરાઇલીઓના નવજાત પુત્રો કતલ કરવાનું ઘાતકી કામ, અને મૂસા અલૈ.ને પણ કતલ કરવાની તજવીજ, બંને કામો શરૂ કરી દીધાં. ફિરઔનની આજ્ઞાઓ સીધા માર્ગે લઈ જનારી ન હતી છતાં મિસરી લોકો તેની આજ્ઞાઓનું પાલન કરતા રહ્યા.[૧૦] મૂસા અલૈ.ની સમજાવટ અને મોજિઝાઓ બતાવ્યા છતાં તેમણે બંને પયગંબર ભાઈઓની કોઈ વાત ગણકારી જ નહીં. આ પરિસ્થિતિમાં તેમને ચેતવણી આપવામાં આવી કે, "જે કોઈ જૂઠ લાવશે તથા ઇનકાર કરશે તેમના ઉપર અલ્લાહનો કોપ ઊતરી પડશે." ૨૦ : ૪૮ આ છેવટની અને સ્પષ્ટ ચેતવણી પણ તેમણે ગણકારી નહીં અને મૂસા અલૈ.ને તેમ જ ખેરબીલને મારી નાંખવા તૈયાર થયા. તેમણે બંનેએ અલ્લાહનો આશ્રય લીધો હતો. વળી આ પરિસ્થિતિમાં મૂસા અલૈ.એ દુઆ માંગી કે, "હે અમારા પરવરદિગાર! ખરેખર તેં ફિરઔન અને તેના સરદારોને શોભાની સામગ્રી અને માલમત્તા ઘણી જ આપી છે. હે મારા માલિક! શું તેં આ એટલા માટે આપી છે કે તેઓ બીજાઓને તારા માર્ગથી ભટકાવી દે? હે મારા રબ! તેમની માલમત્તા નષ્ટ કરી દે. તેમનાં હૃદય કઠણ કરી દે. તેઓ દુઃખદાયક આપત્તિઓ ભોગવશે નહીં ત્યાં સુધી ઈમાન લાવશે નહીં." ૧૦ : ૮૮

---

(૧) ૨૩ : ૪૬ (૨) ૪૩ : ૫૨ (૩) ૨૩ : ૪૮, ૪૦ : ૨૪ અને ૭૯ : ૨૨ (૪) ૭ : ૧૦૯, ૨૬ : ૩૪ (૫) ૨૬ : ૨૭ અને ૫૧ : ૩૯ (૬) ૨૬ : ૧૯ (૭) ૪૩ : ૫૨ (૮) ૭ : ૧૨૩ અને ૨૦ : ૭૧ (૯) ૭ : ૧૧૦, ૧૦ : ૩૮, ૨૦ : ૫૦ – ૬૩, અને ૨૬ : ૩૫ (૧૦) ૧૧ : ૯૭

હવે તેમના દહાડા ભરાઈ ચૂકયા હતા. વાત બધી રીતે પરિપૂર્ણ થઈ ગઈ હતી. આમ છતાં આપત્તિઓનું દુઃખ ભોગવીને પણ તેઓ સુધરે તે માટે એક વધુ તક તેમને આપવામાં આવી. હવે તેમના પર આપત્તિઓ પડવા લાગી. દરેક આપત્તિ આવતાં પહેલાં મૂસા અલૈ. ફિરઔન અને તેની કોમના લોકોને ચેતવણી આપી દેતા કે ફલાણી બલા તમારા ઉપર પડશે. જ્યારે તેમના પર કોઈ આફત આવી પડતી ત્યારે તેઓ એમ કહેતા કે, "હે મૂસા! તારા પરવરદિગારે તને જેમ બતાવી આપ્યું છે તેમ તું તારા પરવરદિગાર પાસે દુઆ માંગ. જો તું અમારા માથેથી આ આફત ટાળી દેવડાવીશ તો અવશ્ય તારા ઉપર અમે ઈમાન લઈ આવીશું અને ઇસરાઈલ-લોકોને તારી સાથે મોકલી દઈશું." ૭ : ૧૩૪

મૂસા અલૈ. દુઆ કરતા ત્યારે, "તેટલા સમય માટે કે જેટલા સમય સુધી તેમને તે યાતના ભોગવવાની હતી તે ભોગવ્યા પછી અમે તેને હઠાવી લેતા; પરંતુ તરત જ તે લોકો વચનભંગ કરવા મંડી પડતા હતા. ૭:૧૩૫

આફત દૂર થયા પછી "જ્યારે તેઓ (ફિરઔનીઓ) સુખી અવસ્થામાં મુકાતા ત્યારે કહેતા કે સુખી અવસ્થામાં રહેવા માટે અમે લાયક જ છીએ અને હકદાર પણ છીએ, પછી જ્યારે દુઃખી હાલતમાં મુકાતા (એટલે કે તેમના પર આફત ઊતરી પડતી) ત્યારે તેઓ કહેતા કે અમારી આ બૂરી દશા મૂસા અને તેના સાથીઓના કારણે જ થાય છે." ૭:૧૩૧ એટલી સીધીસાદી વાત પણ તેઓ સમજવા માંગતા ન હતા કે સુખી કે દુઃખી અવસ્થા આપણાં પોતાનાં કૃત્યોના કારણે થાય છે. બીજાઓ પર દોષનો ટોપલો નાંખી દેવાની હઠધર્મીનું અહીં સારું એવું પ્રદર્શન જોવા મળે છે.

આ આપત્તિઓ એકમેકથી ચઢિયાતી હતી. તે અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "અમે જે નિશાનીઓ તેમને દેખાડતા હતા તે પૈકી દરેક તેની બહેન (અગાઉની નિશાની) કરતાં ચઢિયાતી રહેતી હતી, અને અમે તેમને વિપત્તિઓમાં જકડી લીધા કે જેથી તેઓ સદ્માર્ગ પર આવી જાય." ૪૩ : ૪૮ પવિત્ર કુરાનમાં નવ નિશાનીઓનું૧૧ વર્ણન આવે છે, જ્યારે તૌરાતમાં બાર આપત્તિઓનું વિગતે વર્ણન કરવામાં આવેલું છે.

---

૧૧ تفسير القرآن ...

| પવિત્ર કુરાન પ્રમાણે | તૌરાત પ્રમાણે–નિર્ગમનમાં |
|---|---|
| ૧. લાઠીનો અજગર–અસાયે મૂસા ૭:૧૦૮, ૨૦:૨૨, ૨૬:૩૩ અને ૨૭:૧૨ | ૧. લાઠીનો સર્પ. પ્ર. ૪. ૩–૪ |
| ૨. ઝગારા મારતો હાથ–યદે બૈઝા ૭.૧૦૮, ૨૦:૨૨, ૨૬:૨૩ અને ૨૭:૨૨ | ૨. કોઢીલો બરફ જેવો હાથ. નિ. પ્ર. ૪:૭ |
| ૩. દુકાળ પડવા. ૭:૧૩૦ | ૩. પાણીનું રક્ત થઈ જવું. પ્ર. ૭:૨૦ |
| ૪. ફળફળાદિની અછત ૭:૧૩૦ | ૪. દેડકાંઓનું પડવું. પ્ર. ૮:૬ |
| ૫. તોફાન ૭:૧૩૩ | ૫. જૂઓનું પડવું પ્ર. ૮:૧૭ |
| ૬. તીડ પડવાં ૭:૧૩૩ | ૬. માખીઓનું પડવું. પ્ર. ૮:૨૪ |
| ૭. જૂઓનું પડવું ૭:૧૩૩ | ૭. મરકીનો ઉપદ્રવ. પ્ર. ૯:૩–૬ |
| ૮. દેડકાંઓનું પડવું ૭:૧૩૩ | ૮. ગૂમડાં થવાં. પ્ર. ૯:૧૦ |
| ૯. પાણીનું લોહી બની જવું ૭:૧૩૩ | ૯. કરા પડવા. પ્ર. ૯:૨૪–૨૫ |
| | ૧૦. તીડ પડવાં. પ્ર. ૧૦:૧૩ |
| | ૧૧. આખા મિસરમાં અંધકાર છવાઈ જવો. પ્ર. ૧૦:૨૩ |
| | ૧૨. પ્રથમ જનેતાનું મરણ. પ્ર. ૧૨:૨૯ |

વળી આ યાતનાઓનો ઉલ્લેખ ઝબૂરના ૭૮માં ગીતની ૪૩થી ૪૮ સુધીની તથા ૧૦૫મા ગીતની ૨૭થી ૩૬ સુધીની પંક્તિઓમાં પણ થયેલો છે. અહીં દરેક ગ્રંથમાં આપેલ આપત્તિઓનો ક્રમ જાળવવામાં આવેલો છે. બંનેમાં પાંચ નિશાનીઓ સર્વસામાન્ય છે. (૧) લાઠીનો સર્પ કે અજગર (૨) ઝગારા મારતો હાથ. (૩) પાણીનું લોહી થઈ જવું (૪) દેડકાં પડવાં (૫) તીડ પાડવાં. આ ઉપરાંત છઠ્ઠી નિશાની જુઓ પડવાની પણ નામે એક સરખી છે પરંતુ તેમાં બીજી નિશાનીઓનો સમાવેશ થયેલો છે જેની વિગત આગળ આવે છે.

આ ૬ નિશાનીઓ પૈકી પહેલી બે – લાઠી અને હાથ – ખૂબ જ મશહૂર છે. તૂર પર્વત પર તેમને પયગંબરી એનાયત થઈ ત્યારે આ બંને

મોજિઝાઓ પણ તેમને એનાયત થયા હતા. એમના પ્રતાપે જ, ફિરઔન અતિ બળવાન હતો, તોપણ આ બંને પયગંબર ભાઈઓને તે કંઈ કરી શકયો નહીં. જાદુગરો હારી ગયા પછી ઇસરાઈલ-લોકો પર વધુ જુલમ થવા લાગ્યો ત્યારે તે બાબતની જાણ થતાં મૂસા અલૈ. તેમને આશ્વાસન આપતાં કહેવા લાગ્યા: "તમારા પરવરદિગાર ટૂંક સમયમાં જ તમારા શત્રુનો નાશ કરશે." ૭:૧૨૯ આ પછી તરત જ આપત્તિઓની શરૂઆત દુકાળથી થઈ. "પછી અમે ફિરઔનની કોમના લોકોને દુકાળોની અને ફળફળાદિની અછતની પીડામાં નાંખ્યા કે જેથી તેઓ બોધપાઠ લે." ૭:૧૩૦ આ આયતથી ફલિત થાય છે કે આપત્તિઓ દુકાળથી શરૂ થઈ. સામાન્યપણે એક વરસનો દુકાળ પડે છે, પછી સુકાળનું વરસ આવે છે: પરંતુ કેટલીક વેળા સતત દુકાળનાં વરસો પણ આવે છે: જેમ કે યૂસુફ અલૈ.ના સમયનો સાત વર્ષનો દુકાળ, આપ સલ્લ.ના સમયનો ત્રણ વર્ષનો દુકાળ. આ દુકાળ કેટલા વરસનો પડયો હતો તેની ચોખવટ નથી. પવિત્ર કુરાનમાં "બિસ્સિનીન" શબ્દ વપરાયો છે, જેથી એમ કહી શકાય કે એ દુકાળ બે વર્ષનો હતો. એવું પણ કહેવામાં આવેલું છે કે એ દુકાળ ત્રણ વર્ષ સુધી પડયો હતો.[૧૨]

એ તો આપણે જાણીએ છીએ કે, ફળફળાદિનો પાક લેવા માટે પાણીની સિંચાઈ કરવી પડે છે. એ પાક લેવા માટે પાણીની અછત ઊભી થઈ હશે. તેથી ફળોના પાકની અછત ઊભી થઈ હશે. દુકાળો અને ફળફળાદિની અછત બંને આપત્તિઓ એકી સાથે આવી પડી હશે કે વારાફરતી, તેની સ્પષ્ટતા નથી. સામાન્યપણે એવું જોવામાં આવે છે કે, દુકાળ સાથે ફળફળાદિની અછત વર્તાય છે. નવ આપત્તિઓમાં બંનેને ભેગી ગણવામાં આવી નથી, અલગ અલગ ગણવામાં આવેલી છે એટલે કહી શકાય કે દુકાળોનાં વરસો પછી ફળફળાદિની અછતનાં વર્ષો આવ્યાં હશે, અછતનાં કેટલાં વર્ષો હતાં તેનો પણ ઉલ્લેખ નથી. "દુકાળોનાં અને ફળફળાદિની અછતનાં વર્ષોમાં લોકોને જકડી લીધા,"[૧૩] એવા પવિત્ર કુરાનના શબ્દોથી ફલિત થાય છે કે દુકાળોનાં વરસો જેટલાં જ અછતનાં વરસો રહ્યાં હશે. એ વાત યાદ રહે કે તૌરાતમાં આ બે આપત્તિઓનો ઉલ્લેખ નથી.

---

૧૨. ઉર્દૂ કસસુલ અંબિયા–પૃ. ૧૩૬.

૧૩. ...سِّنِينَ وَنَقْصٍ مِّنَ الثَّمَرٰتِ ૭:૧૩૦

લોકો શીખ લે, બોધપાઠ લે, સુધરી જાય, મૂસા અલૈ. પર ઈમાન લઈ આવે અને ઇસરાઈલ–લોકોને તેમની સાથે જવા દે એવો આ બંને આપત્તિઓમાં સપડાવવાનો હેતુ હતો, પરંતુ એથી ફિરઔનીઓ પર કોઈ અસર થવા પામી નહીં, ઊલટું તેઓ એવું કહેવા લાગ્યા કે "તું ગમે તે આપત્તિ અમારા માટે લઈ આવીશ પણ અમે તારી કોઈ વાત માનવાના નથી." ૭ : ૧૩૨ આમ અક્કડતા જ રહ્યા ત્યારે તેમના પર અતિવૃષ્ટિનું તોફાન આવ્યું. સ્વાભાવિક છે કે અનાવૃષ્ટિ પછી અતિવૃષ્ટિ થઈ હશે. કુરાન શરીફમાં એને તોફાનનું વર્ષ કહ્યું છે. ઘણા ભાષ્યકારોનું કહેવું છે કે, અઠવાડિયા સુધી એટલો મુશળધાર વરસાદ વરસ્યો કે જેથી આખા દેશમાં સર્વત્ર પાણી ફરી વળ્યાં. ફિરઔનના રાજમહેલમાં અને કિબ્તીઓનાં ઘરોમાં પાણી પેસી ગયાં. જે લોકો છાપરાંઓ ઉપર કે ઉપલા માળે ચડી ગયા અથવા જે લોકો પાણીમાં સતત ઊભા રહી શકયા તે લોકો બચી જવા પામ્યા. બેસી ગયા તે લોકો બધા જ ડૂબી ગયા. ઈસરાઈલ લોકોનાં ઘરોમાં પાણી પેઠું નહીં, તેથી તેઓ હેમખેમ ઊગરી ગયા. [૧૪] ફિરઔન અને તેની કોમના આગેવાનો મૂસા અલૈ. પાસે આવ્યા અને તોફાન બંધ થવા માટે દુઆ કરવા મૂસા અલૈ ને વિનંતી કરવા લાગ્યા. તેમણે પોતાની લાઠી ચારે બાજુએ ફેરવીને દુઆ માંગી ત્યારે વરસાદ બંધ પડયો; વાદળાં વિખરાઈ ગયાં અને તોફાન શમી ગયું.

આ તોફાન અતિવૃષ્ટિનું હતું એટલે સ્વાભાવિક છે કે આકાશ ઘનઘોર વાદળાંથી છવાઈ ગયું હશે અને તેથી દેશમાં સર્વત્ર અંધકાર છવાઈ ગયો હશે. તોફાન ગાજવીજ સાથેનું હશે એટલે ઠેકઠેકાણે વીજળીના કડાકા ને ધડાકા થયા હશે અને ઘણી જગાએ વીજ પડી હશે જેથી કિબ્તીઓનાં ઘણાં ઢોરઢાંકને બાળી મૂકયાં હશે.[૧૫] એ પણ સંભવિત છે કે વરસાદ સાથે કરા પણ પડયા હશે. "કરાથી તેમના દ્રાક્ષવેલાઓ અને હીમથી તેમનાં ગુલર ઝાડોનો નાશ થયો."[૧૬] "કરાએ તેમના દ્રાક્ષવેલાઓ તથા અંજીરીઓ પણ ભાંગી નાંખી અને તેમની સીમમાં ક્ષેત્ર તોડી પાડયાં."[૧૭] આ પંક્તિઓથી પુરવાર થાય છે કે, તોફાન સાથે અંધકાર અને કરા બંને આપત્તિઓ પડી હશે. અને આ બે આપત્તિઓનો

---

૧૪. ગુજ. કુરાન – રાંદેર– Vol. I. પુ. ૩૮૭ – નોંધ–૧.

૧૫. ઝબૂર–ગીત ૭૮ : ૪૮મી પંક્તિ.

૧૬. ઝબૂર – ગીત : ૭૮ : ૪૭.

૧૭. ઝબૂર – ગીત ૧૦૫ : ૩૪.

ઉલ્લેખ તૌરાતમાં થયેલો છે : કુરાન શરીફમાં નથી પરંતુ તોફાનની નિશાનીમાં એમનો સમાવેશ થઈ જાય છે.

તોફાન શમી ગયું પણ ફિરઓનીઓએ પોતાનો હઠાગ્રહ ચાલુ રાખ્યો એટલે મિસરની આખી સીમમાં તીડ પડયાં. તીડ એક અનોખો પાંખાળો જીવ છે.[૧૮] તેના શરીરમાં ૭ પ્રાણીઓના અવયવો આવેલા છે. તેનું મોં–માથું ઘોડાના મોં–માથા જેવું, ગરદન બળદ જેવી, છાતી વાઘ જેવી, પાંખો ગીધ જેવી, પગ ઊંટ જેવા લાંબા, પેટ વીંછી જેવું અને પૂંછડી સાપ જેવી હોય છે, તેનાં ટોળેટોળાં વાદળાંની જેમ આવે છે ત્યારે અંધકાર છવાઈ જાય છે. જ્યાં ઊતરી પડે છે ત્યાં હરિયાળીનું સત્યાનાશ વાળી દે છે. તીડોની આ આફત આવી પડે ત્યારે દેશની તમામ ધરતી તીડોથી ઢંકાઈ ગઈ; ખેતરોનો પાક, વૃક્ષો–વેલાઓ કશું પણ બચવા પામ્યું નહીં. આ બલાથી બચવા માટે ફિરઓને ઈમાન લાવવાનું અને ઇસરાઈલ-લોકોને જવા દેવાનું વચન આપ્યું ત્યારે મૂસા અલૈ.એ દુઆ માંગી એટલે તીડો ઊડી ચાલ્યાં ગયાં. બલા તો ટળી પણ ફિરઓને વચન પાળ્યું નહીં.

હવે વધુ કષ્ટ આપનારી આફત તેમના પર પડી. "આખા મિસર દેશમાં ભૂમિની તમામ ધૂળથી જૂઓ થઈ ગઈ." નિ. પ્ર. ૮ : ૧૭ એ તો તમે જાણતા હશો કે ધૂળમાં જૂવા પડે છે, જે ઢોરોને તથા માણસોને ચટકા ભરે છે. આથી કહી શકાય કે જૂઓ સાથે જૂવા પણ પડયા હશે અને બંને ખૂબ જ વિપુલ પ્રમાણમાં પડયા હશે. કુરાન શરીફમાં "કુમ્મલ" શબ્દ વપરાયો છે, એનો સામાન્ય અર્થ જૂઓ થાય છે, પરંતુ એના બીજા ઘણા અર્થ થાય છે.[૧૯] ઘઉં–જુવારમાં પડતાં કિલ્લાંને, ચોખા–દાળમાં પડતી ઇયળોને અને સર્વ પ્રકારનાં ધાન્યોમાં પડતા જંતુઓને કુમ્મલ કહે છે. તે ઉપરાંત મચ્છર, ડાંસ અને એક જાતની માખીઓને પણ કુમ્મલ કહે છે. આવા જંતુઓવાળું અનાજ ખાવાથી અને માખીઓ પડવાથી મરકીનો રોગ ફાટી નીકળ્યો હશે. જૂઓ અને જૂવાઓ કરડવાથી ઢોરઢાંકને તથા માણસોને ગૂમડાં થયાં હશે. તૌરાતમાં જૂઓ પડવી, માખીઓ પડવી, મરકીનો રોગ ફાટી નીકળવો અને ગૂમડાં થવાં એવી ચાર આફતો જુદી જુદી દર્શાવવામાં આવી છે, જ્યારે કુરાન શરીફમાં કુમ્મલ શબ્દ વાપરી એ ચારેયને એકસામટી જૂઓ પડવાની આપત્તિમાં સમાવી

૧૮. ઇબ્ને કસીર – ૭ : ૧૩૫મી આયતની તફસીર.

૧૯. કસસુલ–કુરાન. મો. હફીઝુર્રેહમાન. Vol. I. પૃ. ૪૫૩–નોંધ. ૨.

લેવામાં આવી છે, આમ તોફાનની નિશાનીમાં કરા અને અંધકારની એ વિપત્તિઓ અને જૂઓની નિશાનીમાં તૌરાતની જૂઓ, માખીઓ, મરકી અને ગૂમડાંની ચાર વિપત્તિઓ સમાવી લેવામાં આવી છે. તેથી પવિત્ર કુરાનની ૪ નિશાનીઓમાં તૌરાતની ૮ આફતોનો સમાવેશ થઈ જાય છે. આ આપત્તિઓ પણ ફિરઔનની વિનવણીથી અને ઈમાન લઈ આવવાનું તથા ઇસરાઈલિ–લોકોને જવા દેવાનું વચન આપ્યું ત્યારે દૂર થઈ પરંતુ ફિરઔન પાછો ફરી બેઠો.

આથી મૂસા અલૈ.એ ફિરઔનને ચેતવણી આપી કે, "તારા દેશની સર્વ સીમોમાં દેડકાંનો માર પડશે." નિ. પ્ર ૮ : પછી તો આખો દેશ દેડકાંઓનો બની ગયો. જ્યાં જુઓ ત્યાં દેડકાં જ દેડકાં. તેમનો એવો ત્રાસ હતો કે જ્યારે કોઈ કિબ્તીનું વાત કરતાં કે બગાસું ખાતાં મોં પહોળું થઈ જતું ત્યારે પટાક દઈને એકાદ દેડકું મોંમાં પેસી જતું. ખાવાની કથરોટોમાં પણ દેડકાં કૂદતાં હતાં. આથી ઊલટું ઇસરાઈલીઓ તેમના ત્રાસથી સુરક્ષિત હતા. વળી પાછું ઈમાન લાવવાનું અને ઇસરાઈલીઓને જવા દેવાનું વચન આપ્યું અને આપત્તિ ટળી જવા માટે દુઆ માંગવા વિનવણી કરી. મૂસા અલૈ.એ દુઆ માંગી એટલે "દેડકાં ઘરોમાં, વાડાઓમાં અને ખેતરોમાં મરી ગયાં." નિ. પ્ર. ૮ : ૧૩. આપત્તિ તો દૂર થઈ પણ ફિરઔને વચન પાળવાનું ના કહી દીધું. તે તો પહેલાંના જેવો જ અધર્મી જ રહ્યો. એમ કહેવામાં આવે છે કે, "દુનિયામાં જેટલા અધર્મીઓ અને કાફરો કે નાસ્તિકો થયા તેમાં ફિરઔન સૌને ચડે તેવો હતો." ૨૦

હવે ભારેમાં ભારે કષ્ટદાયક આપત્તિ આવી પડી. મિસરમાં જ્યાં જ્યાં પાણી હતું તેનું લોહી બની ગયું. કિબ્તીઓ ગમે ત્યાંથી પાણી પીતા તો તે લોહીયાળું બની જતું હતું. આથી ફિરઔને એવો વટહુકમ બહાર પાડ્યો કે દરેક વાસણમાં ઇસરાઈલીઓમાંથી કોઈક પાણી રેડે પછી બંને કોમના લોકો સાથે મળીને પીએ; પરંતુ એક જ વાસણમાંથી ઇસરાઈલી પીતો તો તે પાણી જ રહેતું અને કિબ્તી પીતો તો તે લોહીયાળું બની જતું હતું. એક કિબ્તી સ્ત્રીએ એક ઇસરાઈલી સ્ત્રીને તેના મોંમાં પિચકારી મારવા કે કોગળો કરવા વિનંતી કરી, પરંતુ જેવી પિચકારી મારી અથવા જેવો કોગળો

---

૨૦. મુવાહિબ Vol. XVI. ૬૬–૧૧ની આયતની તફસીર.

કર્યો કે તરત જ કિબ્તી સ્ત્રીના મોંમાં ગયેલું પાણી લોહીયાળું થઈ ગયું.૨૧ આ વિપત્તિ એટલી ત્રાસદાયક થઈ પડી કે રાંધવાનું અને પીવાનું પાણી લોહીયાળું બની જતું હતું. આથી લોકો ભૂખે–તરસે મરવા લાગ્યા : પરિણામે તેમનું સ્વાસ્થ્ય ખૂબ જ બગડી ગયું. આ આપત્તિ દૂર કરવા ફિરઔન મૂસા અલૈ. પાસે આવ્યો, ત્યારે મૂસા અલૈ. તેને કહેવા લાગ્યા કે, "અલ્લાહના બંદાઓને (ઇસરાઈલ–લોકોને) મારા હવાલે કરી દે. ખરેખર હું તમારા તરફ મોકલવામાં આવેલો સાચો અને પ્રમાણિક રસૂલ છું.......જો તમે મારા પર ઈમાન ન લાવો તો તમે મારાથી અળગા રહો." ૪૪ : ૧૮–૨૧ આથી તે ક્રોધિત થઈ ચાલ્યો ગયો અને મૂસા અલૈ. ઇસરાઈલીઓને મિસરમાંથી લઈ જવાની ચિંતામાં પડયા અને તે અંગે અલ્લાહ તરફથી શું માર્ગદર્શન મળે છે તેની રાહ જોવા લાગ્યા.

તૌરાતમાં એમ કહેવામાં આવ્યું છે કે, આખા મિસર દેશમાં માણસો અને જાનવરોનાં પ્રથમજનિતનાં મરણ થયાં ત્યારે તેમને મિસરમાંથી ચાલ્યા જવાની ફિરઔને રજા આપી. તેમાં એવો ઉલ્લેખ આવે છે કે, "અને યહોવાહે મૂસાને કહ્યું કે, ફારૂન ઉપર તથા મિસર ઉપર હું બીજી એક વિપત્તિ આણીશ, ત્યાર પછી તે તમને જવા દેશે." નિ. પ્ર. ૧૧ : ૧ "અને મધરાતે એમ થયું કે યહોવાહે ફારૂનના પ્રથમજનિતથી માંડીને તુરંગવાસી કેદીના પ્રથમજનિત સુધી મિસર દેશમાંના સર્વ પ્રથમજનિતોને મારી નાખ્યા; અને પશુઓના સર્વપ્રથમ જન્મેલાઓને પણ...તેણે મૂસાને તથા હારૂનને તેડાવીને કહ્યું, કે તમે બધા ઇસરાએલ–પુત્રો ઊઠો, ને મારા લોક મધ્યેથી નીકળી જાઓ અને તમારા કહ્યા પ્રમાણે યહોવાહની સેવા કરો અને તમારા કહ્યા પ્રમાણે તમારાં ઘેટાં–બકરાં તથા ઢોરઢાંક લેતા જાઓ." નિ. પ્ર. ૧૨ : ૧૨

ફિરઔન અને તેની કોમના લોકો પર આ આફતો પડી તે ઉપરથી તમે પ્રશ્નો પૂછવા પ્રેરાશો કે આજના યુગમાં આવી આફતો પડે છે કે કેમ? અને પડતી હોય તો શા કારણે? આ પ્રશ્નોના જવાબ મેળવવા તમારા યુગના દાયકામાં પડેલી વિપત્તિઓનું વિશ્લેષણ કરી જુઓ.

અહીં ચર્ચવામાં આવેલી નવ આયતો પરથી તમને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો હશે કે સાચી હિદાયતને તેમણે માની નહીં તેથી તેમના પર એક પછી એક અને એકથી બીજી ચઢે તેવી આપત્તિઓ પડતી હતી. જે લોકો ફિરઔની-ઓની જેમ પાપકર્મો કર્યા કરે છે તેમના પર આજે પણ અવારનવાર

---

૨૧. જલ્વાએ નૂર–મો. હાફિઝ મો. ઇસ્હાક. પૃ. ૯૬

ભાત ભાતની મુસીબતો પડયા કરે છે. ફિરઓનીઓ પર પડેલી આપત્તિઓનો ઉલ્લેખ ઐતિહાસિક છે એટલું જ નહીં તે એક અરીસા સમાન છે જેમાં આપણા સમયનું ચિત્ર જોઈ શકાય છે. આજે પણ આપણી આંખો ઉઘાડવા એક નહીં, અનેક આપત્તિઓ પડતી રહે છે. કયારેક અનાવૃષ્ટિ કે દુકાળ પડે છે, તો કયારેક અતિવૃષ્ટિનાં તોફાનો અને રેલસંકટો આવી પડે છે. કેટલીક વેળા વાવાઝોડાનાં તોફાનો થાય છે. કોઈક વેળા તીડ પડે છે. અને જંતુઓનો એટલો ઉપદ્રવ થવા પામ્યો છે કે લાખો રૂપિયાની દવાનો છંટકાવ પ્રતિ વરસે કરવામાં આવે છે છતાં કપાસનો પાક બરાબર ઊતરતો નથી. ફળો અને શાકભાજી પણ પુષ્કળ સડેલાં આવે છે. ઉપરાંત કયારેક કોલેરા તો કયારેક ઇન્ફલુએન્ઝાની બીમારી ફૂટી નીકળે છે. કેટલીક વેળા આંખોનો રોગચાળો પણ ફેલાય છે. મલેરિયાના ચેપી રોગથી પ્રતિવરસે કેટલાક દિવસો માટે હજારો લોકો પાંગળા બની જાય છે અને કામ કરી શકતા ન હોવાથી ઉત્પાદન થતું નથી અને ઘણું નુકસાન થાય છે. સૌથી વિશેષ કોમી હુલ્લડો ફાટી નીકળે છે ત્યારે માણસાઈ ખોવાઈ જાય છે અને તે અલ્લાહની પનાહ માંગે છે. આવી આવી આફતો અવારનવાર આવ્યા કરે છે પરંતુ લોકો તેનું સાચું રહસ્ય સમજતા નથી. લોકો તો એવું જ માની બેઠા છે કે આવી આફતો આપમેળે આવે છે અને આપમેળે ચાલી જાય છે ખરી રીતે તો આ આપત્તિઓ અધર્મીપણા અર્થાત્ કુફ્રના કારણે, જુલમ કે અન્યાયના લીધે, શિર્ક કે અલ્લાહ સિવાય અન્યની પૂજાના કારણે અને પાપી કૃત્યોના લીધે અલ્લાહ તરફથી આવે છે. તેથી આવી કુદરતી આપત્તિઓને ચેતવણીરૂપે લઈ આપણે આપણું વર્તન સુધારવું જોઈએ.

---

## પ્રકરણ ૧૯મું

## ઇસરાઇલ-લોકોનું નિર્ગમન

ઇસરાએલ-પુત્રો મિસરમાંથી કેવી રીતે નીકળી ગયા તેનું વર્ણન તૌરાતમાં આ પ્રમાણે કરવામાં આવેલું છે,

"અને યહોવહે મૂસાને કહ્યું, કે ફારૂન ઉપર તથા મિસર ઉપર હું બીજી એક વિપત્તિ આણીશ: ત્યાર પછી તે તમને અહીંથી જવા દેશે." નિ. પ્ર. ૧૧:

આ આપત્તિનું વર્ણન પણ તૌરાતમાં આ પ્રમાણે કરવામાં આવેલું છે. "અને મધરાતે એમ થયું કે યહોવાહે રાજ્યાસને બિરાજમાન ફારૂનના પ્રથમજનિતથી માંડીને તુરંગીવાસી કેદીના પ્રથમજનિત સુધી મિસર દેશમાંના સર્વ પ્રથમજનિતોને મારી નાખ્યા; અને પશુના સર્વ પ્રથમ જન્મેલાને પણ મારી નાખ્યા અને રાત્રે ફારૂન તથા તેના સર્વ સેવકો તથા સર્વ મિસરીઓ ઊઠયા અને મિસરમાં ભારે વિલાપ થયો; કેમકે એવું એક પણ ઘર નહોતું કે જ્યાં એકે માર્યો ગયો ન હોય અને તેણે હારૂનને તથા મૂસાને રાત્રે તેડાવીને કહ્યું કે તમે તથા ઈસરાએલ–પુત્રો ઊઠો, ને મારા લોક મધ્યેથી નીકળી જાઓ અને જઈને તમારા કહ્યા પ્રમાણે યહોવાહની સેવા કરો; અને તમારા કહ્યા પ્રમાણે તમારાં ઘેટાંબકરાં તથા ઢોરઢાંખર લેતા જાઓ...અને મિસરવાસીઓએ એ લોકોને દેશમાંથી જલદી વિદાય થવાનો આગ્રહ કર્યો.... અને ઈસરાએલ–પુત્રોએ મૂસાના કહેવા મુજબ કરીને મિસરીઓ પાસેથી સોનાના તથા રૂપાના દાગીના તથા વસ્ત્રો માંગી લીધાં." નિ–પ્ર. ૧૨ : ૨૯૧ આમ આખા દેશમાં માણસો અને જાનવરોના પ્રથમજનિતોનાં મરણ થયાં એટલે ફિરઓને મૂસા અલૈ.ને ઈસરાઈલિ–લોકોને મિસરમાંથી લઈ જવાની રજા આપી.

કુરાન શરીફમાં આખા મિસર દેશમાં પ્રથમજનિતોનાં મરણ થયાં એવો ઉલ્લેખ કે ઇશારો ક્યાંય પણ નથી. પાછલા પ્રકરણમાં પવિત્ર કુરાનમાં દર્શાવેલી નવ ખુલ્લી નિશાનીઓનું વિશ્લેષણ કર્યું ત્યારે તૌરાતમાં આપેલી ૧૧ આપત્તિઓનો મેળ સધાયો હતો. આ છેલ્લી આપત્તિ, પ્રથમ-જનિતોનાં મરણનો મેળ સધાયો નો'તો. ઇસરાઈલિ–લોકો મિસરમાંથી કેવી રીતે નીકળી ગયા તે અંગે પવિત્ર કુરાનનાં જુદાં જુદાં પ્રકરણોની એ સંબંધીની જુદી જુદી આયતો[૧] વાંચતાં નીચે પ્રમાણેનું ચિત્ર આપણી સમક્ષ ખડું થાય છે.

ચાળીસ વરસ સુધી ફિરઓન, તેના સરદારોને અને તેની કોમના લોકોને મૂસા અલૈ. તેમ જ હારૂન અલૈ. ભેગા મળી હિદાયત આપતા રહ્યા. આટલા લાંબા સમય સુધી હિદાયત આપવાનું કે સમજાવવાનું કામ થયું તેથી સ્વાભાવિક લાગે છે કે બંને પક્ષો વચ્ચે ઘણી બેઠકો યોજાઈ હશે. એવી કેટલીક બેઠકોમાં થયેલ વાદવિવાદ તમે પાછળ વાંચી ગયા છો.

---

૧. પવિત્ર કુરાનની આયતો : ૭ : ૧૩૮ – ૧૭ : ૧૦૩ – ૨૦ : ૭૭–૨૬ : ૫૨થી ૫૬ ૨૮ : ૪૦ – ૩૭ : ૧૧૫/૧૧૬–૪૪ : ૧૮થી ૨૩–૫૧ : ૪૦.

એ પણ તમે વાંચી ગયા છો કે, ફિરઔનીઓ પર દરેક આપત્તિ પડતાં પહેલાં તે કેવા પ્રકારની હશે તેની આગાહી કે ચેતવણી મૂસા અલૈ. આપતા હતા, ત્યારે બેઠક યોજાતી હશે. આપત્તિ ટાળવા માટે મૂસા અલૈ.ને અલ્લાહ પાસે દુઆ માંગવા વિનવણી કરવા ફિરઔનીઓ આવતા ત્યારે પણ બેઠક યોજાતી હશે. આપત્તિ દૂર થાય તો અલ્લાહની તાબેદારી કરવાની અને ઇસરાઈલીઓને જવા દેવાની શરત ફિરઔનીઓ કરતા; પરંતુ આફત ચાલી જતી ત્યારે તેઓ ફરી બેસતા હતા. પોતાનું વચન પાળવા મૂસા અલૈ. તેમને મળતા ત્યારે પાછી બેઠક યોજાતી હશે. આમ દરેક આપત્તિ વેળા ત્રણ બેઠકો યોજાતી હતી. આ નવ નિશાનીઓ બતાવ્યા પછી છેલ્લી આપત્તિ વેળા જે બેઠક યોજાઈ તેનો ખ્યાલ કુરાન શરીફમાં આ પ્રમાણે આપવામાં આવ્યો છે :

"અને અમે મૂસાને નવ ખુલ્લી નિશાનીઓ આપી હતી. તો તમે (હે મુસલમાનો !) ઇસરાઈલ–લોકોને પૂછી જુઓ કે જ્યારે તે તેમની પાસે આવ્યો ત્યારે ફિરઔને એવું જ કહ્યું હતું ને કે : હે મૂસા ! મારું તો માનવું છે કે તારા પર જાદુ કરવામાં આવ્યું છે." ૧૭ : ૧૦૧

આના પ્રત્યુત્તરમાં મૂસાએ કહ્યું : "તારી સમજમાં તો એ વાત બરાબર આવી ગઈ છે કે આકાશો અને પૃથ્વીના માલિક સિવાય બીજા કોઈએ આ નિશાનીઓને સ્પષ્ટ દલીલો તરીકે પ્રદાન કરી નથી : અને (હજુ પણ તું તેમને ગણકારતો નથી, તેથી એમ લાગે છે કે) હે ફિરઔન ! તારો વિનાશકાળ નજીક આવી પહોંચ્યો છે." ૧૭ : ૧૦૨

વળી તેમણે એમ પણ કહ્યું કે, "અલ્લાહના બંદાઓને (ઇસરાઈલ-લોકોને) મારા હવાલે કરી દે, ખરેખર, હું તમારા તરફ મોકલવામાં આવેલો સાચો અને પ્રમાણિક રસૂલ છું." વળી એમ પણ કહ્યું કે : "અલ્લાહ સામે માથું ઊંચકીશ ના : મેં તમારી સમક્ષ સ્પષ્ટ દલીલો રજૂ કરી છે. તમે લોકો મને પથ્થર મારી મારી નાંખો, તે માટે મેં અલ્લાહનો આશ્રય લીધો છે, જે મારો તથા તમારો પણ રબ છે. જો તમે મારા પર ઈમાન ન લાવો (મારી તાબેદારી ન કરો) તો તમે મારાથી અળગા રહો." ૪૪ : ૧૮થી ૨૧

હારૂન અલૈ.એ ચોખવટ કરતાં કહ્યું : "મૂસા અલૈ. જાદુના મારેલા નથી; તમે શામતના મારેલા છો. અમારા ઉપર કોઈએ જાદુ ચલાવ્યું નથી અને અમે જે કંઈ હિદાયતરૂપે તમને કહીએ છીએ તે અમારી શુદ્ધ બુદ્ધિથી અને અક્કલ હોંશિયારીથી અલ્લાહ તઆલાની આજ્ઞાનુસાર કહીએ છીએ.

"વિનાશકાળે વિપરીત બુદ્ધિ" એ કહેવત અનુસાર તમારી બુદ્ધિ તમને અવળે માર્ગે લઈ જઈ રહી છે. વારાફરતી અલ્લાહ તરફથી નવ ખુલ્લી નિશાનીઓ તમે જોઈ લીધી છે, અને આફતો ભોગવી લીધી પણ છે; છતાં તમે તમારી હઠ છોડતા નથી. તેથી એવું જણાઈ આવે છે કે, તમારો વિનાશકાળ ઘણો જ પાસે આવી લાગ્યો છે. મૂસા અલૈ. અલ્લાહના મોકલેલા સાચા રસૂલ છે અને હું નાયબ રસૂલ છું. હવે તમે અમારી કોઈ વાત માનવા તૈયાર નથી તો છેલ્લો માર્ગ એ છે કે ઇસરાઈલ–લોકોને અમને સોંપી દો કે જેથી અમે તેમને સુખશાંતિથી અમારા પૂર્વજોના મુલકમાં લઈ જઈએ. તમે ઈસરાએલ – પુત્રોને સતાવવાની વાત છોડતા નથી અને મૂસા અલૈ.ને મારી નાંખવાની ધમકી આપ્યા કરો છો. પણ યાદ રાખો, અમે અલ્લાહનું શરણું શોધ્યું છે. તે અમારી રક્ષા કર્યા વિના રહેવાનો નથી. અમે તમારી ધમકીઓથી કે ઈસરાએલ–લોકોને સતાવવાની વાતથી ડરતા નથી. છેલ્લો ઉપાય એ છે કે તમે તમારા રસ્તે અને અમારા રસ્તે કામ કરીએ."

મૂસા અલૈ.નો પ્રત્યુત્તર અને હારૂન અલૈ.ની ચોખવટ સાંભળી ફિરઔન ખૂબ જ ચિડાઈ ગયો. પછી તો તેણે "તેમને હેરાનપરેશાન કરવાનો અને ચેનથી રહેવા ન દેવાનો નિશ્ચય કર્યો." ૧૭ : ૧૦૩ "આથી મૂસા અલૈ.એ પોતાના પરવરદિગાર પાસે દુઆ માંગી કે આ લોકો તો મહાપાપી છે." ૪૪ : ૨૨ "તું અમારી અને તેમની વચ્ચે ફેંસલો કરી નાંખ."

જે લોકો સત્યનો સંદેશો લઈ આવનારા હોય છે તેમને ભૌતિક બાબતો કરતાં અલ્લાહ રાજી રહે અને પરલોક સુધરે એવી આધ્યાત્મિક બાબતો વધુ ગમ્ય હોય છે અને આવી બાબતો તેઓ અપનાવી લે છે. આ બાબતો અપનાવવામાં તેઓ કુટુંબ–કબીલાના માણસો, તેમનાં સગાંવહાલાં કે તેમના મિત્રો અથવા તેમનો રોજિંદો કારોબાર કે તેમનો વતનપ્રેમ આડે આવે તો તેમને છોડી દઈ બીજી કોઈ જગાએ ચાલી જવામાં સહેજ પણ અચકાતા નથી. તેઓ એવા સ્થળે ચાલ્યા જાય છે જ્યાં અલ્લાહની બંદગી કરવામાં અને સાચો ધર્મ અર્થાત્ ઇસ્લામ પાળવામાં સગવડતા મળે. આ પ્રમાણે ધર્મ કાજે ચાલી જવાને હિજરત કહે છે. હિજરત ક્યારે કરવી તેનો આદેશ અલ્લાહ તરફથી યોગ્ય સમયે મળી જાય છે. અલ્લાહ તઆલાનો હિજરતનો હુકમ આવ્યો કે તું તારા બંદાઓને લઈ રાતોરાત નીકળી જા; અલબત્ત, તમારો પીછો પકડવામાં આવશે." ૪૪ : ૨૩ આ હુકમ વહી દ્વારા અર્થાત્ જિબ્રીલ મારફત આપવામાં આવ્યો હતો જેનો પુરાવો પવિત્ર કુરાનની ૨૬ : ૫૨ની આયતમાંથી મળી રહે છે. તેમાં

ફરમાવવામાં આવેલું છે કે, " અમે મૂસાને વહી દ્વારા હુકમ આપ્યો કે મારા બંદાઓને લઈ રાતોરાત નીકળી જાઃ અલબત્ત, તમારો પીછો પકડવામાં આવશે."

આ હુકમ મળતાંની સાથે જ તે જ રાતે તેઓ બધા ઈસરાઈલીઓને લઈ ચાલ્યા ગયા હોય એમ લાગતું નથી. તેઓ ગોશેન પ્રાંતમાં અને કેટલાંક શહેરોમાં છૂટાછવાયા રહેતા હતા; વળી, તેમની વસ્તી સહેજે ૧૫-૨૦ લાખ જેટલી હતી.[૨] આવડી મોટી વસ્તીનાં સઘળાં બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોને લઈ જવાનાં હતાં. વળી સાથે સફરની સાધનસામગ્રી, માલસામાન અને ઢોરઢાંક પણ લઈ જવાનાં હતાં, એટલે કામ ઘણું જ ભગીરથ હતું, વળી રાતોરાત જવામાં એવી રીતે લઈ જવાનો સંકેત હતો કે તેમનો પીછો પકડે ત્યારે તેમણે સારું એવું અંતર કાપ્યું હોય.

આ માટે પયગંબર ભાઈઓની આ બેલડીએ એક વ્યવસ્થિત યોજના ઘડી કાઢી હશે એમ લાગે છે. તેમના સમયની ધાર્મિક વિધિઓમાં નમાજ હતી પરંતુ યજ્ઞયાગાદિ એટલે કે જાનવરોની કુરબાનીઓનું પ્રાબલ્ય ખૂબ જ રહેતું હતું, એથી તેઓ તેવા ઘણા તહેવારો મનાવતા હતા. આ હુકમ મળ્યા પછી નીકળી જવા માટે સારી તૈયારી થઈ શકે એટલા દિવસ પછી "પારખાયજ્ઞ" અર્થાત્ "ઈદે-ફસહ"નો તહેવાર આવતો હતો.[૩] આ પારખાયજ્ઞ તેમના વરસના પ્રથમ માસની દશમી તારીખે આવતો હતો. તે દિવસે રાત્રે નીકળી જવાનું તેમણે નક્કી કર્યું. બીજી રીતે કહીએ તો મહોર્રમ માસની દશમી તારીખે રાતોરાત ચાલ્યા જવાનું નક્કી કર્યું.

આવા તહેવારોના પ્રસંગોએ તેઓ કિબ્તીઓ પાસેથી તહેવાર મનાવવા સારાં સારાં કપડાં અને સોના-ચાંદીના દાગીના માંગી લાવતા હતા. આ પારખાયજ્ઞનો તહેવાર ભારે ઠાઠમાઠથી ઉજવવાનો છે એવી જાહેરાત કરી દરેક ઈસરાઈલી કુટુંબે કિબ્તીઓ પાસેથી સારાં સારાં કપડાં અને સોના-ચાંદીના દાગીના માગી લાવવાં એવું ફરમાન મૂસા અલૈ.એ કર્યું.[૪] આ અંગે તૌરાતમાં આવે છે કે, "ઈસરાએલ-પુત્રોએ મૂસાના કહેવા મુજબ કરીને મિસરીઓ પાસેથી સોનાના તથા રૂપાના દાગીના અને વસ્ત્રો માગી લીધાં.[૫]

---

૨. કુરાનિક કહાણીઓ. bid. તૌરાત શ્રેણી પ્ર. ૧.
૩ તૌરાત-નિર્ગમન પ્ર. ૧૨ : ૨.
૪. ગુજ. કુરાન-ઇસ્ફહાની Vol. II પૃ. ૭૦૮-૨૬ : ૫૨ ની નોંધ.
૫. તૌરાત નિર્ગમન પ્ર. ૧૨૮૩૫.

પવિત્ર કુરાન પણ સાખ પૂરે છે કે, તેઓ ઘરેણાં પહેરીને મિસરમાંથી નીકળ્યા હતા. ૨૦ : ૮૭ની આયતમાં આવે છે કે, "...ફિરઓનની કોમનાં ઘરેણાંનો ભારે બોજો અમારા પર લદાયેલો હતો." વળી મૂસા અલૈ.એ ગુપ્તચરો સાથે એવું કહેણ મોકલ્યું હતું કે રામસેસ શહેરમાં બધી માલમત્તા અને જાનવરો લઈ પાસ્ખાપર્વના આગલા દિવસે સાંજ સુધીમાં તહેવાર ઉજવવા આવી જવું. તહેવાર ઉજવવા ભેગા થવાના છે તેની જાણ મિસરીઓ પાસેથી ઘરેણાં અને વસ્ત્રો માગી લાવ્યાના કારણે થઈ ગઈ હતી પરંતુ તે રાત્રે મિસર છોડી ચાલ્યા જવાના છે તેની ગંધ સુધ્ધાં પણ કોઈ કિબ્તીને ન આવી. કુદરતનો તેમાં પૂરેપૂરો સાથ હતો એમ લાગ્યા વિના રહેતું નથી.

તે સમયે મિસરથી કનાન જવાના બે માર્ગો હતા. એક સીધો જમીન-માર્ગ હતો – સુએજની સંયોગી ભૂમિનો માર્ગ–જે ઘણો ટૂંકો હતો. બીજા માર્ગે રાતા સમુદ્રનો પશ્ચિમનો ફાંટો એટલે કે સુએજના અખાતનો ઉત્તરનો છેડો ઓળંગવો પડતો હતો અને ઓળંગ્યા પછી સૂર અને સિનાયના રણપ્રદેશો પસાર કરવા પડતા હતા. અલ્લાહ તઆલાએ આ લાંબા માર્ગે જવાનો આદેશ આપ્યો હતો. એ અંગે પવિત્ર કુરાનમાં ફરમાવવામાં આવેલું છે કે, "અમે મૂસાને વહી દ્વારા ખબર આપી કે મારા બંદાઓને લઈ રાતોરાત નીકળી જા. પછી તેમના માટે સમુદ્રમાં સૂકો માર્ગ બનાવી દેજે : કોઈના આવી પકડવાની બીક રાખીશ નહીં, તેમ જ બીજી કોઈ વબાલથી (ડૂબી જવાથી) ડરીશ નહીં." ૨૦ : ૭૭ આ લાંબે માર્ગે જવાનાં ત્રણ કારણો જણાય છે. (૧) ટૂંકા માર્ગે ઘણી લશ્કરી છાવણીઓ હતી, તેથી ફિરઓનના સિપાહીઓ સાથે અથડાવાનો પૂરતો સંભવ હતો. (૨) તેમણે ગુલામી દશા વર્ષો સુધી ભોગવી હતી તેથી ડરપોક બની ગયા હતા એટલે ફિરઓન સાથે યુદ્ધમાં ઝંપલાવવા તેઓ તૈયાર થાય તેમ ન હતું.[૬] (૩) પાપી અને જુલમી લોકોને સમુદ્રમાં અલ્લાહ ડુબાડી દેવા માંગતો હતો.

પૂર્વવત્ યોજનાનુસાર બધા જ ઈસરાઈલીઓ રામસેસમાં ભેગા થયા. નીકળી જવા બધા તૈયાર થયા ત્યારે મૂસા અલૈ.એ એવી સૂચના આપી કે રાત્રે રવાના થઈ શહેર બહાર અમુક મેદાનમાં બધાંએ ભેગા થવું, નીકળતી વેળા શહેરનો દરવાજો તેઓ ભૂલી ગયા.[૭] આ વેળા તેમના પૂર્વજોએ યૂસુફ

૬. તૌરાત–નિર્ગમન પ્ર. ૧૩ : ૧૭–૧૮ આયતો જુઓ.

૭. ગુજ. કુરાન–ઇસ્ફહાની. Vol. II પૃ. ૭૦૮ ૨૬ : ૫૨ ની નોંધ.

અલૈ.ના મૃતદેહને લઈ જવાનું વચન આપ્યું હતું તે યાદ આવ્યું. તેમના મૃતદેહની તપાસ કરાવી ત્યારે ફક્ત એક ડોશીમાએ તે જગાનો પત્તો બતાવ્યો. નાઈલ નદીના તટમાં પાણી તળેથી તેને શોધી કાઢી સાથે લઈ તેઓ સૂર્યાસ્ત વેળા રવાના થયા. તૌરાતમાં આ સમય માટે કહેવામાં આવ્યું છે કે, "સાંજે સૂર્યાસ્ત થતી વેળાએ એટલે તું મિસરમાંથી નીકળ્યો, તે સમયે, પાસ્ખાયજ્ઞ કર," પુનર્નિયમ પ્ર.૧૬ : ૬ કયા રસ્તે તેઓ રવાના થયા તેનો ઈશારો પવિત્ર કુરાનમાંથી મળતો નથી. તૌરાતમાં તેનું વર્ણન આપેલું છે.

"તેઓ રામસેસથી સુક્કોથ આવ્યા...અને સુક્કોથથી ઊપડીને એથામમાં અરણ્યની સરહદ ઉપર છાવણી કરી. ત્યાંથી પાછા વળીને બાલસફોનની સામે પીહાહીરોયની સામે મિગ્દોલ અને સમુદ્રની વચમાં તેમણે છાવણી કરી." ૮ આ સ્થળો અત્રે મળી આવતાં નથી, અને તેમની મહત્તા પણ નથી. નકશો જોતાં જણાશે કે રાતા સમુદ્રની પૂર્વે અરબસ્તાન આવેલો છે, જ્યારે પશ્ચિમે મિસર આવેલો છે. રાતા–સમુદ્રની ઉત્તરે બે ફાંટા આવેલા છે. એક ફાંટો અકબાના અખાત તરીકે ઓળખાય છે. બીજા પશ્ચિમી ફાંટામાં સુએજનો અખાત આવેલો છે. આ ફાંટો ઉત્તરમાં ઘણે દૂર સુધી ચાલ્યો જાય છે. ઉત્તરમાં આ ફાંટો પૂરો થાય છે ત્યાં સુએજનું શહેર વસેલું છે. ત્યાંથી સુએજની સંયોગીભૂમિ હતી જેમાં થઈને ઇજિપ્ત–સીરિયાનો ટૂંકો જમીનમાર્ગ હતો, એટલે કનાન જતાં તે સમયે કોઈ સમુદ્ર ઓળંગવો પડતો ન હતો. અલ્લાહ તઆલાના સંકેત પ્રમાણે આ માર્ગે ઈસરાઈલ–લોકોને લઈ જવાનું માંડી વાળ્યું હતું. આ સંયોગીભૂમિ ખોદીને અત્રે સુએજની નહેર બનાવવામાં આવી છે. તેમણે જ્યાંથી સમુદ્ર પાર કર્યો હતો તે સ્થળ સુએજ અને ઈસ્માઈલિયા શહેરોની વચ્ચે આવેલું હશે એમ લાગે છે.

ઈસરાઈલ–લોકો હિજરત કરી ગયા છે તેની જાણ ફિરઓનને થઈ ત્યારે તે એકદમ ડરી ગયો અને તેના મનમાં ધ્રાસ્કો પડી ગયો કે અવશ્ય કંઈક અનુચિત કે બૂરું થયા વિના રહેવાનું નથી. તેની આ હાલતની કોઈને જાણ ન પડે અને પોતે ભારે હિંમતવાન છે તે માટે તેણે તેમનો પીછો પકડવાનું નક્કી કર્યું. તેણે ઠેરઠેર હલકારા મોકલાવી ઢંઢેરો પિટાવ્યો કે, "ઈસરાઈલ-લોકો રાતોરાત રામસેસથી ભાગી છૂટયા છે. તેમનો પીછો પકડવાનો છે અને તેમને પાછા હાંકી લાવવાના છે. આવતી કાલે સૂર્યોદય થતાં આપણે કૂચ આરંભવાના છીએ. માટે સરદારોએ પોતપોતાનું સૈન્ય લઈ આજે મોડી

૮. તૌરાત–નિર્ગમન પ્ર. ૧૩–૧૪ જુઓ.

રાત સુધીમાં અમારી પાસે મેમ્ફિસમાં આવી જવું" પવિત્ર કુરાનમાં આ બાબત અંગે કહેવામાં આવ્યું છે કે, "ફિરઔને (ફોજો એકઠી કરવા) બધા શહેરોમાં ખેપિયાઓ દોડાવ્યા અને કહેવડાવ્યું કે ઈસરાઈલ–લોકોની સંખ્યા જૂજ ટુકડીઓમાં છે.[૯] તેમણે અમને નાખુશ કર્યા છે અને ગુસ્સે પણ. આપણે સાવધાન રહેનારા લોકો છીએ : (એટલે અગમચેતી વાપરી ઘણું મોટું સુસજ્જ લશ્કર લઈ તેમનો પીછો પકડવો જોઈએ.) ૨૬ : ૫૨ : ૫૬ "શહેરોમાંથી ખમીરવંતા લોકો તેમજ ત્યાં રહેતા સિપાહીઓ આવી ગયા ત્યારે સૂર્યોદય વેળા (ફિરઔન અને તેના લશ્કરે) તેમનો પીછો પકડયો." ૨૬ : ૬૦ – તૌરાતમાં પીછો પકડવા સંબંધી કહેવામાં આવ્યું છે કે, " અને મિસરના રાજાને ખબર મળી કે તેઓ નાસી ગયા છે...ત્યારે તેણે પોતાનો રથ તૈયાર કરાવીને પોતાના લોકોને સાથે લીધા, અને તેણે ચૂંટી કાઢેલા છસેં રથ અને મિસરના બીજા સર્વ રથો તથા તે બધાના ઉપર સરદારો લીધા. ...મિસરીઓ તથા ફારૂનના સઘળા ઘોડા તથા રથો તેના સવારો તથા તેનું સૈન્ય તેમની પાછળ પડયાં અને...પીહાહીરોથની પાસે સમુદ્ર–કાંઠે છાવણી નાંખીને પડયાં હતાં ત્યાં તેમને પકડી પાડયાં." નિ. પ્ર. ૧૪ : ૫થી૯. ફિરઔનના લશ્કરે એટલી ઝડપી કૂચ કરી કે ઈસરાઈલ–લોકોએ ત્રણ રાત અને ત્રણ દિવસમાં જેટલું અંતર કાપ્યું હતું તેટલું અંતર ફિરઔનના લશ્કરે એક દિવસ અને એક રાતમાં કાપી નાંખ્યું અને બીજા દિવસે સૂર્યોદય વેળાએ તેમને પકડી પાડયા.

---

૯. ઈસરાઈલ–લોકોની ૧૭ લાખની સંખ્યામાંથી લડી શકે તેવા ૭૦,૬૦૦ માણસો હતા; અને ફિરઔનનું લશ્કર ૭ લાખ હતું. ગુજ. કુરાન–રાંદેર Vol. II. પૃ. ૮૫૬ નોંધ–૬.

## પ્રકરણ ૨૦મું

# ફિરઔન અને તેના લશ્કરનું ડૂબી જવું

ફિરઔનનું મોટું સૈન્ય જોઈ ઇસરાઈલ-લોકોના હોશકોશ ઊડી ગયા કેમ કે પાછળ સૈન્ય હતું અને આગળ સમુદ્ર હતો. આમ તેઓ ઘેરાઈ ગયા હતા, બચવાનો કોઈ ઉપાય નો'તો. ગભરાટમાં તેઓ મૂસા અલૈ.ને કહેવા લાગ્યા: "શું મિસરમાં કબરો નો'તી કે તું અમને અરણ્યમાં મારવાને લઈ આવ્યો? અમને મિસરમાંથી કાઢી આણીને તું આ પ્રમાણે અમારી સાથે કેમ વર્ત્યો? અમે શું મિસરમાં તને એવી વિનંતી નહોતી કરી કે અમને તું મિસરીઓની ચાકરી કરવા દે? કેમ કે અરણ્યમાં મરવા કરતાં મિસરીઓનું દાસપણું અમને ઠીક પડત." તૌ. નિ. પ્ર. ૧૪:૧૦થી ૧૨. પવિત્ર કુરાને આ હાલતનો ચિતાર બહુ ટૂંકાણમાં આ પ્રમાણે આપ્યો છે:

"જ્યારે બંને ટુકડીઓએ એકબીજાને જોઈ લીધી ત્યારે મૂસાના સાથીઓ બોલી ઊઠ્યા: "ખરેખર આપણે પકડાઈ ગયા." ૨૬:૬૧

મૂસા અલૈ.એ તેમને આશ્વાસન આપતાં કહ્યું: "એવું કદાપિ બનશે નહીં, મારો પરવરદિગાર મારી સાથે છે. તે હમણાં જ મને (બચી જવાનો) કોઈક માર્ગ દેખાડશે." ૨૬:૬૧-૬૨ અલ્લાહ તઆલા પર કેટલી શ્રદ્ધા! અને અલ્લાહ પર જે કોઈ શ્રદ્ધા રાખે છે તેને તે મદદ કર્યા વિના તે રહેતો નથી; અહીં તો મૂસા અલૈ. જેવા મહાન પયગંબર હતા, તેમને મદદ મળતાં શું વાર! તરત જ અલ્લાહે મૂસાને વહી દ્વારા ખબર આપી કે, "તું તારી લાઠી સમુદ્ર પર પછાડ. પછાડતાંની સાથે તે ફાટી ગયો અને તેનો દરેક ભાગ એક મોટા પહાડ સમો ઊભો થઈ ગયો." ૨૬:૬૩ આથી સમુદ્રના બે ભાગ પડી ગયા અને વચમાં રસ્તો બની ગયો. કેટલાક ભાષ્યકારોનું કહેવું છે કે પાણી હઠી જવાથી જે રસ્તો બન્યો હતો તેના પર કાદવ-કીચડ હતો, પરંતુ તે તરત જ સુકાઈ ગયો અને રસ્તો સૂકો બની ગયો. દરિયામાં પાણી નીચે સખત જમીન પણ હોય છે. પાણી હઠી જાય ત્યારે આવી જગાએ સહેલાઈથી ચાલી શકાય છે. અહીં પાણી હઠી જવાથી જે રસ્તો બન્યો હતો તે આવી સખત જમીનનો હશે એવી પણ શક્યતા છે. આ એક મોટો મોજિઝો (આશ્ચર્ય-કૃત્ય) હતો. આ અને એની પહેલાંના નવ મોજિઝાઓનો સંબંધ ફિરઔન, તેના

સરદારો અને તેની કોમના લોકો સાથેનો હતો. સમુદ્રમાં રસ્તો પડી જવાના મોજિઝા પછીના સઘળા મોજિઝાઓનો સંબંધ ઇસરાઇલ-લોકો સાથેનો હતો. એટલે જ કહી શકાય કે આ મોજિઝો એક સીમા-ચિહ્ન સમાન હતો.

જ્યારે સમુદ્ર ફાટી ગયો અને તેના ભાગ પડી ગયા અને તેથી તેમાં સૂકો માર્ગ પડી ગયો ત્યારે મૂસા અલૈ. પોતાની કોમના લોકોને કહેવા લાગ્યા : "હે મારા ભાઈઓ! તમે અલ્લાહનો આભાર માનો અને સમુદ્રમાં પડેલા આ માર્ગ પર ચાલીને પેલે પાર નીકળી જાઓ." પરંતુ પહેલ કરવાની કોઈની હિંમત ચાલી નહીં. ઊલટું તેઓ કહેવા લાગ્યા, "અત્રે તો સમુદ્રમાં પડેલા માર્ગની બંને બાજુઓનાં પાણી પહાડ સમાં થંભી ગયાં છે, પણ જો અમે અધવચમાં પહોંચ્યા હોઈએ ત્યારે આ પહાડ સમાં પાણી ભેગાં થઈ જાય તો અમારી શી વલે થાય ? અમે બધાં ડૂબી મરીએ ને આખી ઇસરાઇલ-કોમ નાબૂદ થઈ જાય ને!" આ વેળા પણ મૂસા અલૈ.એ આશ્વાસન આપતાં તેમને કહ્યું કે, "એવું કદાપિ બનશે નહીં. નીડર બનીને પેલે પાર ચાલ્યા જાઓ." હિંમત આપ્યા છતાં કોઈએ ઝંપલાવ્યું નથી, એ પરિસ્થિતિ જોઈ હારૂન અલૈ.એ પોતાનો ઘોડો સમુદ્રમાં પડેલા સૂકા માર્ગે ઉતાર્યો અને થોડે દૂર જઈ થોભ્યા. આથી સંપૂર્ણ ખાતરી થતાં બધા ઊતરી પડ્યા અને સમુદ્ર પાર કરવા પેલા રસ્તા પર ચાલવા લાગ્યા. સૌથી આગળ હારૂન અલૈ. હતા અને સૌથી પાછળ મૂસા અલૈ. હતા.[1] બધા જ ઇસરાઇલ-લોકો સહીસલામત પાર ઊતરી ગયા. પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "અને અમે ઇસરાઇલ-લોકોને સમુદ્ર પાર ઉતારી દીધા." ૭ : ૧૩૮ તથા ૧૦ : ૯૦ "અને અમે તે બંનેને તથા તેમની કોમને મહાન મુસીબતમાંથી મુક્તિ આપી." ૩૭ : ૧૧૫

ઇસરાઇલ-લોકોને સમુદ્રમાં ઊતરતા જોઈ પોતાના લશ્કર સાથે ફિરઔન તેમને પકડવા દોડ્યો. સમુદ્રકિનારે આવ્યો ત્યારે પાણી પહાડોની જેમ થંભી ગયેલું હતું અને વચમાં રસ્તો હતો અને ઇસરાઇલ-લોકો તે માર્ગે સમુદ્ર પાર કરી રહ્યા હતા. આ પરિસ્થિતિ જોઈ તે બોલી ઊઠ્યો : "આજે તમે મારું ઐશ્વર્ય જોયું ને! આ સમુદ્રે પણ મને રસ્તો આપી દીધો છે. હવે કહો જોઈએ કે મારા સિવાય તમારો બીજો કોઈ રબ હોઈ શકે! ચાલો ત્યારે! એ રસ્તે થઈને ઇસરાઇલ-લોકોને આપણે પકડી પાડીએ."

---

૧. જલ્વાએ નૂર. મો. મોહમ્મદ હાફિજ ઇરહાક. પૃ. ૧૧૦.

આ સાંભળી તેનો મુખ્ય વઝીર હામાન સમજાવવા લાગ્યો : "બાદશાહ સલામત ! તમને ખાતરી તો થઈ ગયેલી જ છે કે મૂસાએ કયારેય પણ જાદુ કર્યો નથી. તેણે જે જે નિશાનીઓ આપણને દેખાડી છે તે બધી તેના મોજિઝાઓના પ્રતાપે હતી અને તે તેના રબ તરફની હતી. સમુદ્રમાં જે રસ્તો અત્રે બન્યો છે તે તેની કોમના લોકો માટે બનેલો છે, તમારા લોકો માટેનો નથી. આ તો મૂસાનું મોટું આશ્ચર્યકૃત્ય છે. જો તમે એ માર્ગે તેમને પકડવા જશો તો આ થંભી ગયેલાં પાણી ભેગાં થઈ આપણા પર ફરી વળશે અને આપણને ડુબાડી દેશે. માટે તેમનો પીછો પકડવાનું માંડી વાળો અને પાછા વળી જાઓ."

ફિરઔનને તેની વાતમાં તથ્ય જણાયું એટલે તે પોતાનો ઘોડો પાછો વાળવા લાગ્યો. આ સમયે જ જિબ્રીલ અલૈ. એક ઘોડી પર સવાર થઈને તેના ઘોડા પાસેથી પસાર થવા લાગ્યા. તેમની સુંદર ઘોડી જોઈને ફિરઔનનો ઘોડો તેની પાછળ પડયો. તેને પાછો વાળવા તેણે ખૂબ મથામણ કરી પણ તે પાછો વળ્યો જ નહીં અને ફિરઔનને લઈ પેલી સુંદર ઘોડી પછવાડે સમુદ્રમાં પડેલા માર્ગે પડયો. ફિરઔનને સમુદ્રમાં જતો જોઈ બધા સરદારો અને તેના બધા જ સૈનિકો તેની પાછળ પાછળ સમુદ્રમાં પડેલા માર્ગે જવા લાગ્યા.[૨]

કુરાન શરીફમાં આવી કોઈ વિગત નથી; એ અંગે કોઈ ઈશારો પણ નથી. તેણે શા માટે સમુદ્રમાં ઝંપલાવ્યું તે અંગે પવિત્ર કુરાનની કેટલીક આયતોમાંથી એવું ફલિત થાય છે કે તેને પણ પૂરેપૂરી ખાતરી હતી કે તે પણ પોતાના સૈનિકો સાથે ઈસરાઈલ–લોકોની જેમ જઈ શકશે અને તેમને પકડી શકશે. એ બાબતનો ખ્યાલ પવિત્ર કુરાનની નીચેની આયતોથી આવે છે :

"અને અમે ઈસરાઈલ–લોકોને સમુદ્ર પાર ઉતારી દીધા. ત્યાર પછી ફિરઔન અને તેના લશ્કરે તેમની પૂંઠ પકડી અને તે એટલે સુધી કે તે ડૂબવા લાગ્યો." ૧૦ : ૯૦

"અને અમે મૂસાને વહી દ્વારા ખબર આપી હતી કે મારા બંદાઓને લઈ રાતોરાત નીકળી જા. પછી તેમના માટે સૂકો રસ્તો બનાવી દેજે. પછી કોઈના આવી પકડવાની બીક રાખીશ નહીં, તેમજ બીજી કોઈ વબાલથી

---

૨. જલ્વાએ તૂર–પૃ. ૧૧૨ તેમ જ ગુજ. કુરાન–રાંદેર. Vol. I. પૃ. ૫૧૪ નોંધ–૧.

ડરીશ નહીં. પછી ફિરઓને પોતાના લશ્કર સહિત તેમની પૂંઠ પકડી."
૨૦ : ૭૭-૭૮

"અલબત્ત, તમારો પીછો પકડવામાં આવશે." ૨૪ : ૨૩ અને ૨૬ : ૫૨ આ આયતોથી સ્પષ્ટ થાય છે કે, અંતિમ હદ સુધી પીછો પકડવાનો હતો. તેમ કરાવવાનું કારણ એ હતું કે ફિરઓનીઓને ડુબાડી દેવાના હતા. આ ખ્યાલ ૪૪ : ૨૪ની આયતમાંથી મળી રહે છે. તેમાં ફરમાવવામાં આવ્યું છે કે, " અને સમુદ્રને (પાર ઊતર્યા પછી) તે જ સ્થિતિમાં છોડી દેજે : (કારણ ત્યાર પછી ) તેનું લશ્કર ડૂબી જવાનું છે." ફિરઓન અને તેના લશ્કરને ડુબાડી દેવાની અલ્લાહ તઆલાની પૂર્વવત્ યોજના હતી, એટલે જ તેમને પીછો પકડવાની યોજના પણ હતી, આ પીછો ફિરઓને જાણીબૂઝીને પકડયો હોય કે પછી અનાયાસે પકડયો હોય. પોતાનો ઘોડો બેકાબૂ બની ઘોડી પછવાડે પડયો તેથી પીછો પકડયો હોય. આ પ્રસંગ એક કારણભૂત જ છે.

પછી જયારે ફિરઓન તેના સરદારો,[3] અને તેના સૈનિકો સમુદ્રના પડેલા રસ્તાની અધવચમાં આવ્યા ત્યારે તેમના માટે ગમે તે સંજોગો ઊભા થયા હશે, એ તો હકીકત છે કે ફિરઓન અને તેના લશ્કરે સમુદ્રમાં પડેલા માર્ગે ઈસરાઈલ-લોકોની પૂંઠ પકડી હતી. તેમ કરવામાં તેમનો મૂળભૂત આશય ઈસરાઈલ-લોકોને પાછા લાવી પોતાની ગુલામી કરાવવાનો હતો. ફિરઓન, તેના સરદારો અને તેના સૈનિકો રસ્તાની અધવચમાં આવ્યા ત્યારે," તેમના પર સમુદ્રનો પ્રવાહ ફરી વળ્યો, જે તેનો ગુણધર્મ હતો. ૨૦ : ૭૮ એટલે કે પાણી પ્રવાહી છે પરંતુ અલ્લાહના આદેશ અનુસાર પાણીનો વહી જવાનો ગુણધર્મ લઈ લેવામાં આવ્યો હતો, જે પાછો તેને આપવામાં આવ્યો : પરિણામે સમુદ્રનાં થંભી ગયેલાં પહાડ સમાં પાણી એકઠાં થઈ વહેવા લાગ્યાં અને તેમને બધાંને ડુબાડી દીધા. આ અંગેની પવિત્ર કુરાનમાં ઘણી આયતો છે.[4]

સામે કિનારેથી ઇસરાઈલ-લોકો તેમને ડૂબતા જોઈ રહ્યા હતા. આ અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "અને (તે સમયને યાદ કરો ) જયારે તમારા માટે સમુદ્રને ચીરી નાંખ્યો, પછી તમને બચાવી લીધા અને ફિરઓનના માણસોને ડુબાડી દીધા ત્યારે તમે ( તેમને ડૂબતાં )

---

૩. હામાનને પણ બધા સરદારો સાથે જવું પડયું.

૪. ૭ : ૧૩૬ – ૮ : ૫૪ – ૧૭ : ૧૦૩ – ૨૦ : ૭૮ – ૨૬ : ૬૫/૬૬ ૨૮ : ૪૦ – ૪૩ : ૫૩ – ૪૪ : ૨૦ – ૫૧ : ૪૦.

જોઈ રહ્યા હતા. ૨ : ૫૦ તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે ફિરઔનીઓ "પથ્થરની પેઠે ઊંડાણોમાં ગરક થઈ ગયા." નિ. પ્ર. ૧૫ : ૫ "તેઓ સીસાની પેઠે મહાજળમાં ડૂબી ગયા." નિ. પ્ર. ૧૫ : ૧૦ – એ હકીકત તો તમે જાણતા હશો કે ઉપરની તૌરાતની આયતોમાં કહ્યું છે તેમ ડૂબેલું શબ તરત તો પથ્થર કે સીસાની જેમ પાણીમાં નીચે બેસી જાય છે. જ્યારે શબ ફૂલી ઊઠે છે ત્યારે તે બે–પાંચ દિવસ પછી પાણીમાંથી તેની સપાટી પર આવી જાય છે અને તરતું રહે છે. એવું પણ બન્યું હશે કે તેમના કેટલાક મૃતદેહોને દરિયાઈ પ્રાણીઓ જેવાં કે, માછલાં, મગરમચ્છો અને જીવજંતુઓ ખાઈ ગયાં હશે અને કેટલાક મૃતદેહો તણાતા તણાતા કિનારે આવી ગયા હશે. આ અંગે તૌરાતમાં કહેવામાં આવેલું છે કે, "અને ઈસરાઈલે સમુદ્રકાંઠે મિસરીઓને મૂએલા દીઠા." નિ. પ્ર. ૧૪ : ૩૦ અહીં તે મૃતદેહો ગીધડાં અને શિયાળવાં જેવાં ભૂમિ–પ્રાણીઓ તેમજ જળચર પ્રાણીઓનાં ભક્ષ બની ગયાં હશે. મિસરીઓ ડૂબી ગયા એ બનાવની જાણ મિસરમાં થઈ ત્યારે ડૂબી ગયેલાંઓનાં સગાંવહાલાં રડારોળ કરતાં ત્યાં આવ્યાં હશે, પરંતુ બધા મૃતદેહો ખરાબ થઈ ગયેલા જોઈ, જેમનાં તેમ પડતાં મૂકી પાછા ફર્યા હશે, ફિરઔનનું શું થયું તે જોઈએ.

"ફિરઔન જ્યારે ડૂબવા લાગ્યો ત્યારે તે બોલી ઊઠ્યો : હું ઈમાન લાવ્યો અર્થાત્ હવે શ્રદ્ધાપૂર્વક માનું છું કે સાચો માબૂદ અર્થાત્ ઉપાસ્ય તેના સિવાય બીજો કોઇ નથી જેના પર ઈસરાઈલિ–લોકો ઈમાન લાવ્યા છે અને હવે હું ફરમાબરદારી કરનારાઓ પૈકીમાંનો છું." ૧૦ : ૯૦ પહેલાં આફતો પડતી હતી તે વેળા તે જેમ મૂસા અલૈ.ને છેતરતો હતો તેમ અહીં પણ તે છેતરવા માંગતો હતો. સાચું ઈમાન તેનામાં આવ્યું ન હતું,

"(તેથી તેને કહેવામાં આવ્યું કે) હવે ઈમાન લાવે છે ? અત્યાર સુધી તો તું નાફરમાની જ કર્યા કરતો હતો, તું તો ખરેખર ફિતનો–ફિસાદ કરનારાઓ પૈકીમાંનો હતો. આજે અમે તારી લાશને બચાવી લઈશું કે જેથી તારા પછીના લોકો માટે દૃષ્ટાંતરૂપ થઈ એક નિશાની બની રહે. કેટલાક લોકો એવા છે કે અમારી (દૃષ્ટાંતરૂપ) નિશાનીઓથી અજ્ઞાત રહે છે." ૧૦ : ૯૧–૯૨.

આમ ડૂબતી વેળા ફિરઔન ઈમાન લઈ આવ્યો હતો, પંરતુ સાચા હૃદયથી તે ઈમાન લાવ્યો ન હતો તેથી તેનો સ્વીકાર કરવામાં ન આવ્યો. આ સંબંધી તલમૂદમાં કહેવામાં આવ્યું છે કે, "ડૂબતી વેળા ફિરઔને કહ્યું હતું કે, હે ખુદાવંદ ! હું તારા પર ઈમાન લાવું છું, અને માનું છું

કે તારા સિવાય બીજો કોઈ ખુદા નથી."૫

પવિત્ર કુરાનની ૧૦ : ૯૧-૯૨ની આયતોમાં ફરમાવવામાં આવેલું છે તે ઉપરાંત તેની લાશ બચાવી લેવાનું બીજું પણ પ્રયોજન હતું. ઇસરાઈલીઓ તેનાથી અનહદ ડરતા હા. જો તે જીવતો રહે તો ભવિષ્યમાં ગમે ત્યારે તેને પકડીને પાછો મિસર લઈ જાય અને તેમની પાસે ગુલામી કરાવે. તે જીવતો છે એવો ખ્યાલ પણ તેમને ડરાવ્યા કરતો હતો; એટલે તે મરી ગયો છે તેની ખાતરી કરાવવાની જરૂર હતી. તેથી કુદરતે તેની લાશને સમુદ્રકિનારે ફેંકી દીધી અને તે જોઈ તેમને પૂરી ખાતરી થઈ કે ખરેખર ફિરઔન મરી ગયો છે. એમ કહેવામાં આવે છે કે, સિનાયના દ્વિપકલ્પના પશ્ચિમ કિનારે તેની લાશ પડી હતી. તે જ્યાં પડેલી હતી તેને "જબ્બે ફિરઔન" અર્થાત્ 'ફિરઔનની પહાડી' કહે છે. તેની પાસે ગરમ પાણીનો એક ઝરો છે. તેને "હમામે ફિરઔન" અર્થાત્ "ફિરઔનનું સ્નાનાગાર" કહે છે. લાશ પડી હતી તે સ્થળ અત્રેના "અબૂ ઝનિયા" નામના સ્થળથી ઉત્તરમાં વીસેક માઈલના અંતરે આવેલું છે. જે જગાએ તેની લાશ નીકળી હતી તે જગા ત્યાંના સ્થાનિક લોકો આજે પણ બતાવે છે.

પછી કેટલાંયે વરસો સુધી લાશનો પત્તો લાગતો ન હતો, તેથી યહૂદીઓ મુસલમાનોને ટોણો માર્યા કરતા હતા કે, ક્યાં છે ફિરઔનની લાશ? કુરાનમાં કહ્યું છે ને કે, "અમે તારી લાશને બચાવી લઈશું કે જેથી તે તારા પછીના લોકો માટે દષ્ટાંતરૂપ થઈ એક નિશાની બની રહે." એની લાશનો જ પત્તો લાગતો નથી તો પછી તે નિશાની કેવી રીતે બને? અને નિશાની જ નથી તો પછી અત્રેની કે ભવિષ્યની પ્રજાઓ શું બોધપાઠ લઈ શકે? "લાશનો પત્તો લાગતો ન હતો એટલે મુસલમાનોને આ અંગે મૌન સેવવું પડતું હતું. ઇજિપ્તના રાજા, રામસેસ બીજાની મમી ઈ. સ. ૧૮૮૧ની સાલમાં એટલે કે એના મરણ પછી ૩૦૦૦ વરસે મળી આવી.૬ કેટલાક લોકોનું માનવું છે કે રામસેસ બીજો સમુદ્રમાં ડૂબી ગયો હતો. એવું

---

૫. તફહીમુલ કુરાન–મો. મૌદૂદી. Vol. II. પૃ. ૩૧૦ નોંધ–૯૧.

૬. The Mummy of Ramses II, King of Egypt was found in 1881—more than 3,000 years after his death, When un-waraffed, its dried Skin, teeth and hair were intact, reflecting the ancient embalmers Skill. cutting from Gujarat Samachar.

હોય તોપણ એની લાશ ત્રણ હજાર વરસ પછી જેવી ને તેવી મળી આવી. સામાન્ય મત એવો છે અને આપણે પણ આ પુસ્તકમાં ગ્રાહ્ય રાખ્યો છે કે જે સમુદ્રમાં ડૂબી ગયો હતો તે ઇજિપ્તનો રાજા રામસેસ ત્રીજો ઉર્ફે મનફતાહ હતો. એની મમી ઇજિપ્તના રાજા "અમનતહબ"ના મકબરામાંથી મળી આવી હતી. ઈ. સ. ૧૯૦૭માં એક અંગ્રેજ વૈજ્ઞાનિક સર ગ્રેફ્ટન ઈલિયટ–સ્મિથે એની મમી પરની પટીઓ ઉખેડી ત્યારે જે મૃતદેહ નીકળ્યો હતો તેના આખા શરીર પર મીઠાનું આવરણ બાઝેલું હતું અને તેનું નાક માછલાંએ કરડી ખાધું હતું,[૭] જેથી પુરવાર થાય છે કે સમુદ્રમાં ડૂબી ગયેલો ફિરઓન રાજા મનફતાહ અર્થાત્ રામસેસ ત્રીજો હતો.

પવિત્ર કુરાનમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, "પછી તો તેના માટે ન તો આકાશે રુદન કર્યું, ન પૃથ્વીએ." ૪૪ : ૨૯ એમ કહેવામાં આવે છે કે, જ્યારે કોઈ નેક કે પુણ્યશાળી વ્યક્તિનું મરણ થાય છે ત્યારે આકાશના બે દરવાજાઓ અને ધરતીનો ટુકડો ૪૦ દિવસ સુધી શોક પાળે છે[૮] અને રડે છે. દરેક વ્યક્તિ માટે આકાશના બે દરવાજાઓ નિમિત્ત કરેલા હોય છે. એક દરવાજાએથી તેની આજીવિકા ઊતરતી હોય છે અને બીજા દરવાજાએથી તેનાં પુણ્યશાળી કામો સંગ્રહ માટે ઉપર ચઢતાં હોય છે. તેના મરણના કારણે આ દરવાજેથી થતું તેનું કામકાજ બંધ પડી જાય છે, તેથી આ દરવાજાઓ અર્થાત્ આકાશનો આ ભાગ શોક પાળે છે અને રુદન પણ કરે છે. તેવી જ રીતે જમીનના જે ટુકડા પર બેસી તે અલ્લાહની બંદગી કરતો હતો અને પુણ્યશાળી કામ કરતો હતો તે બંધ પડી જાય છે તેથી ધરતીનો તે ટુકડો તેના માટે શોક પાળે છે અને રુદન કરે છે. આથી ઊલટું દુષ્ટ લોકોનું મોત નીપજે છે ત્યારે આકાશના તેના માટે નિમિત્ત થયેલા દરવાજાઓ અને ધરતીનો ટુકડો તેના માટે લગીરે દિલગીર થતા નથી અને રડતા પણ નથી. આથી એવું પણ કહી શકાય કે કોઈને તેમના માટે રડવું આવ્યું નહીં. ન ધરતીના લોકો તેમના માટે રડયા, ન આકાશના લોકોને તેમના વિનાશ માટે દુઃખ થયું; કારણ ન તો તેમણે કોઈ ભલાઈનાં કામો કર્યાં હતાં કે તેમના માટે લોકો રડે, અને ન તો તેમણે અલ્લાહને રાજી રાખવાનાં કામો કર્યાં હતાં કે જેથી ફરિસ્તાઓને તેમના માટે દુઃખ થાય. ઇજિપ્તના ઇતિહાસમાં આવા અગત્યના બનાવનો ક્યાંય ઉલ્લેખ થયો નથી.

૭. Ibid. કુરાનિક કહાણીઓ પૃ. 692 MS.

૮. તફસીરે કાદરી. Vol. II. પૃ.

જેથી પુરવાર થાય છે કે ફિરઔન જેવો મહાબળવાન રાજા અને તેના સરદારો તથા હજારો સૈનિકો ડૂબી ગયા પણ કોઈએ આ બનાવને લક્ષમાં લીધો નહીં.

વળી ફિરઔન અને ફિરઔનીઓનો છેવટનો અંજામ શું આવશે તેનું ચિત્ર પણ કુરાન શરીફમાં ખડું કરવામાં આવેલું છે. તેની ૧૧ : ૯૮ની આયતમાં કહેવામાં આવ્યું છે કે, "કયામતના દિવસે તે (ફિરઔન) પોતાની કોમના લોકોની આગળ આગળ ચાલશે અને તેમને નરક તરફ લઈ જશે; તે જગ્યા અત્યંત ખરાબ ઉતારાની જગ્યા છે. આ દુનિયામાં તેમના પર ફિટકાર વરસાવવામાં આવે છે અને કયામતના દિવસે પણ તેમના પર ફિટકાર વરસાવવામાં આવશે. આ કેટલો કમકમાટી ઉપજાવે તેવો નઠારો બદલો હશે." અહીં એ તો સ્પષ્ટ થાય છે કે તે લોકો ફિરઔનની આગેવાની હેઠળ દોજખમાં જશે. આ આયતમાંથી બીજી બાબત એ પણ ફલિત થાય છે કે, અહીંની જિંદગાનીમાં જે લોકો પોતાના કુટુંબ–કબીલાના, પોતાની જ્ઞાતિના, પોતાની પ્રજાના, પોતાના પંથ કે ફિરકાના નેતાઓ હશે તે લોકો કયામતના દિવસે પણ તેમના નેતાઓ હશે. અહીંની જિંદગાનીમાં જો તેમણે પોતાના અનુયાયીઓને સાચા માર્ગે દોર્યા હશે, અર્થાત્ પુણ્યશાળી કે નેકીનાં કામો તરફ અને તૌહીદ–પરસ્તી તરફ દોર્યા હશે તો તેઓ પોતાના ઝંડા હેઠળ પોતાના અનુયાયીઓને સરઘસાકારે સ્વર્ગમાં લઈ જશે. જો આગેવાનોએ પોતાના અનુયાયીઓને પાપ તરફ કે શિર્ક તરફ અર્થાત્ અલ્લાહ સિવાય અન્યની પૂજા તરફ દોર્યા હશે તો તેઓ પોતાના અનુયાયીઓને સરઘસાકારમાં નરક તરફ લઈ જશે. આપ સલઅમે આ અંગેનું ચિત્ર ખડું કર્યું છે, "કયામતના દિવસે અરબસ્તાનના અંધકાર–યુગના કવિઓનો ઝંડો અમર – બિન – કેશના હાથમાં હશે અને તે તેમને દોજખ તરફ લઈ જતો હશે."[૯] કયામતના દિવસે દુષ્ટ નેતાઓને તેમના અનુયાયીઓ ગાળો ભાંડતા ભાંડતા અને તેમના પર ફિટકાર વરસાવતા વરસાવતા સરઘસમાં ચાલતા હશે: નેક કે પુણ્યશાળી નેતાઓને તેમના અનુયાયીઓ આશીર્વાદ અને ભલી દુઆ આપતા આપતા સરઘસમાં ચાલતા હશે.

મરણ અને કયામતના ગાળામાં તેમનું શું થશે તેનો જરા સરખોય ઉલ્લેખ અહીં કે બીજી કોઈ આયતોમાં કરવામાં આવ્યો નથી. આ ગાળામાં પુનર્જન્મ થયા કરતો હોત તો તેનો ઉલ્લેખ અલ્લાહ તઆલા કર્યા વિના

---

૯. امرء القيس حامل لواء الشعراء والجاهلية الى النار

રહેત નહીં. ફિરઔનીઓ પુનર્જન્મ પામી કઈ કઈ દશામાં અવતરે તે અંગે પણ કંઈક કહ્યા વિના રહ્યો ન હોત. આથી એવું સિદ્ધ થાય છે કે આવાગમનનો સિદ્ધાંત અર્થાત્ મોક્ષ મળે નહીં એટલે કે સ્વર્ગ મળે નહીં ત્યાં સુધી જન્મ-મરણના ફેરા થતા રહે છે એ સિદ્ધાંત સાવ ખોટો છે. મરણ પછી ફક્ત કયામતના દિવસે જ દરેક પુનર્જન્મ પામશે અને ત્યારે આ દુનિયાની જિંદગાનીનો ભલો-બૂરો બદલો મેળવવા અલ્લાહ તઆલા સમક્ષ હાજર થવું પડશે.

---


## પ્રકરણ ૨૧મું

## ઇસરાએલ-લોકોની મૂળભૂત જરૂરિયાતોનો ઉકેલ : પાણીનો પ્રશ્ન

ફિરઔન અને ફિરઔનીઓ સમુદ્રમાં ડૂબી ગયા તે તેમણે નજરોનજર જોયું, પરંતુ ફિરઔનથી તેઓ ખૂબ જ ડરતા હતા એટલે જ્યારે તેમણે ફિરઔનના મૃતદેહને જોયો ત્યારે તેમની ખુશાલીનો પાર ન હતો. ઠેર ઠેર તાપણાં સળગાવી તેઓ ખુશાલીમાં નાચવા કૂદવા લાગ્યા અને સ્ત્રીઓ ડફ બજાવી ગીતો ગાવા લાગી. આ ખુશાલી મનાવવામાં આવી હતી તેની સાખ તૌરાત આમ પૂરે છે કે, " તે પ્રસંગે મૂસાએ અને ઇસરાએલ-પુત્રોએ યહોવાહની આગળ ગીત ગાયું." નિ. પ્ર. ૧૫ : ૧ " અને હારૂનની બહેન મરિયમ પ્રબોધિકાએ પોતાના હાથમાં ડફ લીધું અને સર્વ સ્ત્રીઓ ડફ વગાડતાં ને નાચતાં તેની પાછળ ચાલી." નિ. પ્ર. ૧૫ : ૨૦ પરંતુ ખુશાલી ઉજવ્યા પછી મૂસા અલૈ.એ તેમને એકત્ર કર્યાં અને કહેવા લાગ્યા, " ખુદાવંદ ફરમાવે છે કે : તે હું છું જેણે તમને આ મહા-સંકટમાંથી ઉગાર્યા છે. માટે તમે મારો ઉપકાર માનતા રહો અને મારી જ બંદગી કરતા રહો."

જે જગાએથી તેમણે સમુદ્ર પાર કર્યો હતો તેને તૌરાતમાં સૂફ સમુદ્ર કહ્યો છે. એ સમુદ્ર, રાતા સમુદ્રના પશ્ચિમના ફાંટાનો ઉત્તરનો છેડો હતો, તે સમયે એ ફાંટો " મુસ્સાહનો અખાત " તરીકે ઓળખાતો હતો. એ અખાત અથવા સૂફ સમુદ્ર હાલમાં સુએજ અને ઈસ્માઈલિયા શહેરોની વચમાં આવેલો હોવો જોઈએ એમ નકશો જોતાં જણાય છે. આ સૂફ સમુદ્રનો અર્થાત્ મુસ્સાહના અખાતનો સુએજની નહેરમાં સમાવેશ

થઈ ગયો એમ લાગે છે. આથી કહી શકાય કે અત્રે સુએજની નહેર છે તેમાં સમુદ્ર હશે. ત્યાંથી તેમણે સમુદ્ર પાર કર્યો હતો. આ સૂફ સમુદ્ર પાર કર્યા પછી તેઓ એક ત્રિકોણાકાર ઉજ્જડ પ્રદેશમાં આવી પડયા. આ ઉજ્જડ પ્રદેશ રાતા સમુદ્રના પશ્ચિમના ફાંટાની સાથે સાથે દોઢસો માઈલ સુધી દક્ષિણમાં ચાલ્યો ગયો છે. એનો વિસ્તાર પૂર્વમાં પચાસેક માઈલનો છે. આ ઉજ્જડ પ્રદેશને સિનાયનું અરણ્ય કહે છે. અને એ એવું અરણ્ય છે કે જ્યાં પાણી મળવાં દુર્લભ છે ત્યાં પુષ્કળ ગરમી પડે છે. ઝાઝી વસ્તી ખેતીવાડીનું કયાંયે નામનિશાન નથી. એટલે જીવનની મૂળભૂત જરૂરિયાતોના પ્રશ્નો અહીં ઊભા થયા.



ઈસ્માએલી લોકોનું નિર્ગમન

સૂફ સમુદ્ર પાર કર્યા પછી સમુદ્રના કિનારે કિનારે દક્ષિણ તરફ તેમણે પ્રયાણ કર્યું હતું એનું સમર્થન બંને આકાશી પુસ્તકો પવિત્ર કુરાન અને તૌરાત કરે છે. પવિત્ર કુરાનની ૭ : ૧૩૮મી આયતમાં સમર્થન થયેલું છે : તૌરાતમાં આવે છે કે, "મૂસાએ ઈસરાએલ–પુત્રોને સૂફ સમુદ્રથી આગળ ચલાવ્યા અને તેઓ નીકળીને શૂર અરણ્યમાં ગયા : અને તેઓ ત્રણ દિવસ અરણ્યમાં ચાલ્યા, પણ તેમને કંઈ પાણી મળ્યું નહિ. અને તેઓ મારાહમાં આવ્યા ત્યારે મારાહમાં પાણી પી ન શકયા, કેમ કે તે કડવાં હતાં. અને લોકોએ મૂસાની વિરુદ્ધ કચકચ કરીને કહ્યું કે અમે શું પીએ? અને તેણે ખુદાવંદની પ્રાર્થના કરી અને યહોવાહે તેને એક વૃક્ષ દેખાડયું, તે તેણે પાણીમાં નાખ્યું, એટલે પાણી મીઠાં થઈ ગયાં. નિ. પ્ર. ૧૫ : ૨૨થી ૨૫. ત્યાર પછી તેઓ મારાહથી નીકળીને એલિમ આવ્યા અને એલિમમાં પાણીના બાર ઝરા ને સિત્તેર ખજૂરીઓ હતાં અને ત્યાં તેઓએ પાણી

પાસે છાવણી કરી." નિ. પ્ર. ૧૫ : ૨૭

"અને તેઓ એલિમથી ઉપડયા અને સીનના અરણ્યમાંથી મજલ કરીને રફીદીમમાં છાવણી કરી અને ત્યાં લોકોને પીવાને પાણી નહોતું. માટે લોકોએ મૂસાની સાથે તકરાર કરીને કહ્યું કે, અમને પીવાનું પાણી આપ...... લોકોએ મૂસાની વિરુદ્ધ બડબડ કરતાં કહ્યું કે, તું શા માટે અમને તથા અમારાં છોકરાંને તથા અમારાં ઢોરોને તરસે મારી નાખવા મિસર દેશમાંથી લાવ્યો છે? આથી મૂસાએ યહોવાહને પ્રાર્થના કરી ત્યારે યહોવાહે મૂસાને કહ્યું......તું હોરેબમાં ખડકને તારી લાઠી મારજે એટલે લોકોને પીવા માટે પાણી નીકળશે અને મૂસાએ ઈસરાએલના વડીલોના દેખતાં એ પ્રમાણે કર્યું." નિ. પ્ર. ૧૭ : ૧થી ૬. એટલે તેમને પીવાનું પાણી મળ્યું. આ હોરેબનો પહાડ સિનાયની પર્વતમાળામાં આવેલો છે. તેમાં એક ખડકરાતા ગ્રેનાઈટ પથ્થરનો હતો, જે ૧૨ ફૂટ ઊંચો અને ૪૦ ફૂટ ઘેરાવામાં હતો. તેમાંથી લાઠી મારતાં ૧૨ ઝરા ફૂટી નીકળ્યા હતા. યુરોપિયન પ્રવાસીઓએ આ બાર ઝરાઓમાં પુષ્કળ પ્રમાણમાં વહેતું પાણી ૧૫મી સદીમાં પણ જોયું છે.[૧] પવિત્ર કુરાનમાં આ અરણ્યમાં તેમને પાણી કેવી રીતે મળ્યું તેનું વર્ણન આ પ્રમાણે આપવામાં આવેલું છે.

"અને અમે તેમને બાર ઘરાનાઓમાં અર્થાત્ બાર કુળોમાં વહેંચી નાખ્યા અને તેથી પ્રત્યેક કુળનો એક મોટો કબીલો બન્યો. અને જ્યારે મૂસા પાસે તેની કોમે પાણી માગ્યું ત્યારે અમે મૂસાને વહી મારફત કહ્યું કે, પથ્થરની ફલાણી છાટ ઉપર તારી લાઠી માર. તેમ કરતાં તેમાંથી પાણીના બાર ઝરા ફૂટી નીકળ્યા અને દરેક કબીલાએ પોતાનો ઝરો ઓળખી લીધો." ૭ : ૧૬૦

આ પ્રસંગ પવિત્ર કુરાનની ૨ : ૬૦મી આયતમાં પણ વર્ણવવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવેલું છે કે, "અને જ્યારે મૂસાએ પોતાની કોમ માટે પાણીની દુઆ માંગી ત્યારે અમે કહ્યું કે ફલાણી પથ્થરની છાટ ઉપર તારી લાઠી માર. તેમ કરતાં તેમાંથી પાણીના બાર ઝરા ફૂટી નીકળ્યા અને દરેક કબીલાએ પાણીની પોતાની જગા ઓળખી લીધી. આ સમયે તેમને હિદાયત આપવામાં આવી હતી કે, અલ્લાહે આપેલી રોજી ખાઓ, પીઓ; પરંતુ આ ધરતી પર કજિયા–કંકાસ કે ફિતના–ફિસાદ કરતા ફરશો નહીં."

---

૧. Trans. of The Holly Quran. Usuf Ali. Vol. I. પૃ. ૩૨. Note. 73.

આ આયતોથી એક હકીકત એ ઉપલબ્ધ થાય છે કે, અહીં રફીદીમમાં ઇસરાઈલીઓના વર્તન ઉપર દેખરેખ રાખવાની જરૂરત ઊભી થઈ એટલે મૂસા અલૈ.એ યાકૂબ અલૈ.ના ૧૧ પુત્રોના વંશજોને ૧૨ કબીલાઓમાં વહેંચી નાંખ્યા હતા.[૨] તેમના દસ પુત્રોના વંશજોના ૧૦ કબીલાઓ અને યૂસુફ અલૈ.ના બે પુત્રોના વંશજોના બે કબીલાઓ મળી ૧૨ કબીલાઓ પાડ્યા હતા. દરેક કબીલાની સાંસ્કારિક, નૈતિક, ખાનપાનની, અને ફોજી બાબતો પર તથા ધાર્મિક અનુશાસન પ્રમાણેની ચાલચલણની બાબતો પર દેખભાળ રાખવા માટે દરેક કબીલા પર એકેક સરદારની નિમણૂક કરી હતી. યાકૂબ અલૈ.ના બારમા પુત્ર લેવીની ઓલાદના મૂસા અલૈ. અને હારૂન અલૈ. હતા. આ લેવી કુટુંબને ગોરપદું કે યાજકપદ સોંપવામાં આવ્યું હતું. તેથી તેમને ફરજિયાત લશ્કરી સેવામાંથી મુક્તિ આપવામાં આવી હતી. તેમને ગોરપદાની સેવા બજાવવાની હોવાથી દરેક કુળમાં તેમને રહેવું પડતું હતું. કનાનમાં બાર કબીલાઓને બાર પ્રદેશો વહેંચી આપવામાં આવ્યા હતા, પરંતુ લેવીયના કુળને કોઈ પ્રદેશ આપવામાં આવ્યો ન હતો, અને તેથી લેવીય કબીલો પાળવામાં આવ્યો ન હતો. એ કુળના લોકોને ધાર્મિક વિધિઓ કરાવવાની રહેતી હતી તથા લોકોની દેખભાળ રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું.[૩] આમ છતાં દરેક કબીલાની દસ–દસ, પચાસ–પચાસ, સો–સો કે હજાર–હજારની ટોળીઓ પાડવામાં આવી હતી અને એવી દરેક ટોળીનો ઉપરી નીમવામાં આવ્યો હતો. આ ઉપરીઓ સર્વ-સામાન્ય પ્રસંગોએ લોકોને ન્યાય આપતા હતા, પરંતુ અઘરા મુકદ્દમાઓ તેઓ મૂસા અલૈ. પાસે લાવતા હતા. નિ. પ્ર. ૧૮ : ૨૬

આ આયતોથી બીજી હકીકત એ ઉપલબ્ધ થાય છે કે, દરેક કબીલાની જનસંખ્યા તથા તે કબીલાનાં ઢોરઢાંકની સંખ્યાના પ્રમાણમાં ખડક કે પથ્થરની છાટમાંથી નાના મોટા ૧૨ ઝરા ફૂટી નીકળતા હતા. ઝબૂરમાં આ અંગે કહેવામાં આવ્યું છે કે :

"તેણે અરણ્યમાં ખડકોને ફાડી નાખીને, જાણે ઊંડાણમાંથી કાઢ્યું હોય, તેમ કરીને તેઓને પુષ્કળ (પાણી) પાયું.

"વળી તેણે ખડકમાંથી (પાણીની) ધારો કાઢી, અને નદીઓની પેઠે પ્રવાહ ચલાવ્યો," ગીત ૭૮ : ૧૫ – ૧૬ પથ્થરોમાં કુદરતે અમુક

---

૨. તૌરાત – ગણના પૃ. ૧૦, ૬થી ૧૬ આયતો.

૩. તફહીમુલ – કુરાન : મો. મૌદૂદી. Vol. II. પૃ. ૮૭ નોંધ ૧૧૮.

પ્રકારની શક્તિ કે ગુણદોષ મૂકેલા હોય છે, જેમ કે લોહચુંબકમાં લોખંડને પોતાની તરફ ખેંચવાની શક્તિ હોય છે. તેવી જ રીતે પથ્થરની આ છાટમાં ધરતીના ઊંડાણમાંથી પાણી ખેંચવાની શક્તિ હશે એમ ઝબૂરની ઉપરોક્ત આયત વાંચતાં લાગે છે. એવું ન પણ હોય, છતાં અલ્લાહ તઆલાની અલૌકિક શક્તિ તો છે જ ને અલ્લાહે આ છાટમાંથી ૧૨ ઝરા ફૂટી નીકળવાનો મોજિઝો કે આશ્ચર્યકૃત્ય મૂસા અલૈ.ને આપેલ એમાં શંકાને સ્થાન નથી. દરેક કબીલો પોતાનો ઝરો સહેલાઈથી પારખી લેતો હતો એ પણ કુદરતી કરામત જ ને! એ તો આપણા અનુભવની વાત છે કે, એક જ કૂવેથી કે એક જ ધારેથી ૧૫-૧૬ લાખ જેટલી સંખ્યા માટે પાણી મેળવવાં દુર્લભ થઈ પડે ને! તેથી પાણી માટે ઝઘડા ઉપસ્થિત થાય! આવા ઝઘડા ન થાય તે માટે મૂસા અલૈ.ની દુઆ પ્રમાણે પાણીના બાર ઝરા ફૂટી નીકળતા હતા.

પથ્થરની આ છાટ ચોરસ આકારની અને માણસના માથા જેટલી ઊંચી હતી.[૪] તેને મૂસા અલૈ. સિનાયના અરણ્યમાં જ્યાં જતાં ત્યાં પોતાની સાથે લઈ જતા હતા. જ્યાં જરૂર પડતી ત્યાં છાવણીમાં અલ્લાહ પાસે દુઆ માંગી છાટ પર પોતાની લાઠી મારતા એટલે તેમાંથી દરેક સમયે ૧૨ ઝરા ફૂટી નીકળતા હતા. આમ બે વાર બન્યું હતું. પ્રથમ રફીદીમમાં એવું બન્યું, પછી કાદિસ વગેરે સ્થળોએ એવું બન્યું છે. આજે પણ પથ્થરની આ છાટ તમને સિનાયના અરણ્યમાં પડેલી જોવા મળશે. પ્રવાસીઓ જઈ ને તેને જુએ છે અને તે છાટમાં પડેલા ચીરા જોઈ આશ્ચર્ય પામે છે.[૫]

---

૪. તફસીર – કાદરી. Vol. I. પૃ.

૫. તફહીમુલ – કુરાન. મો મૌદૂદી. Vol. I. પૃ. ૭૮. નોંધ ૭૬.

# પ્રકરણ ૨૨મું

## ખાદ્ય – ખોરાકીનો ઉકેલ : મન્ન–સલ્વા

" મિસર દેશમાંથી નીકળ્યાને બીજા માસને પંદરમે દિવસે ઈસ્રાએલ–પુત્રોની આખી જમાત એલિમ અને સિનાય વચ્ચે આવેલા સીનના અરણ્યમાં આવી." અહીં તેમની પાસેનો ખાદ્ય–ખોરાકીનો જથ્થો ખૂટી ગયો એટલે તેમની " આખી જમાતે અરણ્યમાં મૂસા અને હારૂનની વિરુદ્ધ કચકચ કરી અને ઈસરાએલ–પુત્રોએ તેમને કહ્યું કે, જ્યારે અમે માંસની હાંલ્લીઓ પાસે બેસતા હતા, ને ધરાતાં સુધી રોટલી ખાતા હતા, ત્યારે મિસર દેશમાં યહોવાહને હાથે મૂઆ હોત તો કેવું સારું ! કેમ કે અમને આખી જમાતને ભૂખે મારવા તમે અરણ્યમાં લાવ્યા છો." નિ. પ્ર. ૧૬ : ૧થી ૩

મૂસાએ કહ્યું કે, " સાંજે યહોવાહ તમને માંસ ખાવા આપશે ને સવારે ધરાતાં સુધી રોટલી આપશે." નિ. પ્ર. ૧૬ : ૯

" અને સાંજે એમ થયું કે, લાવરીઓએ ઊડી આવીને છાવણી ઢાંકી દીધી અને સવારે છાવણીની આસપાસ ઝાકળ પડ્યું અને ઝાકળ ઊડી ગયા પછી જમીન પર હિમ જેવો બારીક નાનો ગોળ પદાર્થ અરણ્યની સપાટી પર પડેલો હતો." નિ. પ્ર. ૧૬ : ૧૩

આ ગોળ પદાર્થને પવિત્ર કુરાનમાં "મન્ના" અને લાવરીની જાતનાં પક્ષીઓને " સલ્વા " કહેવામાં આવેલ છે.[૧] તૌરાતમાં કહેવામાં આવ્યું છે. કે, " મન્ના તો કોથમીરના દાણા જેવું હતું અને તેનો રંગ ગૂગળના રંગ જેવો હતો. લોકો અહીંતહીં ફરીને તેને એકઠું કરતા, ને તેને ઘંટીઓમાં દળીને અથવા ખાંડણીઓમાં ખાંડીને તથા તવામાં શેકીને તેની પોળીઓ બનાવતા હતા, અને તેનો સ્વાદ તાજા તેલના સ્વાદ જેવો હતો. ગ. પ્ર. ૧૧ : ૮ – ૯. પરંતુ નિ. પ્ર. ૧૬ની ૩૧મી આયતમાં એમ કહેવામાં આવ્યું છે કે, " મન્ના ધાણાના દાણા જેવું શ્વેત હતું; અને તેનો સ્વાદ મધ ચોપડેલી પોળીના જેવો હતો." પવિત્ર કુરાનના ભાષ્યકારોનું કહેવું છે કે, ખરેખર મન્ના ધાણાના દાણા જેવડું હતું, પરંતુ તેના પર જાણે ખાંડનું પડ કે મધનું આવરણ ચઢાવ્યું ન હોય તેવું ગળ્યું રહેતું હતું. સવારમાં તેમની છાવણીની આજુબાજુ તેના ઢગલા થઈ જતા હતા.

---

૧. وَاَنْزَلْنَا عَلَيْهِمُ الْمَنَّ وَالسَّلْوٰى

બીજા દિવસની સવાર સુધીમાં તે સડી જતું હતું, ગંધાઈ ઊઠતું હતું અને તેમાં કીડા પડી જતા હતા. દરેક કુટુંબને પોતાની જરૂરિયાત પ્રમાણે એક વ્યક્તિ દીઠ એક ઓમેર જેટલું વીણી લેવાની છૂટ હતી. ઓમેર ઇસરાઈલીઓનું મુંબઈમાં અનાજ ભરવા માટે વપરાતા પાલીના માપ જેવું ઘનમાપ હતું, જે અઢી ક્વાર્ટ (Quart) જેટલું થતું હતું. સિનાયના–અરણ્યમાં હાલમાં પણ એક પદાર્થ મળે છે, જેને "મન્ના" કહે છે, પીંછાં જેવાં પાંદડાંવાળું દરિયાકિનારે થતું નાનું ઝાડવું થાય છે, જેને ટેમરિસ્ક(Tamarisk) કહે છે. આવાં ઝાડવાં સિનાયના અરણ્યમાં ઘણાં થાય છે. પીપરનાં ઝાડોમાં એક જાતનાં જંતુઓ છેદ પાડે છે તેથી એ ઝાડોમાંથી એક પ્રકારનો રસ ઝરે છે, જેને લાખ કહે છે. તેવી જ રીતે ટેમરિસ્કનાં ઝાડવાંઓમાં એક જાતનાં જંતુઓ છેદ પાડે છે, તેથી જે પદાર્થ નીકળે છે તે ચીકણો પરંતુ તે સેકરીન જેવો ગળ્યો હોય છે. આ પદાર્થને હાલમાં મન્ના કહે છે. આમ હાલનો મન્ના ટેમરિસ્ક નામના ઝાડવાનો જામી ગયેલો રસ છે; જ્યારે મૂસા અલૈ.ના સમયનો મન્ના ઝાકળનાં બિંદુઓ ઠરી જતાં થયેલો કુદરતી પદાર્થ હતો. અને "ઇસરાએલ–પુત્રોએ વસ્તીવાળા દેશોમાં પહોંચતાં સુધી, એટલે ચાળીસ વર્ષ લગી, મન્ના ખાધું. તેઓ કનાન દેશની સરહદમાં પહોંચ્યા ત્યાં સુધી તેમણે મન્ના ખાધું." નિ. પ્ર. ૩૬ : ૩૫

સાલ્વા પક્ષીઓ સાંજે તેમના પડાવની આજુબાજુ હજારોની સંખ્યામાં ઊતરી પડતાં હતાં. આ પક્ષીઓ જમીનથી ત્રણ–ચાર ફૂટની ઊંચાઈએ ઊડયા કરતાં હતાં. જ્યારે અંધારું થતું ત્યારે ઇસરાઈલીઓ તેમને પકડીને તેમનાં કબાબ બનાવીને ખાતાં હતાં.[૨] આ પક્ષીઓ ચકલીઓની જાતનાં હતાં. સામાન્ય ચકલીથી મોટાં પરંતુ કબૂતરથી નાનાં હતાં. આ પક્ષીઓ ઘાસની ડાળીઓ પર બેસતાં અને ભાતભાતનું ગાણું ગાતાં હતાં. સૂર્યાસ્ત વેળા એક પ્રકારનો ગરમ પવન ફૂંકાતો, તેથી તે ભૂંજાઈ જતાં હતાં; પરિણામે તેમની શેકાયેલી પાંખો ખરી પડતી અને તેમનું લોહી, નસો અને હાડકાં વગેરે ભૂંજાઈ કશું રહેવા પામતું ન હતું. આવી રીતે ભૂંજેલાં કબાબ કુદરતી રીતે તૈયાર થતાં હતાં અને ઇસરાઈલ–લોકો તેમને મન્ના સાથે ખાતા હતા.[૩] આમ મન્નાની પોળીઓ કે રોટલીઓ સાથે સલ્વા પક્ષીઓના

૨. ગુજ. કુરાન રાંદેર : Vol. I. પૃષ્ઠ ૨૨ – નોંધ : ૨.

૩. તફસીરે કાદરી. Vol. I. પૃષ્ઠ ૧.

માંસના કુમાઓ શાક તરીકે ખાતા હતા. આ ખાણું ઘણું જ પવિત્ર હતું. આ પક્ષીઓ કેવી રીતે તેમની છાવણીમાં આવતાં હતાં તેનું વર્ણન ઝબૂરના ગીત ૭૮ની ૨૬, ૨૭, ૨૮ની પંક્તિઓમાં આ પ્રમાણે કરવામાં આવેલુ છે.

"તેણે આકાશમાં પૂર્વ તરફથી વાયુ ફૂંકાવ્યો;
"અને પોતાના સામર્થ્યથી દક્ષિણ તરફથી વાયુ ચલાવ્યો,
"તેણે ધૂળની પેઠે માંસ,
"અને સમુદ્રની રેતીની પેઠે પક્ષીઓ તેમના પર વરસાવ્યાં
"તેઓની છાવણી વચ્ચે,
"તેઓનાં રહેઠાણોની ચારે બાજુએ તેણે તે પાડયાં."

૧૯૧૪ – ૧૮ના વિશ્વયુદ્ધમાં કેટલાક ભારતીય સૈનિકોનો કેમ્પ ઇજિપ્ત અને પેલેસ્ટાઈન વચ્ચેના પ્રદેશમાં એટલે કે સિનાયના અરણ્યથી ઉત્તરના પ્રદેશમાં હતો ત્યારે પૂર્વ ભુમધ્ય સમુદ્ર તરફથી ફૂંકાતો પવન આવાં સલ્વા પક્ષીઓનાં–ટોળેટોળાંને ઉડાડી લાવતો હતો તે આ સૈનિકોએ જોયું હતું.[૪] મન્ના–સલ્વા દરરોજ ખાવા પુરતો જ, માથાદીઠ એક ઓમેર જેટલા[૫] લેવાનો અલ્લાહની આજ્ઞા હતી, છતાં જો કોઈ આ આજ્ઞાની અવગણના કરતું તો તે ખોરાક સવારમાં બગડી જતો હતો. પવિત્ર કુરાનમાં એ અંગે કહેવામાં આવ્યું છે કે, "અને અમે તમારા ઉપર મન્ના અને સલ્વા ઉતાર્યા. (અને તમને કહી દીધું કે) જે પાક – પવિત્ર વસ્તુઓ અમને તમને આપી છે તેમને સુખેથી ખાઓ, પણ મર્યાદાથી આગળ ન જાઓ (એટલે કે તેમનો સંગ્રહ ન કરો!)! નહી તો તમારા ઉપર મારો કોપ ઉતરશે અને જેના ઉપર મારો કોપ એટલે કે અઝાબ ઊતર્યો તેનો તો વિનાશ થયા વિના રહેવાનો નથી." ૨૦ : ૮૦–૮૧ સીનના અરણ્યમાં અન્નનો પ્રશ્ન ઉપસ્થિત થયો અને તેનો ઉકેલ આ પ્રમાણે ૪૦ વર્ષ સુધી થતો રહ્યો. તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "ચાળીસ વર્ષ સુધી તેઓનું પાલનપોષણ કરીને તેઓને અરણ્યમાં નિભાવ્યા." નહેમ્યાહ. પ્ર. ૯ : ૨૩.

અહીં તમે પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે ચાળીસ વર્ષો સુધી શા માટે તેમને મન્ના – સલ્વા ખાવાં પડયાં?

એ તો પાછળ વાંચી ગયા છો કે, ઇસરાઈલ–લોકોનું મૂળ વતન સિરિયાના કનાન પ્રાંતમાં હતું. યૂસુફ અલૈ.ના સમયમાં તેઓ મિસરમાં

૪ Holy-Quran. Usuf-Ali. Vol. I. P. 31. Note. 71.
૫. તૌરાત. નિર્ગમન પ્ર. ૧૬ : ૧૭.

આવ્યા અને ત્યાં જ ૪૩૦ વર્ષ સુધી રહી પડયા. આ વર્ષો દરમ્યાન સિરિયામાં અમાલેક લોકો વસી પડયા. મૂસા અલૈ. ઇસરાઈલ–લોકોને મિસરમાંથી કાઢી લાવ્યા ત્યારે અલ્લાહ તઆલાનો તેમને હુકમ મળ્યો કે અમાલેક લોકો સાથે યુદ્ધ કરો અને તેમના કબ્જામાંથી તમારું વતન પાછું મેળવી લો. અમાલેક–લોકો ઘણાં જ કદાવર અને બળવાન હતા. તેમનું કદ તેમની શક્તિ જોઈ ઇસરાઈલિ–લોકો હિંમત હારી બેઠા અને તેમની સાથે યુદ્ધ કરવા ના પાડી દીધી. તેથી અલ્લાહ તઆલાએ તેમને ૪૦ વર્ષો સુધી આ અરણ્યમાં ભટકવાની સજા કરી. જે અરણ્યમાં હેરાનપરેશાન થઈ ભટકવું પડયું તેનું "તિયાનું અરણ્ય" નામ પાડવામાં આવ્યું, કારણ "તિયા" એટલે હેરાન – પરેશાન થવું. કનાન તરફ જવાને બદલે ઇસરાઈલિ–લોકો મિસર પાછા ફરવા માંગતા હતા. કેટલીક વેળા એવું બનતું કે દિવસે ચાલતા અને રાત્રે પડાવ નાંખતા, પરંતુ સવારે તેમને ખબર પડતી કે જયાંથી તેઓ નીકળ્યા હતા ત્યાં જ તેઓ હતા. આમ ૪૦ વર્ષો સુધી તિયાના અરણ્યમાં તેમને ભટકવું પડયું તેથી તેટલાં વરસો સુધી મન્ના–સલ્વા ખાવાં પડયાં. એમ કહેવામાં આવે છે કે તિયાનું મેદાન દસ ચો. મા.ના વિસ્તારમાં હતું.[૬]

ઇસરાઈલિ–લોકોની ભવિષ્યની પેઢીઓ મન્ના જોઈ શકે અને બોધ ગ્રહણ કરે તે માટે, "યહોવાહે આજ્ઞા આપી હતી કે, તમારા વંશજોને માટે તેમાંથી એક ઓમેરભેર રાખી મૂકો." નિ. પ્ર. ૧૬ : ૩૩ આ આજ્ઞા પ્રમાણે એક વાસણ લઈને તેમાં એક ઓમેર મન્ના ભરીને તેમના વંશજોને માટે રાખી મૂકવા સારુ હારૂન અલૈ.એ સાક્ષ્યપેટી, જેને "તાબૂતે સકીના" પણ કહે છે તેમાં મૂકયું.

---

૬. મા'રૂફુલ : કુરાન. મુફતી મોહમ્મદ શફી. Vol. I. પૃ. ૧૭૧.

## પ્રકરણ ૨૩મું

### રહેઠાણ અને વસ્ત્રોનો ઉકેલ

તિયાના કે સિનાયના અરણ્યમાં ઘાસચારો મળવો દુર્લભ હતો, ત્યાં ઝાડો કે ઝાડવાં ક્યાંથી હોય ? તેથી ત્યાં તેમને કોઈ જગાએ છાંયડો પણ મળતો ન હતો. ત્યાં ઝાઝી વસ્તી પણ ન હતી એટલે ગામડાં ન હતાં, એટલે ઘરો પણ મળી શકે તેમ ન હતાં. ઉજ્જડ પ્રદેશ હતો એટલે વસવાટ માટે ગામડાં ઊભાં કરવાનું શક્ય ન હતું. તેમના પિતામહ ઇબ્રાહીમ અલૈ.ના ફળદ્રુપ પ્રદેશ કનાનમાં લઈ જવાનાં હતાં, એટલે વસાહતો ઊભી કરવાનો ખ્યાલ પણ તેમને આવ્યો નહીં હોય. આપણા ભારતમાં કચ્છી લોકો ઊંટો પાળવા માટે દરિયાકિનારાના ઝાડ-ખીડ વિનાના ખારા પાટનાં મેદાનોમાં નાના તંબુઓ ઊભા કરી ખુલ્લામાં રહે છે તેમ ઇસરાઈલ-લોકોને ઉઘાડામાં રહેવું પડતું હતું. તાપ એટલો સખત પડતો હતો કે છાંયડા વિના દિવસો પસાર કરવા શક્ય ન હતું. આ પરિસ્થિતિમાં તેમણે મૂસા અલૈ. પાસે છાંયડાની માંગણી કરી. મૂસા અલૈ.એ તે માટે ખુદા પાસે દુઆ માંગી એટલે "તેમનાં પર વાદળાંએ છાંયડો કર્યો." ૨-૫૭ આ વાદળાં સફેદ હતાં. તે ઘણાં જ ગાઢાં રહેતાં હતાં, તેથી તેમનો એવો છાંયડો રહેતો હતો કે જરા સરખો પણ તાપ લાગતો ન હતો : જાણે ઘરમાં બેઠા ન હોઈએ! વળી તેનાથી અંધારું પણ રહેતું નો'તું. એમ કહેવામાં આવે છે કે એક જ વાદળું એટલું પ્રસરેલું રહેતું હતું કે ઇસરાઈલ-લોકોની આખી છાવણી પર તેનો છાંયડો પડતો હતો. તેથી તૌરાતમાં તેનું "મેઘ-સ્તંભ" નામ આપ્યું છે. આ મેઘ-સ્તંભ તેમના માથા પર તેમની સાથે સાથે રહેતો અને જ્યાં જતાં ત્યાં તેમના પર છાંયડો કરતો હતો. જો એવો છાંયડો તેમના પર રહ્યા કરતો ન હોત તો સખત તાપ-તડકાથી તેઓ મૃત્યુ પામ્યા હોત.

ઇસરાઈલ-લોકો રાત્રે તેમની છાવણીમાં રહેતા. અંધારા અંગે પણ મૂસા અલૈ.ને ફરિયાદ કરવા લાગ્યા. તેથી મૂસા અલૈ.એ તેમની છાવણી પરનો અંધકાર દૂર કરવા ખુદા પાસે દુઆ માંગી, એટલે પેલો મેઘ-સ્તંભ, રાત્રે અજવાળું આપતી લાકડીની માફક, તેમના પ્રાર્થના મંડપ પર રહેવા લાગ્યો. "સાંજથી તે સવાર સુધી મંડપ ઉપર તે જાણે કે અગ્નિરૂપે આવી રહેતો. એવું સદા રહેતું : મેઘ તે પર આચ્છાદન કરતો ને રાત્રે તેનો

દેખાવ અગ્નિના જેવો હતો. અને જ્યારે મંડપ ઉપરથી મેઘ ઊપડી જતો, ત્યારે ઇસ્રાએલ – પુત્રો ચાલતા: અને જે જગામાં મેઘ થોભતો, તે જગાએ ઇસ્રાએલ – પુત્રો છાવણી કરતા.... મંડપ પર મેઘ થોભતો ત્યાં સુધી તેઓ છાવણીમાં રહેતા." "ગમે તો બે દહાડા, કે એક માસ, કે એક વર્ષ પર્યંત મેઘ મંડપ પર થોભી રહેતો ત્યારે તેઓ છાવણીમાં થોભી રહેતા ને આગળ ચાલતા નહીં; પણ જ્યારે તે ઊપડતો, ત્યારે તેઓ ચાલતા. ગણના પ્ર. ૯ : ૧૫ – ૧૬ – ૧૭ – ૨૨, – આમ મેઘ–સ્તંભ તેમને રાત્રે અજવાળું આપતો, તથા ક્યારે ચાલવું, ક્યાં થોભવું, કેટલો સમય થોભવું તેની દોરવણી પણ કરતો હતો. પરંતુ આ મેઘ–સ્તંભ તમને તિયાના મેદાનમાં જ ભટકાવ્યા કરતો હતો. આ મેઘ–સ્તંભ એક વાદળું જ હતું. ઝબૂર ગીત ૧૦૫ની ૩૯મી પંક્તિમાં એની હકીકત આ પ્રમાણે આપવામાં આવી છે :

"તેણે આચ્છાદને સારુ વાદળું પસાર્યું;
વળી રાત્રે આપવા સારુ અગ્નિ (મોકલ્યો.)"

હવે તમે એ પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે તેમનાં પહેરવાનાં વસ્ત્રો માટે શી વ્યવસ્થા કરવામાં આવી હશે? તેમનાં કપડાં મેલાં થયાં અને ફાટવા લાગ્યાં ત્યારે પાછા તેઓએ મૂસા અલૈ.ની આગળ કચકચ કરી મૂકી. મૂસા અલૈ.ની દુઆના પ્રતાપે તેમના વસ્ત્રોની એવી પરિસ્થિતિ કરી મૂકી કે ન તો તે મેલાં થવા લાગ્યાં, ન ફાટવા લાગ્યાં. નાનાં બાળકોનાં બદનનાં કપડાં તેમના શરીરની વૃદ્ધિ સાથે મોટાં થતાં હતાં.[૭] તૌરાતમાં આ અંગે કહેવામાં આવ્યું છે કે, "આ ચાળીસ વર્ષો પર્યંત તારા અંગ પરનાં તારાં વસ્ત્ર જીર્ણ થઈ ગયાં નહિ, તેમ તારા પગ સૂજી ગયા પણ નહિ." પુનર્નિયમ પ્ર. ૯ : ૫ "તેઓનાં વસ્ત્રો જૂનાં થયાં નહિ. ને તેઓના પગ સૂઝયા નહિ." નહેમ્યાહ. પ્ર. ૯ : ૨૨ અહીં એ હકીકત પણ ઉપલબ્ધ થાય છે કે તેઓ આ અરણ્યમાં ખૂબ ખૂબ ભટક્યા, પરંતુ તેઓ થાકતા નહોતા એટલે તેમના પણ પગ સૂજી જતા ન હતા.

ઇસરાએલ – પુત્રોની જીવનની મૂળભૂત જરૂરિયાતોનો યથાયોગ્ય પ્રબંધ થયો ન હોત તો આ વેરાન પ્રદેશમાં, ભૂખ, તરસ, ટાઢ, તડકાથી મરણ પામ્યા હોત. જો તમે આ ઉજ્જડ પ્રદેશમાં જઈ ચડો તો ત્યાં ઓચિંતા આવી પડેલા ૧૫ – ૧૬ લાખ માણસો માટે પાણી, ખોરાક,

૭. મારૂફુલ – કુરાન – મુફતી મોહમ્મદ શફી. Vol. I. પૃ. ૧૭૨.

રહેઠાણ અને કપડાં વગેરેની વ્યવસ્થા ૪૦ વર્ષ સુધી થઈ હતી તે જોઈ તમે વિસ્મય પામ્યા વિના રહેશો નહીં. તેમના પર વરસેલી મહેરબાની-ઓનો તાદશ ખ્યાલ તમને આવ્યા વિના રહેશે નહીં. આજના વૈજ્ઞાનિક યુગમાં વાહનવ્યવહારનાં અતિ ઝડપી સાધનો છે, તોપણ સિનાયના અરણ્યનાં પડોશી રાજ્યો મિસર અને ઈઝરાએલને સને ૧૯૭૪ના અરબ-ઇઝરાએલ યુદ્ધ વેળા ત્યાં બે ત્રણ લાખના સૈન્યને ઉતારતાં અને તેના માટે રસદ પહોંચાડવાનો પ્રબંધ કરતાં માથાવઢ જેવો પ્રશ્ન થઈ પડયો હતો. મૂસા અલૈ.એ ૧૫-૧૬ લાખના ઓચિંતા પૂર્વતૈયારી વિના આવી પડેલા કાફલા માટે રસદનો પ્રબંધ કરવાનો હતો અને તે વળી એવી પરિસ્થિતિમાં કે ધીમી ગતિએ ચાલનાર ઊંટો સિવાય આ રણપ્રદેશમાં બીજી કોઈ રીતે રસદ પહોંચાડી શકાય તેમ ન હતું. મિસર તરફનો તેમનો રસ્તો બંધ હતો અને સિનાયના ઉત્તર-પૂર્વના પ્રદેશમાંથી પણ રસદ મળી શકે તેમ ન હતું; કારણ ત્યાં અમાલેક લોકો વસતા હતા, જેઓ ઇસરાઈલ-લોકોને સતાવતા હતા, લાગ મળે લૂંટી લેતા હતા, રફીદીમમાં તો બંને વચ્ચે લડાઈ પણ જામી ગઈ હતી.[૮] મૂસા અલૈ. ને અલ્લાહ તરફથી ગેબી મદદ આશ્ચર્ય-કૃત્યો મળ્યાં એમાં શંકાને સ્થાન નથી, ખુદાએ તેમના પર મોટા અહેસાન કર્યાં છતાં તેઓ અલ્લાહ અને તેના રસૂલની અવગણના કરતા રહ્યા એ કેટલું દુઃખદ છે.

---

# પ્રકરણ ૨૪મું

## ઇસરાઈલ-લોકોની મનોવૃત્તિ

યૂસુફ અલૈ.ના મરણ પછી-ઈ. સ. પૂર્વે ૧૭૬૦ મૂસા અલૈ. ઇસરાઈલ લોકોને મિસરમાંથી કાઢી લઈ ગયા-ઈ. સ. પૂર્વે ૧૩૧૨-એ ગાળાના લગભગ ત્રણસો સાડી ત્રણસો વરસ સુધી તેઓ ગુલામી દશામાં સબડતા રહ્યા હતા, આ ગુલામીના અવગુણો જેવા કાયરતા, અનુપકારીપણું, રાગદ્વેષ, પણ ક્લેશવૃત્તિ, હઠીલાપણું, આંધળું અનુકરણ તેમનામાં ઘર કરી બેઠાં હતાં. તૌરાતમાં કહ્યું છે તેમ "તેઓનું વલણ ભૂંડાઈ તરફનું થઈ ગયું હતું." નિ. પ્ર. ૩૨ : ૨૨ આથી તેમનામાં એક

૮ તૌરાત નિર્ગમન પ્ર. ૧૭ : ૮.

પ્રકારની અસ્થિરતા આવી ગઈ હતી તેથી તેઓ પોતાનો મિજાજ વારંવાર બદલતા રહેતા હતા. પરંતુ તેઓ પોતાની ગુલામીની હાલત બદલવા માંગતા ન હતા. તેઓ પયગંબરોના વંશજોના હતા તેથી એક જ અલ્લાહની માન્યતાની અને તેની જ બંદગી કરવાની વૃત્તિની છાપ તેમના અજાગૃત મન ઉપર તો પડેલી હતી જ, પણ ગુલામી ભોગવવાના કારણે આ વૃત્તિ લગભગ મૃતપાય દશામાં આવી ગઈ હતી. આંધળું અનુકરણ કરવાના કારણે તેઓનું વલણ વાછરડાની પૂજા તરફ થઈ ગયું હતું.

ફિરઓન અને તેનું સૈન્ય સમુદ્રમાં ડૂબી ગયું ત્યારથી તેઓ ગુલામી-માંથી છુટકારો મેળવી ચૂકયા હતા અને આઝાદી ભોગવતા થઈ ગયા હતા: પરંતુ તેમનું ગુલામીનું માનસ બદલાયું ન હતું. કોઈ માણસ ગરીબીમાંથી પૈસાપાત્ર બની જાય તોપણ તે વ્યક્તિનું ગરીબીનું માનસ એકદમ પલટાતું નથી. આ કારણે તે વ્યક્તિ માટે એવી ટીકા લોકો કરતા રહે છે કે "ખુદાએ એને આપ્યું છે પણ પોતે કંઈ વાપરતો નથી, દાન આપતો નથી અને પહેલાંના જેવો જ રહે છે." આ માનસ બદલવા તાલીમની અને સમયની આવશ્યકતા રહે છે. તેવી જ રીતે ઇસરાઈલ-લોકોનું માનસ બદલવા તાલીમની અને સમયની જરૂરત હતી. તાલીમ મૂસા અલૈ. અને હારૂન અલૈ. આપી રહ્યા હતા, અને સમય ખુદા આપી રહ્યો હતો. મિસર પાછા ફરવા માંગતા હતા, પરંતુ ૪૦ વર્ષ સુધી તિયાના અરણ્યમાં તેમને ભટકવું પડયું. આ ૪૦ વર્ષ દરમ્યાન મિસરથી નીકળેલા સઘળા ઇસરાઈલીઓ મરણ પામ્યા અને નવી પેઢી થઈ ત્યારે તેઓ કનાનમાં વસવાટ કરવા લાયક બન્યા. સિનાયના અરણ્યમાં તેમની ગુલામી દશાની મનોવૃત્તિનો ખ્યાલ નીચેના પ્રસંગોથી મળી રહે છે.

મિસરમાં ફિરઓને માથું ઊંચકયું હતું. પોતે ઇલાહ અર્થાત્ ઉપાસ્ય બની બેઠો હતો અને ઇસરાઈલ-લોકોને બહુ જ દુઃખ આપતો હતો. એક જ અલ્લાહની બંદગી કરવા અને ઇસરાઈલ-લોકોને ત્રાસ ન આપવા મૂસા અલૈ. હારૂન અલૈ. તેને તાલીમ અને હિદાયત આપતા હતા. વળી મોજિઝા અર્થાત્ આશ્ચર્ય-કૃત્યો પણ દેખાડતા હતા કે જેથી તેમને અલ્લાહના પયગંબરો છે એવી ખાતરી થાય. તૌરાતમાં આ અંગે કહેવામાં આવ્યું છે કે, "આખી પૃથ્વી પર તથા કોઈ પણ પ્રજામાં કરાયાં ન હોય એવાં આશ્ચર્યકૃત્યો સર્વ લોકની આગળ તેમણે બતાવ્યા હતાં." નિ. પ્ર. ૩૪ : ૧૦ – ફિરઓન આથી વધુ ચિડાયો એટલે તે ઇસરાઈલ-લોકોને વધુ દુઃખ દેવા લાગ્યો. આથી કાયર થઈ તેઓ મૂસા અલૈ.ને

કહેવા લાગ્યા : "ફારૂનની દૃષ્ટિમાં તથા તેના સેવકોની દૃષ્ટિમાં તમે અમને ધિક્કારપાત્ર કરી નાખ્યા છે, ને એમ કરીને અમને મારી નાંખવા તેઓના હાથમાં તલવાર આપી છે." નિ. પ્ર. ૫ : ૨૧ વળી તેઓ મિસર-માંથી નીકળવા રાજી નહોતા, એ બાબતની સાખ નિ. પ્ર. ૧૪ : ૧૨માંથી મળી રહે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે," અમે શું મિસરમાં તને એમ વિનંતી નહોતી કરી કે અમને તો મિસરીઓની જ ચાકરી કરવા દે," આમ તેમનું માનસ જ ગુલામી દશામાં પડયા રહેવા તરફ હતું.

આઝાદી મળ્યાના શરૂઆતના દિવસોમાં સહનશીલતા આવી ન હતી, દુઃખ આવી પડતું કે તરત જ મૂસા અલૈ.ને ટોણો માર્યા વિના રહેતા ન હતા; જાણે મૂસા અલૈ. તેમને દુઃખ આપવા માટે આવ્યા ન હતા એવા ટોણા માર્યા કરતા હતા! ખાદ્ય–ખોરાકીની વસ્તુઓ ખૂટી ગઈ ત્યારે તે અંગે શું પ્રબંધ કરવો, કયાં પગલાં ભરવાં, તેના પર શાંતિપૂર્વક વિચાર કરવાને બદલે "ઇસરાએલ–પુત્રોની આખી જમાતે અરણ્યમાં મૂસા અને હારૂનની વિરુદ્ધ કચકચ કરી મૂકી... એને કહ્યું... "આખી જમાતને ભૂખે મારવા તમે અમને અરણ્યમાં લાવ્યા છો." નિ. પ્ર. ૧૬ : ૨–૩ પાણીનો પ્રશ્ન રફીદીમમાં ઊભો થયો ત્યારે, "લોકોએ મૂસાની સાથે તકરાર કરીને કહ્યું કે, અમને પીવાને પાણી આપ અને મૂસાએ તેઓને કહ્યું કે, તમે મારી સાથે શા માટે તકરાર કરો છો? નિ. પ્ર. ૧૭ : ૨

તે સમયે સિનાયના દ્વિપકલ્પના પશ્ચિમ અને ઉત્તરના ભાગોનો સમાવેશ મિસરના રાજ્યમાં થતો હતો. તેના દક્ષિણ ભાગમાં અત્રેના તૂર અને અબૂ-ઝનીમનાં શહેરોની વચમાં તાંબા અને પીરોજાની ખાણો હતી. આ ખાણોની દેખરેખ માટે કેટલાંક સ્થળોએ છાવણીઓ હતી.[1] આવી આવી એક છાવણી મુફફા નામના સ્થળે હતી. સ્વાભાવિક છે કે આવી છાવણીઓ પાસે લોકોનો સારો એવો વસવાટ હશે. આવા વસવાટોમાં મિસરીઓનાં કેટલાંક મંદિરો પણ હતાં. એમ પણ કહેવામાં આવે છે કે આ વસવાટોથી થોડાક અંતરે સેમેટિક જાતિઓની વસ્તી હતી અને ત્યાં તેમનાં ચંદ્રદેવીનાં મંદિરો હતાં. આ મંદિરોમાં સુંદર સુંદર મૂર્તિઓ ગોઠવેલી હતી. કેટલીક જગાએ વાછરડાની મૂર્તિઓ પણ હતી. પંડિતો અને પૂજારીઓ આવી મૂર્તિઓની પૂજા કરતા અને કરાવતા હતા. તેઓ આ મૂર્તિઓ સામે માથાં ઝુકાવી પૂજાપાઠમાં ધ્યાનમગ્ન રહેતા હતા. તેમને જોઈ ઇસરાઈલ-લોકોને પણ એવી પૂજા કરવાનું મન થઈ ગયું પવિત્ર કુરાનમાં એનો ચિતાર આ પ્રમાણે આપવામાં આવેલો છે.

---

૧. તફહીમુલ-કુરાન : મો. મૌદૂદી. Vol. II. પૃ. ૭૪–નોંધ ૯૮.

"અને ઇસરાઇલ–લોકોને અમે સમુદ્ર પાર ઉતાર્યા; ત્યાર પછી તેઓ એવા લોકો પાસે જઈ પહોંચ્યા કે જેઓ મૂર્તિઓની પૂજામાં ધ્યાનમગ્ન રહેતા હતા. તે જોઈ તેઓ કહેવા લાગ્યા : "હે મૂસા ! આ લોકોને જે માબૂદો અર્થાત્ ઉપાસ્ય છે તેમના જેવો એકાદ માબૂદ કે ઉપાસ્ય તું અમને બનાવી આપ.', ૭ : ૧૩૮

ઇસરાઇલ લોકો પયગંબરોના વંશજો હતા, તેથી તેમનામાં તૌહીદ કે એકેશ્વરવાદના ખ્યાલો અમુક અંશે સુપ્ત દશામાં તો પડેલા જ હતા. મૂસા અલૈ.ના મોજિઝાઓ અર્થાત્ આશ્ચર્યકૃત્યો તેમણે નજરોનજર જોયાં હતાં. ફિરઔન અને તેનું આખું લશ્કર સમુદ્રમાં ડૂબી જતાં તેમણે જોયું હતું, જ્યારે તેઓ બધા જ સહીસલામતીથી સમુદ્ર પાર કરી ગયા હતા. પરંતુ કેટલાક વરસોના મિસરીઓ સાથેના સમાગમ અને સહવાસથી તેમ જ મિસરીઓની ગુલામી ભોગવવાથી તેઓ મૂર્તિપૂજાથી એટલા પ્રભાવિત થઈ ગયા હતા કે એક જ અલ્લાહની પૂજા છોડી દઈ અન્ય દેવ–દેવતાઓની અને ખાસ કરીને વાછરડાની પૂજામાં સાંગોપાંગ પડી ગયા હતા. અને તેમનું વલણ મૂર્તિપૂજા અને તેના કર્મકાંડ તરફ રહેતું હતું. તેઓ મિસરીઓની પૂજાથી અને તેમના કર્મકાંડથી એટલા અંજાઈ ગયેલા હતા કે આ અરણ્યમાં મૂર્તિપૂજા જોઈ મૂસા અલૈ. પાસે બનાવટી ખુદાની માંગણી કરી બેઠા.

કોઈક મૂર્તિ કે કોઈક આકાર ન હોય ત્યાં સુધી ઇસરાઇલીઓને નમાજમાં કે પ્રાર્થનામાં સંતોષ થતો ન હતો. તેમનામાં એવો ખ્યાલ દૃ થઈ ગયો હતો કે મૂર્તિ કે આકાર દ્વારા જ ઈશ્વરની પૂજામાં ધ્યાનમગ્ન થઈ શકાય છે. મૂર્તિપૂજકો મૂર્તિપૂજાને યોગ્ય ઠેરવવા આ ખ્યાલને આગળ ધર્યા કરે છે. માનસ–શાસ્ત્રનો નિયમ છે કે એકી સાથે બે વસ્તુઓ પર ધ્યાન આપી શકાતું નથી. ગમે તેટલા પ્રયત્ન કરશો તો પણ એકી સાથે બે વસ્તુઓ પર ચિત્ત ચોંટાડી શકાતું નથી. જો મૂર્તિ પરે ધ્યાનમગ્ન થવા પ્રયત્ન કરશો તો ઈશ્વર કે અલ્લાહ પર ચિત્ત ચોંટશે નહીં. આથી ઊલટું મૂર્તિ સામે રાખીને ઈશ્વર કે અલ્લાહ પર ધ્યાન કેન્દ્રિત કરવા મથશો તો મૂર્તિ પરથી ધ્યાન હટી જશે. આથી સમજી શકાશે કે એકલા ઈશ્વર કે અલ્લાહ પર સીધેસીધું ચિત્ત ચોંટાડવાનું રાખશો તો મૂર્તિની કે કોઈ આકારની જરૂર રહેશે નહીં. તૌહીદ–પરસ્તીમાં સીધેસીધું

અલ્લાહ પ્રત્યે ધ્યાન–મગ્ન થવાનું છે. આથી કહી શકાય કે પ્રાર્થનામાં મૂર્તિ સામે રાખવાથી ભગવાન પ્રત્યે વધુ ધ્યાનમગ્ન થઈ શકાય છે એ દલીલ સાવ પાંગળી છે અને એમાં મૂર્તિપૂજાનો સાવ પાંગળો બચાવ છે.

એ હકીકત છે કે, ઈશ્વર કે અલ્લાહને કોઈએ જોયો નથી અને કોઈ જોઈ શકશે નહીં. તે તો હંમેશાં અદૃશ્ય રહે છે. એથી તેને પરોક્ષ રીતે, જોયા વિના પૂજવાનો છે. પ્રત્યક્ષ રીતે તેની ઉપાસના કે ઇબાદત કરવામાં કોઈ મૂર્તિ કે કોઈક આકાર આપણી સમક્ષ રાખીએ તો સ્વાભાવિક છે કે એમાંથી એક જ પર–મૂર્તિ પર કે ઈશ્વર પર–લક્ષ રાખી શકાય. આ પ્રકારની ઉપાસનામાં મૂર્તિ જ માધ્યમ રહે છે. આ પ્રકારની પૂજા ઊતરતી કોટિની ગણાય. સાવ મૂર્તિપૂજા જ ગણાય, જે અનિષ્ટમાં અનિષ્ટ છે.

ઇસરાઈલ–લોકોની બનાવટી ખુદાની માગણીથી મૂસા અલૈ. ઘણા જ નારાજ થયા, પરંતુ સ્વસ્થચિત્તે તેમણે જવાબ આપ્યો કે તમે ઘણી નાદાની કરી રહ્યા છો. આ લોકોએ જે રીત અખત્યાર કરી છે તે બરબાદી લાવનારી છે. અને એઓ જે કંઈ કરી રહ્યા છે તે સાવ નકામું છે. મૂસાએ એવું પણ કહ્યું કે: શું હું તમારા માટે અલ્લાહ સિવાય બીજો કોઈ માબૂદ અર્થાત્ ઉપાસ્ય શોધી લાવું? જરા જુઓ તો ખરા કે અલ્લાહે જ તમને સારાયે જગતમાં અગ્રે શ્રેષ્ઠતા આપી છે અને જરા તે સમય પણ યાદ કરો કે અલ્લાહે તમને ફિરઔન કોમના લોકોથી બચાવ્યા, જેઓ તમને સખત શિક્ષા કરતા હતા, તમારા પુત્રોને મારી નાંખતા હતા, પરંતુ તમારી પુત્રીઓને (તેમની સેવાચાકરી માટે) જીવતી રાખતા હતા. અલ્લાહે જ તમને તેમના પંજામાંથી છોડાવ્યા છે ને! અને તેમાં તમારા ઉપર રબનો મહાઉપકાર છે." ૭:૧૩૯થી ૧૪૧. આમ છતાં તમે બીજા કોઈ ઉપાસ્યની માગણી કરો છો? આ જવાબ સાંભળી તેઓ શાંત પડી ગયા અને બીજા એવા ઇલાહની માગણી કરવાનું માંડી વાળ્યું. તેમની આ વૃત્તિ પૂરેપૂરી શાંત પડી ન હતી. બાજેલા અગ્નિની પેઠે એ વૃત્તિ પ્રજ્વલિત થઈ અને મૂસા અલૈ. તેમનામાંથી ૪૦ દિવસ સુધી ગેરહાજર રહ્યા ત્યારે સોનાની વાછરડાની મૂર્તિ બનાવી પૂજવા મંડી પડ્યા હતા, જેની હકીકત આગળ આવે છે.

## પ્રકરણ ૨૫મું

## મૂસા અલૈ.ને તૌરાત મળવી

ફિરઔન અને તેના લશ્કરના ડૂબી ગયા પછી ઇસરાઈલ–લોકોએ સ્વેચ્છાએ મૂસા અલૈ. પાસે એવી માંગણી મૂકી કે, "હે મૂસા! અમારા સદ્‌વર્તન માટે તું અમને અલ્લાહની કિતાબ અર્થાત્ ઈશ્વરદત્ત પુસ્તક લાવી આપ કે જેથી અમે તે પ્રમાણે અમારો જીવન–વ્યવહાર ચલાવીએ." આથી મૂસા અલૈ. ખુદાવંદ પાસે આકાશી પુસ્તક માટે દુઆ માગ્યા કરતા હતા.

તેથી અલ્લાહ તઆલાએ મૂસા અલૈ.ને વાયદો આપ્યો હતો કે જ્યારે ઇસરાઈલ–લોકોને મિસરીઓની ગુલામીમાંથી છુટકારો મળી જશે અને તેઓ આઝાદી ભોગવતા થશે ત્યારે તેમને "સત્ય અસત્ય પારખવા માટે તથા પરહેજગારોને પ્રકાશ આપવા માટે તથા માર્ગભૂલ્યાઓને હિદાયત મેળવવા માટે એટલે કે બોધગ્રહણ કરવા માટે એક આકાશી પુસ્તક એનાયત કરવામાં આવશે.'[1] એ અંગે પવિત્ર કુરાનની નીચેની આયતોમાં ફરમાવવામાં આવેલું છે.

"હે મારી કોમ! શું તમારા પરવરદિગારે (તમને તૌરાત આપવાનો) તમારી સાથે સાચો વાયદો કર્યો નહોતો?" ૨૦ : ૮૬

"હે ઇસરાઈલ–લોકો! અમે તમને તમારા દુશ્મનથી છુટકારો અપાવ્યો અને (તમારા લાભાર્થે તૌરાત એનાયત કરવા તમારા નબીને) તૂર પર્વતની જમણી બાજુએ હાજર થવાનો વાયદો કર્યો હતો." ૨૦ : ૮૦

"તૂર પર્વત પર હાજર થવાનું હતું ત્યારે તેઓ મિસર દેશમાંથી નીકળ્યા ને ત્રીજા માસને તે જ દિવસે સિનાયના અરણ્યમાં આવ્યા અને રફીદીમથી ઊપડીને તે જ અરણ્યમાં પર્વત આગળ છાવણી કરી." નિ. પ્ર. ૧૯ : ૧–૨ આ છાવણી "અલ–રાહ" નામના મેદાનમાં હતી, જે "અલ–શેખ" નામની ખીણમાં આવેલું છે. આ ખીણ અર્વાચીન નકશામાં "બની સાલેહ" અને "સિનાયના પર્વત"ની વચમાં આવેલી છે. એ ખીણની એક કોરે તે પહાડી આવેલી છે જ્યાં ત્યાંની પ્રચલિત લોકકથા (રિવાયત) પ્રમાણે સાલેહ અલૈ. સમૂદ લોકોનું સત્યાનાશ વળી ગયું ત્યાર પછી પોતાના અનુયાયીઓને લઈ વસી ગયા હતા. આ કારણે આ પહાડીનું નામ "બની સાલેહ" પડી ગયું છે. આ શેખની ખીણની

---

૧. તફહીમુલ કુરાન; મો. મૌદૂદી. Vol. II. પૃ. ૭૬–નોંધ : ૯૯.

બીજી કોરે "હારૂનની પહાડી" આવેલી છે. ઇસરાઈલ–લોકો સોનેરી વાછરડાને પૂજવા લાગ્યા ત્યારે નારાજ થઈ આ પહાડી પર હારૂન અલૈ. ચાલ્યા ગયા હતા, તેથી તેનું નામ "હારૂનની પહાડી" પડી ગયું છે. એ ખીણની ત્રીજી કોરે સિનાયનો કે તૂર પર્વત આવેલો છે, જેની ઊંચાઈ ૭૩૫૯ ફૂટની છે. તેના ઊંચા ભાગો હંમેશાં વાદળાંથી ઢંકાયેલા રહે છે. તેના એક શિખર પર એક ગુફા આવેલી છે, જેમાં મૂસા અલૈ. ૪૦ રાત્રિ–દિવસ સુધી ઐતેકાફ અર્થાત્ યોગમાં ૨ બેઠા હતા. આ ગુફા પવિત્ર ગણાય છે અને ઝિયારતગાહ અર્થાત્ તીર્થક્ષેત્ર બની ગયેલ છે. આ ગુફા પાસે એક મસ્જિદ છે તથા ખ્રિસ્તીઓનું દેવળ આવેલું છે. અહીં તળેટીમાં રોમન–શહેનશાહ જસ્ટીનિયને બંધાવેલો એક મઠ છે, જેનો ઉલ્લેખ આગળ આવી ગયેલો છે.

આ અલ–રાહના મેદાનમાં પડાવ હતો ત્યારે તૂર પર્વત પર આવવા અને ત્યાં ત્રીસ રાતો ઐતેકાફ કે યોગમાં બેસી પ્રાર્થના અને ચિંતવન કરવા તથા ત્રીસ દિવસના રોજા કે અપવાસ પાળવા વહી દ્વારા મૂસા અલૈ.ને અલ્લાહ તઆલાનો આદેશ આપવામાં આવ્યો હતો, કે જેથી તેમને આપેલા વાયદા પ્રમાણે શરિયત કે અનુશાસનનું આકાશી પુસ્તક તૌરાત આપવામાં આવે. આ આદેશ અનુસાર તૂર પર્વત પર જવા તેમણે તૈયારી કરવા માંડી. ઇસરાઈલ–લોકોને ભેગા કરી કહેવા લાગ્યા કે, "તૂર પર્વત પર અનુશાસનનું પુસ્તક મેળવવા માટે ત્રીસ રાતો ઐતેકાફમાં બેસવાનો મને અલ્લાહ તઆલાનો આદેશ મળ્યો છે. એ સમય પૂરો થશે એટલે તરત જ હું તમારી પાસે આવી જઈશ. હારૂન તમારામાં હાજર રહેશે અને તમારી દેખભાળ કરતા રહેશે. પવિત્ર કુરાનમાં આ પ્રસંગને આ શબ્દોમાં વર્ણવવામાં આવેલો છે :

"અને અમે મૂસા પાસેથી ત્રીસ રાતોનો વાયદો કરાવ્યો હતો... અને મૂસાએ (તૂર પર્વત પર જતી વેળા) પોતાના ભાઈ હારૂનને કહ્યું હતું કે તું આપણા લોકોમાં મારો નાયબ રહેજે અને તેમનો સુધાર કરતો રહેજે. પરંતુ ફિતનાખોરોને (Mischief – Mongeri) માર્ગે જઈશ મા." ૭ : ૧૪૨

આમ ઇસરાઈલ–લોકોની સંભાળ રાખવાનું કાર્ય હારૂન અલૈ.ને સુપરત કરી બહુ ઉતાવળે ઉતાવળે તેઓ તૂર પહાડ પર ચાલ્યા ગયા. ત્યાં તેઓ

---

૨. યોગ એટલે પરમાત્મા સાથે સંબંધ બાંધવાની એક રીત.

ત્રીસ રાત્રિ-દિવસ એતેકાફ-યોગમાં બેઠા અને સાથે સાથે ૩૦ રાત્રિ-દિવસના અપવાસ પાળ્યા. આ સમય પૂરો થયો ત્યારે અલ્લાહ તઆલા સાથે વાતચીત કરવા તૈયારી કરવા લાગ્યા. એક માસના સળંગ અપવાસ રાખ્યા હતા તેથી તેમના મોંમાંથી એક પ્રકારની વાસ આવતી હતી. પોતાના મોંમાં આવી વાસ આવતી હોવાથી અલ્લાહ તઆલા સાથે વાતચીત કરવાનું તેમને ઠીક લાગ્યું નહીં. એ વાસ દૂર કરવા તેમણે કોઈક સુગંધીદાર મૂળિયાનું દાતણ કર્યું અને પોતાના મોંને સુવાસિત કરવા માટે સુગંધીદાર પાંદડાંનો મુખવાસ કર્યો. તે જ ઘડીએ વહી દ્વારા તેમને ઠપકો આપવામાં આવ્યો કે, "વાતચીત કરતાં પહેલાં શા માટે પારણાં કર્યાં? શા માટે રોજો ખોલી નાંખ્યો? શું તમે જાણતા નથી કે રોજદાર-અપવાસ પાળનાર-ના મોંમાંથી જે વાસ આવે છે તે કસ્તૂરી કરતાં પણ વધુ ગમ્ય હોય છે!" મૂસા અલૈ.એ આમ કરવાનું કારણ કહી સંભળાવ્યું ત્યારે તેમને ફરીથી આદેશ મળ્યો કે, "તેવી વાસ લાવવા માટે વધુ દસ દિવસ એતેકાફ કે યોગમાં બેસીને અપવાસ પાળો." વધુ દસ દિવસ તેમણે તેમ કર્યું એટલે કે પૂરા ચાળીસ દિવસ ત્યાં એતેકાફ અને રોજામાં એટલે કે યોગ અને અપવાસમાં પસાર કર્યા. પ્રથમ આ મુદ્દત ત્રીસ રાતોની હતી, પરંતુ પછીથી વધારીને ૪૦ રાતોની કરી દેવામાં આવી હતી. પવિત્ર કુરાનમાં આ હકીકત આ પ્રમાણે કહેવામાં આવી છે:

"અને અમે મૂસા પાસેથી ત્રીસ રાતોનો સમય ઠરાવ્યો હતો અને બીજી દસ રાતો વધારીને તે સમય પૂરો કરવામાં આવ્યો એટલે કે તારા પરવરદિગારે ઠેરવેલી ચાળીસ રાતોની મુદ્દત પૂરી થઈ ગઈ." ૭:૧૪૨

એતેકાફની મુદ્દતમાં દસ દિવસનો વધારો શા માટે કરવામાં આવ્યો તેનું કોઈ કારણ પવિત્ર કુરાનમાં આપવામાં આવ્યું નથી. પહેલાંના જેવી વાસ ઉત્પન્ન કરવા આ મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો એવી રિવાયત કરવામાં હજરત ઇબ્ન અબ્બાસે કરેલી છે;[૩] એ તો ઘણા લોકોને અનુભવ છે કે કોઈ કામમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે કે કોઈ ટેવ પાડવા માટે ૪૦ દિવસનો સમય સાનુકૂળ રહે છે. અલ્લાહ તઆલાનું ચિંતન કરવા સ્થિર થવાની જરૂર રહે છે, તેથી તેમને એતેકાફનો સમય ૪૦ દિવસનો રાખવામાં આવ્યો હોય એમ લાગે છે. ત્રીસ દિવસ પછી મૂસા અલૈ. પાછા ફરવાના હતા એ હકીકત ઇસરાઈલ-લોકો જાણતા હતા. મૂસા અલૈ.એ

---

૩. કસસુલ કુરાન: મો. હફીઝુર્રેહમાન. Vol. I. પૃ. ૪૮૨.

મુદ્દતમાં પાછા ન ફરે તો તેઓ કેવું વર્તન દાખવશે તેની અજમાયશ કરવા માટે દસ દિવસ વધારવામાં આવ્યા હોય એમ લાગે છે; અને એવો તાગ પવિત્ર કુરાનની ૨૦ : ૮૫મી આયત વાંચતાં મળે છે. તેમાં કહેવામાં આવેલું છે કે, "અમે તો તારી કોમને તારા (નીકળ્યા) પછી અજમાયશમાં નાખી દીધી અને સામેરીએ તેમને ભટકાવી દીધા છે." આ પ્રસંગમાંથી આધ્યાત્મિક શક્તિ મેળવવા માટે ઐતેકાફ કે યોગમાં ૪૦ દિવસ સુધી બેસવાની પ્રથા વલી–ઓલિયાઓએ કે સંત–સાધુઓએ અપનાવી હોય એમ લાગે છે.

મૂસા અલૈ.ના આ "ચિલ્લા"ની મુદ્દત જિલહજ માસની દસમી તારીખે પૂરી થઈ હતી, ત્યારે તેમની બંનેની વચ્ચે રાઝો–નિયાઝની એટલે ભેદભરેલી અને કલ્યાણકારી વાતો થયા પછી અલ્લાહ તઆલાએ મૂસા અલૈ.ને તૌરાત એનાયત કરી અને ફરમાવ્યું કે, "આ કિતાબને દૃઢતાપૂર્વક વળગી રહેજે તથા તારી કોમના લોકોને કહેજે કે તેઓ તેમાં આપેલા કાનૂનોનો દૃઢતાપૂર્વક અમલ કરે; તેમાં નિર્દેશેલાં સુકૃત્યો કરવા વધુ કાળજી રાખે કે જેથી તેઓ ખુદાપાકની વધુ સમીપ આવી શકે. એ કિતાબમાં લોકોનું કલ્યાણ થાય એવી સઘળી બાબતો વિગતે આપવામાં આવેલી છે." પવિત્ર કુરાનમાં તૌરાત સંબંધી નીચે પ્રમાણે વર્ણન થયેલું છે:

"અને અમે મૂસાએ પાટીઓ–તખ્તીઓ–પર દરેક પ્રકારની નસીહત (બોધ) અને પ્રત્યેક બાબતનો ખુલાસો લખી આપ્યો અને ફરમાવ્યું કે તે પ્રમાણે અમલ કરવામાં આવે તથા તારી કોમને પણ હુકમ કરવામાં આવે છે કે તેમાં નિર્દેશ થયેલા સારા સારા હુકમો અનુસાર વર્તન દાખવે: (જો તેમ નહિ કરો તો) ટૂંક સમયમાં જ હું તમને નાફરમાનોનું સ્થાન દેખાડી દઈશ." ૭ : ૧૪૬

"અને અમે મૂસાને કિતાબ અને ફુરકાન (સત્ય–અસત્ય પારખવાની કસોટી) આપી." ૨ : ૫૨

"અમે મૂસાને કિતાબ અર્થાત્ તૌરાત એનાયત કરી અને તેને ઇસરાઈલ–લોકોને બોધ આપનારી બનાવી હતી; અને તેમાં એવી તાકીદ કરવામાં આવી હતી કે બીજા કોઈને વકીલ બનાવશો નહીં." ૧૭ : ૨ વકીલ એટલે જેના ભરોસા પર આપણાં કામો કે પ્રશ્નો ઉકેલવા માટે સોંપવામાં આવે છે તે વ્યક્તિ. અલ્લાહને વકીલ બનાવવાની તાકીદ અહીં આપવામાં આવી છે, બીજા કોઈને કાર્યસાધક ન બનાવવાનું ફરમાન છે.

"આગલી પ્રજાઓના વિધ્વંસ પછી અમે મૂસાને કિતાબ (તૌરાત)

એનાયત કરી, જેમાં સર્વ લોકો માટે અંતઃદૃષ્ટિની સામગ્રી હતી, માર્ગદર્શનનો રાહ ચીંધેલો હતો અને અલ્લાહની રહેમત કે દયા પ્રાપ્ત કરવાની રીત હતી કે જેથી લોકો તેમાંથી બોધ લે." ૨૮ : ૪૩

પોતપોતાના પયગંબરોની હિદાયતથી મોં ફેરવી લેવાનાં માઠાં ફળ આગલી પ્રજાઓ ભોગવી ચૂકી હતી. મૂસા અલૈ.ની હિદાયતથી મોં ફેરવી લેવાનું પરિણામ ફિરઔન અને ફિરઔનીઓએ પ્રત્યક્ષ જોઈ લીધું, ત્યારે આકાશી પુસ્તકની આવશ્યકતા હિદાયત મેળવવા ઊભી થઈ એટલે જ તૌરાતનું પુસ્તક એનાયત થયું. આ પુસ્તક લોકોને સૂઝ–સમજ અને બુદ્ધિ આપનારું હતું. ખુદાની રહેમત–દયા–ક્યારે અને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તે બાબતનું જ્ઞાન તેમાં સમાવિષ્ટ થયું હતું. આ પુસ્તકના પઠનથી અલ્લાહની સ્તુતિ કરવાનું સ્ફુરણ થતું હતું તથા તેનાં ફરમાનોનું અને પાળવાના કાનૂનોનું જ્ઞાન મળતું હતું. આ પુસ્તક એટલે કે તૌરાત કુરાન શરીફ પછી બીજા નંબરે આવે છે. દુઃખ એ બાબતનું છે કે, તે અસલ સ્થિતિમાં રહ્યું નથી. તેમાં ઘણા ફેરફારો થયા છે એટલે જ હાલમાં બોધ કે હિદાયત માટે સર્વ આકાશી પુસ્તકોમાં પવિત્ર કુરાન જ તેની અસલ સ્થિતિમાં કાયમ છે, એટલે એ એકલું જ હિદાયત માટે છે અને એની હિદાયત પ્રમાણે વર્તવું જોઈએ.

આ ઉપરાંત પવિત્ર કુરાનની નીચે જણાવેલ આયતોમાં કહેવામાં આવ્યું છે કે, મૂસા અલૈ.ને કિતાબ અર્થાત્ તૌરાત આપવામાં આવી હતી.

૨ : ૫૩–૬ : ૧૫૫–૧૧ : ૧૧૦ – ૨૧ : ૪૮ – ૨૫ : ૩૫ – ૩૨ : ૨૩– ૩૭: ૧૧૭ – ૪૧ : ૪૫ – ૪૫ : ૧૬/૧૭ અને ૬૫ : ૫.

---

## પ્રકરણ ૨૬મું

### દસ આજ્ઞાઓ–Ten Commandments

આ પ્રસંગે, એટલે કે મૂસા અલૈ.એ તૂર પર્વત પર ૪૦ રાતો ઐતેકાફ–યોગ–માં ગાળી અને ૪૦ દિવસ અપવાસ પાળ્યા ત્યારે, તેમને તૌરાતનું આખું પુસ્તક એનાયત કરવામાં આવ્યું હતું કે ફક્ત દસ આજ્ઞાઓ આપવામાં આવી હતી ? આ પ્રશ્ન પર મુસલમાનો અને યહૂદીઓ–ખ્રિસ્તીઓ વચ્ચે ભારે મતભેદ પ્રવર્તે છે. સર્વ મુસલમાનોનું માનવું છે કે આ પ્રસંગે જ આખું પુસ્તક એનાયત થયું હતું. દસ

આજ્ઞાઓ આ પુસ્તકમાં આમેજ થયેલી હતી; દસ આજ્ઞાઓ એકલી ક્યારે પણ જુદી આપવામાં આવેલી નથી. યહૂદીઓ-ખ્રિસ્તીઓની દઢ માન્યતા છે કે આ પ્રસંગે એકલી દસ આજ્ઞાઓ આપવામાં આવી હતી. બીજી વેળા પુસ્તક એનાયત થયું હતું.

તૌરાતના પુનર્નિયમના પ્રકરણ ૨૭ની ૮મી આયતમાં આવે છે કે, "અને તારે આ નિયમના સર્વ શબ્દો બહુ સ્પષ્ટ રીતે તે પથ્થરો પર લખવા." તૌરાતના ફારસી તરજુમાની સને ૧૯૩૯ અને સને ૧૯૪૫ની આવૃત્તિઓની ઉપરોક્ત આયતમાં નિયમના બદલે તૌરાત શબ્દ હતો. યહોશુઆના પ્રકરણ ૮ની ૩૦થી ૩૨ આયતોમાં આવે છે કે, "ત્યાર પછી યહોશુઆએ એબાલ પર્વત ઉપર ઇસરાઈલના દેવ યહોવાહને સારુ એક વેદી બાંધી, યહોવાહના સેવક મૂસાએ ઇસરાઇલ-પુત્રોને જે આજ્ઞા આપી હતી અને મૂસાના નિયમશાસ્ત્રના પુસ્તકમાં જેમ લખેલું છે, તે પ્રમાણે તે વેદી અખંડિત પથ્થરની હતી.તે પથ્થરો ઉપર મૂસાના નિયમશાસ્ત્રની નકલ ઉતારી લીધી, ને ઇસરાઇલ-પુત્રોની સમક્ષ તે તેણે લખી." આ આયતોમાં નિયમશાસ્ત્રના બદલે તૌરાતની સને ૧૮૪૫ની આવૃત્તિમાં "તૌરાત" શબ્દ વપરાયેલો છે. તે ઉપરાંત મોલાના કેરાનવીએ પોતાની વિખ્યાત કિતાબ "ઇઝહારુલ હક"માં તૌરાતના અરબી, ફારસી અને ઉર્દૂમાં થયેલા તરજુમાઓની જૂની આવૃત્તિઓના હવાલા આપી સાબિત કર્યું છે કે, તે આવૃત્તિઓમાં "દસ આજ્ઞાઓ" અર્થાત્ "Ten Commandments" એવા શબ્દો ન હતા, તૌરાત શબ્દ હતો.[1] આ જૂની આવૃત્તિઓ અને પવિત્ર કુરાનની ઉપર જણાવેલી આયતો અને ખાસ કરીને ૭ : ૧૪૫ની આયતના શબ્દો,—"અને અમે તેના માટે તેમાં (અર્થાત્ તૌરાતની તખ્તીઓમાં) દરેક વસ્તુ માટે એટલે કે જીવનના પ્રત્યેક પાસા માટે વિગતવાર બોધ અને નિયમો લખી દીધા—"[2] પર આધાર રાખી મુસ્લિમ ઉલેમાઓ એવો મત ધરાવે છે કે આ પ્રસંગે એટલે કે સિનાયના અરણ્યમાં મૂસા અલૈ ને તૂર પર્વત પર હાજર થવા બોલાવ્યા હતા ત્યારે મોહર્રમ માસની દસમી તારીખે પાટીઓ પર લખીને સંપૂર્ણ તૌરાત એનાયત કરવામાં આવી હતી.

---

૧. તફસીરે હક્કાની. Vol. II. ૭ : ૧૪૫ની તફસીર. પૃ ૧૭. નોંધ.

૨. وَكَتَبْنَا لَهُ فِي الْأَلْوَاحِ مِنْ كُلِّ شَيْءٍ مَّوْعِظَةً وَّتَفْصِيلًا لِّكُلِّ شَيْءٍ ૭ : ૧૪૫

આથી ઊલટો મત યહૂદીઓ–ખ્રિસ્તીઓ ધરાવે છે. તેમનું કહેવું છે કે, આ પ્રસંગે ફક્ત "દસ આજ્ઞાઓ" જ બે શિલાપાટીઓ પર આપવામાં આવી હતી. બીજી કોઈક વેળા તેમને બોલાવવામાં આવ્યા હતા ત્યારે આખું પુસ્તક એનાયત કરવામાં આવ્યું હતું, એમ તેઓ માને છે. આ મત માટે તેઓ તૌરાતની નીચેની આયતો પર મદાર રાખતા હોય એમ લાગે છે.

"અને તે ત્યાં યહોવાહની સાથે ચાળીસ દહાડા તથા ચાળીસ રાત હતો; તેણે રોટલી ખાધી ન હતી, તેમ જ પાણી પણ પીધું ન હતું, અને તેણે પાટીઓ ઉપર કરારના શબ્દો, એટલે દશ આજ્ઞાઓ લખી." નિ. પ્ર. ૩૪ : ૨૮.

"અને તેણે પોતાનો કરાર તમને જાહેર કર્યો, ને તે એટલે દશ હુકમો પાળવાની તેણે તમને આજ્ઞા કરી : અને તેણે શિલાપાટીઓ પર તે લખ્યા." પુનર્નિયમ પ્ર. ૪ : ૧૩

"તેણે કરારનું પુસ્તક લઈ ને લોકોને સાંભળતાં વાંચ્યું." નિ. પ્ર. ૨૩ : ૭

આ દશ આજ્ઞાઓ (Ten Commandments)[3] તૌરાતમાં આ પ્રમાણે આપવામાં આવેલ છે :

(૧) મારા સિવાય તારે અન્ય કોઈ દેવ ન હોય.

(૨) તું તારા માટે કોઈ કોરેલી મૂર્તિ ન કર., ઉપર આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિની તળેના પાણીમાંની કોઈ પણ ચીજની પ્રતિમા ન કર. તું તેમની આગળ ન નમ. અને તેમની સેવા પણ ન કર.

(૩) તું તારા દેવ યહોવાહનું નામ વૃથા ન લે, કેમ કે જે તેનું નામ વૃથા લે છે તેને યહોવાહ નિર્દોષ ગણશે નહિ.

(૪) સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને તું યાદ રાખ. છ દિવસ તું ઉદ્યોગ કર ને તારું સઘળું કામ કર, પણ સાતમાં દિવસે તું કંઈ કામ ન કર.

(૫) તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ.

(૬) તું તારા પાડોશી વિરુદ્ધ જૂઠી સાક્ષી ન પૂર.

(૭) તું તારા પડોશીની વહુ પર લોભ ન રાખ.... તેનું ઘર, તેનું ખેતર ઇત્યાદિ અર્થાત્ તેનું જે કંઈ હોય તેના પર લોભ ન રાખ.

---

૩. દશ આજ્ઞાઓ માટે જુઓ તૌરાત નિ. પ્ર. ૫ : ૨૦ની ૩થી ૧૭ આયતો અથવા પુનર્નિયમ પ્ર. ૫ : ૭થી ૨૧ આયતો. પવિત્ર કુરાનની ૨ : ૮૩થી ૮૫માં આ આજ્ઞાઓ આમેજ થયેલી છે.

(૮) તું કોઈનું ખૂન ન કર.

(૯) તું વ્યભિચાર ન કર.

(૧૦) તું ચોરી ન કર.

પવિત્ર કુરાનમાં આ આજ્ઞાઓને વિષે આ પ્રમાણે ફરમાવવામાં આવેલું છે :

"અને (તે સમયને યાદ કરો) જ્યારે અમે ઇસરાઈલિ-લોકો પાસેથી (તૌરાત પ્રમાણે) વચન લીધું હતું કે અલ્લાહ સિવાય કોઈની પણ બંદગી કરશો નહીં અને માબાપ સામે ભલમનસાઈથી વર્તતા રહેજો, સાથેસાથે તમારાં સગાંવહાલાં સાથે પણ, તથા આમલોકો સાથે વિવેકથી વાત કરજો અને નમાજ પાબંદીથી પઢતા રહેજો તથા જકાત એટલે કે નિર્ધનવેરો આપતા રહેજો. પછી તમારામાનાં એટલે કે ઇસરાઈલિ-લોકોમાંના થોડા લોકો સિવાય આ વચન ફરી ગયા; અને વચનથી ફરી જવું એ તો તમારી સાધારણ ટેવ છે." ૨ : ૮૩

"અને જ્યારે અમે તમારી પાસેથી એવું વચન લીધું હતું કે તમે માંહોમાંહે ખૂનરેજી કરશો નહીં અને લોકોને દેશનિકાલ કે હદપાર કરશો નહીં. આ બાબતો તમે જ કબૂલ કરી હતી અને એની સાહેદી પણ તમે આપો છો." ૨ : ૮૪

તૌરાત પ્રમાણે આ દશ આજ્ઞાઓ બે શિલાપાટીઓની બંને બાજુએ યહોવાહના પોતાના હસ્તાક્ષરોમાં કોતરેલી હતી. તૌરાતમાં આ અંગે આમ કહેવામાં આવ્યું છે :

"અને તેણે સિનાય પર્વત ઉપર મૂસાની સાથે વાતચીત પૂરી કરીને તેને બે સાક્ષ્યપાટીઓ, એટલે કે દેવની આંગળીથી લખેલી બે શિલા-પાટીઓ આપી." નિ. પ્ર. ૧૧ : ૧૮

"અને મૂસા પાછો ફરીને પર્વત પરથી ઊતર્યો, ને બે સાક્ષ્યપાટીઓ તેના હાથમાં હતી : તે પાટીઓની બન્ને બાજુએ લેખ કોતરેલો હતો. એક બાજુએ અને બીજી બાજુએ તે લખેલો હતો, અને તે પાટીઓ દેવનું કામ હતી ને લેખ, તે દેવનો લેખ, પાટી પર કોતરેલો એવો હતો." નિ. પ્ર. ૩૨ : ૧૫-૧૬

બે શિલાપાટીઓ હતી એ હકીકત આ આયતમાંથી પણ ઉપલબ્ધ થાય છે : "અને યહોવાહે મૂસાને કહ્યું કે, પહેલાંના જેવી બે શિલાપાટીઓ તારે વાસ્તે ઘડ અને તારાથી ભાંગી ગયેલી પાટીઓ પર જે શબ્દો હતા તે હું આ પાટીઓ પર લખીશ." નિ. પ્ર. ૩૪ : ૧

આ આયતો વાંચતાં જણાશે કે આ પથ્થર પાટીઓની બંને બાજુ પર દશ આજ્ઞાઓ ખુદાપાકે કોતરી હતી. પવિત્ર કુરાનની ૭ : ૧૪૫મી આયત વાંચતાં જણાશે કે આ પાટીઓ પર અલ્લાહ તઆલાએ જાતે લખ્યું હતું. તેમાં કહેલું છે કે, "કતબ્ના લહુ ફીલ – અલ્લાહ" અલ્લાહે જાતે તખ્તીઓ પર લખી આપ્યું. આથી સ્પષ્ટ થાય છે કે તૌરાત તથા પવિત્ર કુરાન એ વાતની સાખ પૂરે છે કે પાટીઓ પરનું લખાણ અલ્લાહ તઆલાએ પંડે લખ્યું હતું.

તૌરાત પ્રમાણે આ પાટીઓ બે હતી. પહેલી વેળા એટલે કે ૪૦ દિવસના ઐતેકાફ – યોગ – વેળા જે પાટીઓ મૂસા અલૈ.ને આપવામાં આવી હતી તે ખુદાવંદની પોતાની બનાવેલી હતી. બીજી વેળાની પાટીઓ ખુદાવંદના ફરમાન મુજબ મૂસા અલૈ.એ જાતે બનાવી હતી. પવિત્ર કુરાનમાં એવો કોઈ ઉલ્લેખ નથી કે પાટીઓ કેટલી હતી, અને શેની બનેલી હતી. તૌરાતમાં તો સ્પષ્ટ કહેવામાં આવેલું છે કે પાટીઓ બે જ હતી અને તે પથ્થરની બનેલી હતી. કુરાન શરીફના ભાષ્યકારોનું કહેવું છે કે, આ પાટીઓ બે તો નો'તી જ. જો બે પાટીઓ હોત તો, કુરાન શરીફમાં "લોહૈન" શબ્દ વપરાયો હોત. "અલ્વાહ" શબ્દ વપરાયેલો છે એટલે બેથી વધુ હતી એમ પુરવાર થાય છે. ઉલેમાઓનું કહેવું છે કે દશ પાટીઓ હતી અને તે લાલ – યાકૂતના પથ્થરની બનેલી હતી. એ તો હકીકત છે કે આ પાટીઓ મૂસા અલૈ.થી ભાંગી ગઈ હતી એટલે ભાંગી જાય એવી કોઈક વસ્તુની બનેલી હતી, એટલે અનુમાન તારવી શકાય કે તે પથ્થરની હોવી જોઈએ. એમ કહેવામાં આવે છે કે દરેક પાટી દશ ગજ લાંબી હતી. કેટલાક ભાષ્યકારોનું કહેવું છે કે દરેક તખ્તીની લંબાઈ મૂસા અલૈ.ના કદની ઊંચાઈ જેટલી હતી.[૪] વળી એમ પણ કહેવામાં આવેલું છે કે, આ તખ્તીઓ કોઈક વસ્તુમાં વીંટાળીને આપવામાં આવેલી હતી, અને જ્યારે મૂસા અલૈ.એ તેમના પર વીંટાળેલા પડને ખોલ્યું અને તખ્તીઓ ઉઘાડી થઈ, ત્યારે સઘળા પહાડો, ઝાડો ઈત્યાદિ જડ વસ્તુઓ કાંપી ઊઠી હતી. તેના અનુકરણમાં કે તેની યાદગીરીમાં યહૂદી લોકો જ્યારે તૌરાતનું પઠન કરે છે ત્યારે કાંપતા જાય છે અને પઠન કરતા જાય છે તથા પોતાનાં માથાં બહુ ઝુકાવેલાં રાખે છે.[૫]

---

૪. તફસીરે કાદરી Vol. I. પૃ. ૩૧૦.
૫. ઈબ્ને કસીર. ૭ : ૧૭૧મી આયતની તફસીર.

# પ્રકરણ ૨૭મું

## ઐતેકાફ કે યોગ સમયનો બનાવ

મૂસા અલૈ.ના આ "ચિલ્લા"ની મુદ્દત પૂરી થઈ ત્યાર પછી અલ્લાહ તઆલાએ તેમની સાથે વાતો કરી. તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "જેમ માણસ પોતાના મિત્રની સાથે વાતો કરે, તેમ યહોવાહ મૂસાની સાથે મોઢામોઢ વાત કરતો." નિ. પ્ર. ૩૩ : ૧૧ એ યાદ રહે કે આ વાતચીત વેળા મૂસા અલૈ. અલ્લાહ તઆલાને જોતા ન હતા, તે તો અદૃશ્ય હતો. જ્યારે મૂસા અલૈ. તૂર પર્વત પર ચઢયા ત્યારે "મેઘે પર્વતને ઢાંકી દીધો હતો.૧ આખા સિનાયના પર્વત પર ધુમાડો થયો હતો." તૌરાત નિ. પ્ર. ૧૯ : ૧૮ તે વેળા તૂર પર્વતની આજુબાજુ પચીસ – પચીસ ગાઉ સુધી અંધકાર છવાઈ ગયો હતો. આ કારણોને લીધે મૂસા અલૈ. અલ્લાહને જોઈ શકતા ન હતા; મોઢામોઢ વાતો કરી શકતા હતા.

તમે વાંચી ગયા છો કે, પ્રત્યેક માનવી સાથે એક શયતાન તેના શરીરમાં વાસો કરે છે. અને તેને "હમજાત શયતાન" કહેવામાં આવે છે. વળી માનવની હિફાજત કે બચાવ માટે એક ફરિશ્તો પણ તેના શરીરમાં વાસો કરતો હોય છે. આ માટે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "કોઈ પણ જીવ એવો નથી કે જેના ઉપર કોઈ રક્ષક (ફરિશ્તો) ન હોય." ૮૬ : ૪ આ ઉપરાંત તેનાં કાર્યોની નોંધ લેવા કિરામીન – કાતેબીન ફરિશ્તાઓ હોય છે. આ બધાને મૂસા અલૈ.થી જુદા કરવામાં આવ્યા હતા. ત્યાર પછી તેમને આકાશો અને તેના ગ્રહો વગેરે કેવી રીતે કામકાજ કરે છે તેનાં દર્શન કરાવ્યાં, અને છેવટે "મૂસા સાથે અલ્લાહે વાતો કરવા જોગ વાતો કરી." ૪ : ૧૬૪ ૨ અલ્લાહ તઆલાએ મૂસા અલૈ. સાથે ચોવીસ હજાર જેટલી વાતો કરી હતી, એમ કહેવામાં આવે છે. આમ અલ્લાહ તઆલાએ માનવીના માર્ગદર્શન માટે અહીં રૂબરૂ વાતો કરી હતી. તે કયારેક નબી ઉપર કોઈ ફરિશ્તા મારફત, લેખિત કિતાબ મારફત વહી મોકલે છે. વાતો કરવાનું અહોભાગ્ય મૂસા અલૈ.ને મળ્યું તેથી તેમને

---

૧. તૌરાત–નિ. પ્ર. ૨૪ : ૧૫.

૨. ૪.૧૬૪ وَكَلَّمَ اللّٰهُ مُوسٰى تَكْلِيْمًا

"મૂસા કલીમુલ્લાહ" કહેવામાં આવે છે.

વાતોમાં ને વાતોમાં એક અતિ મહત્ત્વનો પ્રસંગ બની ગયો. અલ્લાહ સાથેની વાતોથી મૂસા અલૈ.ને ખુશીનો કેફ ચઢી ગયો. એ કેફમાં ને કેફમાં તેમણે અલ્લાહ તઆલાને વિનમ્રતાથી કહી નાંખ્યું, "હે મારા પરવરદિગાર! તમને સાંભળવાની એટલે કે તમારી સાથે મોઢામોઢ વાતો કરવાની તક તમે મને આપી, તેથી તમારો અવાજ સાંભળવાનો રસાસ્વાદ ચાખવાનો મને મળ્યો. તો પછી તમારાં દર્શનથી મને શા માટે વંચિત રાખો છો? "હે મારા રબ! તમારાં દર્શન આપી મારો ઉત્કર્ષ કરોને!"

જવાબ મળ્યો, "મૂસા! તું મારા પ્રત્યક્ષ દર્શનને જીરવી શકશો નહીં. પેલા પર્વત ઉપર મારી તજ્જલી, મારું દેદીપ્યમાન સ્વરૂપ, મારું ગૌરવ, મારો ઝળહળતો પ્રકાશ હું પ્રગટ કરું છું. જો એ પર્વત એ તજ્જલી કે ગૌરવને સહન કરી શકે તો તું મને જોઈ શકીશ. આ પ્રસંગનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવેલું છે:

"અને જ્યારે અમે નક્કી કરેલા સમયે મૂસા (તૂર પર તૌરાત લેવા) આવ્યો અને તેના રબે તેની સાથે વાતો કરી ત્યારે તેણે વિનંતી કરી કે, હે મારા રબ! તું મને તારાં દર્શન કરાવ કે હું તને પ્રત્યક્ષ જોઈ લઉં. અલ્લાહે કહ્યું: તું મને (આ જગતમાં) કદી જોઈ શકીશ નહીં.[૩] છતાં પેલા પર્વત તરફ (મીટ માંડીને) જોતો રહે. જો તે પોતાની જગાએ સ્થિર રહે. તો તું મને જોઈ શકીશ. પછી જ્યારે તેના રબે તે પર્વત ઉપર પોતાની તજ્જલી–ગૌરવ, દેદીપ્યમાન સ્વરૂપ, ઝળહળતો પ્રકાશ પ્રગટ કર્યો ત્યારે તે પર્વતના ચૂરેચૂરા થઈ ગયા અને મૂસા મૂર્છિત થઈ પડી ગયો. ફરી જ્યારે તે શુદ્ધિમાં આવ્યો ત્યારે કહેવા લાગ્યો: નિઃસંશય, તું પાક પવિત્ર છે, તારી હજૂરમાં હું તારી માફી માગું છું અને તારા પર ઈમાનઆસ્થા લાવનારાઓમાં અત્રે સૌથી પ્રથમ છું. ૭:૧૪૩થી ૧૪૫.

અલ્લાહે મૂસા અલૈ.ને એટલી ઉચ્ચતર પરિસ્થિતિમાં મૂકી દીધા હતા કે ફિરસ્તાનીઓની મારફત વિના તેઓ સીધા અલ્લાહ તઆલા સાથે વાતો કરવા શક્તિમાન બન્યા હતા. આ પરિસ્થિતિમાં હતા એટલે જ અલ્લાહને પ્રત્યક્ષ જોવા આતુર બની ગયા હતા; અને ઉપર વર્ણવેલો બનાવ બની ગયો. આ પ્રસંગથી એવું સ્પષ્ટ થાય છે કે, આ જગતમાં

---

૩. તૌરાતમાં પણ કહ્યું છે, "તું મારું મુખ જોઈ શકતો નથી." નિ. પ્ર. ૩૩:૨૦.

# પ્રકરણ ૨૭મું

## ઐતેકાફ કે યોગ સમયનો બનાવ

મૂસા અલૈ.ના આ "ચિલ્લા"ની મુદ્દત પૂરી થઈ ત્યાર પછી અલ્લાહ તઆલાએ તેમની સાથે વાતો કરી. તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "જેમ માણસ પોતાના મિત્રની સાથે વાતો કરે, તેમ યહોવાહ મૂસાની સાથે મોઢામોઢ વાત કરતો." નિ. પ્ર. ૩૩ : ૧૧ એ યાદ રહે કે આ વાતચીત વેળા મૂસા અલૈ. અલ્લાહ તઆલાને જોતા ન હતા, તે તો અદૃશ્ય હતો. જ્યારે મૂસા અલૈ. તૂર પર્વત પર ચઢયા ત્યારે "મેઘે પર્વતને ઢાંકી દીધો હતો.[૧] આખા સિનાયના પર્વત પર ધુમાડો થયો હતો." તૌરાત નિ. પ્ર. ૧૯ : ૧૮ તે વેળા તૂર પર્વતની આજુબાજુ પચીસ – પચીસ ગાઉ સુધી અંધકાર છવાઈ ગયો હતો. આ કારણોને લીધે મૂસા અલૈ. અલ્લાહને જોઈ શકતા ન હતા; મોઢામોઢ વાતો કરી શકતા હતા.

તમે વાંચી ગયા છો કે, પ્રત્યેક માનવી સાથે એક શયતાન તેના શરીરમાં વાસો કરે છે. અને તેને "હમજાત શયતાન" કહેવામાં આવે છે. વળી માનવની હિફાજત કે બચાવ માટે એક ફરિશ્તો પણ તેના શરીરમાં વાસો કરતો હોય છે. આ માટે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "કોઈ પણ જીવ એવો નથી કે જેના ઉપર કોઈ રક્ષક (ફરિશ્તો) ન હોય." ૮૬ : ૪ આ ઉપરાંત તેનાં કાર્યોની નોંધ લેવા કિરામીન – કાતેબીન ફરિશ્તાઓ હોય છે. આ બધાને મૂસા અલૈ.થી જુદા કરવામાં આવ્યા હતા. ત્યાર પછી તેમને આકાશો અને તેના ગ્રહો વગેરે કેવી રીતે કામકાજ કરે છે તેનાં દર્શન કરાવ્યાં, અને છેવટે "મૂસા સાથે અલ્લાહે વાતો કરવા જોગ વાતો કરી." ૪ : ૧૬૪ [૨] અલ્લાહ તઆલાએ મૂસા અલૈ. સાથે ચોવીસ હજાર જેટલી વાતો કરી હતી, એમ કહેવામાં આવે છે. આમ અલ્લાહ તઆલાએ માનવીના માર્ગદર્શન માટે અહીં રૂબરૂ વાતો કરી હતી. તે કયારેક નબી ઉપર કોઈ ફરિશ્તા મારફત, લેખિત કિતાબ મારફત વહી મોકલે છે. વાતો કરવાનું સદ્ભાગ્ય મૂસા અલૈ.ને મળ્યું તેથી તેમને

---

૧. તૌરાત–નિ. પ્ર. ૨૪ : ૧૫.

૨. ૪.૧૬૪ وَكَلَّمَ اللّٰهُ مُوسٰى تَكْلِيمًا

અલ્લાહનાં દર્શન થતાં જ નથી. મોટા સખત પહાડનો તેના જાજ્વલ્યવાન સ્વરૂપથી ભાંગીને ભુક્કો થઈ ગયો તો પછી નાનો સરખો અને વળી પાછો નરમ માનવ–દેહ તેના અતિ–તેજોમય સ્વરૂપને કેવી રીતે સહન કરી શકે? જો માનવ–દેહ અલ્લાહના અલ્પાંશ તેજોમય સ્વરૂપને સહન કરી શકતો ન હોય તો તેના સંપૂર્ણ એટલે કે નર્યા તેજને કેવી રીતે સહન કરી શકે?

પ્રકાશતા સૂર્ય તરફ આપણે જોઈ શકતા નથી અને અલ્લાહ તઆલા તો આપણા સૂર્યથી પણ લાખો–કરોડો ગણો તેજોમય છે. તેને કેવી રીતે આપણી આંખો જોઈ શકે! અહીં પહાડ ઉપર જે તેજ પ્રકાશતું હતું તે સિત્તેર હજાર પડદાઓમાંથી આવ્યા પછી છેવટે સોયના નાકા જેટલી જગામાંથી આવ્યું હતું. તેના તેજનો અણુ જેટલો ભાગ હતો, એટલે કે વધુ વિભાગ થઈ શકે નહિ તેવો નાનામાં નાનો અણુ હતો. તો પછી અલ્લાહ તઆલાનું પૂરેપૂરું તેજ જોવા કોણ શક્તિમાન હોઈ શકે? જિબ્રીલ અલૈ. જેવા મહાન અને પ્રથમ કોટિના ફરિશ્તા પણ અલ્લાહને જોઈ શકતા નથી, એ હકીકત તેમના પોતાના કથનમાંથી મળી રહે છે. તેમનું કહેવું છે કે, "મારી અને તેની એટલે કે અલ્લાહની વચ્ચે નૂર એટલે કે તેજના સિત્તેર હજાર પડદા આવેલા છે.[૪] હું અલ્લાહને પ્રત્યક્ષ જોવા શક્તિમાન નથી." તો મૂસા અલૈ. તેનું તેજ જોઈ ન શકે એ સંભવિત હતું. તેથી તેઓ મહાન અને માતબર પયગંબર હોવા છતાં અલ્લાહનું દેદીપ્યમાન તેજ જોઈ શક્યા નહીં અને મૂર્છા ખાઈ ઢળી પડયા. આમ જિબ્રીલ કે મૂસા અલૈ. તેને જોવા શક્તિમાન ન હોય ત્યાં સામાન્ય માનવીને તેનાં દર્શન આ દુનિયામાં તો શક્ય જ નથી. તમે જોઈ ગયા છો કે અલ્લાહે પોતાના નૂરમાંથી સૌથી પ્રથમ એટલે કે સૃષ્ટિનાં સર્જન પહેલાં જેનું નૂર પેદા કર્યું હતું અને જેના નૂરમાંથી સૃષ્ટિનું સર્જન કર્યું હતું તે વ્યક્તિ અર્થાત્ સર્વ પયગંબરોના સરદાર હજરત મુહમ્મદ સલ્લ.મ મે'રાજ વેળા અલ્લાહને જોઈ શક્યા હતા એમ માનવાને મન પ્રેરાય છે; પરંતુ તે પણ આ જગતમાં તો નહીં જ; અલ્લાહ સાથે મે'રાજમાં મુલાકાત થઈ ત્યારે અર્શે બરીં પર અલ્લાહને નજરોનજર જોઈ શક્યા હતા. આથી કહી શકાય કે, કોઈ સાધુ કે સંત, કોઈ મહાત્મા કે મહંત પ્રભુનાં દર્શન પામી શકે નહીં. અને એવું કોઈ કહે તો કદાપિ માનશો નહીં. તેને દર્શન થયાં

---

૪. كَانَ بَيْنِي وَبَيْنَهُ سَبْعُونَ أَلْفَ حِجَابٍ مِنْ نُورٍ

એવો એક ભ્રમ થયો હશે અથવા શયતાનનાં કોઈ સ્વરૂપનાં દર્શન થયાં હોય. સૃષ્ટિની ઉત્પત્તિથી લઈ અત્યાર સુધી કોઈને તેનાં પ્રત્યક્ષ દર્શન થયાં નથી અને કયામત સુધી થશે નહીં, એ હકીકત ઉપરોક્ત પ્રસંગથી પુરવાર થાય છે. એ હકીકત છે કે, પરલોકમાં અર્થાત્ મરણ પછીના જીવનમાં જન્નતના લોકો-સ્વર્ગીય આત્માઓને તેનાં દિદાર કે દર્શન થશે ત્યારે આ સ્વર્ગીય લોકોનાં શરીરને એવી શક્તિ એનાયત થશે કે તેઓ અલ્લાહને પ્રત્યક્ષ જોઈ શકશે. ત્યારે તેનાં દર્શન કે દિદારથી પરમ આનંદ કે પરમ સુખ-શાંતિ મળશે અને એ જ માનવજીવનનો અંતિમ ધ્યેય છે.

પછી ખુદાપાકે મૂસા અલૈ.ને દિલાસો આપતાં ફરમાવ્યું કે, "ભલે મને પ્રત્યક્ષ જોવાની તારી અભિલાષા પૂર્ણ ન થઈ, પરંતુ તમને તૌરાત અને પયગંબરી મળી અને કોઈની પણ મારફત વિના મારી સાથે મોઢામોઢ વાતો કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. એથી તમારો જે ઉત્કર્ષ થયો તે શું ઓછો છે? મારા તરફથી તમને જે કંઈ મહેરબાનીની રૂએ મળી રહે તેનો સ્વીકાર કરી લો. અને મારો અહરનિશ આભાર માનતા રહો. પવિત્ર કુરાનમાં આ બાબતનો ઉલ્લેખ આમ થયો છે.

અલ્લાહે ફરમાવ્યું: "હે મૂસા! અત્રેના સઘળા લોકોમાંથી મારા સંદેશા કહેવા માટે (પયગંબરી માટે) તથા મારી સાથે વાતચીત કરવા માટે તને પસંદ કર્યો છે. એમ કરતાં મેં તને જે કંઈ આપ્યું છે તે તું લઈ લે અને તે માટે મારો આભાર માનતો રહેજે." ૭:૧૪૫

---

## પ્રકરણ ૨૮મું

### ઇસરાઇલિ–લોકોનું વાછરડા-પૂજન

તૌરાતની તખ્તીઓ એનાયત કરતી વેળાની વાતો – વાતોમાં ખુદાએ મૂસા અલૈ.ને "કુદરતનો સૌથી વધુ મહત્ત્વનો મૂળભૂત કાનૂન સમજાવતાં ફરમાવ્યું કે, "મારી કુદરતનો સૌથી મહત્ત્વનો મૂળભૂત એ છે કે, દરેક પ્રજાને હિદાયત કે માર્ગદર્શન આપવા માટે તે પ્રજામાંથી જ કોઈક હાદી–બોધ આપનાર–કોઈક પયગંબર અથવા નબી કે રસૂલ મોકલ્યા વિના હું રહેતો નથી. પછી જ્યારે તે પ્રજાને પયગંબર કે નબી દ્વારા પ્રત્યક્ષ આચરણ દેખાડી દેવામાં આવ્યું હોય, તેને તૌહીદની નિશાનીઓ

બતાવી દેવામાં આવી હોય અને તેને હિદાયત કે માર્ગદર્શન મળી ગયું હોય, જીવન જીવવાના કાનૂનો મળી ગયા હોય, છતાં તે પ્રજા એ બાબતો પ્રમાણે વર્તતી ન હોય, જાણી બૂઝીને પોતાના પૂર્વજોના ખોટા રીતરીવાજો પ્રમાણે આચરણ કરતી રહે, બાપદાદાઓની જેમ અલ્લાહ સિવાય અન્ય દેવ–દેવતાઓની આરાધના કરતી રહેતી હોય તથા દુષ્કૃત્યો કરતી રહેતી હોય તો તેને ગુમરાહીમાં—ભૂલેલી દશામાં અને અંધકારમાં જ રહેવા દઉં છું. અંધકારમાંથી પ્રકાશનું કોઈ કિરણ તે પ્રજા જોઈ શકતી નથી. પવિત્ર કુરાનમાં આ મહત્ત્વનાં મૂળભૂત કાનૂનનું વર્ણન આ પ્રમાણે આવે છે:

"જે લોકો દુનિયામાં વિના કારણે મોટા બને છે એટલે કે અહંકાર કે અભિમાન કર્યા કરે છે, તેમને મારી (હિદાયતની) નિશાનીઓથી દૂર હઠાવી દેવામાં આવે છે, પરિણામે જો તે લોકો અમારી નિશાનીઓ જોઈ પણ લે તોપણ તેઓ ઈમાન લાવવાના નથી: વળી જો તેઓ હિદાયતનો માર્ગ જોઈ લે તોપણ તે માર્ગ તેઓ ગ્રહણ કરવાના જ નથી: પરંતુ જો તેઓ ગુમરાહીનો માર્ગ જોઈ લે તો તેઓ તે માર્ગે જ ચઢી જશે. આમ થવાનું કારણ એ છે કે તેમણે અલ્લાહની નિશાનીઓને જૂઠી માની લીધી હશે તથા તેમના પરત્વે ગાફિલ રહ્યા હશે." ૭: ૧૪૬

"અને જે લોકોએ અમારી નિશાનીઓને તથા કયામત આવવાની બાબતને જૂઠી ઠરાવી છે તે લોકોનું આ દુનિયાનું કર્યું–કરાવ્યું અકારણ થઈ જશે. શું તેમને તેઓ આ દુનિયામાં જે કૃત્યો કરતા હશે તે સિવાય-નો બીજો કોઈ બદલો એટલે કે પરલોકનો બદલો આપવામાં આવશે?" ૭: ૧૪૭

કહેવાનું તાત્પર્ય એ છે કે, અલ્લાહ સિવાય અન્યની પૂજા કરનારા લોકોને તેમનાં સારાં કામોનો, જેવાં કે વિદ્યાદાન, ઇસ્પિતાલોનાં દાન, આશ્રમો ચલાવવા, ગરીબ–ગુરબાંઓને દાન વગેરેનો બદલો પરલોકમાં મળવાનો નથી. મૂળભૂત શરત એ છે કે એકલા અલ્લાહની જ બંદગી કરવી જોઈએ. તેના સિવાય બીજા કોઈની ઉપાસના કરનારાઓ ભટકી ગયેલા ગણાય. અલ્લાહ તઆલાએ મૂસા અલૈ.ને કહ્યું કે, મેં તારી કોમના લોકોને તારા અહીં આવ્યા પછી અજમાયશમાં નાંખ્યા અને સામેરીએ ભટકાવી માર્યા." ૨૦: ૮૫

અહીં તૂર પર્વત ઉપર મૂસા અલૈ. ૪૦ દિવસ ઐતેકાફ–યોગ–માં બેસી અલ્લાહની બંદગી કરવામાં, તેના ગુણગાન ગાવામાં અને તેની સાથે

"ગુપ્ત પરંતુ ભલાઈની વાતો"[1] કરવામાં મશગૂલ હતા ત્યારે છેલ્લા દશ દિવસમાં તે પર્વતની તળેટીમાં, સામેરી નામના એક માણસનું માની, તેણે ઢાળીને તૈયાર કરેલા સોના–રૂપાના વાછરડાની પૂજામાં ઇસરાઈલ–લોકો પડી ગયા. આમ એચિંતા વાછરડાની પૂજામાં કેટલાયે મોજિઝા કે આશ્ચર્યકૃત્યો જોયા પછી પડી જાય, એ બનાવ હેરત પમાડે તેવો જ ગણાયને!–અને તેવો જ અફસોસજનક પણ ગણાય ને ! ઇસરાઈલ–લોકોનું મનોબળ કેવું છે તથા તેમનામાં વહદાનિયત ઉર્ફે એકેશ્વરવાદના સંસ્કારો કેટલા દૃઢ છે તેનું પારખું આ પ્રસંગ ઉપજાવીને લેવામાં આવ્યું અને તેઓ તેમાં કાચા પડ્યા.

તૂર પર્વત પર અલ્લાહ તઆલાએ દશ દિવસ વધારી આપ્યા હતા એ દિવસોમાં સામેરીએ તોફાન કરી નાંખ્યું. મિસરમાંથી નીકળતી વેળા, તેમને મળેલી આજ્ઞાનુસાર ઇસરાઈલ–લોકોએ પોતપોતાના કિબ્તી મિત્રો કે મળતિયાઓ પાસેથી તેમ જ પોતપોતાના કિબ્તી પાડોશીઓ પાસેથી સોના–ચાંદીનાં ઘરેણાં ઉત્સવ ઉજવવા માટે માગી લીધાં હતાં. આ ઘરેણાંઓ તેઓ પોતાની સાથે અહીં લઈ આવ્યા હતા. આ ઘરેણાં ઓગાળીને સામેરીએ સુંદર અને ગમી જાય તેવું સોના–રૂપાનું એક વાછરડું ઢાળ્યું હતું. આ સઘળાં ઘરેણાં સામેરીના હાથમાં કેવી રીતે આવ્યાં એ સંબંધી ત્રણ વાતો પ્રચલિત છે :

૧. ત્રીસ રાતોનો વાયદો હોવા છતાં મૂસા અલૈ. પાછા ન ફર્યા એટલે લોકોમાં એક પ્રકારનો ગભરાટ ફેલાયો અને જાત જાતની અફવાઓ ફેલાવા લાગી. એક અફવા એવી પણ હતી કે મૂસા અલૈ. તૂર પર મૃત્યુ પામ્યા છે. બીજી અફવા એવી પણ ઊડતી હતી કે મૂસા અલૈ.ને ખુદાવંદ મળતો નથી, તેની શોધમાં ફર્યા કરે છે. આવી અફવાઓનો લાભ લઈ સામેરી લોકોને કહેવા લાગ્યો : મિસરમાંથી તમે જે ઘરેણાં લાવ્યા છો તે બધાં જો તમે મને સોંપી દેશો તો હું તમારા લાભની એક યોજના તૈયાર કરી આપીશ. પહેલાં તમે કોઈક માબૂદ–ઉપાસ્ય–ની માગણી કરતા હતા. તે હું તમને લાવી આપું."[2] ઘણા ઇસરાઈલ–લોકોએ તેની વાત માની લીધી અને બધાં ઘરેણાં તેને સોંપી દીધાં.

૨. બીજી વાત એવી પ્રચલિત છે કે, સામેરી હારૂન અલૈ. પાસે

---

૧. રાઝ વ નિયાઝકી બાતેં.

૨. કસસુલ–કુરાન : મો. હફીઝુર્રહમાન. Vol. I. પૃ. ૪૮૯.

આવ્યો અને તેમને કહેવા લાગ્યો, "આપણાં લોકો મિસરમાંથી જે ઘરેણાં લાવ્યા છે તેમનો તેઓ ગમે તેવો ઉપભોગ કરે છે. એ ઘરેણાંઓના મૂળ માલિકો ડૂબી ગયા છે, શોધ્યા જડે તેમ નથી એટલે એ ઘરેણાં વ્યક્તિગત મિલકતમાં કે પ્રજાકીય મિલકતમાં ગણવાં એ પ્રશ્ન ઊભો થાય છે. મૂસા અલૈ.એ એનો ફેંસલો હજુ સુધી આપ્યો નથી. એટલે મૂસા અલૈ.ના આવતાં સુધી લોકો પાસેથી લઈ અનામત તરીકે રાખી મૂકવા જોઈએ, તેમનો દુરુપયોગ ન થાય. હે હારૂન! મૂસા અલૈ.ના નાયબ છો એટલે તમારે આ બાબતમાં ઘટતો હુકમ ફરમાવવો જોઈએ." હારૂન અલૈ. સરળ સ્વભાવના હતા, કહેવા લાગ્યા: "સામેરી! તારી વાતમાં મને તથ્ય જણાય છે. મૂસા અલૈ.ના પાછા ફરતાં સુધી એ બધાં ઘરેણાં ભેગાં કરી અનામત સાચવી રાખવાં જોઈએ." પછી તો હારૂન અલૈ.ના કહેવાથી લોકોએ સઘળાં ઘરેણાં હારૂન અલૈ.ને સુપરત કરી દીધાં; અને તેમણે ઘરેણાંની સંભાળ રાખવાનું અને અનામત તરીકે સાચવી રાખવાનું કામ સામેરીને સોંપ્યું. આ યુક્તિથી સામેરીએ સઘળાં ઘરેણાં પોતાના કબજામાં લઈ લીધાં.[૩]

૩. પવિત્ર કુરાનની ૨૦:૮૭મી આયત પર મનન કરતાં ઉપરની બાબતોથી અલગ અનુમાન તારવી શકાય છે. તેમાં કહેવામાં આવેલું છે કે..."અમે બધાં (મિસરી) લોકોનાં ઘરેણાંઓના બોજાઓથી લદાયેલા હતા અને અમે તેમને (ઘરેણાંઓને) ફેંકી દીધાં, અને સામેરીએ પણ તેવું કર્યું હતું." આ આયતથી એવું ફલિત થાય છે કે, ઘરેણાં વજનમાં ઘણાં ભારે હતાં. તે સમયે મિસરમાં સોના–ચાંદીનાં ભારે ભરખમ ઘરેણાં પહેરવાનો રિવાજ હોવો જોઈએ. આવો રિવાજ આજથી ૭૦–૮૦ વરસ પહેલાં ગુજરાતમાં પણ હતો, ત્યારે પગમાં ચાંદીનાં ૨૦૦–૩૦૦ તોલાનાં કલ્લાં કે સાંકળાં, ૮૦–૧૦૦ તોલાના પગમાં પહેરવાના લંગર કે ઝાંઝર, ચાંદીના ગાલા પર સોનાનું પતરું ચઢાવેલ હોય તેવી હાંસડી, દરેક કાનમાં ૭–૮ તોલાના સોનાના કે ચાંદીના વીંટલા કે વાળીઓ, કાંડે ભારે હાથીદાંતના ચૂડલા અથવા સોના કે ચાંદીની કંગણીઓ અને હાથના પડખામાં પહેરવાનો વાંક ઇત્યાદિ વજનમાં ભારે ઘરેણાં પહેરવાનો રિવાજ હતો. સ્વાભાવિક છે કે ભારે વજનનાં ઘરેણાં પહેરી જંગલમાં હરવા ફરવાનું ઇસરાઈલી સ્ત્રીઓને રુચતું નહીં હોય, આથી ઘરેણાં ઉતારી

૩. જલ્વાએ નૂર. મો. મોહમ્મદ ઇસ્હાક પૃ. ૧૨૨.

નાંખી તેમાંથી સોનાની લગડીઓ અને ચાંદીની પાટો તૈયાર કરાવી તેમને સંગ્રહી રાખવાનું નક્કી કર્યું હશે. આ કામ કોમના વડીલોએ સામેરીને સોંપ્યું હશે, કારણ તે હોંશિયાર કારીગર હતો અને સોની હતો. એ રીતે સઘળાં ઘરેણાં સામેરી પાસે આવી પડયાં.૪

ગમે તેવું બન્યું હશે, પરંતુ એ તો હકીકત છે કે સોના–ચાંદીનાં સઘળાં ઘરેણાં સામેરીના કબજામાં આવી ગયાં. સામેરી કોણ હતો તે જોઈએ. ખ્રિસ્તીઓનું કહેવું છે કે, તે "સામેરા" શહેરનો રહેવાસી તેથી તે સામેરી કહેવાયો હોવો જોઈએ. તેમનું આ મંતવ્ય તદ્દન પાયા વિનાનું છે; કારણ મૂસા અલૈ.ના સમયમાં આ શહેર અસ્તિત્વમાં જ ન હતું. તો પછી એ ત્યાંનો રહેવાસી કેવી રીતે હોઈ શકે? સામેરા શહેર "ઇસરાઈલ" રાજ્યનું પાટનગર હતું અને તે ઈ. સ. પૂર્વે ૯૨૫ના અરસામાં અટલે કે મૂસા અલૈ.નું મૃત્યુ થયું ત્યાર પછી ૩૫૦–૪૦૦ વરસે અસ્તિત્વમાં આવ્યું હતું.

એટલું તો સ્પષ્ટ છે કે ભરૂચ કે અમદાવાદ, પંજાબ કે નેપાળનો રહેવાસી હોય તો તે ભરૂચી કે અમદાવાદી, પંજાબી કે નેપાળી કહેવાય છે; તેમ સામેરા પરથી સામેરી નામ ઘડી કાઢયું હોય એમ લાગે છે, પણ ત્યારે સામેરા જ નો'તું એટલે એમ નામ પડયું હશે એ ખોટું છે. કોઈ જાતિ કે કોમ પરથી પણ નામ પડે છે: જેમ કે ઇસરાઈલ કોમમાંથી ઊતરી આવેલો ઇસરાઈલી, કુરેશી કોમમાંથી ઊતરી આવેલો કુરેશી કહેવાય છે, તેમ સુમેરીઅન કોમમાંથી તે ઊતરી આવેલો હશે તેથી સામેરી કહેવાયો હશે. પવિત્ર કુરાનમાં અલસામેરી કે અસ્સામેરી કહીને તેના વિશે હકીકત આપવામાં આવેલી છે. એથી ફલિત થાય છે કે, તે સમયે સામેરી જાતિના કે સામેરી કબીલાના લોકો મોજૂદ હશે. તેમાંનો આ સામેરી હોવો જોઈએ.

જૂના કાળમાં સુમેરીઅન લોકો યુફ્રેટિસ–ટાઈગ્રીસ નદીઓના પ્રદેશમાં વસતા હતા. આ પ્રજા ઉત્તર તરફથી આવી હતી. બીજી પ્રજા દક્ષિણમાંથી આવી હતી અને તે અરબ જાતિ હતી. સુમેરીઅન પ્રજાના અવશેષો હાલમાં, "તલ–અબીદ" નામના શહેર પાસે કરવામાં આવેલા ખોદકામમાંથી મળી આવેલા છે. તેમાં પાંચ હજાર વરસ પૂર્વેનાં ઘરેણાં અને સોના–ચાંદીનાં વાસણો મળી આવ્યાં છે. જે આ સુમેરીઅન કોમનાં હશે એમ લાગે છે.

---

૪. તફહીમુલ કુરાન: મો. મૌદૂદી Vol. III. પૃ. ૧૧૬–નોંધ ૬૭.

તેમનો કોઈક કબીલો મિસરમાં આવી વસ્યો હશે. તેમાંનો આ સામેરી હોવો જોઈએ.

મિસરમાં તે મૂસા અલૈ.નો અનુયાયી બની ગયો હતો, પરંતુ તેના મનમાં ખુદાવંદ પ્રત્યે શુદ્ધ ભક્તિ–ભાવના ન હતી. તેનું અંતઃકરણ કુફ્ર–નાસ્તિકતા–થી સભર હતું. વળી તે ગૌ-પૂજાના વાતાવરમાં ઊછર્યો હતો, કારણ સુમેરીઅન લોકોમાં ગૌ-પૂજા વિશેષ પ્રમાણમાં થતી હતી. તે ઉપરાંત મિસરમાં ચોમેર ગૌ-પૂજાનું જ વાતાવરણ રહેતું હતું. મિસરી લોકો "હોરસ" દેવતાની પૂજા કરતા હતા, પરંતુ તેનું મુખ ગાયનું રાખવામાં આવતું હતું. સૌથી વિશેષ તો એ બાબત હતી કે ઇસરાઈલ–લોકો ગૌ-પૂજાના રંગમાં રંગાયેલા હતા અને આંતરિક રીતે એવા જ કોઈક ઈલાહ–ઉપાસ્ય–ની પૂજા કરવા તરફ તેમનું મન ઢળેલું રહેતું હતું. સામેરી બાહોશ મનોવૈજ્ઞાનિક હતો; ઇસરાઇલ–લોકોને શું જોઈતું હતું તે તે કળી ગયો હતો. વળી તે કાર્યક્ષમ સોની હતો. તેણે સઘળાં ઘરેણાં ખાનગીમાં ગાળી નાખ્યાં અને તેથી તૈયાર થયેલા સોના–ચાંદીના મિશ્રણને ઢાળીને ભવ્ય, પરંતુ સુંદર વાછરડાની મૂર્તિ બનાવી કાઢી. તેના પર સોનાનું નકશીકામ કર્યું અને પૉલિશ કરીને ચકચકિત બનાવી. પછી હીરા–માણેકના દાગીના પહેરાવ્યા અને સુંદર રીતે વસ્ત્રો પહેરાવી એવી તે શણગારી કે જે કોઈ તેને જોતું તે મુગ્ધ થઈ જતું હતું. વળી મૂર્તિ ઢળાતી હતી ત્યારે તેના મિશ્રણમાં જિબ્રીલ અલૈ.ની ઘોડીનાં પગલાં તળેથી તેણે લઈ લીધેલી માટી ભેળવી દીધી હતી; પરિણામે વાછરડાની આ મૂર્તિ જીવંત બની ગઈ હતી અને વાછરડાની જેમ "ભોં–ભોં" બોલતી હતી. એમ પણ કહેવામાં આવે છે કે પવન સામે તેનું મુખ રાખવાથી પણ તે વાછરડાના જેવો ભોં–ભોં અવાજ કરતી હતી.

લોકોને તેનાં દર્શન કરાવતાં પહેલાં તેને નાની સરખી એક ટેકરી ઉપર પધરાવીને તેના પર છત્ર તાણી દીધું અને તેની ચારે બાજુએ રેશમી પડદા બાંધી દીધા. આમ તળેટીમાં જ તેણે એક મંદિર ઊભું કરી દીધું. પછી લોકોને કહેવા લાગ્યો, "જો તમે મારું કહ્યું માનો અને મારી તાબેદારી કરો તો હું તમને અહીં જ ખુદાવંદનાં દર્શન કરાવી દઉં."

લોકોએ જવાબ આપ્યો, "અમે એવા કોઈક ખુદાવંદની શોધમાં જ છીએ. જો તમે એવા ખુદાવંદનાં દર્શન અમને કરાવી આપો તો અવશ્ય અમે તમારી તાબેદારી કર્યા વિના રહેવાના નથી."

લોકોની ઇચ્છા હતી એટલે તેણે પડદા હઠાવ્યા અને સોનાના

સુંદર, શણગારેલા અને જીવંત વાછરડાનાં દર્શન કરાવ્યાં. વાછરડાનો અવાજ પણ સંભળાવ્યો. લોકો વાછરડાને નમી પડયા. તે લોકોને કહેવા લાગ્યો : "મૂસા જે ખુદાવંદની શોધમાં છે તે ખુદાવંદ તો આ છે. તે ભૂલો પડયો છે. આ (વાછરડો જ) તમારો ખુદાવંદ છે અને મારો પણ." લોકો પણ વાછરડાને સંબોધીને કહેતા જતા હતા કે, "ખરેખર, તું જ અમારો ખુદાવંદ છે ને મૂસાનો પણ." પવિત્ર કુરાનમાં આ પ્રસંગને આ પ્રમાણે વર્ણવવામાં આવ્યો છે :

"પછી તેણે તેમના માટે વાછરડાની મૂર્તિ બનાવી કાઢી જેમાંથી ગાયના જેવો જ અવાજ નીકળતો હતો, તે જોઈ લોકો કહેવા લાગ્યા : "આ છે આપણો ખુદાવંદ અને મૂસાનો પણ, પરંતુ મૂસા ભૂલમાં પડી ગયો છે." ૨૦ : ૮૮

"અને મૂસાની કોમે તેની ગેરહાજરીમાં પોતાનાં ઘરેણાંઓમાંથી વાછરડાની એક મૂર્તિ બનાવી, જેનો અવાજ ગાયના જેવો હતો. શું તેઓ એટલું પણ સમજતા ન હતા કે તે ન તો તેમની સાથે વાત કરતું હતું કે ન તેમને કોઈ માર્ગ દેખાડતું હતું." ૭ : ૧૪૮. એમ કહેવામાં આવે છે કે ત્રીજા ભાગના ઇસરાઈલીઓ આ વાછરડાને પૂજવા મંડી પડયા હતા.[૫] મિસરમાંથી જ્યારે તેઓ નીકળ્યા હતા ત્યારે તેમની કુલ સંખ્યા ૧૬–૧૭ લાખની હતી. એ આધારે સામેરીના વાછરડાની પૂજામાં ૬થી ૭ લાખ ઇસરાઈલીઓ લાગી ગયા હોવા જોઈએ.

---

## પ્રકરણ ૨૯મું

### વાછરડા-પૂજનના પ્રત્યાઘાતો

૧. હારૂન અલૈ.ને આ બાબતની જાણ થઈ એટલે દોડતા દોડતા સામેરીએ સ્થાપેલા મંદિર આગળ આવી પહોંચ્યા. લોકોને ભારે ઉમંગથી વાછરડાની પૂજા કરતા જોઈ કહેવા લાગ્યા : "હે મારા જાતિબંધુઓ ! તમે આ શું કરી રહ્યા છો ? અફસોસ કે તમે વાછરડાને ખુદાવંદ બનાવી બેઠા છો. આ વાછરડાથી તો પરવરદિગાર પ્રત્યેની તમારી ભક્તિ-ભાવનાની કસોટી થઈ રહી છે. વાછરડો તમારો ખુદાવંદ કેવી રીતે થઈ શકે? તમારો ખુદાવંદ તો તે છે જેણે તમને ફિરઔનીઓના જુલમના પંજામાંથી ઉગાર્યા,

૫. જલ્વાએ તૂર. મો. મોહમ્મદ ઇસ્હાક પૃ. ૧૩૦.

તમને સમુદ્ર પાર ઉતારી દીધા અને ફિરઔનીઓને તમારાં દેખતાં ડુબાડી દીધા : સિનાયના ઉજ્જડ અરણ્યમાં પાણીની વ્યવસ્થા કરી આપી, ખાવા માટે મન્ના – સલ્વાનો પવિત્ર ખોરાક આપ્યો, તાપ-તડકાથી બચવા માટે તમારા ઉપર વાદળાંનો છાંયડો કર્યો. રાતે અજવાળા માટે અગ્નિ-સ્તંભ આપ્યો. તમારા પૂર્વજો ઈબ્રાહીમ, ઈસ્હાક, યાકૂબ અને યૂસુફ અલૈ.નો જે ખુદાવંદ હતો તે જ તમારો તથા મારો પણ ખુદાવંદ હોઈ શકે. તેના સિવાય બીજો કોઈ આપણો ઇલાહ કે ઉપાસ્ય હોઈ શકે નહીં. આ વાછરડો તમારી સાથે વાતચીત કરી શકતો નથી, હરીફરી શકતો નથી. તે તમારું ભલું કરી શકતો નથી. અરે! એ પોતાનું પણ ભલું કરી શકતો નથી. તે પોતાનો બચાવ કરી શકતો નથી. તો પછી એ તમારો ભગવાન, તમારો ખુદાવંદ કેવી રીતે બની શકે! તમારે જગતના સર્જનહારની જ બંદગી કરવી જોઈએ. આ વાછરડાની તો નહીં જ." પવિત્ર કુરાનમાં આ પ્રસંગને આમ રજૂ કરવામાં આવ્યો છે :

"હે મારા જાતિભાઈઓ! આ વાછરડા દ્વારા તમારી પરીક્ષા લેવામાં આવી છે. ખરી વાત તો એ છે કે તમારો રબ તો અલ-રહેમાન છે. માટે તમે મારી તાબેદારી કરો મારી આજ્ઞા પ્રમાણે વર્તો." ૨૦ : ૯૦

પરંતુ તેમનું કહેવું સાંભળે જ કોણ! ઊલટું લોકો કહેવા લાગ્યા : "મૂસા, અમારી પાસે પાછો ન આવે ત્યાં સુધી અમે તો એની જ (વાછરડાની જ) પૂજા કર્યા કરીશું." ૨૦ : ૯૧.

૨. તૂર પર ત્રીસ દિવસ માટે અલ્લાહ તઆલાએ મૂસા અલૈ.ને બોલાવ્યા હતા પરંતુ બીજા દશ દિવસ વધારી દીધા હતા. છેલ્લા દશ દિવસમાં શું બન્યું એ બધું તમે વાંચી ગયા છો. આ દશ દિવસમાં અલ્લાહ સાથે ઘણી ઘણી વાતો થઈ, પ્રત્યક્ષ દર્શનની માંગણી થઈ, મૂર્છા ખાઈ પડી ગયા. હોશમાં આવ્યા ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

"લો આ તૌરાત. એને લઈ જાઓ. એમાં આપેલી મારી આજ્ઞાઓ અને કાનૂનો પાળજો અને લોકો પણ દૃઢપણે તેમને પાળે એવું કહેશો." પવિત્ર કુરાનમાં આ પ્રસંગ આ પ્રમાણે વર્ણવવામાં આવ્યો છે :

"અને અમે તેના (મૂસા) માટે તખ્તીઓ ઉપર માનવજીવનનાં સઘળાં પાસાંઓને સ્પર્શ કરતી બાબતોમાંથી પ્રાપ્ત થતો બોધ તથા તેમના ખુલાસાઓ લખી આપ્યા અને પછી કહ્યું : એને ખૂબ દૃઢતાથી પકડી રાખજે તથા તેમાંની ઉત્તમ વાતો અપનાવવાનું એટલે કે તે પ્રમાણે અમલ

કરવાનું તારી કોમના લોકોને ફરમાવજે : નહીં તો ટૂંક સમયમાં જ તેમનું ઉલ્લંઘન કરનારાઓનું સ્થાન (કયું) તે હું દેખાડી દઈશ." ૭ : ૧૪૫

આ વેળા મૂસા અલૈ.ની ખુશીનો પાર ન હતો, પરંતુ નીચે છાવણીમાં પરિસ્થિતિ અત્યંત બગડી ગઈ હતી. તેથી અલ્લાહે ફરમાવ્યું : હે મૂસા ! તમારી ગેરહાજરીમાં તમારી કોમ બહેકી ગઈ છે અને અવળા માર્ગે ચડી ગઈ છે. વાછરડાની પૂજા કરવા લાગી ગઈ છે. મારી ઇબાદત કરવાની પરીક્ષામાં તારી કોમ નિષ્ફળ નીવડી છે."

આ સમાચાર સાંભળતાં જ મૂસા અલૈ.ના હોશકોશ ઊડી ગયા. થોડીક પળો પહેલાં જે હર્ષ હતો તે ચાલ્યો ગયો, એટલે દિગ્મૂઢ બની ગયા અને શું કરવું તેની ગતાગમ ન રહી. સ્તબ્ધ બની ઊભા રહી ગયા. પછી અફસોસ કરવા લાગ્યા. તેમને ખૂબ સંતાપ થવા લાગ્યો. નારાજ ખૂબ થયા અને ગુસ્સે પણ તેટલા જ, હાથમાં તૌરાતની તખ્તીઓ લઈ, ક્રોધાવેશમાં પોતાની કોમ તરફ અફસોસ કરતા કરતા પાછા ફર્યા." ૭ : ૧૫૦

નીચે આવ્યા ત્યારે એક જગાએ મંદિર જોયું જ્યાં લોકોનાં ટોળે-ટોળાં ભેગાં થયાં હતાં અને ભારે ભક્તિ–ભાવથી વાછરડાની પૂજા કરતા હતા. મૂસા અલૈ. ઇસરાઈલ–લોકોને કહેવા લાગ્યા : "મારી ગેરહાજરીમાં કેટલી ખરાબ રીતે તમે મારું અનુપાલન કર્યું છે ? તમારા પરવરદિગારથી મોઢું ફેરવી લેવામાં તમે શા માટે ઉતાવળ કરી ?" ૭ : ૧૫૦

"હે મારા જાતિભાઈઓ ! તમે આ શું કરી બેઠા ? શું પરવરદિગારે તમારું કલ્યાણ કરવાનો વાયદો નો'તો આપ્યો ? શું તે વાયદાનો સમય બહુ લંબાઈ ગયો હતો ? શું તમે એવું ચાહતા હતા કે તમારા ઉપર તમારા રબનો કોઈક અઝાબ કે કોપ ઊતરી પડે ? એ માટે મેં જે વચન આપ્યું હતું તેની વિરુદ્ધ તમે વર્ત્યા છો." ૨૦ : ૮૬

"તમારી પાસેથી ગયાને લાંબો સમય પણ વીત્યો નથી. ફક્ત ૪૦ દિવસ જ થયા છે, એટલામાં તમે વિવશ બની ગયા અને ફરી બેઠા. તમારી માંગણી મુજબ હું માર્ગદર્શનનું પુસ્તક ખુદાવંદ પાસેથી લઈ આવું તે પહેલાં જ તમે નવો ખુદાવંદ બનાવી લીધો ! અને તે એક વાછરડાને ! જગતના સર્જનહાર અને પાલનહારને પડતો મૂકી વાછરડાને ખુદાવંદ બનાવી લીધો ! અફસોસ હાય અફસોસ ! ન કરવાનું કામ તમે કરી બેઠા છો." આ સંબોધન વેળા તેમની આંખોમાંથી દડદડ આંસુ ખરી પડતાં હતાં. અફસોસ અને ક્રોધાવેશની લાગણીઓમાં તેમનું આખું બદન થર થર કાંપતું હતું. શોક અને ક્રોધના આવેશમાં તેમણે તખ્તીઓ ફેંકી

દીધી." ૭ : ૧૫૦

તેમના ક્રોધાવેશના અને શોકાગ્નિના શબ્દો સાંભળી ઇસરાઈલીઓ કહેવા લાગ્યા: "એમાં અમારો વાંક નથી. તમારા ઠેરવેલા વાયદા વિરુદ્ધનું આચરણ અમે જાણીબૂઝીને કર્યું નથી. ઘરેણાંઓનો ભારે બોજો લઈ ફરવાનું અમને રુચતું ન હતું. એ સંજોગોમાં સામેરીએ અમારાં ઘરેણાં ઉતારી નાખવાનું અને તેને સોંપી દેવાનું અમને કહ્યું એટલે અમે તેમ કર્યું. આ સઘળો સ્વાંગ સામેરીએ રચ્યો છે. તે જ અમને અવળે માર્ગે લઈ ગયો છે. તેણે જ અમને ફસાવી દીધા છે."૬

આ સાંભળી મૂસા અલૈ.ને લાગ્યું કે, લોકોનો વાંક તો છે જ, પણ ખરો ગુનેગાર તો સામેરી જ છે. તેણે જ લોકોને બહેકાવી માર્યા છે. જો તેણે વાછરડાની મૂર્તિ બનાવી ન હોત તો લોકો પથભ્રષ્ટ થયા જ ન હોત! લોકો વાછરડાની પૂજા કરતા હતા તે તેમણે જાતે જોયું હતું, એટલે પ્રથમ તેમણે લોકોને ઠપકાર્યા. લોકોને જાળવી રાખવાનું કામ હારૂન અલૈ.ને સોંપ્યું હતું એટલે તેમને પણ ગુનેગાર ગણી તેમને ઠપકારવા માંડયું.

સામેરીએ ઊભો કરેલો ફિતનો હારૂન અલૈ. અટકાવી શક્યા નહીં એટલે જ તેમને કસૂરવાન ગણી તેમને ઠપકો આપવા મૂસા અલૈ. તૈયાર થયા. શિર્ક–ઈશ્વરપણાની ભાગીદારી–પયગંબરો સહન કરી શકતા નથી. આ કારણે તેમ જ મૂસા અલૈ. સ્વભાવે જરાક વધુ પડતા તેજ મિજાજના હતા એટલે ઉગ્ર બની હારૂન અલૈ.નું માથું પકડી ખેંચવા લાગ્યા ૭ : ૧૫૦ અને કહેવા લાગ્યા: "ઓ હારૂન! જ્યારે તેં આ લોકોને બહેકી જતાં જોયા ત્યારે તેમને રોકતાં કઈ વસ્તુ તારી આડે આવી હતી? કઈ બાબતે મારા તરીકાનું, મારા માર્ગનું અનુકરણ કરતાં તને રોકયો? (આમ કરવામાં) શું તેં મારા આદેશને કોરાણે નથી મૂકી દીધો?" ૨૦ : ૯૨–૯૩

હારૂન અલૈ.એ જવાબમાં કહ્યું, "હે મારા માડીજાયા ભાઈ! મારી દાઢીના કે મારા માથાના વાળ ન ખેંચ. મને એવી બીક લાગી કે તું મને એવું ન કહે કે મેં ઇસરાઈલ–લોકોમાં ભાગલા પાડી દીધા." ૨૦ : ૯૪ આ બાબતમાં મારો જરા સરખો પણ વાંક નથી. મેં તેમને બહુ સમજાવ્યા કે વાછરડા દ્વારા તમારી પરીક્ષા લેવામાં આવે છે. (અલ્લાહ સિવાય બીજા કોઈની ઉપાસના તમારા માટે શોભાસ્પદ નથી.) નિઃસંશય તમારો

૬. કુરાને શરીફની ૨૦ : ૮૭ની આયત ઉપરથી.

પરવરદિગાર તે જ દયાળુ અલ્લાહ છે, પણ (તેમણે મારી વાત ગણકારી નહી; ઊલટું) મને સંભળાવી દીધું કે મૂસા અમારી પાસે પાછો ફરીને ન આવે ત્યાં સુધી અમે તો તેની જ (વાછરડાની જ) પૂજા કર્યા કરીશું," ૨૦: આમ મામલો વણસી ગયેલો જોયો ત્યારે મને લાગ્યું કે જો તેમને વધુ દબાવવામાં આવશે તો તેઓ સામા થશે અને ઈમાનવાળા અને વાછરડાની પૂજા કરનારા લોકો વચ્ચે મારામારી થઈ જશે એટલે બે પક્ષો પડી જશે અને ભાગલા પાડવાનો આક્ષેપ મારા પર થોપી દેવામાં આવશે; એટલે મેં વધુ દબાણ ન કર્યું અને મેં ચૂપકીદી સેવી. વળી શરૂઆતમાં મેં તેમને ખૂબ દબાવ્યા ત્યારે વાછરડા-પૂજકો મને કતલ કરી નાંખવા તૈયાર થઈ ગયા." પવિત્ર કુરાનમાં આ બાબતનું વર્ણન આ પ્રમાણે થયેલું છે.

"પોતાના ભાઈ હારૂનનું માથું પકડી પોતાના તરફ તે ખેંચવા લાગ્યો ત્યારે હારૂને કહ્યું: "ઓ મારા માડીજાયા! કોમના લોકો મને નબળા મનનો સમજવા લાગ્યા અને મને કતલ કરી નાંખવાની અણી ઉપર હતા. માટે દુશ્મનો મારી હાંસી ઉડાવે એવી તક તું તેમને ન આપ; તેમ જ એમના જેવા પાપી લોકોમાં મારી ગણના ન કર." ૭:૧૫૦

"મને મારી નાંખવાની અણી પર હતા અને મારું મોત નિપજાવે તો મામલો વધુ બગડે તેમ હતો, કારણ તે સંજોગોમાં ખૂનનો બદલો ખૂન લેવાનો થાય તો આપણી કોમના લોકોમાં આંતરવિગ્રહ ઊભો થાય, પરિણામે એ રીતે પણ કોમના ભાગલા પડી જાય તેમ હતું, એટલે જ હું એકાંતમાં જઈ બેઠો. પહાડ પર તમને ખબર એ માટે આપવામાં ન આવી કે તેમ કરવામાં પણ મામલો બગડી જાય તેમ હતું અને વળી તમારો પાછા ફરવાનો સમય પાકી ગયો હતો. આ ઉપરથી તમને ખાતરી થઈ ગઈ હશે કે વાછરડાની પૂજા થતી રોકવામાં મેં મારાથી બનતું બધું કર્યું છે. મેં ભારે જહેમત પણ ઉઠાવી છે, પરંતુ લોકો મને ગાંઠયા જ નહીં. આ બાબતોથી તમને જણાયું હશે કે મારો વાંક જરા સરખોયે પણ નથી.

હારૂન અલૈ.ના વર્ણન પરથી મૂસા અલૈ.ને સંપૂર્ણ ખાતરી થઈ ગઈ કે હારૂન અલૈ. તદ્દન નિર્દોષ છે. તેઓ પોતાના વડીલ બંધુ હતા. તેમની નમ્રતા અને શરમિંદગી જોઈ મૂસા અલૈ.ની આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં. તરત જ તેમના માથાના અને દાઢીના પકડેલા વાળ છોડી મૂક્યા અને અશ્રુભીની આંખે કહેવા લાગ્યા: "હે હારૂન! તમે મારા વડીલ બંધુ છો." પરંતુ અહીં તૌહીદ સામે શિર્કનો મામલો હતો, એટલે તેમાં સગપણની

શરમ રાખી શકાય તેમ ન હતું. તેથી જ હું આવેગમાં આવી ગયો અને તમારા માથા ને દાઢીના વાળ પકડી ખેંચતો હતો. તમે તૌહીદના પગથિયેથી જરા સરખું પણ ગબડયા નથી, એટલે હું તમારાથી અત્યંત ખુશ થયો છું, પરંતુ તમારી સાથેની લોકોની વર્તણૂકથી તેટલો જ નાખુશ થયો છું." આમ કહી તેઓ અલ્લાહ પાસે દુઆ માંગવા લાગ્યા :

"હે મારા પરવરદિગાર! (આવેશમાં આવી વાળ ખેંચતો હતો તે) મારો કસૂર તું માફ કર તથા મારા ભાઈનો કસૂર પણ (વાછરડા–પૂજન અટકાવી શકયો નહી તે કસૂર); અને અમને તારી રહેમત કે દયાની છત્રછાયામાં લઈ લે, તું દયાળુનો દયાળુ છે." ૭ : ૧૫૧.

---

## પ્રકરણ ૩૦મું

### વાછરડા-પૂજનનો અંજામ

હજુ મૂસા અલૈ. શાંત પડયા ન હતા. મુખ્ય ગુનેગાર સામેરી તરફ ફર્યા અને તેને પૂછ્યું : "અલ્યા સામેરી! તારો શો મામલો છે?" ૨૦ : ૯૫

જવાબમાં તેણે કહ્યું : "મેં તે વસ્તુ જોઈ લીધી હતી જે બીજાઓને દેખાતી ન હતી, જેથી મેં તે રસૂલના (ઘોડાના) પગ હેઠળની એક મુઠી (માટી) લઈ લીધી હતી અને પછી તેને મેં એમાં (ઢળાતા વાછરડામાં) નાખી દીધી હતી અને મારા અંતઃકરણે એવું જ કરવાની મને પ્રેરણા આપી હતી." ૨૦ : ૯૬

સામેરીનો આ જવાબ જુઓ. એ જવાબ નફટાઈનો, નિર્લજ્જતાનો અને ઉદ્ધતાઈનો તાદૃશ નમૂનો છે. પ્રશ્નનો સીધો જવાબ આપતો નથી. તેમના પ્રશ્નોમાંથી ઊભા થતા મુદ્દાઓના જવાબ જાણીબૂઝીને ટાળી દે છે. વ્યવહારમાં રહી વાંકું બોલે છે. કેટલો ઉડાઉ જવાબ છે! પોતે જે શરારત (mischief) કરી છે તેને સાલસતાનો અને પૂજ્યભાવનાનો ઓપ આપે છે અને એવું ઠસાવવા માંગે છે કે જે કંઈ બન્યું છે તે અલૌકિક–super natural રીતે બન્યું છે. આ જ તેના આ જવાબની છણાવટ કરવી ઘટે છે. એના જવાબમાંથી જે ઉપસ્થિત થાય છે તે આપણે જોઈએ.

૧. સામેરીએ એવી તે કઈ વસ્તુ જોઈ લીધી જે તેણે એકલાએ જ જોઈ હતી? લાખો લોકો ત્યાં હાજર હતા છતાં બીજા કોઈએ તે ન

જોઈ ? જે દિવસે ફિરઔને ઇસરાઈલ-લોકોની પૂંઠ પકડી હતી તે દિવસે તેઓ પકડાઈ જવાની અણી પર હતા. આ સમયે જિબ્રીલ અલૈ. મિસરીઓ અને ઇસરાઈલીઓ વચ્ચે ઊભા રહીને યુક્તિ-પ્રયુક્તિ વાપરી તેમને ભેગા થતાં અટકાવતા હતા. ત્યાર પછી સમુદ્ર પાર કરતી વેળા પણ તેઓ બંને લોકો વચ્ચે આવીને ઇસરાઈલીઓને પાર ઉતારવામાં મદદ કરતા હતા. આ બંને પ્રસંગો વેળા જિબ્રીલ અલૈ. પોતાની ઘોડી પર સવાર થઈ ફરતા હતા. તેમને બંને પક્ષમાંથી એકલો સામેરી જ ઓળખી ગયો.

૨. આથી તમે એવો પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે તે એકલો જ જિબ્રીલ અલૈ.ને કેવી રીતે ઓળખી શક્યો ? એ તો તમે જાણો છો કે, ફરિશ્તાઓને તેમના મૂળ સ્વરૂપમાં કોઈ પણ માનવી જોઈ શકતો નથી. આ વેળા તે માનવસ્વરૂપમાં આવ્યા હશે અને એ સ્વરૂપમાં સામેરી તેમને ઓળખી શકતો હતો. મૂસા અલૈ.ના જન્મ વેળા હો કે તેમની પયગંબરી દરમ્યાન હો, ફિરઔન ઇસરાઈલી-લોકોના નવજાત શિશુઓને મારી નંખાવતો હતો. આવા કોઈક પ્રસંગે સામેરી જન્મ્યો હતો. તેને મારી નાંખવામાં ન આવે તેટલા માટે તેની માતા મેમ્ફીસથી ઘણે દૂર, નાઈલ નદીના કિનારાના કોઈક એકાંત સ્થળે મૂકી આવી હતી. ખુદાએ તેના ઉછેરનું કાર્ય જિબ્રીલ અલૈ.ને સોંપ્યું હતું અને તેમણે એ કામ કોઈક માનવીને સોંપ્યું હશે. તેને જોવા માટે તેમ જ તેના પાલકપિતાને જરૂરી સહાય આપવા માટે વારંવાર જિબ્રીલ અલૈ. આવતા જતા હતા. સ્વાભાવિક છે કે તેઓ માનવસ્વરૂપમાં જ આવતા હોવા જોઈએ. આ કારણે સામેરી જિબ્રીલ અલૈ.ને ઓળખતો હતો, એટલે જ હજારો લોકોમાં પણ ઘોડા પર બેઠેલા જિબ્રીલ અલૈ.ને તેણે ઓળખી કાઢ્યા હતા.[૧]

૩. જિબ્રીલ અલૈ.ને ઓળખી લીધા પછી સામેરી તેમના તરફ ધ્યાનપૂર્વક જોતો રહેતો હતો. જિબ્રીલ અલૈ.ની ઘોડીનાં પગલાં જ્યાં જ્યાં પડતાં હતાં ત્યાં ત્યાં માટીમાં સળવળાટ થતો તેણે જોયો હતો. તપાસ કરતાં જણાયું હતું કે પગલાં નીચેની માટીમાં લીલા ઘાસના ફણગા ફૂટી નીકળતા હતા. આ જોઈ તેણે પગલાં નીચેની મુઠ્ઠીભર માટી લઈને તેને સંઘરી રાખી હતી. આ પરિસ્થિતિ તેણે એકલાએ જ જોઈ હતી, બીજા કોઈએ નહીં.

---

૧. જલ્લાએ નૂર. મો. મોહમ્મદ હાફિજ ઈબ્રાહીમ, પૃ. ૧૨૮.

૪. પછી સામેરીએ આ મુઠ્ઠીભર માટી, ઢળાતા સોનાના વાછરડામાં નાંખી દીધી હતી. સોનું ખોટી રીતે મેળવેલું હતું અને તેમાં બરકતવાળી માટી ભળી એટલે ચમત્કાર સર્જાયો અને વાછરડો પ્રાણવંત બન્યો ને ભોં ભોં અવાજ કરતો હતો. આમ મૂર્તિપૂજક સામેરીના હાથે ચમત્કાર સર્જાયો. આથી પુરવાર થાય છે કે, ખોટાને ખરા સાથે અથવા અસત્યને સત્ય સાથે ભેળવીને નાસ્તિકો, કે મૂર્તિપૂજકો ચમત્કારો સર્જી શકે છે: જેમ કે, ગુલાબના અત્તરને મળ સાથે ભેળવવામાં આવે તો ખુશ્બો સાથે દુર્ગંધ ભળતાં ચમત્કાર સર્જાય છે; આમ કરવાથી જે મિશ્રણ બને છે તેમાંથી એટલી દુર્ગંધ આવે છે કે કોઈ પણ સામાન્ય માણસ ટોપલો ભરેલા મળની દુર્ગંધ પાસે ઊભા રહેવાનું પસંદ કરશે પરંતુ પેલા મિશ્રણની દુર્ગંધ પળવાર પણ સહન કરી શકશે નહીં.[૨] ઇસ્લામમાં જૂઠ સાથે સત્યને ભેળવવાનું યોગ્ય (જાએઝ) ગણવામાં આવ્યું નથી, જેમ કે, ઓમ (ॐ) કહી અલ્લાહની જપમાળા કરવી. આમ કરવાથી મૂર્તિપૂજાને પુષ્ટિ મળે છે.

૫. સામેરી ઘણો જ કપટી અને કાવત્રાબાજ હતો. વળી તે અઠંગ દગાખોર પણ હતો. તમે પાછળ જોઈ ગયા કે, કાવત્રા કરીને તેણે ઘરેણાં મેળવ્યાં હતાં. ઘરેણાંમાંથી લગડીઓ ન પાડતાં વાછરડું બનાવી લાવ્યો એટલે દગો કર્યો. આમ કરવામાં તેનો હેતુ એવો હતો કે ઇસરાઈલ-લોકોને વાછરડાની પૂજા કરતા કરી દઈ તે તેમનો મહંત બનવા માંગતો હતો અને પોતાનો પંથ સ્થાપવા માંગતો હતો. ગમે તે પ્રકારે મૂસા અલૈ.ને તે ઉતારી પાડવા માંગતો હતો, અને ઇસરાઈલ-લોકોનો ધર્મગુરુ બની કોમનો વડો બનવા માંગતો હતો. આ પ્રસંગથી એવું ફલિત થાય છે કે તેની યોજના પૂર્વ-યોજિત હતી. તેણે આમ શા માટે કર્યું તેનો ખુલાસો તે કરતો નથી અને મૂસા અલૈ.ને તડાક દઈ ને સંભળાવી દે છે કે, મારા અંતઃકરણે એવું જ કરવાની મને પ્રેરણા આપી હતી. તમારાથી થાય તે કરી લો.

સામેરીએ સ્વેચ્છાએ મૂસા અલૈ.નો ધર્મ અંગિકાર કર્યો હતો. મિસરમાંથી ઇસરાઈલીઓના નિર્ગમન વેળા તે તેમની સાથે હતો. ફિરઔનીઓને નજરોનજર ડૂબતા તેણે જોયા હતા અને ઇસરાઈલીઓ સાથે તે પણ સમુદ્ર પાર ઊતરી ગયો હતો. સિનાયના અરણ્યમાં પણ સાથે હતો છાટમાંથી નીકળતા બાર ઝરાઓનું પાણી પીધું હતું. મન્ના-સલ્વાનો સ્વર્ગીય ખોરાક ખાવાનું સદ્ભાગ્ય પણ તેને પ્રાપ્ત થયું હતું. વાદળાંઓના છાયામાં

૨. કસસુલ-કુરાન : મો. હફીઝુર્રેહમાન Vol. III. પૃ. ૫૦૦.

અને મેઘ–સ્તંભના અજવાળામાં રહેવાનું મળ્યું હતું. આમ તેણે મૂસા અલૈ.નાં સઘળાં આશ્ચર્યકૃત્યો જોયાં હતાં અને તેનો લાભ પણ લીધો હતો; છતાં તે તેમના ધર્મથી ફરી બેઠો એટલે તે ધર્મદ્રોહી બની ગયો હતો. "મારા અંતઃકરણે મને વાછરડાની પૂજા ચાલુ કરવાનું કહ્યું." એવા એના કથનમાં ધર્મદ્રોહની કબૂલાત આવી જાય છે. આમ તેણે ધર્મદ્રોહનો ગુનો કબુલ કરી લીધો હતો. એ તો તમે જાણો છો કે, દરેક દેશમાં દેશદ્રોહ માટે મોતની સજા હોય છે. તેવી જ રીતે સઘળા પયગંબરોના ધર્મમાં ધર્મદ્રોહ માટે મોતની સજા રાખવામાં આવેલી છે. આ કાનૂનના આધારે મૂસા અલૈ. સામેરીને મોતની સજા ફરમાવવા માંગતા હતા;[૩] પરંતુ ખુદાએ આ સજા કરવાની ના પાડી; કારણ તે ઘણી સખાવત કરતો હતો. ગરીબ–ગુરબાંઓને પુષ્કળ દાન કરતો હતો. તેને અછૂત દશામાં જીવતો રાખવો એવો ખુદાપાકનો આદેશ હતો. આથી મૂસા અલૈ.એ ફેંસલો આપ્યો :

સામેરીનો ગુનો તો ધર્મદ્રોહનો છે અને નિઃસંશય તે પુરવાર થયો છે. ધર્મદ્રોહ માટે મોતની સજા છે અને તેથી સામેરી મોતની સજાને પાત્ર ઠરે છે; પરંતુ તે ઘણો જ ઉદાર દિલનો અને દાનવીર છે. અનેક ગરીબ–ગુરબાંઓને સારી મદદ કરી છે એટલે પરવરદિગારના મતે એના અંગે મળેલા આદેશ અનુસાર હું તેને મોતની સજા ફરમાવતો નથી. "અહીંથી ચાલ્યો જા! નિઃસંશય તારા માટે જીવનભર એવું બની રહેશે કે તું જાતે કહેતો ફરીશ કે મને અડકશો નહીં. વળી પરલોકમાં તારા માટે શિક્ષાનો જે વાયદો છે તે અફર રહેશે. જે ઇલાહની તું ભક્તિ કરતો હતો તેના તરફ જો. અમે તેને અચૂક બાળી નાખીશું અને તેની ભસ્મ સમુદ્રમાં વહાવી દઈશું. તમારો માબૂદ–ઉપાસ્ય–તો અલ્લાહ છે કે તેના સિવાય બીજો કોઈ ઇલાહ કે ઉપાસ્ય નથી. દરેક વસ્તુ તેના જ્ઞાનમાં સમાયેલી છે." ૨૦ : ૯૭

પછી સૌના દેખતાં મૂસા અલૈ.એ ધૂણી સળગાવી અને પેલા વાછરડાને બાળીને ભસ્મ કરી નાંખ્યું. પછી તે ભસ્મને રાતા સમુદ્રના પાણીમાં વહેવડાવી દીધી. જે લોકો અગ્નિદાહનો સંસ્કાર કરે છે તે લોકોમાં એવો રિવાજ છે કે મૃતદેહના અસ્થિને નદીઓ કે સમુદ્રોનાં તીર્થસ્થાનોનાં પાણીમાં પધરાવી દે છે. વાછરડાની ભસ્મને સમુદ્રમાં વહેવડાવી દીધી. તે ઉપરથી શું આ રિવાજ પડયો હશે? આ રિવાજમાં વાછરડાની ભસ્મ

---

૩. ગુજ. કુરાન. ઇસ્ફહાની. Vol. II. પૃ. ૬૧૨, જલ્વાએ નૂર પૃ. ૧૩૯.

ત્રહેવડાવવાનું આબેહૂબ અનુકરણ જોવા મળે છે.

એમ કહેવામાં આવે છે કે, જો કોઈ માણસ સામેરીને અડકતો અથવા જો કોઈ માણસને તે અડકતો તો તે માણસને તરત જ તાવ ચઢી જતો હતો. આ કારણે તે જ્યાં જતો ત્યાં તેને જ કહેવું પડતું કે, "જો–જો ! જો–જો ! મને અડકશો નહીં." આમ પોતાને થયેલી શિક્ષાનો અમલ તેને જાતે કરવો પડતો હતો. આવા જ પ્રકારની શિક્ષા કરવાની જોગવાઈ તૌરાતમાં કોઢિયાઓને કરવામાં આવેલી છે, આ શિક્ષાનું વર્ણન આ પ્રમાણે આવે છે: "અને કોઢના દરદીનાં વસ્ત્ર ફાડી નંખાય, તે ઉઘાડે માથે ફરે અને તે પોતાના હોઠ પર મૂમતી બાંધી ઢાંકી રાખે ને એવી બૂમ પાડે કે; અશુદ્ધ અશુદ્ધ ! જેટલા દિવસ તેનો રોગ રહે તેટલા દિવસ તે અશુદ્ધ ગણાય." લેવીય પ્ર. ૧૩ : ૪૫–૪૬ આથી એવું અનુમાન તારવી શકાય કે આ પ્રસંગ પછી તેને કોઢની બીમારી નીકળી હશે એટલે તે જાતે લોકોને કહેતો હશે "હું અશુદ્ધ છું, મને અડકશો નહીં."

આવી દશા ભારતમાં સફાઈ કામ કરનારી અસ્પૃશ્ય જાતિ હજારો વરસોથી ભોગવી રહી છે. મેં જાતે એવા બનાવો જોયા છે. હવે એવા બનાવો બનતા બંધ થઈ ગયા છે, પરંતુ આજથી ૪૦–૫૦ વરસ પહેલાં બનતા હતા. એક વેળા સફાઈ કામ કરતી અસ્પૃશ્ય જાતિનું નાનું સરખું કુટુંબ બજારમાંથી પસાર થતું હતું. વળાંકવાળા રસ્તેથી ઊજળિયાત કોમના ત્રણ–ચાર માણસો એકાએક પેલા કુટુંબની સન્મુખ આવી ગયા. તરત જ અસ્પૃશ્ય કોમનો માણસ બોલી ઊઠયો "માબાપ ! જો–જો ! અમને અડકશો ના." ભારતમાં આ પ્રથા કયારે શરૂ થઈ તે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. સમાજ ૪ વર્ણોમાં વહેંચાયો ત્યારે આ પ્રથા શરૂ થઈ હોય એમ લાગતું નથી. ત્યારે આભડછેડ હતી જ નહીં. શૂદ્ર વર્ણની અમુક જાતિઓ ઘણી ગંદી રહેવા લાગી હશે તેમાંથી આ પ્રથા શરૂ થઈ હશે એમ લાગે છે. અથવા ભારતમાંથી બૌદ્ધ ધર્મ નાબૂદ થયો અને ગુપ્તવંશના બ્રાહ્મણ–રાજાઓ અને પછી ક્ષત્રિય–રાજાઓના સમયમાં આભડછેડ પૂરેપૂરી પાંગરી અને પ્રસરી હોય એમ લાગે છે. કેટલાક લોકો એવું પણ તારણ કાઢે છે કે, પશ્ચિમ ભારતમાં સામેરીના વંશજોના ભાગે સફાઈ કામ આવ્યું હશે. તેમની વસ્તી વધી હશે ત્યારે કેટલાક ભારતમાં આવ્યા હશે. એમ કહેવાય છે કે સફાઈ કામ કરનાર અસ્પૃશ્ય જાતિના લોકો સામેરીના વંશજો છે. સામેરીને અસ્પૃશ્યતામાં જીવન વિતાવવું પડયું પરંતુ તે પોતાની ઓલાદને પણ અસ્પૃશ્યતાના કલંકમાં મૂકતો ગયો. આ શિક્ષા કેટલી સખત

છે ખ્યાલ તેનો અસ્પૃશ્ય જાતિના લોકોને આવતો નથી એ જ નવાઈ પમાડે તેવી બાબત છે.

પાછળ આપણે જોઈ ગયા કે, હારૂન અલૈ.ની હકીકત સાંભળ્યા પછી મૂસા અલૈ.એ ખુદા પાસે દુઆ માંગી હતી કે, "હે મારા પરવરદિગાર, તું મને તથા મારા ભાઈ ને માફ કર." ૭ : ૧૫૧. તેનો એવો જવાબ મળ્યો હતો કે, " જે લોકોએ વાછરડાની પૂજા કરી છે તેમના પર નિઃસંશય ટૂંક સમયમાં જ તારા પરવરદિગારનો ગજબ (કોપ) આવી પડયા વિના રહેવાનો નથી અને તેઓ આ દુનિયામાં હીણપતભરી જિંદગાની ભોગવશે." ૭ : ૧૫૨.

હવે સામેરી અને વાછરડાનું જે કરવું હતું તે કરી નાંખ્યું ત્યારે વાછરડા પૂજનારાઓનો પ્રશ્ન મૂસા અલૈ.એ ખુદાપાક સમક્ષ રજૂ કર્યો. ત્યાંથી જવાબ મળ્યો કે, "જેમણે વાછરડાનું પૂજન કર્યું છે તેમણે પોતાના પ્રાણનું બલિદાન આપવું પડશે." ખુદાપાકનો આ ફેંસલો તેમણે લોકોને સંભળાવતાં કહ્યું: "તમારું પ્રાયશ્ચિત્ત ત્યારે જ સ્વીકારવામાં આવશે જયારે તમે તમારા પ્રાણનું બલિદાન એવી રીતે આપશો કે સૌથી નજીકનો સગો ગુનેગારને કતલ કરે એટલે કે પુત્ર ગુનેગાર હોય તો પિતા તેને કતલ કરે અને પિતા ગુનેગાર હોય તો પુત્ર તેને કતલ કરે : ગુનેગાર ભાઈને બિન–ગુનેગાર ભાઈ કતલ કરે." આ બાબતને પવિત્ર કુરાનમાં આ પ્રમાણે રજૂ કરવામાં આવી છે :

"મૂસાએ પોતાની કોમના લોકોને કહ્યું : હે મારા જાતિબંધુઓ! નિઃસંશય વાછરડાને પૂજીને તમે જાતે જ તમારા ઉપર જુલમ કર્યો છે. હવે તમારા સર્જનહારની હજૂરમાં તોબા–પ્રાયશ્ચિત્ત–કરો; અને ( એ પ્રાયશ્ચિત્ત આ પ્રમાણે છે કે ) કેટલાક જણ કેટલાકને કતલ કરે, આમ કરવું તમારા સર્જનહારની નજીક રહેવા તમારા માટે બહેતર છે." ૨ : ૫૪

ઇસરાઈલ-લોકોએ આ ફેંસલો માન્ય રાખ્યો. વાછરડા પૂજનારા એક મેદાનમાં ભેગા થયા અને કતલ થવા માટે હારબંધ ઘૂંટણિયે પડીને પોતાની ગરદનો નીચી નમાવી દીધી. વાછરડા ન પૂજનારા પોતાના નજીકના સગાઓને કતલ કરવા લાગ્યા. હજારો લાશો તડફડવા લાગી અને લોહીની નદીઓ વહેવા લાગી. સિત્તોર હજાર જેટલા વાછરડા પૂજનારાઓ કતલ થયા હશે. તૌરાતમાં આ પ્રસંગનું વર્ણન નિ. પ્ર. ૩૨ના ૨૧થી ૩૦ સુધીની આયતોમાં આવે છે. તેમાં આવે છે કે, "ઇસરાઈલનો દેવ યહોવાહ એમ કહે છે કે, પ્રત્યેક માણસ પોતાની કમરે તલવાર બાંધે, ને

છાવણીમાં ભાગોળે ભાગોળે ફરે, ને પ્રત્યેક માણસ પોતાના ભાઈ ને, તથા પ્રત્યેક માણસ પોતાના મિત્રને તથા પ્રત્યેક માણસ પોતાના પડોશીને મારી નાંખે...ને દિવસે લોકોમાંથી આશરે ત્રણ હજાર માણસ મરણ પામ્યા.

આ દૃશ્ય મૂસા અલૈ.થી જોયું જવાતું ન હતું. ખુદાપાક પાસે દુઆ માંગવા લાગ્યા : "હે મારા પરવરદિગાર ! વાછરડા પૂજનારાઓનો પ્રશ્ચાત્તાપ ખરેખર સાચો છે. કંઈ પણ બોલ્યાચાલ્યા વિના બધા જ કતલ થવા ગરદનો ઝુકાવી ઘૂંટણિયે પડી ગયા છે. તેમનું આ નિખાલસ પ્રાયશ્ચિત્તનું સ્વીકારી લે." અલ્લાહ તઆલાએ આ દુઆ સ્વીકારી લીધી અને તેમનો ગુનો માફ કરી દીધો. પવિત્ર કુરાન કહ્યું છે કે, "અલ્લાહે તેમનું પ્રાયશ્ચિત્ત માન્ય રાખ્યું. તે તોબા-પ્રાયશ્ચિત્ત-નો સ્વીકારનારો અને કૃપા કરનારો છે." ૨ : ૫૪ આમ તેઓ મોટી સંખ્યામાં કતલ થયા હશે છતાં બાકી રહી ગયેલાઓની સંખ્યા ૫-૬ લાખની હતી.

તૌરાતમાં વાછરડું બનાવવાનો અને તેની પૂજા કરવા કરાવવાનો આરોપ હારૂન અલૈ. પર થોપી દેવામાં આવ્યો છે. આ માટે જુઓ તૌરાત નિર્ગમન પ્રકરણ ૩૨ : ૧થી ૫ ની આયતો," અને જે વાછરડું હારૂને બનાવ્યું હતું, તે બનાવ્યાને લીધે યહોવાહે લોકો પર માર આણ્યો," નિ. પ્ર. ૩૨ : ૩૫. આ ખોટી હકીકત છે. જો વાછરડું હારૂને અલૈ.એ બતાવ્યું હોત તો મૂસા અલૈ.એ તેમને કતલ કરી નાંખ્યા હોત. એ હકીકત તૌરાતમાં ક્યાંયે નથી. પાછળ આપણે જોયું કે હારૂન અલૈ. નિર્દોષ હતા. આથી પુરવાર થાય છે કે તૌરાતમાં આ એક ફેરફાર છે.

---

## પ્રકરણ ૩૧મું

### સિત્તોર આગેવાનોનો બનાવ

તૂર પર્વતથી તૌરાતની શિલાપાટીઓ લઈ મૂસા અલૈ. ઇસરાઈલ-લોકોનો જ્યાં પડાવ હતો ત્યાં આવ્યા ત્યારે તેમણે બહુધા ઇસરાઈલીઓને વાછરડાની મૂર્તિની પૂજા કરતા જોયા હતા; તેના પ્રાયશ્ચિત્તમાં હજારો ઇસરાઈલીઓ કતલ થયા તેથી અલ્લાહ પાસે મૂસા અલૈ.એ માફી આપવા દુઆ માંગી હતી. પરિણામે તેમના આ અપરાધની માફી આપવામાં આવી ત્યારે મૂસા અલૈ.એ તેમને તૌરાતની શિલાપાટીઓ બતાવી કહેવા લાગ્યા, "મારી પાસે આ જે પાટીઓ છે તેમના પર અલ્લાહની કિતાબનું

લખાણ છે. ખુદાવંદે વાયદો આપ્યો હતો તે પ્રમાણે તૂર પર્વત પર બોધનું તથા અનુશાસનનું આ પુસ્તક મને એનાયત કરવામાં આવ્યું છે. ખુદાવંદે તમારી ભલાઈ માટે અને તમારા સાચા માર્ગદર્શન માટે મને આ તૌરાતનું પુસ્તક એનાયત કર્યું છે. તેમાં આપેલા બોધ અને માર્ગદર્શન પ્રમાણે તમારે ચાલવાનું છે તથા તેમાં આપેલા હુકમો તમારે સખતાઈથી પાળવાના છે.

આ સાંભળી ઇસરાઈલ–લોકો કહેવા લાગ્યા, "અમે કેવી રીતે માની લઈએ કે ખુદાવંદે જ તમને આ પુસ્તક એનાયત કર્યું છે? તમે કહો એટલે માની લેવું? તમારો ખુદાવંદ અમારી રૂબરૂ શા માટે કહેતો નથી કે એ પુસ્તક તેણે જ એનાયત કર્યું છે? એવું તે શું છે કે તે તારી સાથે વાતો કરે અને અમારી સાથે ન કરે? ખુદાવંદને જોયા વિના કે અમને રૂબરૂ કહ્યા વિના અમે ખુદાવંદે એ પુસ્તક એનાયત કર્યું છે એવું માનવાના જ નથી."

તેમનો આવો નફટાઈભર્યો જવાબ સાંભળી મૂસા અલૈ. કહેવા લાગ્યા, "વાછરડાની પૂજા કરીને તમે એક ભયંકર ગુનો કરી બેઠા હતા અને હવે આ પુસ્તકને નકારીને બીજો ભયંકર ગુનો કરવા બેઠા છો. એ બાબતની તો તમને ખાતરી થઈ ગઈ છે કે હું અલ્લાનો પયગંબર છું અને એ બાબતમાં હું અડીખમ મક્કમ છું કે અલ્લાહ તરફની કે તેના માટેની કોઈ પણ બાબતમાં હું અસત્ય વદું? હું સાચું જ કહું છું કે આ પુસ્તક મને ખુદાવંદે જ એનાયત કર્યું છે. જો તમે મારી વાત સ્વીકારી નહીં લો અને તૌરાતને માનવા ઇનકાર જ કર્યા કરશો તો ખુદાવંદ તરફથી કોઈક આફત કે આપત્તિ તમારા ઉપર આવી પડશે અને ત્યારે તમે ઊગરી શકવાના નથી."

તેઓ વધુ નફ્ફટ થઈ કહેવા લાગ્યા. "અમે નજરોનજર ખુદાવંદને જોઈ ન લઈએ અને તૌરાતનું પુસ્તક તેણે જ તમને એનાયત કર્યું છે એવું કહેતાં તેને અમે કાનોકાન ન સાંભળીએ ત્યાં સુધી અમે તમને માનવાના નથી."

મૂસા અલૈ. કહેવા લાગ્યા. "તમારી આ માગણી જ મૂર્ખતાભરી છે. આ દુનિયામાં ખુદાવંદને કોણે નજરોનજર જોયો છે કે તમે જોઈ શકો? એવું બનવું અશક્ય છે. તેને જોયા વિના તેના પર તથા તેના પયગંબરો પર અને તેમણે આપેલ હિદાયત પ્રમાણે વર્તવામાં સાચું ઈમાન રહેલું છે." આમ સમજાવ્યા છતાં ખુદાવંદને નજરોનજર જોવાનો હઠાગ્રહ તેમણે છોડયો

નહિ ત્યારે મૂસા અલૈ. ખૂબ વિચાર કરી કહેવા લાગ્યા : "ખુદાવંદને નજરોનજર જોવાનું બની શકે તેમ નથી. લાખોની સંખ્યામાં હોઈ તમને તૂર પર્વત પર લઈ જવાનું પણ બની શકે તેમ નથી. મારી સાથે તમારા કેટલાક આગેવાનો આવે તો તેમને હું તૂર પર્વત પર લઈ જાઉં અને તેમને ખાતરી કરાવી આપું, પછી એ વડીલો સાહેદી પૂરે કે મને ખુદાવંદે તૌરાત લખેલી શિલાપાટીઓ આપી છે તો તમારે મારી વાતને માની લેવી પડશે. તેમ છતાં જો તમે માનવા ઇનકાર કરશો તો ખુદાવંદનો કોપ તમારા ઊપર ઊતરી પડશે એમ નિશ્ચય માનજો."

તેમણે મૂસા અલૈનાં અનેક આશ્ચર્ય-કૃત્યો નજરોનજર જોયાં હતાં, જેવાં કે લાઠીનો અજગર, ઝગારા મારતો હાથ, નવ નિશાનીઓ, ફિરઓનીઓનું સમુદ્રમાં ડૂબી જવું, સિનાયના અરણ્યમાં પાણી, ખોરાક, છાંયડો, અજવાળું, વાછરડા-પૂજાને કારણે તેમની કત્લેઆમ ઇત્યાદિ આશ્ચર્ય-કૃત્યો તેમણે જોયાં હતાં એટલે જ મૂસા અલૈ.એ મૂકેલા પ્રસ્તાવને સ્વીકારી લેવા તેઓ તૈયાર થયા.

તેમનાં ૧૨ કુટુંબો હતાં અને ૭૦ આગેવાનોને લઈ જવાના હતા. એટલે દરેક કબીલાને એકસરખું પ્રતિનિધિત્વ મળી રહે તે માટે દરેક કબીલાના ૭-૭ આગેવાનોને પસંદ કરવામાં આવ્યા, આથી ૭૨ની સંખ્યા થતી હતી. કયા બે આગેવાનોને પડતા મૂકવા એ પ્રશ્ન ઊભો થયો. હારૂન અલૈ. નાયબ પયગંબર હોવાથી ખાતરી કરાવવાની કોઈ જરૂર ન હતી. ૭૨ જણમાં અલ-યસઅ્ બિન કાનૂન અને કાલેબ બિન નૂજા યોહન્ના અલ્લાહની ભક્તિ-ભાવનામાં તથા મૂસા અલૈ.ને અનુસરવામાં પૂરેપુરા પાર ઊતર્યા હતા. એટલે એ બંનેને મૂસા અલૈ.એ પડતા મૂકયા એટલે બીજા ૭૦ આગેવાનોને લઈ તૂર પર્વત પર આવ્યા. તે વેળા એક સફેદ વાદળીના પ્રકાશે મૂસા અલૈ.ને ઘેરી લીધા તેથી તેઓ અરજ કરવા લાગ્યા : "હે ખુદાવંદ! તું ઇસરાઈલ-લોકોની મનોદશાને સારી રીતે પિછાણે છે. તેમના હઠાગ્રહના લીધે જ હું તેમના સિત્તેર આગેવાનોને લઈ તારી સમક્ષ હાજર થયો છું. આપણે બંને જે વાતચીત કરીએ તે આ આગેવાનો સાંભળે એવો પ્રબંધ તું કરી આપે તો સારું. અને તેઓ પોતાના લોકો પાસે પાછા ફરે ત્યારે આપણા બેની વચ્ચે વાતચીત થઈ છે અને મને તારા તરફથી તૌરાતનું પુસ્તક એનાયત થયું છે તેની સાક્ષી પૂરે." અલ્લાહ તઆલાએ તેમની આ દુઆ સ્વીકારી લીધી.

ત્યાર પછી તરત જ સિત્તેર આગેવાનોને પેલા સફેદ વાદળના પ્રકાશમાં

ઘેરી લેવામાં આવ્યા: ત્યારે મૂસા અલૈ. અને અલ્લાહ તઆલા વચ્ચે વાતચીત થવા લાગી, જે પેલા આગેવાનો સ્પષ્ટપણે સાંભળતા હતા. હવે પ્રકાશનો પટ દૂર થયો અને સફેદ વાદળું ચાલી ગયું. એટલે બધા આશ્ચર્યમુગ્ધ થઈ એકબીજાને થોડી વાર જોઈ રહ્યા. હોશમાં આવ્યા ત્યારે મૂસા અલૈ. તેમને કહેવા લાગ્યા: "હે ઇસરાઈલના વડીલો! તમે કાનોકાન મારી અને ખુદાવંદ વચ્ચેની વાતચીત સાંભળી છે. હવે તમને ખાતરી થઈ ગઈ ને કે આ પુસ્તક ખુદાવંદે જ મને એનાયત કર્યું છે! હવે તમે એ બાબતની સાક્ષી પૂરશો ને?"

ઇસરાઈલ આગેવાનો પણ તેમના લોકો જેવા હઠીલા અને વાંકાબોલા હતા. આગેવાનો કહેવા લાગ્યા: "તમારી સાથે કોઈક વાત કરતું હતું એ અમે સાંભળ્યું, તમારો અવાજ અમે ઓળખી શકયા, પરંતુ સામે અવાજ આવતો હતો તેને અમે ઓળખી શકયા નહીં એટલે અમે કેવી રીતે માની લઈએ કે તમારી સાથે વાતો કરનાર ખુદાવંદ જ હતો? તમારી સાથે વાતો કરતાં નજરોનજર અમે ખુદાવંદને જોઈ ન લઈએ ત્યાં સુધી અમે તમને માનવાના નથી." પવિત્ર કુરાનમાં આ માગણી અંગેનું વર્ણન નીચે પ્રમાણે આપવામાં આવેલું છે:

"અને (તે સમયને યાદ કરો) જ્યારે તમે એમ કહ્યું હતું કે હે મૂસા! જ્યાં સુધી અમે અલ્લાહને નરી આંખે જોઈ ન લઈએ ત્યાં સુધી અમે તારા પર ઈમાન લાવવાના નથી; પરિણામે ત્યારે તમને વીજળીએ પકડી લીધા અને તે તમે નજરોનજર જોઈ રહ્યા હતા: અર્થાત્ તમારા દેખતાં તમારા ઉપર વીજ પડી હતી." ૨:૫૫

"તો શું (હે મુસલમાનો!) તમે તમારા રસૂલને એવો જ પ્રશ્ન પૂછો છો જેવો તમારા પહેલાં મૂસાને પૂછવામાં આવ્યો હતો? જે કોઈ પોતાના ઈમાનને કુફ્રમાં બદલી નાંખશે અર્થાત્ શ્રદ્ધા રાખનારામાંથી અશ્રદ્ધા ધરાવતો થઈ જશે તે નિઃસંશય સદ્‌માર્ગથી રવડી જશે." ૨:૧૦૮

વળી ૪:૧૫૩ની આયતમાં કહેવામાં આવેલું છે કે, "એહલે કિતાબ (એટલે કે તૌરાત ઝબૂર, ઈંજીલ જેવાં ઈશ્વરદત્ત પુસ્તકોને માનવાવાળા યહૂદીઓ અને ખ્રિસ્તીઓ) મુહમ્મદ (સલ.)ને એવું કહે છે કે તું આકાશમાંથી તેમના માટે કિતાબ ઉતારી લાવ. ખરેખર તેમણે મૂસાને એથી પણ વધુ નફટાઈભર્યો પ્રશ્ન પૂછ્યો હતો એટલે કે તેમણે એ વાત રજૂ કરી હતી કે મૂસા તેમને અલ્લાહ નજરોનજર દેખાડી દે. તેમની આવી માગણીના કારણે તેમના ઉપર ભયંકર કડાકા સાથે

ઓચિંતી વીજ પડી હતી."

સિત્તોર આગેવાનોની આવી નફટાઈભરી માગણીના કારણે તેમના પૂર ઓચિંતી વીજ ભયંકર કડાકા સાથે પડી પરિણામે આ સિત્તેરે સિત્તોર આગેવાનો ત્યાં જ તૂર પર્વત પર મરણ પામ્યા. મૂસા અલૈ.થી આ બનાવ જોઈ ન શકાયો: રડવા અને કરગરવા લાગ્યા: હે મારા પાક પરવરદિગાર! આ સિત્તોર માણસો તો ઇસરાઈલના સરદારો કે વડીલો હતા. અહીં તારી સમક્ષ હાજર થવા મેં તેમને ચૂંટી કાઢયા હતા. હવે તો મારે એકલાને જ ઇસરાઈલ – લોકો પાસે જવાનું થશે એટલે હું તેમને શું જવાબ આપીશ? મારી વાત કોણ માનશે? તેમનામાંના કેટલાક મૂર્ખતા કરી બેઠા છે તેટલા માટે શું તું બધાંનો નાશ કરીશ? હે મારા માલિક! જો તારી આવી જ યોજના હતી તો તેમની સાથે મારું પણ મૃત્યુ નિપજાવ્યું હોત તો કેટલું સારું થાત! આ ઉપાધિ ઊભી ન થાત! તું પરમકૃપાળુ અને મહાદયાળુ છે. તું તેમના પર દયા કર અને તેમને માફ કરી દે. તું જ સૌથી મહાક્ષમાવાન છે."

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: "આ આગેવાનો કસોટીમાં નિષ્ફળ નીવડયા છે. તેઓ પણ વાછરડાની પૂજા કરવા મંડી ગયા હતા.[૧] ત્યારે સજામાંથી છટકી ગયા હતા, હવે તેમને પ્રાયશ્ચિત્તરૂપે સજા મળી ગઈ છે. હે મૂસા! તારી દુઆ મેં કબૂલ કરી લીધી છે. તેઓ ફરીથી સજીવન થશે." ત્યાર પછી તેઓ સજીવન થવા લાગ્યા. એ દશ્ય તેઓ જોઈ શકતા હતા. આ પ્રસંગનું વર્ણન પવિત્ર કુરાનમાં આ પ્રમાણે કરવામાં આવેલું છે:

"અને મૂસાએ પોતાની કોમમાંથી સિત્તોર માણસોને અમારા વાયદા પ્રમાણેના સ્થળે લાવવા પસંદ કરી લીધા. પછી જ્યારે સખત થથરાવી નાંખે એવા ધરતીકંપે તેમને ફસાવી નાંખ્યા (અર્થાત્ તેમનું મૃત્યુ નિપજ્યું) ત્યારે મૂસા અમને અરજ કરવા લાગ્યો: હે પરવરદિગાર! જો તારી ઇચ્છા હોત તો તેં તેમને બધાને પૂરા કર્યા હોત તથા મને પણ પૂરો કર્યો હોત! (પરંતુ દયાભાવ રાખી અત્યાર સુધી તેં અમને જિવાડયા) અમારામાંથી થોડાક મૂર્ખાઓ એ કૃત્ય કરી બેઠા છે, તે માટે શું અમને બધાંને પૂરા કરી નાંખવા માંગે છે? આ તો તારા તરફની એક કસોટી છે, એક અજમાયશ છે. તેના દ્વારા જેને ચાહે તેને તું ગુમરાહીમાં કે અવળા માર્ગમાં ફસાવી દે છે અને જેને ચાહે તેને તું સન્માર્ગ પર લાવી મકે છે. અમારો સરપરસ્ત અર્થાત્ વડીલ તો તું જ છે, માટે તું

૧. ઇબ્ને કસીર. Vol. I. પૃ. ૧૧૫. ૨:૫૫ ની તફસીર.

અમને ક્ષમા આપ અને અમારા પર દયા કર. તું સૌથી મોટો ક્ષમાવાન છે. હે ખુદાવંદ! ઇહલોકમાં તું અમારા માટે નેકી કે ભલાઈ નિર્માણ કર તથા પરલોક માટે પણ. ખરેખર અમે તારી સમક્ષ રજૂ થયા છીએ. પછી અલ્લાહે ફરમાવ્યું : મારા કોપ સંબંધી એવું છે કે જેને ચાહું છું તેને હું ગિરફતાર કરી લઉં છું, પરંતુ મારી દયા–ભાવના સર્વત્ર વ્યાપેલી રહે છે... ..." ૭ : ૧૫૫ – ૧૫૬

ત્યાર પછી મૂસા અલૈ. આ સિત્તેર વડીલોને લઈ તૂર પહાડ ઊતરી પડયા અને તેની તળેટીમાં જ્યાં ઇસરાઈલિ – લોકોનો પડાવ હતો ત્યાં પધાર્યા. આગેવાનોએ લોકોને બનેલી હકીકત કહી સંભળાવી. સાહેદી આપતાં તેઓ કહેવા લાગ્યા કે મૂસા (અલૈ.)ને ખુદાવંદ સાથે વાતો થઈ તે અમે કાનોકાન સાંભળી છે. આપણા માર્ગદર્શન અને અનુશાસન માટે તૌરાતનું પુસ્તક ખુદાવંદ તરફથી એમને એનાયત થયું છે એ હકીકત છે.

અને તેણે મૂસાને કહ્યું, "યહોવાહની પાસે ઉપર આવ. તું તથા હારૂન તથા નાદાબ તથા અબીહૂ,[૨] તથા ઇસરાઈલિના વડીલોમાંના સિત્તેર ઉપર આવો : અને દૂર રહીને ભજન કરો......ત્યારે મૂસા તથા હારૂન તથા નાદાબ તથા અબીહૂ તથા ઇસરાઈલિના સિત્તેર વડીલો ઉપર ચઢયા અને તેઓએ ઇસરાઈલિના દેવને દીઠો : અને તેના પગ તળે જાણે નીલમના જેવી ફરસબંધી હતી અને તે આકાશના જેવી નિર્મળ હતી." નિ. પ્ર. ૨૪ : ૧ અને ૯

અને તેણે કહ્યું, કે "તું મારું મુખ જોઈ શકતો નથી કેમ કે મને જોઈને કોઈ માણસ જીવતો રહી શકે નહિ." નિ. પ્ર. ૩૩ : ૨૦

તૌરાતનાં આ અવતરણોમાં આપણને ઊલટાં-સૂલટાં બયાનો જોવા મળે છે. અહીંનું ઊલટ-સૂલટ બયાન અલ્લાહ તઆલાને નરી આંખે જોવા સંબંધીનું છે. નિર્ગમન પ્રકરણ ૨૪ની ૯મી આયતમાં સિત્તેર આગેવાનોએ દેવને દીઠો, એમ કહેવામાં આવ્યું છે જ્યારે નિર્ગમન પ્રકરણ ૩૩ : ૨૦માં કહેવામાં આવ્યું છે કે તેને જોઈને કોઈ જીવતો રહી શકતો નથી. પવિત્ર કુરાનમાં આ બાબતનો ચુકાદો, મૂસા અલૈ.એ અલ્લાહને પોતાનાં દર્શન દેવાની માગણી કરી હતી તે પ્રસંગમાં, આપી દેવામાં આવી છે. એ પ્રસંગથી પુરવાર થયું છે કે, આ દુનિયામાં અલ્લાહને નરી આંખે કોઈ પણ જોઈ શકવાનું નથી. તેનાં દર્શન જ અશક્ય છે.

---

૨ નાદાબ અને આબીહૂ બંને હારૂન અલૈ.ના પુત્રો થતા હતા. જુઓ તૌરાત નિ. પ્ર. ૨૮ : ૧.

# પ્રકરણ ૩૨ મું

## તૌરાતનો સ્વીકાર

મૂસા અલૈ.ને તૌરાતનું પુસ્તક ખુદાવંદે એનાયત કર્યું એની સાહેદી સિત્તેર આગેવાનોએ આપી, પરંતુ તેમણે પોતાના તરફથી એટલું ઉમેર્યું કે એ પુસ્તકમાં આપેલા હુકમો પાળવા સહેલા તો નથી, ઘણા જ મુશ્કેલ છે. એટલે ખુદાવંદે ફરમાવ્યું હતું કે જેટલા હુકમો પાળી શકાય તેટલા પાળવા, ન પાળી શકાય તો છૂટ છે.[1] એમના આ કથનથી ઇસરાઈલ–લોકોની અવળચંડાઈને સારો એવો ટેકો મળ્યો. ભાવતું'તું ને વૈદે કહ્યું, તેના જેવું થયું. તૌરાતને અથથી ઇતિ સુધી માની લેવાને બદલે તેઓ મૂસા અલૈ.ને કહેવા લાગ્યા કે આ પુસ્તકના હુકમો અને કાનૂનો અમારાથી પાળી શકાશે નહીં.

આગેવાનોની બનાવટ કરેલી સાહેદી અને ઇસરાઈલ–લોકોનો અવળ-ચંડાઈ ભરેલો જવાબ સાંભળી મૂસા અલૈ. તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા અને નારાજ પણ તેટલા. તેથી તેમના આવા વર્તન અંગે ખુદાવંદ પાસે ફરિયાદ કરવા લાગ્યા કે " માર્ગદર્શન અને અનુશાસન માટે પુસ્તકની માગણી એમણે જ કરી હતી એટલે જ એ પુસ્તક તેં જ મને એનાયત કર્યું હતું અને એની પાકી ખાતરી પણ તેં જ કરાવી આપી હતી, છતાં આ લોકોની અવળે માર્ગે જવાની અને આડોડાઈ કરવાની પ્રકૃતિમાં જરાયે ફેર પડતો નથી. એ જોઈ હું અત્યંત દિલગીર થયો છું. હે મારા પરવરદિગાર ! આ બાબતમાં પણ તું જ મારી સહાય કર. "

માંગેલી સહાય તરત જ અલ્લાહ તઆલાએ એક મોજિઝા કે આશ્ચર્ય-કૃત્ય દ્વારા આપી. જેની પીઠ પર ખુદાવંદ સાથે તેમણે વાતો કરી હતી અને તૌરાત ઈશ્વરદત્ત પુસ્તક છે તેની ખાતરી સિત્તેર ઇસરાઈલી આગેવાનોને કરાવવામાં આવી હતી તે જ તૂર પહાડ પોતાની જગાએથી હાલી નીકળ્યો અને ઇસરાઈલ–લોકોનાં માથાંઓ ઉપર છત્રની જેમ અધ્ધર છવાઈ ગયો અને બોલવા લાગ્યો : " હે ઇસરાઈલ ભાઈઓ ! જો તમે સૂઝ-સમજથી કામ લેવા માંગતા હો તો, તથા સત્ય-અસત્યને પિછાણીને વર્તવા માંગતા હો તો મારી વાત ધ્યાનપૂર્વક સાંભળો. "

---

૧. મા'રેફુલ કુરાન Vol. I. પૃ. ૧૮૩. ૨ : ૬૪ની તફસીર–મુફતી મુહમ્મદ શફી.

"હું અલ્લાહ તઆલાનો મોકલેલો આવ્યો છું. તમને ખાતરીપૂર્વક કહું છું કે મૂસા અલૈ.એ ઘણીવાર મારા શિખરો પર ખુદાવંદ સાથે વાતો કરી છે અને તમારા માર્ગદર્શન અને અનુશાસન માટેનું તૌરાતનું પુસ્તક પણ મારી પીઠ ઉપર જ અલ્લાહ તઆલાએ તેમને એનાયત કર્યું છે. મારું તમારાં માથાંઓ ઉપર સાયબાન કે છત્રની જેમ અધ્ધર લટકવાનું અને પડું પડું થઈ રહેવાનું થયું છે તેથી એવું સમજવાનું થાય છે કે તમારું હૃદય નરમ થવાના બદલે સખત થયું છે અને તે એટલું સખત થયું છે કે પથ્થરથી પણ વધુ સખત બની ગયું છે. જ્યારે માનવહૃદય પથ્થરથી પણ વધુ સખત બની જાય છે ત્યારે તે કોઈ પણ પ્રકારે હિદાયત કે બોધ ગ્રહણ કરતું નથી. છતાં જુઓ તો ખરા! હું પથ્થરનો બનેલો છું એટલે તમે સ્વાભાવિક રીતે કહેશો કે મારું હૃદય પથ્થર સમું સખત છે. ખરેખર તેવું નથી. અલ્લાહના હુકમોને માથે ચડાવવા સદાય હું તત્પર રહું છું. તમે લોકો એટલા સખત બની ગયા છો કે તમે મૂસા અલૈ.ની કે અલ્લાહની વાત માનવા તૈયાર થતા નથી. તમારી આડોડાઈની હદ આવી ગઈ છે. હવે જો તૌરાત સ્વીકારવા અને તેના કાનૂનો પાળવા ઇનકાર કરશો તો હું તમને બધાંને અહીં ને અહીં જ છૂંદી નાંખીશ."

તેમનાં હૃદય પથ્થર સમાં સખત થઈ ગયાં હતાં એ સંબંધી બીજા પ્રસંગે ફરમાવવામાં આવેલું છે કે, "નિશાનીઓ જોઈ લીધી છતાં તમારાં દિલ સખત થઈ ગયાં, જાણે કે પથ્થર સમાં, બલ્કે તેનાથી પણ વધુ સખત." ૨ : ૭૪

પહાડ હમણાં જ તેમના પર તૂટી પડશે એટલે બીકના માર્યા સિજદામાં ઇસરાઈલીઓ ઝૂકી પડયા અને એક આંખ બાડી રાખી પહાડ તેમના પર પડે છે કે કેમ તે જોવા લાગ્યા. આ પ્રસંગની યાદરૂપે યહૂદીઓ નમાજ પડે છે ત્યારે સિજદામાં એક આંખ બાડી રાખી ઉપર જોતા રહે છે. બીકમાં ને બીકમાં તૌરાતના હુકમો અને કાનૂનોનું પાલન કરવાનું તેમણે સ્વીકારી લીધું અને તૌરાતને પણ માન્ય રાખી. ત્યારે ખુદાપાકે ફરમાવ્યું, "હે ઈસરાઈલીઓ! તૌરાત તમને હિદાયત અને અનુશાસન માટે આપવામાં આવેલ છે. એને દૃઢતાપૂર્વક પકડી રાખો અને એમાં આપેલા હુકમો અને કાનૂનોનું પાલન કરો કે જેથી તમે પુણ્યશાળી બની શકો અને અલ્લાહથી ડરતા રહો."

અહીં તમે પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે ધર્મની માન્યતામાં જબરદસ્તી શા

માટે? આવી બીક બતાવીને તૌરાતનો સ્વીકાર શા માટે કરાવ્યો? ઇસરાઈલીઓ અલ્લાહને અને પયગંબરોને તો માનતા જ હતા. આવા પુસ્તકની માગણી તો તેમણે જ કરી હતી. એથી પુરવાર થાય છે કે સ્વેચ્છાએ, રાજીખુશીથી ધર્મનો સ્વીકાર કર્યો હતો; પછી ફરી ગયા. ફરી ગયા તે કારણે જબરદસ્તી કરવાની જરૂર પડી. દરેક રાજ્યમાં રાજ સામે બળવો કરનારને મોતની સજા કરવામાં આવે છે. એવી જ રીતે રાજીખુશીથી એક ઇસ્લામ ધર્મ સ્વીકાર્યા પછી ફરી જનારને મોતની સજા હોય છે; જ્યારે પહેલેથી કુફ્ર કરનારને, ખુદાનો ઇનકાર કરનારને મોતની સજા હોતી નથી. આ કારણે ઇસરાઈલીઓ સમક્ષ બે વિકલ્પો હતા, તૌરાતનો સ્વીકાર અથવા મોત. આથી જ પહાડને તેમના ઉપર અધ્ધર રાખવામાં આવ્યો હતો. આ અંગે પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "અને અમે (તૌરાત અનુસાર ચાલવાની) બાંયધરી લેવા માટે તેમના પર પર્વત ઉપાડી રાખ્યો હતો." ૪ : ૧૫૪

"અને (તે સમયને યાદ કરો) જ્યારે અમે તમારી પાસેથી (તૌરાત પ્રમાણે ચાલવાની) બાંયધરી કે વચન લીધું હતું અને અમે તૂર પર્વતને ઉઠાવીને તમારા પર અધ્ધર રાખ્યો હતો. (અને પછી એવું ફરમાન આપ્યું હતું કે) અમે તમને જે કંઈ આપ્યું છે તેને દઢતાપૂર્વક પકડી રાખો તથા તેમાં જે હુકમો અને કાનૂનો છે તેમને લક્ષમાં રાખો અને પાળો કે જેથી તમે પુણ્યશાળી બની શકો." ૨ : ૬૩

"અને (તે સમયને યાદ કરો) જ્યારે અમે પર્વતને ઉઠાવી તેમના ઉપર સાયબાન અર્થાત્ છત્રની માફક અધ્ધર ઊંચકી રાખ્યો હતો. તેમણે તો માની લીધું હતું કે તે તેમના પર તૂટી પડવાનો જ છે. આથી બીકના માર્યા તેમણે (તૌરાતનો સ્વીકાર કરી લીધો ત્યારે અલ્લાહ તઆલાએ તેમને આદેશ આપ્યો કે) અમે તમને જે કંઈ આપીએ છીએ તેને દઢતાપૂર્વક પકડી રાખો તથા તેમાં જે કંઈ છે તેનું મનન કરો (અને તે પ્રમાણે ચાલો) કે જેથી તમે પાપી કૃત્યોથી બચી શકો." ૭ : ૧૭૧

તૌરાતના સ્વીકાર સંબંધી તૌરાતમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે. "પછી મૂસાએ આવીને લોકોને યહોવાહની સર્વ વાતો તથા તેના સર્વ કાનૂનો કહી સંભળાવ્યા, અને બધા લોકોએ એકે અવાજે ઉત્તર આપ્યો : યહોવાહે જે બધી વાતો કહી છે તે અમે પાળીશું......અને તેણે કરારનું પુસ્તક લઈને લોકોના સાંભળતાં વાંચ્યું અને તેઓએ કહ્યું : યહોવાહે જે કહ્યું છે તે બધું અમે કરીશું ને પાળીશું." નિ. પ્ર. ૨૪ : ૩૭

હોરેબ પર્વત અથવા તૂર પર્વતને તેમનાં માથાંઓ પર અધ્ધર રાખવામાં આવ્યો હતો એવું ક્યાંયે તૌરાતમાં નથી, પરંતુ એ પહાડ પર ધુમાડો કરી તેમને ગભરાવી બીવડાવી આ કબૂલાત લીધી હતી એવો ઉલ્લેખ છે. "અને દેવને જાળવવા સારુ મૂસાએ લોકોને છાવણી બહાર કાઢયા: અને તેઓ પર્વતની તળેટીમાં ઊભા રહ્યા અને આખા સિનાય પર્વત ઉપર ધુમાડો થયો. કેમ કે યહોવાહ તે પર અગ્નિ દ્વારા ઊતર્યો, અને તે ધુમાડો ભઠ્ઠીના ધુમાડાની માફક ચઢયો ને આખો પર્વત બહુ કંપ્યો." નિ. પ્ર ૧૯ : ૧૭

તૌરાતના સ્વીકાર સંબંધીનું ઊલટ-સૂલટ બયાન ઉપરોક્ત અવતરણોમાં તમને જોવા મળશે. મૂસા અહ. તખ્તીઓ લઈ પહેલી વેળા એટલે કે ૪૦ દિવસો સુધી એકલા રહ્યા હતા અને વાતો થઈ હતી ત્યારે તૌરાત મળી અને નીચે આવ્યા પછી લોકોને વાંચી સંભળાવી ત્યારે ઇસરાઈલીઓએ તેનો સ્વીકાર કરી લીધો હતો. આથી ઊલટું બયાન નિ. પ્ર. ૧૯ની ૧૬–૧૭ની આયતોમાં થયેલું છે. તેમાં ધુમાડાથી ડરી જઈને તૌરાતનો તેમણે સ્વીકાર કર્યો, એવું બયાન છે. પવિત્ર કુરાનમાં તો આ બાબતનો સ્પષ્ટ ફેંસલો આપવામાં આવેલો તેનું બયાન છે. તેમનાં માથાંઓ પર તૂર પર્વત અધ્ધર રાખ્યો ત્યારે તૂટી પડવાની બીકના માર્યા સ્વીકાર કર્યો હતો એવું કહેવામાં આવ્યું છે.

તૌરાત અને પવિત્ર કુરાનથી એવું સ્પષ્ટ થાય છે કે તેનો સ્વીકાર કરવામાં ઇસરાઈલીઓએ ભારે આડોડાઈ કરી હતી. પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું હતું. તેમણે પોતાની અડોડાઈ ચાલુ જ રાખી. પાછળથી આડોડાઈ કરી તેમાં મનગમતા સુધારાવધારા કર્યા હતા. વખત જતાં તે પોતાની મૂળભૂત હાલતમાં રહ્યું નહીં. અલ્લાહની કિતાબોમાં એટલે કે ઈશ્વરદત્ત પુસ્તકોનો રચયિતા ખુદ અલ્લાહ હોવાથી તેમાં ઊલટ-સૂલટ બયાનો હોઈ શકે જ નહીં. તૌરાતમાં ઊલટ-સૂલટ ઘણાં બયાનો આવે છે તેથી પુરવાર થાય છે કે તેમાં અનેક સુધારાવધારા થયા છે. પવિત્ર કુરાનની નીચેની આયતો એ અંગેનો સૌથી શ્રેષ્ઠ અને સાચો પુરાવો છે.

"અને ત્યાર પછી (એટલે કે વખત જતાં તૌરાતથી) તમે ફરી બેઠા. જો તમારા ઉપર અલ્લાહની મહેરબાની અને દયાભાવના ન હોત તો તમે હાનિ ભોગવનારાઓમાંના થઈ ગયા હોત." ૨ : ૬૪ અલ્લાહની કૃપાના કારણે તેઓ બચી જવા પામ્યા, નહીં તો તેમનો જડમૂળથી નાશ થયો હોત.

"પાયમાલી તે લોકો માટે છે જેઓ પોતાના હાથે એટલે કે જાણી જોઈને કિતાબ લખે છે² (અર્થાત્ તૌરાતમાં સુધારાવધારા કરે છે.) અને પછી કહે છે કે આ કિતાબ અલ્લાહ તરફથી મળેલી છે. (આમ કરવાનું કારણ એ છે કે) જેથી તેને નજીવી કિંમતમાં વેચી શકે. તો ફિટકાર છે તે લખાણ પર જે તેમણે પોતાના હાથે લખ્યું તથા ધિક્કાર છે તેમની આવી કમાણી ઉપર." ૨ : ૭૯

આમ તૌરાત અલ્લાહનું એનાયત થયેલું પુસ્તક હતું, પરંતુ તેમાં અનેક સુધારાવધારા થયા એટલે હાલનું તૌરાતનું પુસ્તક ઈશ્વરદત્ત રહ્યું નથી. પવિત્ર કુરાન તૌરાત માટે સાખ પૂરે છે કે તે અલ્લાહનું પુસ્તક છે પરંતુ હાલના તૌરાત માટે નહીં, મૂળ તૌરાત માટે.

---

૨. છાપખાનાં નહોતાં ત્યારે કિતાબો હાથે લખવામાં આવતી હતી તેથી 'કિતાબ લખે છે' એમ કહેવામાં આવ્યું છે.

---

## પ્રકરણ ૩૩મું

### અરણ્યોમાં ભટકાતા ઇસરાઈલીઓ

સહીસલામતીથી ઇસરાઈલીઓ સૂફ સમુદ્ર ઓળંગી ગયા, અને સામે પાર ભૂમિ પર પહોંચી ગયા ત્યારે પાછું વળીને જોયું તો જણાયું કે ફિરઔન અને તેના સૈનિકો ડૂબતા હતા એટલે તેમની કેવી દશા થાય છે તે જોવા લાગ્યા. તેમના મનમાં ધ્રાસકો પડયા કરતો હતો કે ફિરઔન જીવતો નીકળશે તો તેમનો પીછો પકડયા વિના રહેવાનો નથી અને તેમને મિસરમાં પાછા લઈ જઈ ગુલામી કરાવ્યા વિના જંપવાનો નથી. તેથી તેનું તથા તેના લશ્કરનું શું થાય છે તે જોવા માટે કિનારે તેમણે પડાવ નાંખ્યો. ફિરઔનના એક એક સૈનિકને અને ખુદ ફિરઔનને ડૂબતાં તેમણે નજરોનજર જોયા છતાં તેમને ચેન પડતું ન હતું. ચાર-પાંચ દિવસ પછી ફિરઔનનો મૃતદેહ કિનારે પડેલો તેમણે જોયો ત્યારે તેમના મનમાં હાશ વળી.

પવિત્ર કુરાનમાં તેઓ કયાં કયાં ભટકયા તેની વિગત આપવામાં આવી નથી. એટલું કહેવામાં આવ્યું છે કે, "તેમના માટે તે ભૂમિ ચાલીસ વર્ષ સુધી હરામ કરી દેવામાં આવશે, જેથી તેઓ પૃથ્વી પર ભટકયા કરશે:" ૫ : ૨૬ તેમના માટે તેમના મૂળ વતન કનાનની ભૂમિ શા માટે હરામ

કરી દેવામાં આવી અને તેઓ ચાલીસ વર્ષ જંગલોમાં ભટક્યા કર્યા, તે પ્રસંગનું વર્ણન હવે પછી આવશે. તેઓ ક્યાં ક્યાં ભટક્યા તેનું વર્ણન તૌરાતમાં વિગતે આપવામાં આવેલું છે, તે માટે જુઓ તૌરાતનાં ગણના પ્રકરણો ૯-૧૦-૧૧ અને ૩૩.

તેઓ મિસર દેશમાંથી નીકળીને ત્રીજા માસના તે જ દિવસે સિનાયના અરણ્યમાં[૧] તૂર પર્વતની તળેટીમાં આવેલા 'અલ-રાહ" નામના મેદાનમાં છાવણી કરીને રહ્યા. રામસેસથી અહીં સુધીના તેમના પ્રવાસનો અહેવાલ તથા અહીં "અલ-રાહ"ની છાવણીમાં જે જે બનાવો બન્યા હતા તેનો અહેવાલ પાછલાં પ્રકરણોમાં આવી ગયો છે. આ છાવણીમાં તેઓ લગભગ એક વરસ રહ્યા હતા. ત્યાંથી નીકળ્યા પછી તેમને અરણ્યોમાં ભટકવાનું થાય છે.

તૌરાતમાં તેમની કૂચ માટે કહેવામાં આવ્યું છે કે, આ અલ-રાહની છાવણીમાં તેમણે વેદીવાળો સાક્ષ્યમંડપ ઊભો કર્યો હતો. આ મંડપ ઉપર મેઘસ્તંભ દિવસે મેઘરૂપે અને રાત્રે અગ્નિરૂપે રહેતો હતો, "અને જ્યારે મંડપ ઉપરથી મેઘ ઊપડી જતો, ત્યારે ઇસરાઈલ-પુત્રો ચાલતા; અને જે જગામાં મેઘ થોભતો, તે જગાએ ઇસરાઈલ-પુત્રો છાવણી કરતા. મંડપ પર મેઘ થોભતો ત્યાં સુધી તેઓ છાવણીમાં રહેતા...ગમે તો બે દહાડા કે એક માસ, કે એક વર્ષ પર્યંત મેઘ મંડપ પર થોભી રહેતો તો ઇસરાઈલ પુત્રો છાવણીમાં રહેતા ને આગળ ચાલતા નહિ, પણ જ્યારે તે ઉપડતો, ત્યારે તેઓ ચાલતા." ગણના પ્રકરણ-૯

મિસર દેશમાંથી આવ્યા પછી બીજા વર્ષના બીજા માસને વીસમે દિવસે મેઘ અલ-રાહની છાવણીથી ઊપડ્યો અને તેઓ સિનાયના અરણ્યમાંથી પોતાની મજલ પર ચાલી નીકળ્યા અને પારાનના અરણ્યમાં મેઘ થોભ્યો. અને તેઓએ પ્રથમ મૂસાની હસ્તક અપાયેલી યહોવાહની આજ્ઞા પ્રમાણે પોતાની કૂચ કરી." ગ. પ્ર. ૧૦ : ૧૧થી ૧૩

આ છાવણીથી ત્રણ મજલ જેટલું ચાલ્યા ત્યારે પારાનના[૨] અરણ્યમાં મેઘ થોભ્યો. ત્યાં તેમણે પ્રથમ છાવણી કરી. આ કૂચ કરી તેથી મૂસા અલૈ. વિરુદ્ધ, તેઓ કચકચ કરતા હતા તેવામાં છાવણીના સૌથી દૂરના

---

૧. નિર્ગમન, પ્રકરણ ૧૯ : ૧.

૨. પારાનનું અરબી રૂપાંતર ફારાન છે અને ખરેખર મક્કાની આજુબાજુના અરણ્યને જ આ અરણ્ય કહે છે, જુઓ કુરાનિક કહાણીઓ ભા. ૩-પૃ-૫૭૭.

છેડા પર આગ લાગી ગઈ અને તેથી ઘણી ઘરવખરી બળી ગઈ. જ્યારે મૂસા અલૈ.એ પ્રાર્થના કરી ત્યારે અગ્નિ હોલવાઈ ગયો અને તે જગાનું નામ તાબએરાહ પાડયું, ગ. પ્ર. ૧૧ : ૧-૨

વળી અહીં કે ત્યાર પછીના પડાવમાં તેઓ અયોગ્ય વાસના કરવા લાગ્યા અને પાછી મૂસા અલૈ. વિરુદ્ધ કચકચ કરી મૂકી. વળી રડતાં રડતાં તેઓ મૂસા અલૈ.ને કહેવા લાગ્યા, "અમને ખાવાને માંસ કોણ આપશે? જે માછલી અમે મિસરમાં મફત ખાતા હતા તે અમને યાદ આવે છે; વળી કાકડી તથા તડબૂચાં તથા ડુંગળી તથા લસણ પણ યાદ આવે છે. પરંતુ અમારો જીવ સુકાઈ ગયો છે. અહીં મન્ના સિવાય બીજું કંઈ અમારી નજરે પડતું નથી. ગ. પ્ર. ૧૧ : ૪ થી ૬ આમ લગભગ ૧૦-૧૨ માસ મન્ના-સલ્વા દરરોજ ખાવાથી તેઓ કંટાળી ગયા. ઝાડપાન ન હોય તેવા અરણ્યમાં આવો ઉત્તમ ખોરાક વિનામહેનતે મળતો હતો છતાં તેઓ આભાર માનવાને બદલે બબડાટ કરતા હતા. આથી મૂસા અલૈ.એ અલ્લાહ પાસે દુઆ માંગી ત્યારે "પવન નીકળ્યો, જે સમુદ્ર તરફથી લાવરીઓ (સલ્વા પક્ષીઓ) ઘસડી લાવ્યો, અને છાવણીની પાસે આ બાજુએ એક દિવસની મજલ સુધી તથા બીજી બાજુએ પણ એક દિવસની મજલ સુધી તેઓને છાવણીની આસપાસ નાખી. ને જમીનથી આશરે બે હાથ તેઓ ઊંચે ઊડતી હતી......તેમનું માંસ હજી તો તેઓનાં મોમાં હતું, ને ચવાયું પણ ન હતું, એટલામાં તે લોકો પર યહોવાહનો કોપ સળગી ઊઠયો ને લોકોને યહોવાહે મોટી મરકીથી માર્યા. અને તે જગાનું નામ કિબ્રોથ-હાત્તાવાહ પડયું. કેમ કે જે લોકોએ અયોગ્ય વાસના કરી હતી તેઓને તેઓએ ત્યાં દાટયા." ગ. પ્ર ૧૧ : ૩૧

તૌરાતમાં ઉપર પ્રમાણેનો અહેવાલ આપવામાં આવ્યો છે. પવિત્ર કુરાનમાં પણ આ પ્રસંગનો ઉલ્લેખ કરવામાં આવેલો છે, તેમાં આવે છે કે, "એ પ્રસંગને યાદ કરો જ્યારે તમે (ઇસરાઇલિ-લોકોએ) કહ્યું હતું કે હે મૂસા! અમને એક જ પ્રકારનું મન્ના-સલ્વાનું ખાણું મળે છે તેનાથી અમને સંતોષ વસતો નથી. એ કારણે તું તારા પરવરદિગાર પાસે દુઆ માંગ કે જમીનમાંથી ઊગે છે તેવી વસ્તુઓ, જેવી કે શાકભાજી, કાકડી, ઘઉં, મસૂર, ડુંગળી વગેરે વગેરે અમને મળતી રહે. મૂસાએ (જવાબમાં) કહ્યું, "શું તમે ઉત્તમ વસ્તુઓના બદલે સામાન્ય વસ્તુઓ માંગી રહ્યા છો? જો તમારી એવી જ ઇચ્છા હોય તો પાસેના કોઈક શહેરમાં ઊતરી પડો. તમે જે વસ્તુઓ માંગો છો તે વસ્તુઓ ત્યાં તમને મળી જશે. આથી તેઓ

અલ્લાહના કોપને પાત્ર કર્યા." ૨ : ૬૧ આમ તેમણે અલ્લાહની અવજ્ઞા કરી અને તેની નિમકહરામી કરી એટલે તેઓ અલ્લાહના કોપને યોગ્ય ઠર્યા, પરંતુ કયો કોપ, કંઈ આપત્તિ અથવા કયો અઝાબ તેમના પર આવી પડયો તેનો ઉલ્લેખ આ આયતમાં કે અન્ય કોઈ જગાએ પવિત્ર કુરાનમાં નથી. આથી તૌરાતમાં કહ્યું છે તેમ જે લોકો અયોગ્ય વાસના કરનારા હતા તેઓ મોટી મરકી કે કોલેરામાં મરણ પામ્યા હશે, એવું માનવામાં વાંધો જણાતો નથી.

ત્યાર પછી " કિબ્રોથ–હાત્તાવાહથી નીકળીને હસેરોથ ગયા; અને તેઓ હસેરોથમાં રહ્યા." ગ. પ્ર. ૧૧ : ૧૫ અહીં મૂસા અલૈ.એ એક કુશી સ્ત્રી સાથે લગ્ન કર્યું તેથી હારૂન અલૈ.ને મનદુઃખ થયું, પરંતુ તેમનાં બહેન મરિયમે આ લગ્નનો સખત વિરોધ કર્યો, પરિણામે પ્રાયશ્ચિત્તરૂપે સાત દિવસ સુધી તેણીને છાવણી બહાર એકલાં રહેવું પડયું. આ પ્રસંગથી હસેરોથ ખ્યાતિ પામ્યું.

"અને પછી હસેરોથથી નીકળીને પારાનના અરણ્યમાં છાવણી કરી." આ અરણ્યમાં તેમણે ૧૮ જગાએ પડાવ નાખ્યા હતા. કયાં કયાં પડાવ નાખ્યા હતા તે જાણવા માટે તૌરાત, ગણના પ્રકરણ ૩૩ની ૧૮થી ૩૬ સુધીની આયતો જુઓ. છેવટે સીનના અરણ્યમાં આવેલા કાદેશ નામના સ્થળે તેમણે છાવણી નાંખી. અહીંથી પેલેસ્ટાઈનની પવિત્ર ભૂમિમાં આવેલા ઍલિયા અને અરીહાનો પ્રદેશ ઘણો પાસે પડતો હતો. આ પ્રદેશ જિહાદ કરીને અથવા લડીને લેવાનો વાયદો ખુદાવંદે આપ્યો હતો. તેની પરિસ્થિતિ જાણવા માટે કાદેશથી ૧૨ આગેવાન માણસોનું જાસૂસી મંડળ મોકલવામાં આવ્યું હતું. આ જાસૂસી મંડળે આવીને ઘણા જ માઠા અને ભયંકર બિહામણા સમાચાર ઇસરાઇલિ કોમની આખી જમાતને આપ્યા, તેથી તેમણે જિહાદ કરવા સ્પષ્ટ ના પાડી દીધી. તેમને ખાતરી આપવામાં આવી હતી કે લડાઈમાં તેમની જીત થવાની છે : છતાં તેમણે લડવા ના પાડી દીધી. ઊલટું કહી દીધું કે હે મૂસા ! તું અને તારો પરવરદિગાર જિહાદ કરો : અમે તો બેઠા રહીશું. અલ્લાહના હુકમની અવગણના કરવાના કારણે અલ્લાહે તે પેઢીના લોકો માટે કનાનની પવિત્ર ભૂમિ હરામ કરી દીધી અને ૪૦ વરસ સુધી તેમને અરણ્યોમાં ભટકતા કરી મૂકયા. આ બનાવનું વર્ણન હવે પછીના ૭૫મા પ્રકરણમાં વિગતે આપવામાં આવેલું છે.

એ તો તમે જોઈ ગયા કે તૂર પર્વતની તળેટીમાંથી ઇસરાઇલિ–લોકો

બીજા વરસના બીજા માસને વીસમે દિવસે નીકળ્યા હતા અને પારાનના અરણ્યોમાં આવ્યા હતા. અહીં તેઓ એક વરસ સુધી ભટકતા રહ્યા એ હકીકતથી પુરવાર થાય છે કે પારાનના અરણ્યમાંથી "પહેલે માસે ઇસરાઇલ પુત્રોની આખી જમાત સીનના અરણ્યમાં આવી, અને લોકો કાદેશમાં રહ્યા. અને ત્યાં મરિયમ મરી ગઈ, ને ત્યાં તેને દાટવામાં આવી. "ગ. પ્ર. ૨૦ : ૧ આમ મરિયમના મરણનો બીજો પ્રસંગ દેશમાં બની ગયો.

વળી કાદેશમાં ત્રીજો પ્રસંગ પાણી અંગે તકરારનો બની ગયો. ત્યાં પાણી નો'તું તેથી ઇસરાઇલ લોકોએ મૂસા અલૈ. સાથે તકરાર કરી, અને કહેવા લાગ્યા, "આ ખરાબ જગામાં અમને લાવવાને તેં અમને મિસરમાંથી કેમ કાઢી આણ્યા છે? આ તો કંઈ દાણાની કે અંજીરોની કે દ્રાક્ષની કે દાડમોની જગા નથી. તેમજ પીવાનું પાણી પણ બિલકુલ નથી. "ગ. પ્ર. ૨૦ : ૪ 'આથી મૂસા અલૈ.એ પોતાના હાથ ઉપાડીને ખડકને અથવા પથ્થરની છાટને બે વાર પોતાની લાકડી મારી ને પાણી પુષ્કળ ફૂટી નીકળ્યું, ને લોકોએ તથા તેઓનાં ઢોરોએ પીધું." ગ. પ્ર. ૨૦ : ૧૧ રફીદીમમાં તેઓ હતા ત્યારે ત્યાં પાણી નો'તું. આવી રીતે પથ્થરની છાટને મૂસા અલૈ.એ લાકડી મારી હતી તેથી પાણીના ૧૨ ઝરા ફૂટી નીકળ્યા હતા. આ મોજિઝો–આશ્ચર્યકૃત્ય–તેમણે જોયું હતું છતાં તકરાર કરી બેઠા અને તેમાં મૂસા અલૈ.નો જ વાંક કાઢવા લાગ્યા હતા કે શા માટે મિસરમાંથી તેમને કાઢી લાવ્યો? ભલું આખી જમાતનું થતું હતું અને વાંક મૂસા અલૈ.નો. તેમણે અલ્લાહ પર ભરોસો કર્યો જ નહીં, તેમજ ધીરજ પણ ધરી નહીં, તેથી એ પેઢીના લોકોને કનાનની પવિત્ર ભૂમિમાં ન લઈ જવાનું ફરમાન અલ્લાહે આપી દીધું; જેનો પુરાવો તૌરાતમાંથી મળે છે. તેમાં આ અંગે આવે છે કે," જે દેશ મેં આ મંડળીને આપ્યો છે, તેમાં તમે તેઓને પહોંચાડશો નહિ." ગ. પ્ર. ૨૦ : ૧૨

અહીં કાદેશમાં ચોથો પ્રસંગ એવો બન્યો કે મૂસા અલૈ.એ અદોમના રાજાની સીમમાંથી પસાર થવાની પરવાનગી માગવા માણસો મોકલ્યા. અદોમીઓ યાકુબ અલૈ. ના વડીલ બંધુ એસાવના વંશજો હતા. એટલે અદોમીઓ અને ઇસરાઈલીઓ પિતરાઈઓ થતા હતા.[3] તેની સીમમાંથી થઈને ઇસરાઈલીઓ કનાન જવા માંગતા હશે, પરંતુ "અદોમે તેમને પોતાની સીમમાં થઈને જવા દેવા ના પાડી, માટે તેઓ તેની પાસેથી બીજી તરફ વળ્યા." ગ. પ્ર. ૨૦ : ૨૧

૩. જુઓ કુરાનિક કહાણીઓ ભાગ–૩ પૃ. ૬૧૧.

આથી તેમની આખી જમાત કાદેશથી નીકળીને હોર પર્વત પાસે આવી. અહીં વહી મારફત મળેલા સમાચાર પ્રમાણે હારૂન અલૈ. અને તેમના પુત્ર એલઆઝારને લઈ મૂસા અલૈ. આખી જમાતના દેખતાં હોર પર્વત પર ચઢ્યા અને અહીં હારૂન અલૈ.નાં કપડાં તેમના પુત્ર એલઆઝારને પહેરાવી તેને મુખ્ય યાજકપદ આપવામાં આવ્યું.[૪] ઈસરાઈલ–પુત્રો મિસર દેશમાંથી નીકળ્યા ત્યાર પછી ચાળીસમાં વર્ષના પાંચમા માસને પહેલે દિવસે તે ત્યાં મરણ પામ્યો. અને હારૂન હોર પર્વત પર મરણ પામ્યો ત્યારે તે એકસોને ત્રેવીસ વર્ષનો હતો." ગ. પ્ર. ૩૩ : ૩૮–૩૯

તેઓ હોર પર્વતથી સૂફ સમુદ્રને માર્ગે, અદોમ દેશની હદની બહાર રહીને ચકરાવો ખાઈને ચાલ્યા ત્યારે કનાની રાજા અરાદને ખબર મળી કે ઈસરાઈલીઓ તેના દેશ તરફ આવી રહ્યા છે, તેથી તેણે તેમની સાથે લડાઈ કરી. પરંતુ તેમાં તે હારી ગયો એટલે ઇસરાઇલીઓએ તેમનો તથા તેમનાં નગરોનો નાશ કર્યો.[૫]

હોર પર્વતથી નીકળીને તેમણે સાલ્મોના અને પૂનાનમાં પડાવ નાંખ્યા. આ રસ્તો ઘણો લાંબો હતો તેથી તેઓ અધીરા બની ગયા અને મૂસા અલૈ. સાથે ઝઘડો કરવા લાગ્યા. "આ અરણ્યમાં મરી જવા માટે મિસરમાંથી કેમ કાઢી લાવ્યા છો? અહીં અન્ન નથી ને પાણી પણ નથી ને અમારો જીવ આ હલકા અન્નથી કંટાળી ગયો છે." આથી શિક્ષારૂપે આગિયા સર્પનો ઉપદ્રવ ફાટી નીકળ્યો ને ઘણા લોકો તેમના કરડવાથી મરણ પામ્યા. મૂસા અલૈ.એ દુઆ માંગી તેથી હુકમ મળ્યો કે, "તું એક આગિયો સર્પ બતાવ ને એક ઝાડ પર મૂક, "મૂસાએ પિત્તળનો સર્પ બનાવીને તેને એક ઝાડ પર મૂક્યો." જેને સર્પ કરડ્યો હોય તે આ સર્પને જોતો એટલે તે જીવતો રહેતો.

પછી આગળ ચાલ્યા ત્યારે અમોરીઓના રાજા સીહોન પોતાના સર્વ લોકોને એકઠા કરીને ઇસરાઇલીઓ અને સામે ગયો પરંતુ તે લડાઈમાં માર્યો ગયા તેથી અમોરીઓના દેશમાં કેટલાક ઇસરાઇલીઓ વસી ગયા. ત્યાર પછી તેમને બાશાનના રાજા ઓગ સાથે લડાઈ થઈ. તેમાં તેઓ જીત્યા અને બાશાનના રાજાનો આખો દેશ કબજે કરી લીધો.

---

૪. ગણના પ્ર. ૨૦ : ૨૬–૨૯ પરથી સૂચિત.

૫. ગણના પ્ર. ૨૧ પરથી સૂચિત.

ત્યાર પછી "ઇસરાઈલ–પુત્રો આગળ ચાલ્યા, ને ચારેક જગાએ છાવણી કરતા કરતા, મોઆબના મેદાનમાં આવી પહોંચ્યા. આ મેદાનમાં યરદનને પેલે પાર યરેખોની પાસે તેમણે છાવણી કરી. તે સમયે સિપ્પોરનો દીકરો બાલાક મોઆબનો રાજા હતો. ઇસરાઇલની જનસંખ્યા અને તેમની શક્તિ જોઈ તે ખૂબ ડરી ગયો. તેમને શાપ કે બદદુઆ અપાવી જીત મેળવવાની ગોઠવણ કરવા લાગ્યો. તે માટે તે સમયના બલઆમ બિન બેઓર નામના એક મહાન સંત કે મહંત પાસે, તેને તેડી લાવવા, પોતાના સરદારો મોકલ્યા. આ સંત "ઇસ્મે આજમ"૬ અર્થાત્ અલ્લાહનું સૌથી ઉચ્ચતમ નામ જાણતો હતો. તે નામની મદદથી તેણે જાણી લીધું કે જવા જેવું નથી. કારણ પયગંબરો વિરુદ્ધની બ–દુઆ ફળતી નથી, એટલે તેણે સરદારોને કહ્યું,

"તમારા દેશમાં પાછા જાઓ, કેમ કે મને તમારી સાથે આવવાને યહોવાહ ના કહે છે."

"આથી ફરીથી બાલાકે તેઓના કરતાં વધારે તથા વિશેષ માનીતા સરદારોને, તેને તેડી લાવવા, મોકલ્યા. તેમણે ઘણો આગ્રહ કર્યો, ત્યારે યહોવાહે તેને કહ્યું, જો તે માણસો તને લઈ જવા આગ્રહ કરતા હોય તો તેઓની સાથે જા તોપણ જે વાત હું તને કહું તે જ તારે કરવી. તેથી તે ગધેડી પર જીન બાંધીને મોઆબના સરદારોની સાથે ગયો. રસ્તામાં એક ફરિશ્તાને તલવાર હાથમાં લઈ ઊભેલો ગધેડીએ જોયો, તેથી તે મરડાઈ ને ખેતરનાં ચાલી ગઈ. તેથી બલઆમે તેને માર મારીને રસ્તે પાડી. પછી બંને બાજુ ભેખડો હતી એવો રસ્તો આવ્યો. અહીં પણ ગધેડીએ પેલા ફરિશ્તાને રસ્તામાં ઊભેલો જોયો. આથી તે ભેખડ સાથે દબાઈને ચાલી. જેથી બલરામનો પગ ભેખડ સાથે ભચડાયો. બલઆમે ફરીથી તેને મારી, આગળ જતાં સાંકડું નેળિયું આવ્યું. ત્યાં વળી પાછો પેલા ફરિશ્તાને તલવાર લઈ ઊભેલો જોયો. અહીં જમણે કે ડાબે હાથે મરડાવાનો માર્ગ નો'તો જેથી ગધેડી ત્યાં જ બેસી ગઈ. આ વેળા બલઆમે લાકડીથી તેને ખૂબ પીટવા માંડી એટલે કુદરતી તેને વાચા આવી અને કહેવા લાગી :

"મેં તને શું કર્યું કે તેં મને ત્રણ વાર મારી?"

બલરામે કહ્યું, "તેં મારી મશ્કરી જેવું કર્યું માટે."

ગધેડી કહેવા લાગી : "તે શું હું તારી ગધેડી નથી, કે જેના પર તેં તારા આખા જન્મારાભર આજ સુધી સવારી કરી છે? તને એમ

૬. ઇસ્મે આઝમ.

કરવાની કોઈ દહાડે મને ટેવ હતી ?"

તેણે કહ્યું, "ના."[૭]

આ વેળા બલઆમે ફરિશ્તાને હાથમાં તલવાર લઈ ઊભેલો જોયો. પોતાની ભૂલ માટે તેણે ફરિશ્તાની માફી માગી. ફરિશ્તો ચાલતો થયો, પરંતુ કહેતો ગયો, કે "આ માણસો સાથે ભલે જા, પણ જે વાત હું તને કહું તે જ તારે કહેવી."

બલઆમ આવી રહ્યો છે એમ જાણી બાલાકે તેને લેવા સામે માણસો મોકલ્યા. પછી કિર્યાથ નામની જગાએ બધા ભેગા થયા. અહીં રાજાએ ૭ વેદી બાંધી ને તેમના પર ૭–૭ કુરબાનીઓ ગોધાઓની અને ઘેટાંઓની કરીને બલઆમને કહેવા લાગ્યો :

"મારે સારુ યાકૂબને શાપ દે."

"ને આવ, ઇસરાઈલને તુચ્છકાર."

પરંતુ બલઆમના મોંમાંથી શબ્દો સરી પડ્યા, "જેને દેવે શાપ દીધો નથી તેને હું શાપ કેમ દઉં ? તેની ઓલાદ એટલી વધે કે ઇસરાઈલના ચતુર્થાંશની પણ ગણતરી થઈ શકે નહીં."

બીજી વેળા સોફીમ નામના ગામની સીમમાં ૭ વેદીઓ બંધાવીને ૭–૭ કુરબાનીઓ કરાવી, પછી બાલાકે શાપ આપવા બલઆમને કહ્યું, ત્યારે તેના મોંમાંથી કહેવાઈ ગયું કે "યાકુબ પર કોઈ મંત્ર ચાલે નહીં અને ઇસરાઈલ–લોકોને કોઈ કદુઆ લાગે નહીં. તેઓ સિંહની જેમ શિકાર ખાતા રહેશે."

ત્રીજી વેળા યજ્ઞ–યાગાદિ કર્યા વિના બલઆમ શાપ આપવા ગયો ત્યારે તેનાથી કહેવાઈ ગયું કે :

"તેનો રાજા અગાગના કરતાં મોટો થશે,"

"અને તેનું રાજ્ય પ્રતાપી રાજ્ય થશે."

આથી બાલાકે બલઆમને કહ્યું, "મેં મારા શત્રુઓને શાપ દેવાને તને બોલાવ્યો, અને જો, તેં આ ત્રણ વાર તેઓને નર્યો આશીર્વાદ જ દીધો છે, તો હવે તું તારે પોતાને ઠેકાણે ચાલ્યો જા...પછી બલઆમ ઊઠીને ચાલ્યો ગયો ને બાલાક પણ પોતાને રસ્તે પડ્યો." ગ. પ્ર. ૨૪ : ૧૦ અને ૨૪

હવે મોઆબીઓ ઇસરાઈલીઓને ભ્રષ્ટ કરવા યુક્તિઓ કરવા લાગ્યા. તેઓ જ્યારે સિટ્ટીમમાં છાવણી નાંખી પડયા હતા ત્યારે તેમની છાવણીમાં

૭. તૌરાત–ગણના. પ્રકરણ ૨૨ પરથી.

મોઆબીઓ પોતાની સુંદર અને યુવાન દીકરીઓ મોકલવા લાગ્યા. એથી ઇસરાઈલી–યુવાનો તેમની સાથે વ્યભિચારમાં પડી ગયા. પછી તો છોકરીઓ "પોતાના દેવોના યજ્ઞોને પ્રસંગે ઇસરાઇલિ–લોકોને નોતરવા લાગી. તેમાં તેઓ જતા અને આરતી કે ભજનોમાં ભાગ લેતા તથા તેમનો પ્રસાદ પણ ખાતા: પરિણામે તેઓમાંના કેટલાયે મોઆબીઓનાં બઆલ–પેઓરના પંથમાં ભળી ગયા. હવે તેઓ તૌહીદ–પરસ્તીને છોડી દઈ મૂર્તિપૂજા કરવા લાગ્યા. આથી તથા મોઆબીઓનો કેટલોક પ્રદેશ લૂતપુત્રોને વતન તરીકે આપ્યો હતો તેથી,[૮] મોઆબ જીતી લેવાની વાત પડતી મુકાઈ; પરંતુ ઇસરાઈલીઓના ન્યાયાધીશોએ ભ્રષ્ટ થયેલા ઇસરાઈલીઓને ફાંસીને માંચડે લટકાવી દીધા.

મોઆબની પાસે આવેલા મધ્યન દેશના લોકોને એવો ડર લાગ્યા કરતો હતો કે ઇસરાઈલીઓ જો તેમના દેશ તરફ વળશે તો તેમનો દેશ જીતી લેશે અથવા તેમને હેરાન કરી મૂકશે તેથી ભ્રષ્ટ કરવાના મોઆબીઓના કાર્યમાં મધ્યનના લોકો પણ સાથ આપતા હતા. એવામાં એક મહત્ત્વનો પ્રસંગ બની ગયો. ઇસરાઈલના સિમઓની કુટુંબના વડાનો દીકરો ઝિમ્રીનો મધ્યની લોકોના વડાની પુત્રી કોઝબી સાથે સંબંધ બંધાઈ ગયો. આ ઝિમ્રીએ કોઝબીને લઈ ઇસરાઈલીઓના મુલાકાત–મંડપને ભ્રષ્ટ કરી નાંખ્યો. આથી યહોવાહે મૂસાને કહ્યું, "મિદ્યાનીઓને હેરાન કરો ને તેઓને મારો: કેમ કે તેઓ તેમની કુયુક્તિઓથી તમને હેરાન કરે છે." ગ. પ્ર. ૨૫:૧૬ આથી "ઇસરાઈલીઓએ મિદ્યાનીઓની સામે લડાઈ કરી; અને તેઓએ સર્વ પુરુષોને મારી નાખ્યા. તે ઉપરાંત તેઓએ પાંચ મિદ્યાની રાજાઓને મારી નાખ્યા; વળી તેઓએ બેઓરના દીકરા બલઆમને તલવારથી મારી નાંખ્યો, અને ઇસરાએલ–પુત્રોએ મિદ્યાનની સ્ત્રીઓને તથા તેઓનાં છોકરાંઓને પકડી લીધાં; અને તેઓનાં સર્વ ઢોર, ને તેઓનાં સર્વ ઘેટાં–બકરાં, ને તેઓની માલમિલકત લૂટી લીધાં." ગ. પ્ર. ૩૧:૭ આ લૂંટમાં તેમને ૬,૭૫૦૦૦ ઘેટાં–બકરાં, ૭૨૦૦૦ ઢોર, ૩૨૦૦૦ ગધેડાં, ૧૬૦૦૦ પુરુષો અને ૩૨૦૦૦ કન્યાઓ મળી હતી. આથીઆ મિદ્યાની પ્રજા નષ્ટ થઈ ગઈ. તે પ્રજાનું નામનિશાન પણ ન રહ્યું. ઇતિહાસના પાનેથી તેનું નામ ભૂંસાઈ ગયું. ફક્ત મધ્યન શહેર બાકી રહી ગયું.

અને યહોવાહે મૂસાને કહ્યું, "ઇસરાઇલ–પુત્રોનો બદલો મિદ્યાનીઓ

---

૮–પુનર્નિયમ: પ્ર. ૨:૯.

પાસેથી લે: પછી તું તારા લોકમાં મળી જઈશ." ગ. પ્ર. ૩૧:૧ તૌરાતના આ કથનમાંથી મૂસા અલૈ.ને પોતાના મરણનો અણસારો મળી ગયો; એટલે મધ્યનના લોકોનો નાશ કર્યા પછી પોતે જીતેલાં સીહોન અને ઓગનાં રાજ્યોની સીમોની કે પ્રદેશોની વહેંચણી જાતે ઇસરાઈલીઓના અઢી કુળોમાં કરી આપી. આ અંગે તૌરાતમાં કહેવામાં આવેલું છે કે, "અને મૂસાએ તેઓને, એટલે ગાદના પુત્રોને તથા રેઉબેનના પુત્રોને તથા યુસુફના દીકરા મનાશ્શહેના અડધા કુળને, અમોરીઓના રાજા સીહોનનું રાજ્ય તથા બાશાનના રાજા ઓગનું રાજ્ય, એટલે એ દેશ, તેનાં નગરો અને તેઓની સીમો સુધ્ધાં, હા, તે દેશની ચોમેરનાં સર્વ નગરો આપ્યાં." "આમ બે કુળોને તથા અડધા કુળને તેઓનો વારસો યરદન પાર યરેખો આગળ પૂર્વ તરફ મળી ચૂક્યો છે." બાકીનાં નવ કુળોને તથા અડધા કુળને ચિઠ્ઠીઓ નાંખીને વારસો વહેંચી લેવાની આજ્ઞા મૂસા અલૈ.એ આપી હતી, તે અંગે તેમણે આમ કહ્યું હતું કે: "જ્યારે તમે કનાન દેશમાં પહોંચો ત્યારે ચિઠ્ઠીઓ નાંખીને તમારાં કુટુંબો પ્રમાણે દેશનો વારસો વહેંચી લેજો, જે કુળમાં વિશેષ માણસો હોય તેને તે પ્રમાણમાં વિશેષ વારસો આપવો, ને જેમાં થોડા માણસો હોય તેમને તમારે થોડો વારસો આપવો. ચિઠ્ઠીઓ નાખીને જ્યાં જેનો ભાગ આવે ત્યાં જ તેને મળે. તમારા પિતૃઓનાં કુળો પ્રમાણે વારસો મળે." ગ. પ્ર. ૩૩:૫૪ વળી વારસો વહેંચી આપવા મુખ્ય યાજક એટલે કે મુખ્ય પુરોહિત એલઆઝર, નૂનના પુત્ર યહોશુઆ અને પ્રત્યેક કુટુંબમાંથી એક અધિપતિની નિયુક્તિ કરી હતી. ગ. પ્ર. ૩૪:૧૬

"ત્યાર બાદ મોઆબ દેશમાં, યહોવાહના વચન પ્રમાણે, યહોવાહનો સેવક, મૂસા મરી ગયો, અને મોઆબ દેશના નીચાણમાં તેણે બેથ-પેઓરની સામે તેને દાટ્યો: પણ આજ સુધી કોઈ માણસ તેની કબર વિષે જાણતું નથી. અને મૂસા મરણ પામ્યો ત્યારે તે એકસો ને વીસ વર્ષનો હતો; તેની આંખ ઝાંખી પડી નહોતી, ને તેના અંગનું કૌવત ઘટ્યું નહોતું." પુનર્નિયમ પ્ર. ૩૪:૪થી ૭ કેટલાક મુસ્લિમ ઉલેમાઓનો એવો મત છે કે મૂસા અલૈ.નું મરણ ૧૫૦ વર્ષની વયે થયું હતું.[૯] તૌરાતને આ બાબતમાં માન્ય રાખવી ઘટે. એમનું આયુષ્ય ૧૨૦ વર્ષનું માની લઈ આ પુસ્તકમાં આગળનાં પ્રકરણોમાં ઇસરાઈલીઓના આગમન અને નિર્ગમનનાં વરસો આપણે શોધ્યાં છે.

---

૯. કસસુલ અંબિયા-ઉર્દૂ-પૃ. ૧૫૯.

## પ્રકરણ ૩૪મું

## મૂસા અલૈ.નું આખરી પ્રવચન

[ આ પ્રવચન તૌરાતના પુસ્તક પુનર્નિયમમાં લંબાણપૂર્વક આપવામાં આવેલું છે, જેથી તેનો સારભાગ અહીં લેવામાં આવ્યો છે. ]

મોઆબ દેશના મેદાનમાં યરદન નદીને કાંઠે છાવણી નાંખીને ઇસરાઇલ-લોકો પડયા હતા ત્યારે તે સર્વ લોકોને બોલાવીને મૂસા અલૈ.એ પ્રવચન કરતાં કહ્યું :

" હું આજે એકસો વીસ વર્ષની ઉમંરનો થયો છું અને હવે હું બહાર કે માંહે આવજા કરી શકતો નથી : અને યહોવાહે મને કહ્યું છે કે તું આ યરદનને પાર જવા પામશે નહીં." પુન. : પ્ર-૩૧ : ૨ એટલે મારા મરણના દિવસો પાસે આવ્યા છે એમ તમને લાગ્યા વિના રહેશે નહીં. આ ઉપરાંત સ્પષ્ટ શબ્દોમાં યહોવાહે મને કહ્યું છે કે હું નિશ્ચે આ દેશમાં જ (મોઆબ દેશમાં) મરવાનો છું. હું યરદન પાર ઉતરવા પામવાનો નથી : પણ તમે તો પેલી પાર જશો. ને એ ઉત્તમ દેશનું વતન પ્રાપ્ત કરશો." પુન : પ્ર. ૪ : ૨૨ તમે જે ઉત્તમ દેશનું વતન પ્રાપ્ત કરશો તેનાં દર્શન ખુદાવંદે મને કરાવી દીધાં છે. તે માટે તેણે મને કહ્યું કે "આ અબારીમ પર્વત પર ચઢ ને જે દેશ મેં ઇસરાઇલ-પુત્રોને આપ્યો છે તે જો. અને જેમ હારૂન તારો ભાઇ મળી ગયો, તેમ તું પણ તે જોઇને તારા પૂર્વજોની સાથે મળી જઇશ." ગણના પ્ર. ૨૭ : ૨૨ એટલે "જ્યારે હું મોઆબના નીચાણના નબો પર્વતનું પિસ્ગાહ નામનું જે શિખર, જે યરેખોની સામે છે, તે પર ચઢયો ત્યારે એ પ્રદેશ તેણે મને નજરોનજર દેખાડયો." પુન. : પ્ર. ૩૪ : ૧

" આથી તમે સમજી ગયા હશો કે, મારો અંતઃકાળ ઘણો પાસે આવી ગયો છે, એથી આજે, હું "તમને વિધિઓ અને કાનૂનો સંભળાવું છું, તે સાંભળો કે તમે તે શીખો તથા તે પાળીને તેમનો અમલ કરો." પુન. : પ્ર. ૫ : ૧

"માટે હવે હે ઇસરાઇલ ! જે વિધિઓ તથા કાનૂનો હું તમને શીખવું તે પર લક્ષ દઇને તેમનો અમલ કરો, એ સારુ કે તમે જીવતા રહો, ને જે દેશ તમારા પિતૃઓનો દેવ તમને આપે છે તેમાં તમે પ્રવેશ કરીને વતન પામો.[1] જે વચન હું તમને ફરમાવું છું તેમાં તમારે કંઇ ઉમેરો કરવો

---

૧. કનાન અથવા સીરિયાની પવિત્ર ભૂમિ ઇસરાઇલીઓને આપવાનો વાયદો અલ્લાહ તઆલાએ આપ્યો હતો તેનો ઉલ્લેખ પવિત્ર કુરાનની આયત ૫ : ૨૧માં પણ થયેલો છે.

નહીં, તેમ જ તેમાં કંઈ ઘટાડો કરવો નહિ.૨ એ માટે કે યહોવાહ તમારા દેવની જે આજ્ઞાઓ હું તમને ફરમાવું તે તમે પાળો." પુન. : પ્ર. ૪ : ૧

"મેં તમારી આગળ જીવન તથા ભલું, ને મરણ તથા ભૂંડું મૂક્યાં છે; તે એ કે આજે હું તમને યહોવાહ તારા દેવ પર પ્રેમ રાખવાની, તેની વિધિઓ તથા તેના કાનૂનો પાળવાની આજ્ઞા આપું છું કે તું જીવતો રહે ને તારી વૃદ્ધિ થાય." પુન. : પ્ર. ૩૦ : ૧૫-૧૬

"હું આજ આકાશને તથા પૃથ્વીને તમારી સમક્ષ સાક્ષી રાખું છું કે મેં આજે તારી આગળ જીવન અને મરણ, આશીર્વાદ અને શાપ મૂક્યાં છે : માટે જીવન પસંદ કર, કે તું તથા તારાં સંતાન જીવતાં રહે." પુન. : પ્ર. ૩૦ : ૧૯

"જુઓ, હું આજે તમારી આગળ આશીર્વાદ અને શાપ મૂકું છું. યહોવાહ તમારા દેવની જે આજ્ઞાઓ હું આજે તમને ફરમાવું છું તે તમે સાંભળશો, તો તમે આશીર્વાદ પામશો. અને જો તમે યહોવાહ તમારા દેવની આજ્ઞાઓ નહિ સાંભળતાં જે માર્ગ હું આજે તમને ફરમાવું છું તે મૂકી દઈને જેઓ વિષે તમને અનુભવ નથી એવાં દેવદેવીઓની પાછળ ભટકી જશો તો તમે શાપ પામશો." પુન. : પ્ર. ૧૧ : ૨૬

"હે ઇસરાઈલ ! સાંભળ. યહોવાહ આપણો દેવ તે એકલો જ યહોવાહ છે,૩ અને યહોવાહ તારા દેવ પર તું તારા પૂરા અંતઃકરણથી તથા તારા પૂરા મનથી તથા તારા પૂરા બળથી પ્રીતિ કર. અને આ જે વચનો હું આજે તને ફરમાવું છું તે તારા અંતઃકરણમાં ઠસાવી રાખ, અને તે તું ખંતથી તારાં છોકરાંને શીખવ." પુન. : પ્ર. ૬ : ૪

"તું તથા તારો દીકરો તથા તારા દીકરાનો દીકરો તારા આયુષ્યભર યહોવાહ તારા દેવનો ડર રાખીને સર્વ વિધિઓ તથા આજ્ઞાઓ જે હું તમને ફરમાવું છું તે પાળો." પુન. : પ્ર. ૬ : ૨

"યહોવાહનો ડર રાખતાં શીખ ને પોતાનાં ફરજંદોને પણ શીખવ." પુન. પ્ર. ૪ : ૧૦

"યહોવાહ તારા દેવના માર્ગમાં ચાલીને, ને તેનો ડર રાખીને તેની આજ્ઞા પાળ." પુન : પ્ર. ૮ : ૬

---

૨. સ્પષ્ટ આદેશ છતાં ઇસરાઈલીઓએ તૌરાતમાં અનેક ફેરફારો કર્યા છે. ત્યાં સુધી કે મૂળ તૌરાત પણ ઉપલબ્ધ નથી.

૩. લાઈલાહા ઇલ્લલ્લાહમાં આ ખ્યાલ સમાયેલો છે. પવિત્ર કુરાનનું કથન તૌહીદ-એકેશ્વરવાદ-નું મૂળભૂત સૂત્ર છે.

"તું પોતાને સારુ કોરેલી મૂર્તિ ન કર, ઉપર આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિની તળેના પાણીમાંની કોઈ પણ ચીજની પ્રતિમા ન કર : તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર." પુન : પ્ર. ૫ : ૮

"અને રખેને વ્યોમ ભણી તારી નજર ઊંચી કરીને સૂર્ય તથા ચંદ્ર તથા તારા એટલે આખું ગગનમંડળ, કે જેઓને યહોવાહ તારા દેવે આકાશ તળેના સર્વ લોકોને વહેંચી આપ્યાં છે, તેઓને જોઈને તું આકર્ષાય ને તેઓની પૂજા કરે." પુન : પ્ર. ૪ : ૧૯

"જો, તું યહોવાહ તારા દેવને ભૂલી જઈને બીજા દેવદેવીઓની પાછળ ચાલશે, ને તેમની સેવા કરશે, ને તેમની ભક્તિ કરશે, તો હું આજે તારી વિરુદ્ધ સાક્ષી આપું છું કે તમે નિશ્ચય નાશ પામશો. જે પ્રજાઓનો યહોવાહ તમારી આગળથી નાશ કરે છે, તેમની પેઠે તમે નાશ પામશો." પુન : પ્ર. ૫ : ૮ : ૧૯–૨૦

"જો તમે ભ્રષ્ટ થઈને કોઈ પણ વસ્તુના આકારની મૂર્તિ કરશો ને જે કામ યહોવાહ તારા દેવની નજરમાં દુષ્ટ છે તે કરીને તેને કોપાયમાન કરશો, તો હું આજે આકાશ તથા પૃથ્વીને તમારી સામે સાક્ષી રાખીને કહું છું, કે યરદન ઊતરીને જે દેશનું વતન પ્રાપ્ત કરવાને તમે જાઓ છો, તેમાંથી જલદી તમારો પૂરો નાશ થઈ જશે, તેમાં તમે દીર્ઘાયુષ્ય ભોગવશો નહિ,[૪] પણ તમારો પૂરો નાશ કરી નાખવામાં આવશે અને યહોવાહ તમને દેશજાતિઓ મધ્યે વિખેરી નાખશે, ને જે દેશજાતિઓ મધ્યે યહોવાહ તમને લઈ જશે તેઓ મધ્યે તમારામાંના થોડા જ બચશે."[૫] પુન. પ્ર. ૪ : ૨૫

"યહોવાહ તારા શત્રુઓની સામે તને માર ખવડાવશે; તું એક માર્ગે તેઓની સામે ધસી જઈશ, ને સાત માર્ગે તેઓની સામેથી નાસી જઈશ;

---

૪. કનાનમાં સ્થપાયેલાં બે રાજ્ય યહૂદીઆ અને ઇસરાઈલ ટૂંક સમયમાં નાશ પામ્યાં. નેબૂખાદનેઝ્ઝુર યરૂસાલેમ નાબૂદ કરી નાંખ્યું. પછી રોમન ખ્રિસ્તીઓની સત્તા આવી અને છેવટે ઈ.સ. ૬૪૦ના અરસાથી ઈ.સ. ૧૯૨૦ સુધી મુસલમાનોની આણ તળે કનાન રહ્યો હતો.

૫. ઇસરાઈલ–લોકોની પરિસ્થિતિ આજે આવી જ છે. જુદા જુદા દેશોમાં જૂજ સંખ્યામાં તેઓ વસેલા છે. પેલેસ્ટાઈનમાં અત્રે ઈઝરાએલનું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું છે, પરંતુ તે અમેરિકાએ ઊભું કરેલું છે અને તેને અમેરિકા સતત મદદ કર્યા કરે છે, છતાં તે હંમેશ દહેશતમાં અને ગભરાટમાં જીવી રહ્યું છે. અલ્લાહથી ભટકી જવાના કારણે આમ બનવા પામ્યું છે.

અને પૃથ્વીનાં સર્વ રાજ્યોમાં તું અહીંથી તહીં નાસાનાસ કરશે....અને જે સર્વ પ્રજાઓમાં યહોવાહ તને લઈ જશે તેઓ મધ્યે તું આશ્ચર્યરૂપ તથા કહેવતરૂપ તથા કહાણીરૂપ થઈ પડશે...અને યહોવાહ તને પૃથ્વીના એક છેડાથી તે પૃથ્વીના બીજા છેડા સુધી સર્વ લોકોમાં વિખેરી નાખશે...અને એ દેશજાતિઓમાં તને કંઈ ચેન નહિ પડે...અને તારો જીવ દહેશતમાં રહેશે અને તું રાતદહાડો ગભરાટમાં રહેશે." પુન. : પ્ર. ૨૮મું. ૨૫–૩૭–૬૪–૬૬

"જે જે દેશજાતિઓનું વતન તમે પામો ત્યાં જે જે સ્થળોમાં તેઓ દેવોની પૂજા કરતા હતા તે સર્વનો નિશ્ચય નાશ કરવો : અને તમારે તેઓની વેદીઓને તોડી પાડવી, ને તેઓના સ્તંભોને તોડીને ટુકડા કરવા. ને તેઓની અશેરીમ( મૂર્તિઓ )ને આગમાં બાળી નાખવી અને તમારે તેઓના દેવોની કોતરેલી મૂર્તિઓને કાપી નાખવી અને તેઓનું નામ તમારે તે જગામાંથી નાબૂદ કરવું." [૬] પુન. : પ્ર. ૧૨મું–૨–૩.

"જે ભૂગોળ યહોવાહ તારો દેવ તને આપે તેઓમાંની કોઈની હદ માંહે જો તારી મધ્યે એવું કોઈ પુરુષ કે સ્ત્રી મળી આવે, કે જે યહોવાહ તારા દેવના કરારનું ઉલ્લંઘન કરીને તેની દૃષ્ટિમાં જે ભૂંડું તે કરતું હોય, ને જેણે અન્ય દેવદેવીઓની સેવા કરીને તેમની ભક્તિ કરી હોય, અથવા સૂર્ય કે ચંદ્ર કે તારામંડળમાંથી હર કોઈ, જે વિષે મેં તમને આજ્ઞા કરી નથી તેની ભક્તિ કરી હોય તો તે પુરુષ અથવા તે સ્ત્રીને તું તારા દરવાજા આગળ લાવીને તેને પથ્થર મારીને મારી નાખ :" પુન. : પ્ર. ૧૭મું–૨થી ૪

"જ્યારે તમે યરદન નદી ઊતરીને કનાન દેશમાં જાઓ ત્યારે તમે પોતાની આગળથી દેશના સર્વ રહેવાસીઓને હાંકી કાઢો, ને તેઓના કોતરેલા સર્વ પથ્થરોની, ને તેઓની ગાળેલી ( ધાતુની ) મૂર્તિઓનો નાશ કરો, ને તેઓનાં સર્વ દેવસ્થાનોને તોડી પાડો." ગણના પ્ર. : ૩૭મું. ૩૩–૫૧

---

૬. અહીં એક જ ખુદાની ભક્તિ કરવાનો આદેશ છે. મૂર્તિઓનો નાશ કરવાનો આવો જ ખ્યાલ ઇસ્લામમાં છે. તૌરાતમાં મૂર્તિપૂજકોનો સદંતર નાશ કરવાનો અથવા દેશમાંથી હાંકી કાઢવાનો આદેશ છે, આથી ઊલટું ઇસ્લામ જે મૂર્તિપૂજકો જજિયાવેરો આપે તેમના જાન–માલનું રક્ષણ આપે છે. અને તેમનો ધર્મ પાળવાની છૂટ પણ આપે છે. આથી જોઈ શકાશે કે મુસલમાનો કરતાં ઇઝરાએલનું વલણ મૂર્તિપૂજકો પ્રત્યે બહુ જ કડક છે.

"અને યહોવાહ તારા દેવે આજ્ઞા આપી તે પ્રમાણે સાબ્બાથ દિવસને પવિત્ર પાળવાને તું સંભાળ રાખ...યહોવાહ તારા દેવે તને આજ્ઞા આપી તે મુજબ તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ...તું ખૂન ન કર, તું જૂઠી સાક્ષી ન પૂર." પુન. : પ્ર. ૫મું. ૧૨

"દર ત્રણ વરસને અંતે તે વર્ષની તારી સઘળી ઊપજનો દશાંશ કાઢી તારા ઘરમાં તારે સંગ્રહ કરવો અને તારા ઘરમાં રહેનાર લેવીને, પરદેશીને તથા અનાથ તથા વિધવાને તેમાંથી આપ." પુન. : પ્ર. ૧૪મું : ૨૮

"જે દેશ યહોવાહ તારો દેવ તને આપે છે તેમાં તારા ઘરમાં રહેતો તારો કોઈ જાતભાઈ દરિદ્ર હોય...તો તારે તેને આપવું જ, ને તેને આપવા સારુ તારું અંતઃકરણ કચવાય નહિ. કેમ કે એ કૃત્યને લીધે યહોવાહ તારો દેવ તારા સર્વ કામમાં તને આશીર્વાદ (બરકત) દેશે. દેશ-માંથી દરિદ્રીઓ કદી ખૂટશે નહિ. એ માટે હું તને આજ્ઞા આપું છું કે તારે તારા દેશમાં તારા ભાઈ પ્રત્યે, તારા કંગાલ પ્રત્યે, તથા તારા દરિદ્રી પ્રત્યે જરૂર હાથ ખુલ્લો રાખવો."[૭] પુન. : પ્ર. ૧૫મું પરથી.

"યહોવાહ તારા દેવે તને પૃથ્વીની સપાટી પરની સર્વ પ્રજાઓમાંથી પોતાની ખાસ પ્રજા થવા સારુ પસંદ કરી છે. યહોવાહે તમારા પર પ્રીતિ કરી તથા તમને પસંદ કર્યા, એનું કારણ એ ન હતું કે બીજી કોઈ પ્રજા કરતાં તમે સંખ્યામાં વિશેષ હતા. તમે તો બીજી બધી પ્રજા કરતાં થોડા હતા. અથવા તમારા ન્યાયીપણાને લીધે કે તારા અંતઃકરણના પ્રમાણિકપણાને લીધે. તેનું કારણ તો એ હતું કે બીજી પ્રજાઓની દુષ્ટતાને લીધે તથા જે વચન યહોવાહે સોગન ખાઈને તારા પિતૃઓને એટલે કે ઇબ્રાહીમને તથા યાકૂબને આપ્યું હતું તે સ્થાપન કરવાને લીધે અને યહોવાહ તને ચાહે છે તેના લીધે.[૮] પુન. : પ્ર. ૭ અને પ્ર. ૯ ના આધારે.

"આ જે આજ્ઞાઓ હું આજે તમને ફરમાવું છું તે તારી શક્તિ ઉપરાંતની નથી. ને તારાથી ઘણી વેગળી પણ નથી." પુન. : પ્ર. ૩૦મું : ૧૧

"આ મારાં વચનો તમે તમારા હૃદયમાં તથા તમારા મનમાં સંઘરી

---

૭. અહીં ઝકાત અથવા નિર્ધનવેરાનો આદેશ અપાયેલો છે. ઇસ્લામનું એ મુખ્ય અંગ છે.

૮. ઇસરાઈલ લોકો અલ્લાહની પસંદગી પામેલા એવો ખ્યાલ પવિત્ર કુરાનની ૨ : ૪૭ અને પ્ર. : ૨૦ની આયતોમાં પણ આવેલો છે. ૫/૨૦માં ૨ : ૧૨૨

રાખો. અને તમે તેમને નિશાની તરીકે તમારા હાથ પર બાંધો, ને તમે તમારાં છોકરાંને તે શીખવો." પુન. : પ્ર. ૧૧મું. ૧૮

"જો તારી મધ્યે કોઈ પ્રબોધક અથવા સ્વપ્નખોર ઊભો થાય, ને જે વિષે તું જાણતો નથી એવાં અન્ય દેવદેવીઓ વિષે તે એમ કહે, કે ચાલો, આપણે તેમની પાછળ ચાલીએ ને આપણે તેમની સેવા કરીએ, ને તે (તેના ટેકામાં) તને કોઈ ચમત્કાર બતાવે તો પણ તું તે પ્રબોધકના શબ્દોને કે તે સ્વપ્નખોરને ગણકારતો ના; અને તે પ્રબોધકને અથવા તે સ્વપ્નખોરને મારી નાખવો." પુન. : ૧૩માંથી

પરંતુ "યહોવાહ તારો દેવ તારે સારુ, તારી મધ્યેથી તારા ભાઈઓમાંથી મારા જેવો એક પ્રબોધક ઊભો કરશે. તેનું તમારે સાંભળવું."૯ પુન. : પ્ર. ૧૮ : ૧૫

"અને દિવસે તમે યરદન ઊતરીને જે દેશ યહોવાહ તારો દેવ તને આપે તેમાં જાઓ ત્યારે એમ થાય કે તારે પોતાને સારુ મોટા પથ્થર ઊભા કરવા અને તેઓના ઉપર લેપ મારવો : અને પાર ઊતર્યા પછી આ નિયમના સર્વ શબ્દો તેઓના ઉપર તારે લખવા."૧૦ પુન. : પ્ર. ૭ : ૨–૩

"અને મૂસાએ આ નિયમ લખીને યહોવાહનો કરારકોશ ઊંચકનારા લેવીપુત્રો, જે યાજકો તેઓને તથા ઇસરાઈલના સર્વ વડીલોને તે આપ્યો. દર સાત વર્ષના અંતે છુટકારાના વર્ષના ઠરાવેલ વખતે, માંડવાના પર્વમાં સર્વ ઇસરાઈલની આગળ આ નિયમ વાંચજે. પુન. : પ્ર. ૩૧ : ૯.

"અને જ્યારે મૂસા આ નિયમનાં વચનો અથથી ઇતિ સુધી પુસ્તકમાં લખી રહ્યો ત્યારે મૂસાએ કરારકોશ ઊંચકનારા લેવીઓને આજ્ઞા આપી કે આ નિયમનું પુસ્તક લો, ને યહોવાહ તમારા દેવના કરારકોશની બાજુમાં

---

૯. આ ભવિષ્યવાણી હજરત મુહમ્મદ સલ્લ.ના સંબંધીની છે. એમાંના "મારા જેવો એક પ્રબોધક" શબ્દો મૂસા અલૈ. જેવા માતબર પયગંબરને લાગુ પડે છે. એવા માતબર પયગંબર મૂસા અલૈ. પછી આપ સલ્લ. જ છે; ઈશુ ખ્રિસ્ત નહીં. તેઓ તો જૂના કરારને (તૌરાતને) નવા કરારથી પરિપૂર્ણ કરવા આવ્યા હતા.

૧૦. મૂળ તૌરાતને જાળવી રાખવા માટે યહોશુઆએ યરદન પાર ઊતર્યા પછી પથ્થરો પર કોતરાવી હતી. પરંતુ સમયના વહેણ સાથે એ લખાણ ઘસાઈ ગયું અને નાબૂદ થયું. અસલ તૌરાત ત્યાંથી ઉપલબ્ધ થઈ શકી નહીં.

રાખી મૂકો."[11] પુન : પ્ર. ૩૧ : ૨૪

વળી તેમણે ઇસરાઈલ–લોકોને આખરી ચેતવણી આપતાં કહ્યું : "હું આજે હજી તો જીવતો અને તમારી મધ્યે હયાત છું, તેમ છતાં તમે યહોવાહની સામે દંગાખોર થયા છો, તો મારા મરણ પછી કેટલા વિશેષ થશો?...હું જાણું છું કે મારા મરણ પછી તમે તદ્દન બગડી જશો ને જે માર્ગે મેં ચાલવાનું તમને ફરમાવ્યું છે તેમાંથી તમે ભટકી પડશો." પુન. પ્ર. ૩૧ : ૨૭–૨૯

---

## પ્રકરણ ૩૫મું

### ઇસરાઇલીઓને ભટકવું કેમ પડયું ?

એકમેકને ચઢે તેવી અને એક પછી એક આવતી એવી કેટલીક આપત્તિઓ ફિરઔન અને તેની કોમના લોકો ઉપર પડવા લાગી અને છેવટે આખા મિસર દેશમાં દરેક કુટુંબના પ્રથમજનિત મરી ગયો ત્યારે " ફિરઔને તેને (એટલે મૂસા અને તેની કોમના લોકોને) તે દેશમાંથી કાઢી મૂકવાનો નિશ્ચય કર્યો તેથી અલ્લાહે તેને તથા તેની સાથે જેઓ હતા તે સઘળાઓને (એટલે કે ફિરઔન અને તેના સૈનિકોને) ડુબાડી દીધા. તે પછી અમે (અલ્લાહે) ઇસરાઈલ–લોકોને કહ્યું, તમે આ ભૂમિમાં વસો." ૧૭ : ૧૦૩–૧૦૪ આમ મિસરમાંથી ફિરઔન અને તેની કોમની ગુલામીમાંથી તથા તેના ત્રાસમાંથી છૂટયા પછી ઇસરાઈલ–લોકોને પેલેસ્ટાઈનની પવિત્ર ભૂમિમાં વસવાનો આદેશ અલ્લાહ તઆલાએ આપ્યો, એ બાબત ઉપરોક્ત કુરાનિક આયતો પરથી સ્પષ્ટ થાય છે, ત્યાં વસતી પ્રજાઓ સાથે યુદ્ધ કરીને તથા તેમનો સદંતર નાશ કરીને ત્યાં વસવાનો આદેશ હતો. તૌરાતમાં આ હકીકત સ્પષ્ટતાપૂર્વક આમ વર્ણવવામાં આવી છે :

"જે દેશનું વતન પામવા સારુ તું જાય છે તેમાં જ્યારે યહોવાહ તારો

---

૧૧. કરારકોશમાં તૌરાત મૂકી જાળવી રાખવાનો આદેશ અહીં છે. પરંતુ સમય જતાં આ કરારકોશ અર્થાત્ તાબૂતે સકીના અન્ય ધર્મીઓના હાથ લાગતાં કરારકોશ સાથે મૂળ તૌરાતનો પણ નાશ થયો. અત્રે જે તૌરાતનું પુસ્તક છે એ તો પોતાની તથા બીજાઓની યાદદાસ્ત પરથી ઉઝેર અલી.એ ઈ. સ. પૂર્વે ૪૫૦ના અરસામાં તૈયાર કરેલ તૌરાત મૂળ તૌરાત તો કયાંયે ઉપલબ્ધ થતી નથી.

દેવ લાવે, ને ઘણી દેશજાતિઓને તારી આગળથી હાંકી કાઢે એટલે હિત્તીઓ-ગિર્ગાશીઓ, અમોરીઓ, કનાનીઓ, પરીઝ્ઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓને હાંકી કાઢે ત્યારે તારે તેમનો પૂરો નાશ કરવો." પુન. : પ્ર. ૭ : ૧-૨

યુદ્ધ કરીને જ તે ભૂમિમાં દાખલ થવાનું હતું. આ હકીકત પવિત્ર કુરાનની ૫ : ૨૧મી આયત પરથી પણ પુરવાર થાય છે. તેમાં મૂસા અલૈ. કહે છે, "હે મારી કોમ ! (યુદ્ધ કરીને) તમે આ (પેલેસ્ટાઈનની પવિત્ર) ભૂમિમાં દાખલ થઈ જાઓ કે જે અલ્લાહે તમારા માટે લખી દીધી છે, પરંતુ શત્રુઓનો સામનો કરો ત્યારે પીઠ ફેરવી નાસી ન જશો; નહિ તો તમે નુકસાન ભોગવનારા થઈ પડશો." આથી સ્પષ્ટ થાય છે કે પેલેસ્ટાઈનની પવિત્ર ભૂમિમાં ઇસરાઈલીઓને જિહાદ કરીને એટલે કે લડીને જ દાખલ થવાનું હતું.

નકશો જોશો તો જણાશે કે સિનાયના દ્વીપકલ્પની પશ્ચિમે ઇજિપ્ત દેશ આવેલો છે, તેની પૂર્વમાં અરબસ્તાનનો ઉત્તર-પશ્ચિમનો ભાગ આવેલો છે અને ઉત્તર-પૂર્વમાં પેલેસ્ટાઈન આવેલો છે. સમુદ્ર પાર ઊતર્યા પછી ઇસરાઈલ-લોકો આ સિનાયના દ્વિપકલ્પમાં આવ્યા હતા. તેના અરણ્યમાં લગભગ ૨૦૦ માઈલ દક્ષિણમાં તેઓ આવ્યા ત્યારે તૂર પર્વતની તળેટીમાં આવેલા મેદાનમાં છાવણી નાખી એક-એક વર્ષ રહ્યા હતા. ત્યાંથી ઉત્તરમાં આશરે ૧૫૦ માઈલ ચાલ્યા પછી પારાનના અરણ્યમાં આવ્યા. આ અરણ્ય પેલેસ્ટાઈનની દક્ષિણની હદ પર આવેલું છે.[૧] આ પારાનના અરણ્યમાં કાદેશ નામના સ્થળે તેઓ છાવણી નાંખીને પડયા હતા ત્યારે ત્યાંથી પેલેસ્ટાઈનની ભૂમિ પાસે પડતી હતી. આથી અલ્લાહની આજ્ઞાનુસાર જાસૂસી કરવા માણસો મોકલવાનું મૂસા અલૈ.એ નક્કી કર્યું. તૌરાતમાં એ હકીકત આ પ્રમાણે આપવામાં આવેલી છે :

"અને યહોવાહે મૂસાને કહ્યું કે કનાન દેશ, જે હું ઇસરાઈલ-પુત્રોને આપું છું તેની જાસૂસી કરવાને તું માણસો મોકલ. તેઓના બાપોનાં કૂળોમાંથી એકેક પુરુષને મોકલ, તે પ્રત્યેક તેઓ મધ્યે ઉપરી હોય અને યહોવાહની આજ્ઞા પ્રમાણે મૂસાએ પારાનના અરણ્યથી તેઓને મોકલ્યા. એ સર્વ ઇસરાઈલ-પુત્રોના મુખ્યો હતા." ગ. પ્ર. ૧૩ : ૧થી ૩ તેમના ૧૨ કૂળો હતાં એટલે દરેક કૂળમાંથી એકેક મુખ્ય માણસને લેતાં ૧૨ માણસોને જાસૂસી કરવા મોકલવામાં આવ્યા.

---

૧. Trans. of the Holy Quran by Usuf-Ali. Vol. I. Note 724.

જાસૂસીમાં શું કરવાનું છે તે સમજાવતાં મૂસા અલૈ. તેમને કહેવા લાગ્યા : "તમે નેગેબ (એટલે દક્ષિણ તરફથી) થઈને (પેલેસ્ટાઈનમાં) જાઓ, ને પર્વતો પર ચઢીને તે દેશ કેવો છે તે જુઓ, અને તેમાં વસનારા લોકો બળવાન છે કે અબળ, થોડા છે કે ઘણા અને જે દેશમાં તેઓ વસે છે તે કેવો છે, સારો છે કે માઠો, અને તેઓ કેવાં નગરોમાં વસે છે, છાવણીઓમાં કે કિલ્લાઓમાં અને જમીન કેવી છે, તે કસવાળી છે કે કસ વગરની, તેમાં વૃક્ષો છે કે નહિ અને તમે હિમ્મત પકડો ને તે દેશનાં ફળ લેતા આવજો." ગ. પ્ર ૧૩-૧૮થી ૨૦

"અને તેઓ નેગેબ થઈને ગયા ને હેબ્રોન પાસે પહોંચ્યા. ત્યાં અનાકપુત્રો અહીમાન, શેશાય તથા તાલ્માય હતા." આ અનાકપુત્રોનાં કદ જોઈ તેઓ ડરી ગયા; અને એક વાડીમાં છુપાઈ ગયા. સંજોગવશાત્ એ વાડીમાં તેનો માલિક ફળો તોડવા આવી ચડયો. તેણે માણસોનાં તાજાં પગલાં પડેલાં જોયાં. ફળો તોડતો તોડતો ને શોધતો શોધતો તે તેમની પાસે આવી પડયો. ફળો સાથે બારે જણની એક ગાંસડી બાંધી શહેરના રાજા પાસે લઈ આવ્યો. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તેઓ કેટલા શક્તિશાળી છે તે જોવા આવ્યા છે. આ સાંભળી રાજા તેમને કહેવા લાગ્યો : "જાસૂસોને તો મારી નાખવા જ ઘટે, પરંતુ તમને અમારી શક્તિનું માપ જડી ગયું છે, એટલે તમને હું ફાંસીએ ચઢાવતો નથી. તમે અહીંથી સીધા તમારા દેશમાં જાઓ અને તમારા રાજાને તથા તમારા લોકોને અમારામાં કેટલું બળ છે તેનું બયાન જરૂરથી તમે કરજો." આ ઉપરાંત બીજી વાત એવી પણ પ્રચલિત છે કે કોઈક માણસે તેમને પર્વતો પર જોયા એટલે ત્યાં જઈ તેમની ગાંસડી બાંધીને તે શહેરના ચૌટામાં લઈ આવ્યો. લોકોએ પૂછ્યું : તમે કોણ છો અને શા માટે અહીં આવ્યા છો ? તેમણે જવાબ આપ્યો : અમે મૂસાની કોમના લોકો છીએ. તમારી અને તમારા મુલકની ખબર લેવા અમને મોકલવામાં આવ્યા છે. આથી એક જણ બોલી ઊઠયો : અમારામાં શું તાકાત છે તે તમે જોયું. લો આ એકેક દ્રાક્ષ ખાઓ, તે એકેક જણને પૂરતી થશે. આ દ્રાક્ષની લૂમ જુઓ, તે તમારામાંનો એક જણ ઉપાડી શકશે નહીં.૨ "પાછા ફરતાં એક લૂમવાળી ડાળી બે માણસોની વચમાં દાંડા ઉપર લટકાવીને તેને ઊંચકી લાવ્યા : અને કેટલાંક દાડમો તથા અંજીરો પણ લાવ્યા." ગ. પ્ર. ૧૩ : ૨૩ નિઃસંશય એ દેશનાં ફળો ઘણાં જ

૨. ઇબ્ને કસીર. ૫ : ૨૦થી ૨૬ની તફસીરમાંથી.

મોટાં હતાં. પરંતુ એ અંગે ઇસરાઇલીઓએ એવી વાત વહેતી મૂકી છે કે દાડમના એક દાણાથી એક માણસ ધરાઈ જતો હતો અને એક દાડમના છોતરામાં એકી સાથે દસ માણસો આરામથી સૂઈ જતા હતા.[3]

તેઓ દેશની જાસૂસી કરીને ચાલીસ દિવસ પછી પાછા આવ્યા. તેઓએ મૂસા અને હારૂનની પાસે ચાલીને આવ્યા. તેઓએ હકીકત અપાતાં કહ્યું, "તેં અમને મોકલ્યા તે દેશમાં અમે ગયા, ને તે ખરેખર દૂધમધની રેલમછેલવાળો દેશ છે. આ તેનાં ફળો છે. જે લોક તે દેશમાં રહે છે તેઓ જોરાવર છે, ને નગરોની આસપાસ કોટ છે, ને તેઓ બહુ મોટાં છે. વળી અમે ત્યાં અનાકપુત્રોને જોયા. નેગેબ પ્રાંતમાં અમાલેકીઓ રહે છે....જે દેશમાં તેની જાસૂસી કરવા સારુ અમે ફરી આવ્યા છીએ તે પોતાની વસ્તીને ખાઈ જનાર દેશ છે; અને જે સર્વ લોકને અમે જોયા, તેઓ કદાવર માણસો છે. અને ત્યાં રાક્ષસોથી જન્મેલા રાક્ષસોને, એટલે અનાકના પુત્રોને, અમે જોયા, અને અમે પોતાની દૃષ્ટિમાં તીડોના જેવા હતા, ને તેઓની દૃષ્ટિમાં પણ અમે એવા જ હતા." ગ પ્ર. ૧૩ઃ એ લોકો સામે આપણે ચડાઈ કરી શકતા નથી.

આ અનાકના પુત્રો કોણ? એ સંબંધી ઇસરાઈલી વાત એવી પ્રચલિત છે કે અનાક આદમ અલૈ.નો પુત્ર હતો. આ અનાકના વંશજો હતા. અનાકના પુત્ર ઓજને જાસૂસોએ નજરોનજર જોયો હતો. તેની ઊંચાઈ ૩૩૩૩ ગજની હતી જ્યારે તેની છાતી ૩ ગજની હતી. તેનું વય ૩૬૦૦ વરસનું હતું. સમુદ્રનું પાણી તેના ઘૂંટણ સુધી આવતું હતું એટલે તે દરરોજ સમુદ્રમાંથી પોતાને જોઈએ તેટલી માછલીઓ પકડી લાવતો અને પોતાના હાથ ઊંચા કરી સૂર્યના તાપમાં તેમને શેકી ખાતો હતો. નૂહ અલૈ.ના મહાજળપ્રલયમાં તે એકલો કાફિર બચી જવા પામ્યો હતો. ઓજ બિન અનોક સંબંધીની વાત ઇસરાઈલીઓની છે અને તે "બાર હાથનું ચીભડું ને તેર હાથનાં બી" જેવી વાહિયાત વાત છે. હદીસથી પણ આ વાત સાવ ખોટી ઠરે છે, કારણ આપ સલ્લ.એ ફરમાવેલું છે કે, આદમ અલૈ.નું કદ સાઠ હાથનું હતું અને તેમના પછી ઉત્તરોઉત્તર માનવીનું કદ ઘટતું ચાલ્યું આવ્યું છે. આ હદીસની દૃષ્ટિએ ઓજ બિન અનાકનું કદ એટલું મોટું હોઈ શકે જ નહીં. પાછળ આપણે જોઈ ગયા છીએ કે આદમ અલૈ. અને ઈબ્રાહીમ અલૈ. વચ્ચે લગભગ ૪૮૦૦ વરસનો ગાળો પડેલો છે. એટલે ઓજનું ૩૬૦૦ વર્ષનું વય બંધબેસતું આવતું નથી. વળી ઓજ નાસ્તિક

૩. કસસુલ – અંબિયા – ઉર્દૂ પૃ. ૧૫૩.

હતો એટલું જ નહીં તે વ્યભિચારિણીનો પુત્ર હતો. નૂહ અલૈ.એ તો એવી દુઆ માંગી હતી કે કોઈ પણ નાસ્તિક તેમના સમયમાં જીવતો રહેવા પામે નહીં, અને એ દુઆ અલ્લાહે કબૂલ કરી લીધી હતી. તેથી જ મહા-જળપ્રલય થયો હતો. તો પછી આ ઓજ નાસ્તિક હોઈ કેમ જીવતો રહેવા પામે? વળી એમ પણ કહેવામાં આવે છે કે મૂસા અલૈ.એ તેને ઠાર કર્યો હતો. મૂસા અલૈ.ની લાઠી દસ હાથની હતી અને તેમનું કદ પણ દસ હાથનું હતું. દસ હાથ જમીન પરથી ઊછળીને તેમણે તેને લાઠી મારી તો તે તેની ઘૂંટીમાં એટલી સખત લાગી કે તેથી તે ત્યાં ને ત્યાં જ મરણ પામ્યો. પછી તેના મૃતદેહનો નાઈલ નદી પર પૂલ તૈયાર કરવામાં આવ્યો. એ પૂલ ઉપરથી એક વર્ષ સુધી લોકોએ આવજા કરી હતી. આ વાત પણ બનાવટી લાગે છે. કારણ મૂસા અલૈ. પેલેસ્ટાઈનની ભૂમિમાં દાખલ થયા ન હતા. મોએબ દેશમાં ભટકતું જીવન ગાળી રહ્યા હતા ત્યારે તેમનું મૃત્યુ થયું હતું, એટલે એમના હાથે ઓજ માર્યો ગયો એ શક્ય નથી. ઇસરાઈલ-લોકો તેના મૃતદેહને મિસર લઈ જાય ને તેનો પૂલ બનાવે એ પણ બનવાજોગ નથી. આ બધું જોતાં એમ લાગ્યા વિના રહેતું નથી કે ઓજ બિન અનાક જેવી કોઈ વ્યક્તિ થઈ જ નથી. આજે મધ્ય એશિયામાં મીઠાં લીંબાં ભારતના મીઠા લીંબા કરતાં ત્રણ-ચાર ગણાં મોટાં જોવા મળે છે. એથી અનુમાન તારવી શકાય કે તે સમયે કનાન દેશમાં મોટાં ફળ થતાં હોવાં જોઈએ. હૂદ અલૈ.ની કોમના લોકોનું કદ ખજૂરીઓ જેટલું હતું, એ તમે વાંચી ગયા છો.[૪] વળી આજે જગતમાં આફ્રિકાના કાંગાના ઠીંગુજીઓ જોવા મળે છે તો બીજી બાજુ દક્ષિણ અમેરિકાના પાટાગોનિયાના લંબુશો જોવા મળે છે. તેઓની સામાન્ય ઊંચાઈ ૭ ફૂટની હોય છે. આથી આપણે તારણ કાઢી શકીએ કે અનાકીઓ અને અમાલેકીઓ ૮-૧૦ ફૂટ ઊંચાઈના હશે, એ સંભવિત છે.

જાસૂસોના મોઢેથી આવી આવી ભયાનક વાતો સાંભળી ત્યારે ઇસરાઈલ-લોકો રડી પડયા અને મૂસાની વિરુદ્ધ તથા હારૂનની વિરુદ્ધ કચકચ કરી અને કહેવા લાગ્યા : અમે મિસર દેશમાં મરી ગયા હોત તો સારું! અથવા આ અરણ્યમાં મરી ગયા હોત તો સારું! યહોવાહ અમને આ દેશમાં કેમ લાવ્યો? અમારાં બૈરાં-છોકરાં લૂટરૂપ થશે. મિસરમાં પાછા જવું એ શું અમારા માટે સારું નથી? આપણે સરદાર ઠરાવીને

---

૪. કુરાનિક કહાણીઓ ભા.-૨ પૃ. ૨૮૧.

મિસરમાં પાછા જઈએ. ત્યારે નૂનનો દીકરો યહોશુઆ અને યફૂન્નેહનો દીકરો કાલેબ, જેઓ જાસૂસી કરનારાઓમાંના હતા, તેમણે આખી જમાતને સંબોધીને કહ્યું: "જે દેશની જાસૂસી કરવાને અમે જઈ આવ્યા તે અત્યુત્તમ દેશ છે, ને દૂધમધની રેલમછેલવાળો દેશ છે. યહોવાહની વિરુદ્ધ તમે દંગો ન કરો, તેમ જ તે દેશના લોકોથી તમે ન બીઓ, કેમ કે તેઓ તો આપણો ભક્ષ છે; માટે ચાલો, એકદમ ઉપર જઈને તેને કબજે કરીએ, કેમ કે આપણે હરાવવા પૂરા સમર્થ છીએ. આથી આખી જમાતે કહ્યું-તેમને પથ્થર મારો." ગ. પ્ર ૧૪

આમ આખી જમાત જિહાદ કરવા એટલે કે પેલેસ્ટાઈન પર ચડાઈ કરવા તૈયાર ન થઈ, ઊલટું જે લોકો તૈયાર થતા હતા તેમને મારી નાખવા તૈયાર થયા. વળી તેઓ મિસર પાછા નાસી જવા તૈયાર થયા. આમ ખુદાની મૂળભૂત યોજના સામે થયા. આથી યહોવાહે મૂસાને તથા હારૂનને કહ્યું: આ દુષ્ટ જમાતને સંભળાવી દો કે તમારામાનાં જેમની ગણના થઈ છે તે બધા એટલે વીસ વર્ષની ઉંમરના તથા તે ઉપરના જેઓએ મારી વિરુદ્ધ કચકચ કરી છે તે પૈકીનો કોઈ ત્યાં જવા નહિ પામશે, કેવળ યફૂન્નેહનો દીકરો કાલેબ તથા નૂનનો દીકરો યહોશુઆ જવા પામશે. જેટલા દિવસોમાં તમે તે દેશની જાસૂસી કરી રહ્યા, એટલે ચાળીસ દિવસ, તેઓની સંખ્યા પ્રમાણે, એકેક દિવસને બદલે એકેક વર્ષ લેખે, ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં ભટકતા ફરશો." ગ. પ્ર. ૧૪

પવિત્ર કુરાનમાં આ પ્રસંગનું વર્ણન નીચે પ્રમાણે આપવામાં આવેલું છે:

મૂસા અલૈ.એ કહ્યું: "અય મારી કોમ! (યુદ્ધ કરીને) તમે આ (પેલેસ્ટાઈનની પવિત્ર) ભૂમિમાં દાખલ થઈ જાઓ કે જે અલ્લાહે તમારા માટે લખી દીધી છે, પરંતુ શત્રુઓનો સામનો કરો ત્યારે પીઠ ફેરવી નાસી ન જશો: નહીં તો તમે નુકસાન ભોગવનારા થઈ પડશો." ૫:૨૧

ઇસરાઈલ-લોકોએ કહ્યું: "હે મૂસા! એ (ભૂમિ)માં તો બળવાન લોકોની એક કોમ છે. જ્યાં સુધી તેમાંથી તેઓ નીકળી નહિ જાય ત્યાં સુધી અમે તેમાં કદાપિ પણ દાખલ થવાના નથી. પણ જો તેઓ નીકળી જશે તો તો અમે અવશ્ય તેમાં દાખલ થઈશું." ૫:૨૨

"જેઓ અલ્લાહથી ડરતા રહેતા હતા અને જેમને અલ્લાહે ન્યામતથી ન્યોછાવર કર્યા હતા એવા તેમનામાંના બે શખ્સો કહેવા લાગ્યા: તમે (ઓચિંતો હુમલો કરી) આ દરવાજાઓમાં ઘૂસી જશો તો અવશ્ય તમે

જીત મેળવશો, અને જો તમે ઇમાન ધરાવતા હો—આસ્થા રાખતા હો—તો અલ્લાહ ઉપર જ ભરોસો રાખો." ૫ : ૨૩

"તેઓ (ઇસરાઈલ-લોકો) કહેવા લાગ્યા : અય મૂસા ! જ્યાં સુધી એ લોકો અંદર છે ત્યાં સુધી અમે અંદર જવાના જ નથી. માટે તું અને તારો રબ ત્યાં જાઓ અને તમે બંને (તેમની સાથે) લડો. અમે તો અહીં બેસી રહીશું." ૫ : ૨૪

બીજો કોઈ ઉપાય ન રહ્યો એટલે લાચાર બની મૂસા કહેવા લાગ્યા : "હે મારા માલિક ! મારી જાત અને મારા ભાઈ સિવાય હું બીજા કોઈ ઉપર અધિકાર ધરાવતો નથી; માટે તું અમારી અને આ નાફરમાન કોમ વચ્ચે ફેંસલો કરી નાંખ." ૫ : ૨૫

આમ નછૂટકે મૂસા અલૈ.એ આ પ્રસંગનો ફેંસલો કરવાની દુઆ માંગી જે માન્ય રાખવામાં આવી. "આથી અલ્લાહે ફેંસલો ફરમાવતાં કહ્યું : નિઃસંશય એ મુલક એમના માટે ચાળીસ વરસ સુધી હરામ કરી દેવામાં આવ્યો છે, જેથી તેઓ આ અરણ્યમાં ભટકતા ફરશે. માટે (હે મૂસા !) તું આ નાફરમાન લોકોની દુર્દશા પરત્વે ખેદ કરતો ના." ૫ : ૨૬

આમ તેમણે જિહાદ એટલે ધર્મયુદ્ધ માટે સ્પષ્ટ ઇનકાર કરી દીધો જેથી મૂળભૂત યોજના ધરાશાયી થતી હતી. તું અને તારો ખુદા લડી લો એવો નફટાઈભર્યો જવાબ આપ્યો હતો તેથી તેમને આ સજા કરવામાં આવી હતી. આખો દિવસ મિસર જવા માટે મુસાફરી કરતા અને સાંજે પાછા ત્યાંના ત્યાં જ આવી પડતા. આમ આ મેદાનમાં તેઓ હેરાન-પરેશાન થયા અને વ્યાકુળ દશામાં ભટકયા તેથી તે મેદાનનું નામ "તિયા" રાખવામાં આવ્યું—હેરાન-પરેશાન કરનારું મેદાન—જે દશ ચો. મા. જેટલું નાનું હતું છતાં તેમાં ૪૦ વર્ષ સુધી ભટકવું પડયું હતું.

# પ્રકરણ ૩૬મું

## કારૂન અને મૂસા અલૈ.

તૌરાત અને તલમૂદમાં જેનું નામ "કોરાહ" આવે છે, તે જ વ્યક્તિનું નામ પવિત્ર કુરાનમાં "કારૂન" આપવામાં આવેલું છે આથી સ્પષ્ટ થાય છે કે, કોરાહ અથવા કારૂન એક જ વ્યક્તિનું નામ છે. કોઈ પણ શબ્દ આપણે સાંભળીએ, વાંચીએ અથવા બોલીએ ત્યારે તે શબ્દ જે વસ્તુ દર્શાવે તેનું આબેહૂબ ચિત્ર આપણી સમક્ષ રજૂ થાય છે: જેમકે ચોપડી, ઘોડો ઇત્યાદિ. જો તે શબ્દ કોઈક ભાવાર્થ દર્શાવે તો તેનું આછુંપાતળું અથવા ઝાંખું ચિત્ર ખડું થઈ જાય છે : જેમ કે પાર્લામેન્ટરી પદ્ધતિ, મીઠાશ. તેવી જ રીતે કારૂનનું નામ સાંભળતાં જ આપણા મન ઉપર કંજૂસાઈનો ખ્યાલ આવશે અને "કારૂનના ખજાના"નો આછોપાતળો ખ્યાલ આવ્યા વિના રહેશે નહીં. આ કહાણી વાંચવાથી ખરો કંજૂસ કેવો હોય અને "કારૂનનો ખજાનો" કેવો અને કેટલો હશે તેની છાપ આપણા જાગૃત કે અજાગૃત મન ઉપર પડ્યા વિના રહેવાની નથી.

કારૂન હતો તો ઘણા જ ઉચ્ચ કૂળનો, કારણ તે પયગંબરોના પિતા ઈબ્રાહીમ અલૈ., ઈસ્હાક અલૈ., અને યાકૂબ અલૈ. એમ ત્રણ પયગંબરોમાંથી ઊતરી આવેલો હતો. પયગંબર કૂળથી બીજું કોઈ પણ કૂળ ઉચ્ચ હોઈ શકતું નથી. તેના પિતા યિસ્હર અને મૂસા અલૈ.ના પિતા ઈમરાન અથવા આમ્રામ બંને સગા ભાઈઓ થતા હતા;[1] એટલે કારૂન પણ લેવી કુટુંબનો હતો; અને લેવી કુટુંબના હારૂન અલૈ.ના વંશજોમાં ઇસરાઈલિ-લોકોનું મુખ્ય યાજકપદ અથવા મુખ્ય પુરોહિતપદ કે Chief-Priesthood વંશપરંપરા માટે અલ્લાહે એનાયત કર્યું હતું. યહૂદી, ખ્રિસ્તી અને હિંદુ ધર્મમાં પુરોહિત કે Priest વિના ધાર્મિક વિધિઓ થઈ શકતી નથીઃ એટલે લેવી કુટુંબનું સ્થાન યહૂદીઓમાં ઘણું જ ઊંચું ગણાય છે. એનો માનમરતબો પણ વિશેષ હોય છે. બીજાં કુટુંબો કરતાં એ કુટુંબ સૌથી વધુ આદરપાત્ર ગણાય છે. વળી ઈમરાન અથવા આમ્રામના કુટુંબમાં મૂસા અલૈ. અને હારૂન અલૈ.ને અનુક્રમે પયગંબરપદ અને નાયબ-પયગંબરપદ મળ્યાં હતાં. આમ મહત્ત્વના અને અગત્યના સ્થાને કારૂનના સગા કાકા ઈમરાન કે આમ્રામના વંશજો હતા.

૧. વંશાવળી માટે જુઓ તૌરાત. નિર્ગમન પ્ર. ૬ : ૧૮થી ૨૧.

આ કારણે ઇસરાઈલ–પુત્રોમાં સૌથી આદરપાત્ર કુટુંબ ઇમરાનનું હતું. આથી કારૂન મૂસા અલૈ.ની સરદારીનો કે પયગંબરપદનો અને હારૂનના મુખ્ય યાજકપદ–મુખ્ય પુરોહિતપણાનો સખત વિરોધી બની ગયો હતો. પોતે ઘણો જ પૈસાપાત્ર હતો; જ્યારે મૂસા અલૈ. અને હારૂન અલૈ. સાધારણ સ્થિતિના હતા : એટલે ઇસ્રાએલ–લોકોની સરદારી માટે પોતે જ લાયક છે એમ તે દૃઢપણે માનતો હતો અને તે મેળવવા તે ઘણો જ આતુર હતો. આથી તે મૂસા અલૈ.ની તથા હારૂન અલૈ.ની ભારે ઈર્ષા અને તેમનો સખત વિરોધ કર્યા કરતો હતો.[2]

જ્યારે મૂસા અલૈ. અને હારૂન અલૈ. મિસરમાં પયગંબરનું કામકાજ કરી રહ્યા હતા, ત્યારે તે ફિરઔનના પક્ષમાં ભરાઈ બેઠો અને ફિરઔનની નોકરી સ્વીકારી લઈ તેનો એક આગેવાન દરબારી બની બેઠો. તે ઉપરાંત, ઇસરાઈલ–લોકોમાંના જે સરદારો, આગેવાનો કે વડીલો ફરમાબરદાર હતા તેમનો તે સખત વિરોધ કરતો હતો. પવિત્ર કુરાન આ બાબતમાં સાખ પૂરે છે કે, "બેશક કારૂન મૂસાની કોમનો હતો, પણ તે પોતાની કોમની વિરુદ્ધ બંડખોર બની ગયો હતો." ૨૮ : ૭૬. તૌરાત આ બાબતમાં આમ કહે છે. રેઉબેનના પુત્રો દાથાન તથા અબીરામે કોરાહની સભામાં મૂસાની તથા હારૂનની સામે ટક્કર લીધી હતી." ગણના પ્ર. ૨૬ : ૯

તે ફિરઔનની સરકારમાં સારો હોદ્દો ભોગવતો હતો. ઇસરાઈલ–લોકોને સરકારી મજૂરીનું કે બીજું ઇતર કામ એની મારફત મળતું હતું અને તેમની મજૂરીના તથા ઇતર કામના પૈસા પણ એની જ મારફત ચૂકવવામાં આવતા હતા.[3] આ કામમાં તેને સારી કમાણી થતી હતી. વળી તેમની સાથે તે વેપાર પણ કરતો હતો. ખાદ્ય–ખોરાકી જેવી ચીજો તે ઇસરાઈલ–લોકોને ઉધાર આપતો અને પૈસા ચૂકવવાના થાય ત્યારે તે કાપી લેતો હતો. વળી બીજા પણ આડા–અવળા ધંધા જેવા કે ધીરધાર, જથ્થાબંધ ખરીદ–વેચાણ ઇત્યાદિ ધંધાઓ પણ તે કરતો હતો. આથી તે અબજોપતિ બની ગયો હતો. તેની પાસે અઢળક

---

૨. આવો જ વિરોધ અને ઈર્ષા બની હાશમના કુટુંબ પરત્વે બની ઉમય્યાનું કુટુંબ કર્યા કરતું હતું, કારણ હાશમી કુટુંબમાં કાબાનું મુતવલ્લીપણું અથવા વ્યવસ્થાપણું અને પયગંબરપદ બંને એકઠાં થયાં હતાં. બંને કારૂન અને મૂસા અલૈ.નાં કુટુંબોની જેમ પિતરાઈ કુટુંબો થતાં હતાં.

૩. ગુજ.–કુરાન–રાંદેર Vol. II. પૃ. ૯૨૦. નોંધ–૧.

સંપત્તિ હતી તે બાબતમાં પવિત્ર કુરાનમાં અલ્લાહ તઆલા જાતે ફરમાવે છે કે, "અમે તેને એટલા ખજાના આપ્યા હતા કે તેની કૂંચીઓનો બોજો ઉઠાવતાં કેટલાક શક્તિશાળી માણસો[૪] પણ થાકી જતા હતા." ૨૮:૭૬ તેના ખજાનાઓની કૂંચીઓ માણસો ઊંચકતા હતા, એવા કુરાન શરીફના કથનથી એવું ફલિત થાય છે કે સિનાય અને તિયાનાં અરણ્યોમાં તે પણ ઇસરાઈલ–લોકો સાથે ભટકતો હતો. ધનદોલત તેણે મિસરમાં ભેગી કરી હતી, પણ નિર્ગમન વેળા તે પોતાનો બધો ખજાનો સાથે લાવ્યો હતો કે કેમ, એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કેટલાક ભાષ્યકારોનું કહેવું છે કે તે પોતાનો ખજાનો મિસરમાં મૂકીને આવ્યો હતો, ફક્ત કૂંચીઓ સાથે લાવ્યો હતો. આ હકીકત મને શક્ય લાગતી નથી. તેનો સ્વભાવ જોતાં તે પોતાનો ખજાનો ઘરોમાં મૂકીને આવે એવું જણાતું નથી. વળી ઇસરાઈલ–લોકો મિસરમાંથી નીકળી નાઠા ત્યારે પોતાનું સર્વસ્વ ઉપરાંત કિબ્તીઓનાં વસ્ત્રો અને ઘરેણાં પણ લઈ આવ્યા હતા. આથી એવું જણાય છે કે કારૂન પોતાના ખજાના સાથે લાવ્યો હોવો જોઈએ. નિર્ગમન પછી ભટકતું જીવન તે ગુજારતો હતો, એથી પોતાના ખજાનાને પેટીઓમાં રાખવો પડતો હતો. કોઈ પેટીમાં કપડાં, તો કોઈ પેટીમાં વાસણો રાખતો હતો. એક પેટીમાં સોનાના દાગીના, તો બીજી પેટીમાં ચાંદીનાં ઘરેણાં મૂકતો હતો. ત્રીજી પેટીમાં સોનાની લગડીઓ, તો ચોથી પેટીમાં ચાંદીની પાટો રાખતો હતો. કેટલીક જાતનાં ઓજારો અને હથિયારો પણ તાળાબંધ પેટીઓમાં રાખતો હતો. આમ દરેક વસ્તુ માટે એક અલગ અલગ પેટી રાખતો હતો. આ કારણે પોતાના ખજાનાઓ માટે હજારો પેટીઓ તેને અરણ્યમાં સાથે રાખવી પડતી હતી. આ પેટીઓને તે સમયનાં ખંભાતી જેવાં તાળાં તે લગાડતો હતો, કારણ આજનાં જેવાં તાળાં ત્યારે નહોતાં. ખંભાતી તાળું તમે જોયું હશે. તે ફૂટ કે દોઢ ફૂટ જેટલું લાંબું હોય છે અને તેની કૂંચી પણ અડધા કે પોણા ફૂટ જેટલી હોય છે. સ્વાભાવિક છે કે આવી હજારેક કૂંચીઓનું વજન ઘણું થતું હોવું જોઈએ. તેને મુસાફરી કરવાની થતી હતી તેથી તેના ખજાનાની પેટીઓ અને પેટીઓની કૂંચીઓ સાથે રાખવા માટે પ્રાણીઓની

---

૪. કેટલાંક જૂથ કૂંચીઓ ઊંચકતાં હતાં. એક જૂથ ૧૦થી ૪૦ માણસોનું બનાવતો હતો. Trans. of the Holy Quran. Usuf Ali. Part II. Note: 3406.

અને માણસોની જરૂર પડતી હતી. એક ઇસરાઈલી વાત એવી પ્રચલિત છે કે તેના ખજાનાની કૂંચીઓ જ લઈ જવા માટે ૩૦૦ જેટલા ગોધાઓની જરૂર પડતી હતી. કૂંચીઓ તો માણસો ઊંચકતા હતા એવા પવિત્ર કુરાનના કથન સાથે આ ઇસરાઈલી વાત સુસંગત આવતી નથી. કદાચ ખજાનાની પેટીઓ ઊંચકવા માટે ૩૦૦ ગોધાઓની વણજાર રહેતી હશે.

પોતાની અઢળક સંપત્તિ માટે તે ઘણો જ ફૂલાતો હતો અને ખૂબ બડાઈ પણ માર્યા કરતો હતો. તે પોતાની કોમના લોકોને અવારનવાર કહ્યા કરતો કે, "જુઓ! મારી આ અઢળક સંપત્તિ! એ ખજાનાને જાળવી રાખવા માટે મારે પેટીઓ રાખવી પડે છે, અને એ પેટીઓનાં તાળાંઓની કૂચીઓ ઊંચકવા માટે મારે તમારામાંના કદાવર અને મજબૂત માણસો રાખવા પડે છે. આ ધનદોલત મને કંઈ અમસ્તી મળી નથી! મારી આવડત, ને મારી બાહોશી! મારા જ્ઞાન ને મારી તરકીબો ઇત્યાદિના પ્રતાપે એ મેં મેળવી છે, મારી આ અઢળક સંપત્તિ જ સૂચવે છે કે આપણી ઇસરાઈલી જમાતમાં મારા જેવો હોશિયાર કે સૂઝબૂઝવાળો અથવા મારા જેવો વ્યાવહારિક બુદ્ધિવાળો બીજો કોઈ નથી. શું તમને એમ નથી લાગતું કે હું જ આપણી કોમનો વડીલ કે સરદાર થવાને લાયક છું?" તેના આ અહમને, તેની ઇતરાજીને અથવા તેના મિથ્યાભિમાનને જોઈ, તેની કોમના લોકો તેને કહેવા લાગ્યા: "તું શેખી ન માર; શેખી મારનારાઓ અલ્લાહને ગમતા નથી. તને અલ્લાહે જે કંઈ આપ્યું છે તે વડે તું આખેરતનું ભાથું તૈયાર કર;–મોક્ષ મેળવવાનો–આખેરતનું ઘર કરવાનો જે માર્ગ છે તે ભૂલી ન જા: અને અલ્લાહે જેવી રીતે તારી સાથે ભલાઈ કરી છે તેવી જ રીતે તું પણ લોકો સાથે ભલાઈ કરતો રહે; ફિતના–ફિસાદ પાછળ ન પડ, ખરેખર ફિતના–ફિસાદ કરનારાઓને અલ્લાહ ચાહતો નથી." ૨૮ : ૭૭

આવું આવું સાંભળી તે કહેતો: "માલ તો મને મારા એક હુન્નરના પ્રતાપે પ્રાપ્ત થયો છે." ૨૮ : ૭૭ ધન કમાવાની યુક્તિઓ–પ્રયુક્તિઓ હું બહુ સારી રીતે જાણું છું. એ તો સામાન્ય વાત છે કે, "જાત કમાય તો રોટલા ખાય: પણ ધન કમાય તો ઢગલા થાય." તમે મહેનત કરો છો એટલે રોટલા જ મળે ને! પણ મારી અક્કલ–હોશિયારી તથા મારા જ્ઞાન વડે મારા ધનને કમાતું કર્યું એટલે મારા ત્યાં ધનના ઢગલા થયા. તેમાં કોઈનો ઉપકાર માનવા જેવું ક્યાં છે?

એમાં યહોવાહનો ઉપકાર માનવા જેવી વાત જ ક્યાં આવી? હું જાતે કમાયો એટલે હું ફૂલાઉં, હું ઇતરાઉં, હું શેખી મારું, તેમાં ખોટું શું છે? મૂસા અને હારૂનને શું કર્યું. તેમના તરફ દૃષ્ટિપાત કરી જુઓ. મિસરમાં આપણા ગોચરો, જમીનો, ખેતરો, ઘરો, રાચરચીલું વગેરે વગેરે છોડી દેવાડી આપણને આ અરણ્યમાં લઈ આવ્યા અને ભટકતા કરી મૂક્યા. તમે બધા વારંવાર કહો છો કે હે મૂસા! તું અમને મિસરમાંથી શા માટે કાઢી લાવ્યો? અમે આ અરણ્યમાં જ મરી ગયા હોત તો સારું. અહીંથી મિસર પાછા ફરવું શું ખોટું નથી? તમારી આ ઇચ્છા સાથે હું સહમત થાઉં છું. હવે મૂસા અને હારૂન ગરીબોને ઝકાત અથવા નિર્ધનવેરો આપવાનું કહી રહ્યા છે અને તે થોડોઘણો નહીં, દર ત્રીજા વરસે દસમો ભાગ માગે છે.[5] આપણી પાસે જે થોડુંઘણું છે તે પણ એ લઈ લેવા માંગે છે. આપણા માલદારોના ભોગે ગરીબોને પોષવા માંગે છે. આથી માલદારોને ગરીબ બનાવવા માંગે છે. મારા પર આ નિર્ધનવેરો આપવા ખૂબ દબાણ કરે છે. તમે જ કહો ને. એ વેરો આપું તો દસ વરસમાં હું નિર્ધન જ બની જાઉં ને! હું તો પૈસો પણ આપવાનો નથી. એમના જેવી સરદારી તે શા કામની?"

આમ કારૂનને "એટલું પણ ભાન ન આવ્યું કે અલ્લાહ તેના પહેલા તેના જેવાં કેટલાં (પૈસાપાત્ર) ટોળાંઓનો નાશ કરી ચૂક્યો છે; જે એના કરતાં વધારે બળવાન હતાં અને વળી જથ્થામાં પણ વધારે હતાં." ૨૮ : ૭૮ આવો ખ્યાલ જ્યારે તેને ન આવ્યો તો ધનદોલત ઇત્યાદિ અલ્લાહ જ આપે છે, તેમાં બુદ્ધિ કંઈ કામે લાગતી નથી, એવો ખ્યાલ તો કારૂનને આવે જ કયાંથી?

પછી તો પોતાને સરદારી મળે તે માટે તેણે યુક્તિઓ ગોઠવવા માંડી. મૂસા અલૈ. પર વ્યભિચારનો આક્ષેપ તેણે થોપી દીધો. મૂસા અલૈ.ના શરીરના ગુપ્ત ભાગોમાં કોઢ થયેલો છે, તેથી તે ખુલ્લામાં નહાતા નથી, એવી વાત પણ તેણે વહેતી મૂકી દીધી. આ અંગેની હકીકત હવે પછીના પ્રકરણમાં આવશે. તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "શરીરની ત્વચામાં કોઢ જેવું દેખાતું હોય, તો તે કોઢી માણસ છે, તે અશુદ્ધ છે." લેવીય : પ્રકરણ ૧૩ : ૪૩

---

૫. આ આધારે યહૂદીઓમાં ઝકાત ૩॥ % જેટલી આપવાની થાય. મુસલમાનોમાં ઝકાતનો દર ૨॥ % છે. એથી ઇસ્લામમાં કંઈક રાહતનો દર લાગે છે.

–૪૪. મૂસા અલૈ. કાઢી ગણાઈ જાય તો તેઓ અશુદ્ધ ગણાય અને નાતમાંથી ચાલ્યા જવું પડે; એટલે તેમની સરદારી ચાલી જાય. વળી " તે પોતાની કોમના લોકો સામે ભારે ઠાઠમાઠથી નીકળતો, જેથી લોકોનાં મન લોભાય અને કારૂનને સરદારી મળી જાય. એનો ઠાઠમાઠ જોઈ, " જે ઇસરાઈલ–લોકો ભૌતિકવાદ એટલે કે ઐહિક સુખમાં માનનારા હતા તેઓ કહેવા લાગ્યા : કારૂનને જે કંઈ મળ્યું છે તે અમને મળ્યું હોત તો કેટલું સારું થાત ! નિઃસંશય કારૂન મહા–ભાગ્યશાળી છે." ૨૮ : ૭૯ આથી તેને લાગ્યું કે કેટલાક લોકોનો પોતાને સાથ મળે એમ છે, એવી તેને ખાતરી થઈ ત્યારે મૂસા અલૈ. અને હારૂન અલૈ. વિરુદ્ધ બંડ ઉઠાવ્યું. બંડ કર્યું એવો ઉલ્લેખ પવિત્ર કુરાનની ૨૮ : ૭૬ની આયતમાં થયેલો છે પણ તેની વિગત આપવામાં આવી નથી. આ બંડની વિગત તૌરાતના ગણના પ્રકરણ ૧૬માં આપવામાં આવેલી છે. તેનો સારભાગ આ રહ્યો.

" કોરાહે અને રેઉબેનના પુત્રોએ ઇસરાઈલ–પુત્રોની જમાતમાંના અધિપતિઓ કે નામાંકિત માણસોમાંના અઢીસો માણસોને એકઠા કર્યા અને તેમને લઈને મૂસા તથા હારૂન સમક્ષ આવીને કહ્યું કે, આખી જમાતમાંના બધા જ પવિત્ર છે, ને યહોવાહ તેઓની મધ્યે છે; તેમ છતાં તમે (બંને) વિશેષ સત્તા ધારણ કરો છો. તમે યહોવાહની મંડળી પર પોતાને મોટા કેમ મનાવો છો ? "

મૂસાએ એ સાંભળ્યું ત્યારે કોરાહને અને તેની આખી બંડખોર ટોળીને કહ્યું કે, " કોણ ખુદાવંદના છે, ને કોણ પવિત્ર છે, તે યહોવાહ કાલે દેખાડશે. શું એટલું બસ નથી કે યહોવાહે લેવીના દીકરાઓને યહોવાહના મંડપની સેવા કરવા સારુ તથા જમાતની સેવા કરવા સારુ પસંદ કર્યા છે. હવે તમે તેથી પણ વિશેષ માંગો છો. શું તમે યાજકપદ પણ માંગો છો ? એ કારણ માટે તું તથા આખી ટોળી યહોવાહની વિરુદ્ધ એકઠા થયા છો. અને હારૂન તે કોણ કે તમે તેની સામે કચકચ કરો છો ? "

આથી ટોળીના લોકોએ કહ્યું : " તું અમને અરણ્યમાં મારી નાખવા સારુ દૂધમધની રેલમછેલવાળા દેશથી અહીં કાઢી લાવ્યો છે, અને વળી તું અમારા પર સરદારી કરે છે. હજુ સુધી વાયદા પ્રમાણે અમને અમારા પૂર્વજોના વતનમાં લાવ્યો નથી. હવે અમે તારું કહ્યું માનવાના નથી. અમે તને સરદાર પણ માનવાના નથી. બીજો કોઈ સરદાર પસંદ કરી અમે મિસર પાછા ફરીશું. "

આથી મૂસાને ક્રોધ ચઢ્યો, ને તેણે યહોવાહને કહ્યું, "તું તેમના અર્પણને ન ગણકાર. તેમની પાસેથી એક ગધેડું પણ મેં લીધું નથી. કોઈને મેં ઉપદ્રવ કર્યો નથી." માટે તું આ બાબતમાં અમારી વચ્ચે ફેંસલો કરી દે.

તેથી યહોવાહના કહ્યા પ્રમાણે, મૂસાએ કોરાહને કહ્યું, "તું તથા તારી આખી ટોળી મંડપના દરવાજા આગળ પોતપોતાનું ધૂપપાત્ર લઈ હાજર થાઓ. હારૂન પણ પોતાનું ધૂપપાત્ર લઈ હાજર રહેશે. ધૂપપાત્રમાં તમે ધૂપ આપશો ત્યારે આ બાબતનો ફેંસલો યહોવાહ કરી દેશે."

બીજે દિવસે મંડપના દરવાજા આગળ તેઓ ધૂપપાત્રો લઈ એકઠા થયા. ત્યાં શું બને છે તે જોવા બીજા લોકો પણ એકઠા થયા. આ પ્રસંગે મૂસાએ કહ્યું : "યહોવાહે આ સર્વ કામ કરવાને મને મોકલ્યો છે. મેં એ કામો મારી મેળે કર્યાં નથી. જો આ બંડખોર માણસો, સર્વ માણસોની જેમ મરણ પામે તો તમારે જાણવું કે યહોવાહે મને મોકલ્યો નથી : પણ જો પૃથ્વી પોતાનું મોં ઉઘાડીને તેમને તથા તેઓના સર્વસ્વને સ્વાહા કરી જાય તો તમારે જાણવું કે એ માણસોએ યહોવાહને ધિક્કાર્યો છે."

પછી યહોવાહના આદેશ અનુસાર મંડપના દરવાજા પાસેથી બંડખોર લોકો સિવાય બધા જ હઠાવી લેવામાં આવ્યા. આ વેળા ધૂપ દેવામાં આવી. તે સમયે જ પૃથ્વી ફાટી ગઈ અને "તેઓને તથા તેઓના ઘરબટલાઓને, તથા કોરાહનાં સર્વ માણસોને તથા તેઓની સર્વ માલમતાને સ્વાહા કરી ગઈ." બીજી જગાએ કહ્યું છે, "પૃથ્વી પોતાનું મોં ઉઘાડીને તેઓને કોરાહ સુધ્ધાં ગળી ગઈ. તે સમયે અગ્નિ અઢીસો માણસોને સ્વાહા કરી ગયો, પણ કોરાહના દીકરા મૂઆ નહીં." ગ. પ્ર. ૨૬ : ૧૦ : ૧૧.

પવિત્ર કુરાનમાં આ પ્રસંગને આમ વર્ણવ્યો છે, "પછી અમોએ કારૂનને તથા તેના ઘરને જમીનમાં ધસાવી દીધાં." ૨૮ : ૮૧

# પ્રકરણ ૩૭મું

## ઇસરાઈલીઓથી પહોંચેલો મૂસા અલૈ.ને સંતાપ

મહેણાં–ટોણાં કે કટાક્ષો મારીને, કઢંગું કે આડુંઅવળું બોલીને તથા ખોટાં કૃત્યો કરીને એટલે કે જીભ અને હાથ, બંને દ્વારા ઇસરાઈલ–લોકો મૂસા અલૈ.ને ખૂબ જ સંતાપતા હતા. પવિત્ર કુરાનમાં ઉપરોક્ત બાબતને ટેકો આપતાં કહેવામાં આવ્યું છે કે, " હે મારી કોમના લોકો ! તમે મને શા માટે સંતાપો છો ?" ૬૧ : ૫ મૂસા અલૈ.ના જીવનભર તેઓ તેમને દુઃખ આપતા રહ્યા હતા, પરંતુ તેમના પર ખોટા આક્ષેપો થોપતાં પણ તેઓ અચકાયા ન હતા. એથી ઊપજતાં સર્વ દુઃખો કે સંતાપ તેઓ શાંતિપૂર્વક સહન કરી લેતા હતા.

પાછલાં પ્રકરણોમાં આપણે જોઈ ગયા છીએ કે, સીનના અરણ્યમાં વાછરડાની મૂર્તિઓની પૂજા જોઈ ઇસરાઈલ–લોકોએ એવા કોઈક ઇલાહ અર્થાત્ પૂજનિકની માગણી મૂસા અલૈ પાસે મૂકી હતી; સામેરીના સોનાના વાછરડાની પૂજામાં તેઓ સાંગોપાંગ પડી ગયા હતા; અલ્લાહને નજરોનજર જોવાની ઘેલછાભરી માગણી પણ કરી બેઠા હતાઃ તૌરાતનો ઇનકાર કરતાં જરાયે ખચકાયા ન હતાઃ પેલેસ્ટાઇનની પવિત્ર ભૂમિમાં લડીને દાખલ થવા માટે ઇનકાર કરી દીધો એટલું જ નહીં ઉપરથી એવું સંભળાવી દીધું હતું કે તું અને તારો ખુદાવંદ બંને લડી લો : મન્ના અને સલ્વાનો પાક-પવિત્ર ખોરાક વિના મહેનતે મળતો હતો તેની અવગણના કરી બેઠા હતા, અને છેવટે મિસરમાં પાછા ફરવા તૈયાર થઈ ગયા હતા. અને તે માટે તિયાના અરણ્યમાંથી મિસર તરફ કૂચ પણ કરતા હતા. કોઈ પણ પ્રસંગ ઉપસ્થિત થતો ત્યારે તેઓ મૂસા અલૈ. તેમ જ હારૂન અલૈ. વિરુદ્ધ કચકચ કર્યા વિના રહેતા ન હતા અને ગમે તેટલું સમજાવ્યા છતાં પોતાની હઠધર્મી છોડતા ન હતા. આથી મૂસા અલૈ.ને ખૂબ જ માઠું લાગતું હતું અને તેમને મન-દુઃખ થયા કરતું હતું : છતાં તેઓ ધીરજ ધરીને બોધ આપવાનું પોતાનું કાર્ય અવિરતપણે ચાલુ રાખતા હતા. આવા અનેક પ્રસંગોનાં બયાનો પવિત્ર કુરાનમાં તથા તૌરાતમાં આપવામાં આવેલો છે, અહીં પાછલાં પ્રકરણોમાં એવા પ્રસંગોનો ઉલ્લેખ થયેલો છે.

પવિત્ર કુરાનમાં ઇસરાઈલ–લોકો મૂસા અલૈ.ને સંતાપતા હતા તે માટે મુસલમાનોને ચીમકી આપતાં કહેવામાં આવ્યું છેઃ " હે ઈમાનવાળા લોકો ! તમે તેમના જેવા ન થજો કે જેમણે મૂસાને સંતાપ્યો હતો." ૩૩ : ૬૯

" મૂસાએ પોતાની કોમના લોકોને કહ્યું : હે મારી કોમના લોકો ! તમે

મને શા માટે સંતાપો છો? તમે જાણો છો કે ખરેખર હું તો તમારા તરફ અલ્લાહનો મોકલેલો (રસૂલ) છું." ૬૧ : ૫

આ બંને આયતોમાં સંતાપવાનો ઉલ્લેખ થયો છે તેના ઉપર જણાવેલ અનેક પ્રસંગો ઉપરાંત મૂસા અલૈ. પર મૂકેલા કેટલાક આક્ષેપોનો ઇશારો પણ જોવા મળે છે. પવિત્ર કુરાન કે તૌરાતમાં આ આક્ષેપોનો ક્યાંય ઉલ્લેખ નથી, પરંતુ મોઘમ રીતે કહેવામાં આવ્યું છે કે, "પછી અલ્લાહે તેમને આ આરોપમાંથી નિર્દોષ કર્યા." ૩૩ : ૬૯. એ તો નિર્વિવાદ વાત છે કે મૂસા અલૈ. પર કેટલાંક તહોમત થોપવામાં આવ્યાં હતાં; તે ક્યાં તેની હકીકત મુસ્લિમ સ્મૃતિ-ગ્રંથોમાંથી અર્થાત્ હદીસની કિતાબોમાંથી ઉપલબ્ધ થાય છે.

એમના પર મૂકેલા એક તહોમતની વાત બુખારી અને મુસ્લિમની હદીસની કિતાબોમાં આવેલી છે. હજરત અબૂ હુરેરા રદી.નું કહેવું છે કે, એક વેળા આપ સલ્લઅમે વાતોવાતોમાં ફરમાવ્યું કે "મૂસા અલૈ. અત્યંત શરમાળ પ્રકૃતિના હતા." પોતાના શરીરના ઉઘાડા ભાગો પણ ધારી ધારીને જોતા ન હતા : તો પછી પોતાના ગુહ્યાંગો તરફ નજર નાંખે શેના? આથી ઊલટું ઇસરાઈલ-લોકોમાં હિંદુ સ્ત્રી-પુરુષો નદીઓમાં સ્નાન કરે છે તેમ, ખુલ્લી જગાઓમાં અર્ધ-નગ્ન થઈ સ્નાન કરવાનો રિવાજ હતો. તેઓ મૂસા અલૈ.ની મજાક ઉડાવતા અને તેમની પજવણી પણ કરતા હતા. તેઓ કહેતાં કે "તમારાં ગુહ્યાંગોમાં કોઢની કે અંડકોષ-વૃદ્ધિ કે એવી કોઈ બીમારી થયેલી હોવી જોઈએ. તેથી જ કોઈ ન જુએ તેવી રીતે કોઈક આડ ઊભી કરી તમે સ્નાન કરો છો." મૂસા અલૈ. આવી વાતો સાંભળતા પરંતુ શાંત રહેતા હતા.

કોઢ અને અંડકોષ-વૃદ્ધિની બીમારીનો આક્ષેપ મૂકવામાં એવો આશય સમાયેલો જણાય છે કે મૂસા અલૈ.ને નાત બહાર મૂકી શકાય. કોઢના દરદી માટે તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "કોઢના દરદીનાં વસ્ત્ર ફાડી નંખાય, ને તે ઉઘાડે માથે ફરે, ને તે પોતાના હોઠ પર મૂમતી બાંધે, ને એવી બૂમ પાડે, કે અશુદ્ધ, અશુદ્ધ. જેટલા દિવસ તેનો રોગ રહે તેટલા દિવસ તે અશુદ્ધ ગણાયઃ તે અશુદ્ધ છે; તે એકલો રહે; છાવણી બહાર તેનું રહેઠાણ થાય" લેવીય. પ્રકરણ ૧૩ : ૪૫-૪૬

અંડકોષ વૃદ્ધિના રોગ માટે પણ તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "જેના વૃષણ ઘાયલ થયા હોય તે યહોવાહની મંડળીમાં પ્રવેશ ન કરે," પુનઃ પ્રકરણ ૨૩ : ૧

આ બંને આક્ષેપો પૈકી ગમે તે એક પણ પુરવાર થાય તો મૂસા

અલૈ.ને ઇસરાઈલ–લોકોથી જુદા થવું પડે. અને તેમ થાય તો પયગંબરીના મૂળભૂત સિદ્ધાંતને ઠેસ લાગે. આ રોગોની વાત ચર્ચાના એરણ પર ખૂબ જ ચઢી ત્યારે તેનો નિકાલ કર્યા વિના બીજો કોઈ ઇલાજ ન હતો. અલ્લાહ તઆલાએ આ પ્રશ્નનો નિકાલ કરી નાંખવાનું નક્કી કર્યું. અલ્લાહની ઇચ્છા થાય ત્યારે શું વાર લાગે. તથાસ્તુ=તેમ થાઓ ને તેવું થઈ જાય છે. પવિત્ર કુરાનમાં આ વાત આમ કહેવામાં આવી છે. "થા અને તેમ થઈ જાય છે."[1]

એક દિવસ મૂસા અલૈ. સ્નાનની તૈયારી કરી રહ્યા હતા. પાસેના બીજા પથ્થર પર પોતાનાં કપડાં મૂકી દીધાં. તેવામાં પથ્થર ત્યાંથી આપમેળે ખસક્યો અને ઇસરાઈલ–લોકો સમૂહમાં ઉઘાડા ડીલે નહાતા હતા ત્યાં જઈ અટક્યો. મૂસા અલૈ. હાંફળાફાંફળા બની ગયા અને "હે પથ્થર! મારાં કપડાં–હે પથ્થર! મારા કપડાં"[2] કહેતા કહેતા ત્યાં પથ્થર પાસે આવી પડ્યા. એ વેળા લોકોએ તેમનાં ગુહ્યાંગો જોઈ લીધા, તો જણાયું કે ન તો તેમના શરીરના કોઈ ભાગ પર કોઢ હતા કે ન તેમનાં પોતાં વધી ગયાં હતાં. તેમનાં ગુહ્યાંગોમાં કે તેમના બદનમાં બીજા કોઈ અંગમાં કોઈ પણ રોગ ન હતો. આ અકસ્માતથી મૂસા અલૈ. કંઈક આવેશમાં આવી ગયા અને પેલા પથ્થર પર પોતાની લ ઠીના કેટલાક વાર કર્યા. આથી પથ્થર પર લાઠીના વારનાં નિશાન પડી ગયાં. અલ્લાહ તઆલાએ તેમને એ રીતે તહોમતમાંથી નિર્દોષ ઠેરવ્યા. આ લાઠીના વારનાં નિશાન પરથી હું એવા મત પર આવ્યો છું કે તેઓશ્રી પોતાની લાઠી હંમેશ પોતાની સાથે રાખતા હતા. સ્નાન કરતી વેળાં કપડાં ઉતારી પથ્થર પર મૂક્યાં ત્યારે લાઠી પણ મૂકી હશે. લાઠી પણ પથ્થર સાથે ચાલી ગઈ હશે અને તેથી જ લાઠી તેમના હાથમાં આવી ગઈ હશે ને! તેથી જ લાઠીના વાર કરવા શક્તિમાન થયા.

બીજું તહોમત તેમના પર એવું મૂકવામાં આવ્યું હતું કે હારૂન અલૈ.નું ખૂન મૂસા અલૈ.એ કર્યું છે. તૌરાતમાં આવે છે કે, "ઈસ્રાએલ–પુત્રો કાદેશથી નીકળીને અદોમ દેશની સરહદમાં હોર પર્વતની તળેટી આગળ છાવણી કરી અને ત્યાંથી યહોવાહની આજ્ઞા પ્રમાણે હારૂન યાજક

---

૧. અલ્લાહ કહે છે "થા અને તેવું થઈ જાય છે."

૨. ثَوْبِي حَجَرُ ثَوْبِي حَجَرُ

હોર પર્વત પર ચઢયો અને ત્યાં તે મરણ પામ્યો." ગણના પ્રકરણ ૩૩ : ૩૭-૩૮. મૂસા અલૈ. પણ હારૂન અલૈ. સાથે હોર પર્વત પર ગયા હતા. આ આક્ષેપ પુરવાર થાય તો મૂસા અલૈ.ને દેહાંત-દંડની સજા ભોગવવી પડે એમ હતું, અને એ રીતે મૂસા અલૈ.ની સરદારી મિટાવી દઈ શકાતી હતી. તૌરાતમાં ખૂનીની સજા અંગે કહેવામાં આવ્યું છે કે, "જે કોઈ માણસનું ખૂન કરે તે ખૂની, સાક્ષીઓની જુબાનીને આધારે દેહાંત-દંડ જ ભોગવે." ગ. પ્ર. ૩૫ : ૩૧. આ આક્ષેપની વાત હજરત અલી રદી.એ કરેલી છે. અને તે આધારે સ્મૃતિઓમાં એટલે કે હદીસોમાં દાખલ થયેલ છે. મૂસા અલૈ.મે તો પોતાના માડીજાયા ભાઈ હારૂન અલૈ.ને પયગંબરી અપાવી હતી એટલે હારૂન અલૈ.ના ખૂનનો આક્ષેપ એમના પર થોપી દેવામાં આવે તો સ્વાભાવિક છે કે તેમને અત્યંત દુઃખ થાય. આથી અલ્લાહ તઆલાએ તેમને આ આક્ષેપમાંથી પણ નિર્દોષ ઠેરવવા મોજિઝો અર્થાત્ આશ્ચર્યકૃત્ય કર્યું. અલ્લાહે ફરિશ્તાઓને હુકમ કર્યો કે હારૂન અલૈ.ના મૃતદેહને ઇસરાઇલ-લોકો સમક્ષ રજૂ કરી દો. ફરિશ્તાઓએ તેમ કર્યું એટલે હારૂન અલૈ.ના મૃતદેહ પર ન તો લાઠીનાં કે ન તો તીક્ષ્ણ હથિયારનાં મારનાં ચિહ્નો દેખાયાં, એટલે ઇસરાઇલ-લોકોને ખાતરી થઈ ગઈ કે હારૂન અલૈ. કતલ થયા ન હતા, પરંતુ કુદરતી રીતે મૃત્યુ પામ્યા હતા. આમ અલ્લાહે મૂસા અલૈ.ને ખૂનના આક્ષેપમાંથી નિર્દોષ ઠરાવ્યા.

ત્રીજો આક્ષેપ હજરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદી.એ વર્ણવ્યો છે, કારૂનને મૂસા અલૈ.ના બોધની વાતો કઠિન અને અણગમતી લાગ્યા કરતી હતી. વળી તે મૂસા અલૈ.ની જગાએ ઇસરાઇલ-લોકોનો સરદાર અને આગેવાન થવા માંગતો હતોઃ એટલે તેમને દૂર કરવા તેમના પર વ્યભિચારનો આક્ષેપ મુકાવ્યો. તૌરાતની દસ આજ્ઞાઓમાં "તું વ્યભિચાર ન કર," એ આજ્ઞા સમાયેલી છે. વ્યભિચાર માટે તૌરાતમાં દેહાંત-દંડની સજા છે. "પરણેલી સ્ત્રી સાથેના વ્યભિચાર માટે એકલો પુરૂષ માર્યો જાય. વ્યભિચારના ઇરાદા માટે પણ પુરુષ અશુદ્ધ ગણાય." આ આક્ષેપથી મૂસા અલૈ. અશુદ્ધ ગણાઈ જાય એવી કારૂનની ગણતરી હશે. કેવળ વ્યભિચારના આક્ષેપથી જ પયગંબરીને તથા સરદારીને મૂસા અલૈ. લાયક નથી એવું વાતાવરણ ઊભું થાય. આ આક્ષેપ કરવા માટે કારૂને એક વેશ્યા સ્ત્રીને ઊભી કરી.

કારૂને આ વેશ્યાને સારા પૈસા આપી કહ્યું : "જ્યારે મૂસા સભામાં ઉપદેશ આપે ત્યારે ઊભા થઈ તારે કહેવું કે મૂસા તો મારી સાથે સંબંધ

રાખે છે." બીજા દિવસે ઇસરાઇલીઓની ભરસભામાં આ વેશ્યાએ તેમના ઉપર આવો આક્ષેપ મૂકયો. આ આક્ષેપ સાંભળી મૂસા અલૈ. તો ત્યાં ને ત્યાં જ સિજદામાં ઝૂકી પડયા. થોડીવારે સિજદામાંથી માથું ઊંચકી તે વેશ્યાને કહેવા લાગ્યા : તેં હમણાં જે કંઈ મારા માટે કહ્યું છે તે તું ખુદાવંદના કસમ ખાઈ કહી શકે છે કે એ વાત સાચી છે?" આ સાંભળી પેલી વેશ્યા ડઘાઈ ગઈ. તેણીને ધ્રૂજારી વછૂટી ગઈ. પછી સ્વસ્થ થઈ કહેવા લાગી : "ખુદાવંદના કસમ ખાઈને કહું છું કે કારૂને પૈસા આપી આવો આક્ષેપ તમારા પર મૂકવા મને તૈયાર કરી હતી. તમે એ બાબતમાં સાવ નિર્દોષ છો." આ કારણે મૂસા અલૈ.એ કારૂન માટે ખુદા પાસે દુઆ માંગી, જેના પરિણામે તેને તથા તેના ખજાનાઓને જમીન ગળી ગઈ.

આમ આ આક્ષેપમાંથી પણ મૂસા અલૈ. સાવ નિર્દોષ ઠર્યા.

---

## પ્રકરણ ૩૮સું

## મૂસા અલૈ. અને ખિજર અલૈ.

મૂસા અલૈ.નું જીવન અનેકવિધ પ્રસંગોથી ભરપૂર છે. તેમાંનો એક પ્રસંગ આત્મદષ્ટા ખિજર અલૈ. સાથેની મુલાકાતનો છે. આ પ્રસંગમાંથી સારો બોધપાઠ મળી રહે તેમ છે. આ આત્મદષ્ટાને સર્જનાત્મક શક્તિ એટલે કે Creation સંબંધીની ભેદી અને રહસ્યમય બાબતોનું સારું એવું જ્ઞાન અલ્લાહ તઆલાએ એનાયત કર્યું હતું. એ જ્ઞાન કેવું હોય તેની માહિતી મેળવવા માટે મૂસા અલૈ. ખિજર અલૈ. પાસે આવ્યા હતા. તેમની વચ્ચે થયેલી મુલાકાતનું વર્ણન પવિત્ર કુરાનના ૧૮મા પ્રકરણની ૬૦થી ૮૨ સુધીની આયતોમાં કરવામાં આવેલું છે.

આ આત્મદષ્ટાની વંશાવળી આ પ્રમાણે મળી આવે છે :

બલિયા બિન મલ્કાન બિન ખામેય બિન હેબેર બિન શેલાહ બિન આર્પકશાદ બિન સામ બિન નૂહ અલૈ. છે.[1]

મૂસા અલૈ.ની વંશાવળી આ પ્રમાણે છે :

મૂસા અલૈ. બિન ઈમરાન બિન કહાથ બિન લેવી.[2] બિન યાકૂબ

---

૧. ઇબ્ને કસીર. Vol. III. P. 36. ૧૯ : ૫૧ની આયતની તફસીર.

૨. તૌરાત પ્રમાણે.

અલૈ., બિન ઈસ્હાક અલૈ. બિન ઈબ્રાહીમ અલૈ. બિન આઝર બિન નાહોર બિન સરૂગ બિન રેઉબિન પેલેગ બિન હેબેર બિન શેલાહ બિન આપ-ક્ષિશાદ બિન સામ બિન નૂહ અલૈ. છે. બંને નૂહ અલૈ.ના પુત્ર સામના વંશજો છે. એમના કુટુંબના ફાંટા નૂહ અલૈ.થી પાંચમી પેઢીએ થયેલા હેબેરથી જુદા પડે છે.

આ બંને વંશાવળીઓ જોતાં સ્પષ્ટ થાય છે કે, નૂહ અલૈ.થી ૭મી પેઢીએ ખિજર અલૈ. થઈ ગયા: જ્યારે નૂહ અલૈ.થી ૧૬મી પેઢીએ મૂસા અલૈ. થયેલા છે. આથી તમે ઝટ પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે આ બંને મૂસા અલૈ. અને ખિજર અલૈ. કેવી રીતે સમકાલીન હોઈ શકે? બંનેની મુલાકાત શક્ય નથી. આ મુલાકાતની એક વ્યક્તિ ઇસરાઈલ–લોકોના પયગંબર મૂસા અલૈ. હતા. એ પવિત્ર કુરાનના ૧૮મા પ્રકરણની આયતોથી પુરવાર થાય છે. આથી તમે એવું અનુમાન તારવવા પ્રેરાશો કે ખિજર અલૈ.નું પેઢી-નામું ખોટું હોવું જોઈએ અથવા તેમના પેઢીનામામાં બધા જ પુરુષોનાં નામ આપેલાં નહીં હોય, ફક્ત મુખ્ય પુરુષોનાં નામ આપેલાં હોવાં જોઈએ. હેબેર પછીના તેમના પૂર્વજોનાં પૂરેપૂરાં નામ આપવામાં આવેલાં નહીં હોય. ગમે તેમ હોય, ઉબ્બી બિન કાબ (રદી.)એ પ્રમાણિત કરેલ હદીસને આધારે ઉલેમાઓનો સર્વ–સામાન્ય મત એવો છે કે, બની ઇસરાઈલના માતબર પયગંબર મૂસા અલૈ.ની મુલાકાત ખિજર અલૈ. સાથે જ થઈ હતી. આ પેઢીનામા પરથી એક અનુમાન એવું પણ તારવી શકાય કે ખિજર અલૈ.નું આયુષ્ય ખૂબ જ લાંબું હોવું જોઈએ. મુસલમાનોનો મોટો વર્ગ એવો મત ધરાવે છે કે ખિજર અલૈ. આ દુનિયાના અંત સુધી, અર્થાત્ કયામત સુધી રહેવાના છે. આ અશક્ય તો નથી જ; કારણ અલ્લાહની કુદરત ન્યારી છે, તે સર્વ શક્તિમાન છે. ઇદ્રિસ અલૈ. અને ઇસા અલૈ. (ઈસુ ખ્રિસ્ત) આજે પણ હયાત તો છે, તો ખિજર અલૈ.ને કયામત સુધીનું આયુષ્ય એનાયત કરે એ બનવાજોગ છે. આજે પણ કેટલાયે લોકો એવું કહે છે કે "અમે ખિજર અલૈ.ને નજરોનજર જોયા છે." આ અંગે કુરાન શરીફના ભાષ્યકર્તાઓનું કહેવું છે કે "આ એક ભ્રમ છે: અથવા આ લોકોએ શયતાનને તેમના સ્વરૂપમાં જોયો હશે. તેઓ જીવતા નથી.[3] ખરું ખોટું શું તે અલ્લાહ જ જાણે છે, પરંતુ એમાં તો લેશ-માત્ર શંકા નથી કે મૂસા અલૈ.ને આવા કોઈક આત્મદૃષ્ટા સાથે મુલાકાત

૩. મુવાહિબ : ૧૮ : ૭૫ની આયતની તફસીર જુઓ.

થઈ છે. એ આત્મદષ્ટાનું નામ પવિત્ર કુરાનમાં આપ્યું નથી. ૧૮ : ૬૫ની આયતમાં "અમારો (અલ્લાહનો) એક સેવક"[૪] કહ્યો છે. મુસલમાનો સામાન્યપણે એ આત્મદષ્ટાને, એ સેવકને ખિજર તરીકે જ ઓળખે છે.

ખિજર અલૈ.નું મૂળ નામ, તમે પેઢીનામામાં જોયું તેમ, બલિયા છે, પરંતુ એ નામે એમને કોઈ જ ઓળખતું નથી; ખિજર (અલૈ)ના નામે જ સહુ કોઈ ઓળખે છે. ખિજરનો અર્થ થાય છે. "લીલું." તેમનું જ્ઞાન હંમેશ અદ્યતન રહેતું હતું. જે જ્ઞાન અદ્યતન હોય છે તેને તાજાં ફળો જેવું કે લીલાં પાંદડાં જેવું કહી શકાય. ખિજર અલૈ.નું જ્ઞાન તદ્દન અદ્યતન કે તાજું રહેવાનું કારણ એ હતું કે તે જ્ઞાન તેઓ જીવનચર્યામાંથી રોજ–બ–રોજના જીવનપ્રસંગોમાંથી અને અલ્લાહ તઆલાની નિકટતાથી મેળવતા હતા.[૫] તેમનું આવું તાજું, અદ્યતન જ્ઞાન લીલું રહ્યા કરતું હતું તેથી તેમને "ખિજર" નામ આપવામાં આવ્યું હતું.

બંનેની મુલાકાતનો પ્રસંગ એ કારણે બન્યો કે, એક દિવસ મૂસા અલૈ. ઇસરાઈલ–લોકોને ઉપદેશ આપી રહ્યા હતા ત્યારે એક માણસ મૂસા અલૈ.ને પૂછવા લાગ્યો : "હાલમાં સૌથી મોટો જ્ઞાની કોણ હશે ?" મૂસા અલૈ.એ જવાબ આપ્યો : "ખુદાએ મને સૌથી વધુ જ્ઞાન એનાયત કર્યું છે." અલ્લાહને આ બડાઈભર્યો જવાબ ન ગમ્યો. ત્યાં ને ત્યાં જ વહી દ્વારા ટકોર કરવામાં આવી કે, "સૌથી વધુ જ્ઞાની તો ખુદા જ છે. દૈવી જ્ઞાન અપાર હોય છે. એવો જવાબ તમારે આપવો જોઈતો હતો. જ્યાં બે સમુદ્રોનું સંગમસ્થાન છે ત્યાં તમને "અમારો એક સેવક" મળશે, જેનું જ્ઞાન કેટલીક બાબતોમાં તમારા કરતાં વિશેષ છે."

મૂસા અલૈ. નમ્રતાથી પૂછવા લાગ્યા : "હે મારા માલિક ! તમારા તે સેવક સાથે મારો ભેટો કેવી રીતે થશે ?"

જવાબ મળ્યો : "તળેલી માછલીને ભાથામાં રાખી ચાલ્યા કરજો. જે સ્થળે એ તળેલી માછલી અદશ્ય થઈ જાય તે સ્થળે એ અમારા સેવકનો તમને ભેટો થશે."

પછી પોતાના ખલીફા યૂશેઅ બિન નૂનને સાથે લઈ ખુદાના એ સેવકની શોધમાં ચાલી નીકળ્યા. બંનેએ સારી એવી મજલ કાપી હશે ત્યારે યૂશેઅ પૂછવા લાગ્યા : "આમ ક્યાં સુધી ચાલ્યા કરીશું ?"

---

૪. ૧૮:૬૫ عَبْدًا مِّنْ عِبَادِنَآ

૫. Trans. of The Holy Quran-Usuf Ali. Note : 2411.

"મૂસાએ પોતાના અનુચરને કહ્યું : બે સમુદ્રોના સંગમસ્થાને[૬] પહોંચીશું નહીં ત્યાં સુધી ચાલ્યા કરીશું. જો તેમ નહીં બને તો હું તો વર્ષોનાં વર્ષો સુધી ચાલ્યા જ કરીશ." ૧૮ : ૬૦ ચાલતાં ચાલતાં સંગમ-સ્થાન પાસે પહોંચ્યા તો એક પથ્થર પર માથું ટેકવી બંને સૂઈ ગયા. પેલી માછલીમાં પ્રાણ આવ્યો અને તે ભાથામાંથી નીકળીને સમુદ્રમાં ચાલી ગઈ. તે સુરંગમાં જતી ન હોય તેમ સમુદ્રમાં રસ્તો બનાવતી ચાલી ગઈ.

યૂશેએ માછલીને જતાં જોઈ લીધી, કેમ કે તેઓ મૂસા અલૈ.થી વહેલા જાગી પડ્યા હતા, પરંતુ જ્યારે મૂસા અલૈ. જાગી ઊઠ્યા ત્યારે આ બનાવની વાત કરવાનું યૂશેઅ ભૂલી ગયા. પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "જ્યારે તેઓ બંને બે સમુદ્રોના સંગમસ્થાને પહોંચ્યા ત્યારે તેઓ બંને પોતાની પાસે રાખેલી (તળેલી) માછલીની વાત જ ભૂલી ગયા. ૧૮ : ૬૧. હવે તેમણે બંનેએ પોતાની મુસાફરી આગળ ચલાવી, એક દિવસ અને એક રાત જેટલા સમય સુધી ચાલ્યા જ કર્યું. બીજા દિવસે સવાર થઈ ત્યારે, "મૂસા પોતાના યુવાન જોડીદારને કહેવા લાગ્યો : આપણો નાસ્તો લાવ : ખરેખર, આજની મુસાફરીથી ખૂબ જ થાક લાગ્યો છે." ૧૮ : ૬૨

યુવાન જોડીદારે કહ્યું, "અરે! (અજબ થવા જેવી વાત બની ગઈ.) જ્યારે પથ્થર પાસે આપણે વિસામો લીધો હતો ત્યારે માછલી અંગેની વાત કરવાનું જ હું વીસરી ગયો : શયતાને જ આ વાત મને ભુલાવી દીધી. તે જગાએથી માછલી તો આશ્ચર્યકારક રીતે સમુદ્રમાં ચાલી ગઈ હતી." ૧૮ : ૬૩

આ સાંભળી મૂસાએ કહ્યું : "એ જ જગા શોધવા આપણે નીકળ્યા હતા. આથી બંને જણા પોતાનાં પગલે પગલે પાછા ફર્યા અને તેમણે ત્યાં અમારા એક સેવકને જોયો. અમે તેને રહેમતની છાયામાં લીધો હતો તથા તેને એક વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન[૭] એનાયત કર્યું હતું," ૧૮ : ૬૫

બંનેએ તેમને સલામ કરી. મૂસાએ વિનંતી કરતાં કહ્યું : "અલ્લાહ તરફથી જે ઉચ્ચતર જ્ઞાન તમને શીખવાડવામાં આવ્યું છે તેમાંથી મને પણ થોડુંઘણું શીખવાડો તે માટે શું હું તમારી સાથે રહી શકું છું?" ૧૮ : ૬૬

ખિજર અલૈ.મે કહ્યું : "શીખવાડવાની મારી ક્યાં ના છે? પરંતુ તું મારી સાથે શાંત રહી શકીશ નહીં અને (એમાં પણ તથ્ય છે કે) જે

---

૬. مَجْمَعَ الْبَحْرَيْنِ ૧૮:૬૦

બાબતોની તારી સમજ પૂરેપૂરી ન હોય તે બાબતો માટે તું ધીરજ કેવી રીતે રાખી શકે? " ૧૮ : ૬૭–૬૮ અલ્લાહે તને અનુશાસનનું–શરિયતનું–જ્ઞાન એનાયત કર્યું છે તે જ્ઞાન મારામાં નથી અને અલ્લાહની સર્જનાત્મક શક્તિનું એટલે કે Creation વિષેનું જ્ઞાન મારામાં છે તે તમારામાં નથી એ હકીકત છે. તમે મારી સાથે આવશો તો તમે શાંત રહી શકવાના નથી, એમ મારું મન મને કહે છે.

મૂસાએ કહ્યું : ઇશ્વરેચ્છા હશે તો તું મને ધીર ગંભીર જોઈશ : અને (વધારામાં) કોઈ પણ બાબતમાં હું તારો આજ્ઞાભંગ કરીશ નહીં." ૧૮ : ૬૯

આથી " ખિજરે કહ્યું : જો તું મારી સાથે રહેવા માંગતો જ હોય તો હું મારી મેળે કોઈ બાબતનો ખુલાસો ન આપું ત્યાં સુધી તેનો ખુલાસો મને પૂછીશ ના. " ૧૮ : ૭૦ મૂસા અલૈ.મે આ શરત માન્ય કરી લીધી. એટલે બંને આગળ ચાલ્યા. સમુદ્રકિનારે પહોંચ્યા ત્યારે એક હોડી તેમના જોવામાં આવી. ખિજર અલૈ.મે હોડીમાં સવાર થવાનું અને સામે પાર લઈ જવાનું ભાડું પૂછ્યું. ખલાસીઓ તેમને ઓળખતા હતા તેથી તેમણે ભાડું લેવા ના પાડી અને આગ્રહપૂર્વક બંનેને હોડીમાં બેસાડી લીધા. હોડી થોડેક દૂર ગઈ હશે તેટલામાં ખિજર અલૈ.મે સામેના પાટિયામાં કાણું પાડી દીધું, મૂસા અલૈ. આ સહન કરી શક્યા નહીં. ઝટ ખિજર અલૈ.ને કહેવા લાગ્યા : " ખલાસીઓએ તો મફત બેસાડી આપણા ઉપર ઉપકાર કર્યો છે અને તમે તો તે ઉપકારનો બદલો એવો આપવા માંગો છો કે હોડીના બધા માણસોને ડુબાડી દેવા માંગો છો. અહેસાનનો આ કેવો વિચિત્ર બદલો !" " ખિજર કહેવા લાગ્યા : શું મેં તને પહેલેથી નો'તું કહ્યું કે તારાથી મારી સાથે ધીરજ રાખી શકાશે નહીં. " ૧૮ : ૭૨ એ સાચું પડયું ને !

" મૂસાએ કહ્યું : હું ભૂલથાપ ખાઈ ગયો, તે માટે મને ઠપકો ન આપ અને મારા આ મામલામાં મારા પર મુશ્કેલી ઊભી ન કર, " ૧૮ : ૭૩ આમ શરતનું પાલન કરવાની વાત જ તેઓ વીસરી ગયા હતા. એ બાબતની ખાતરી ખિજર અલૈ.ને થઈ એટલે તેઓ શાંત થઈ ગયા.

આ સમયે જ એક ચકલી હોડીની બહારની બાજુએ નીકળતી પારી પર આવી બેસી ગઈ. પછી આમતેમ જોઈ પાણીમાં ચાંચ બોળીને એક ટીપું પીને ઊડી ગઈ. ખિજર અલૈ.મે ચકલીને બેસતાં અને પાણી પીતાં

મૂસા અલૈ.નું ધ્યાન દોર્યું હતું. ચકલી ઊડી ગઈ ત્યારે તેઓ કહેવા લાગ્યા "અલ્લાહનું જ્ઞાન એટલું અગાધ છે કે મારું કે તમારું જ્ઞાન અથવા કોઈ પણ વ્યક્તિનું જ્ઞાન તેના જ્ઞાનની સરખામણીમાં સમુદ્રના પાણીના એક ટીપા સમાન છે. કેટલીયે બાબતો છે જે ઇન્સાન સમજી શકતો જ નથી. ફરિશ્તાઓ જિન્નાતો, હવા, વીજળીનો પ્રવાહ, વીજળીનાં મોજાંઓ ઇ. અદશ્ય કેમ રહે છે તે આપણે જાણતા નથી. રૂહ અથવા આત્મા શું છે તે કોઈ જાણતું નથી. માનવી, પ્રાણીઓ કે પક્ષીઓ અને જીવજંતુઓના જન્મ અને તેમની વૃદ્ધિ સંબંધીનું કારણ કે રીત કોઈ જાણતું નથી. એટમ–બોંબના વિભાજનથી ગરમી કેમ ઉત્પન્ન થાય છે તેની કોઈને ખબર નથી. મૂળભૂત તત્ત્વ ( Element ) નાઈટ્રોન અને પ્રોટોનના જુદા જુદા પરમાણુઓથી કોઈ વસ્તુ બનાવતાં કોઈને આવડતું નથી. જ્ઞાન–વિજ્ઞાનની અનેક બાબતોકેવી રીતે ( How ) બને છે તે કદાચ જાણતા હોઈએ પણ તેનું કેમ Why જાણતા નથી. તમારા અનુશાસન એટલે કે શરિયતના જ્ઞાનનો અમલ માણસોએ કરવાનો છે; જ્યારે મારા સર્જનાત્મક શક્તિના રહસ્યના જ્ઞાનનો ઉપયોગ માણસે કરવાનો નથી, એટલે તમારા જ્ઞાનની મારા જ્ઞાન કરતાં વધુ અગત્ય છે: એટલે જ તમારામાં મારા કરતાં વધુ મોટાઈ હું જોઈ રહ્યો છું અને તમે વળી એક માતબર–જલીલુસકદ્ર–પયગંબર છો, અને હું સ્વીકારું છું: છતાં અલ્લાહના આદેશ અનુસાર તેની સર્જનશક્તિના રહસ્યની ઝાંખી કરવા તમે મારી પાસે આવ્યા છો, એટલે હું તમને બીજી તક આપું છું.

પછી જ્યારે હોડી કિનારે આવી લાગી ત્યારે બંનેએ ઊતરીને ચાલવા માંડયું. દરિયા કિનારે જઈ રહ્યા હતા ત્યારે એક મેદાનમાં કેટલાક છોકરાઓ રમતા તેમણે જોયા. ખિજર અલૈ. એકદમ તેમના તરફ ધસી ગયા અને એક છોકરાને પકડીને તેને કતલ કરી નાખ્યો. મૂસા અલૈ.થી સહન થઈ શક્યું નહીં અને ખિજર અલૈ.ને કહેવા લાગ્યા : " શું તમે એક નિર્દોષ જીવની, વિના કારણે, બીજા કોઈનું એણે ખૂન કર્યું નથી, છતાં હત્યા કરી નથી? ખરેખર, આ તો ઘણુંજ અઘરિત કાર્ય કહેવાય!" ૧૮:૭૪

" ખિજરે કહ્યું : મેં તો પહેલેથી જ તને કહી દીધું હતું કે તારાથી મારી સાથે ધીરજ રાખી શકાશે જ નહીં. " ૧૮:૭૫

" મૂસાએ કહ્યું : હવે પછી કોઈ બાબત અંગે હું પ્રશ્ન ઉઠાવું તો

તમે મને સાથે ન રાખજો. ( એ તો હકીકત છે કે મને સાથે ન રાખવા નું ) મારા તરફથી તમને કારણ મળી ચૂક્યું છે. " ૧૮ : ૭૬

વળી પાછા બંને આગળ ચાલ્યા અને એક ગામમાં જઈ ચડ્યા. આ ગામના લોકોની આર્થિક સ્થિતિ સારી હતી : ગરીબ-ગુરબાંઓને તથા મુસાફરોને ખવડાવે-પીવડાવે એવી તેમની હાલત હતી : છતાં તેમણે આ મુસાફરોને ખવડાવવાની ચોખ્ખી ના પાડી દીધી : તેમને કોઈએ આવકાર પણ ન આપ્યો, આથી બંને ગામની શેરીએથી ચાલ્યા જતા હતા, તેવામાં ખિજર અલૈ. એક ભીંત તરફ ફર્યા. તે પડી જાય તેવી હતી તેથી તેને પોતાની દિવ્ય-શક્તિથી પગ મારી દુરસ્ત કરી દીધી. આ મૂસા અલૈ. થી જોઈ શકાયું નહીં. " ઝટ ખિજર અલૈ.ને ટોણો માર્યો : આ ગામના કોઈ પણ માણસે આપણ બંનેને ખવડાવવા-પીવડાવવા ના પાડી, અરે કોઈએ આવકાર પણ ન આપ્યો. પૂછ્યું સરખું નહીં કે શા કામે આવ્યા છો ? ભીંત દુરસ્ત કરવાનો અવેજ તમે માંગ્યો હોત તો આપણી ભૂખ-તરસ મટાડી શક્યા હોત. "

" ખિજરે કહ્યું : બસ ! હવે આપણે બંનેને જુદા પડવાનું થાય છે. જે બનાવો જોઈ તને ધીરજ રાખી શક્યા નહીં તેમનું રહસ્ય હું તમને જણાવી દઉં. "

" સૌથી પહેલાં બનેલો હોડીનો બનાવ લઈએ. એ હોડી હતી કેટલાક ગરીબ લોકોની અને એના વડે સમુદ્રમાં પોતાની આજીવિકા મેળવવા માટે કામ કર્યા કરતા હતા. આપણે બેઠા ત્યારે તેઓ પોતાની હોડી જે બાજુ હંકારી રહ્યા હતા તે બાજુ એક જુલમગાર રાજવી હતો. જે કોઈ સારી હોડી તે જોતે તો તરતજ તેને વેઠ માટે બળજબરીથી કબજે કરી લેતો હતો. તેથી મેં એ હોડી ખોડવાળી કરી દીધી, કે જેથી પેલા ગરીબ ખલાસીઓને આજીવિકા મળતી રહે."

" બીજો પ્રશ્ન પેલા છોકરાનો હતો. તેનાં માતાપિતા ઈમાનવાળાં, આસ્થાવાળાં અને પુણ્યશાળી હતાં. મને એમ લાગ્યું કે એ છોકરો માથું ઉંચકે એવો છે, માતાપિતાનું કહ્યું માને એવો નથી : નાસ્તિકતા તરફ વળેલો હતો. મેં એવી ઇચ્છા રાખી કે તેમનો પરવરદિગાર તેમને આ પુત્રથી વધુ સારો પુત્ર આપે : દીનદારીમાં અર્થાત ધર્મપરાયણતામાં તેમના જેવો હોય એવો પુત્ર એનાયત કરે."

" પેલી ભીંત દુરસ્ત કરવાનું કારણ તો એ હતું કે એ ભીંત એક

ગામના બે અનાથ બાળકોની હતી. તેની નીચે ખજાનો દટાયેલો હતો, અને તેમનો બાપ એક પુણ્યશાળી માણસ હતો. અલ્લાહની એવી ઇચ્છા થઈ કે બંને અનાથ બાળકો યુવાન વયે પહોંચે અને પોતાનો ખજાનો જેવો ને તેવો કાઢી લે. આ પ્રમાણે અલ્લાહે તે અનાથ બાળકો પર પોતાની મહેરબાની બતાવી. એટલું યાદ રહે કે આ બધું મેં મારી ઇચ્છાનુસાર કર્યું નથી. (અલ્લાહના આદેશ અનુસાર કર્યું છે.) જે બનાવો પ્રત્વે તમે ધીરજ રાખી શક્યા નહીં તેમની ખરી હકીકત, તેમનું રહસ્ય મેં તમને બતાવી દીધું છે. આથી જોઈ શકાશે કે અલ્લાહ તઆલાનું કોઈ કાર્ય માણસના હકમાં લાભદાયી જ હોય છે: પછી ભલેને દેખીતી રીતે નુકસાન કરનારું દેખાય."

---

## પ્રકરણ ૩૯મું

### ગાયને ઝબે કરવાનો આશ્ચર્યજનક પ્રસંગ

મિસરમાંથી હિજરત કરીને મૂસા અલૈ. અને ઈસરાઈલ લોકો સિનાયના અરણ્યમાંથી મજલ કરીને રફીદીમમાં છાવણી નાંખીને પડયા હતા ત્યારે તેમના ઉપર દેખરેખ રાખવાની જરૂર ઊભી થઈ તેથી મૂસા અલૈ મે તેમને યાકૂબ અલૈ.ના પુત્રોને લક્ષમાં રાખીને ૧૨ કુળોમાં વહેંચી નાંખ્યા.[૧] દરેક કુળની સાંસ્કારિક સામાજિક, નૈતિક, ખાનપાનની અને ચાલ-ચલણની દેખભાળ રાખવા કુળ દીઠ એક નિયામક કે સરદારની નિમણુક કરી હતી. સામાન્ય બાબતોમાં અને નાના નાના ઝઘડાઓનો ન્યાય આ સરદારો ચૂકવતા હતા, પરંતુ ગંભીર અને જટીલ પ્રશ્નો કે મુકદ્દમાઓ તેઓ મૂસા અલૈ. સમક્ષ રજૂ કરતા હતા.

એવો એક અતિ અગત્યનો પરંતુ ઘણો મુશ્કેલ મુકદ્દમો મૂસા અલૈ. પાસે આવ્યો. અહીં પડાવ હતો ત્યારે આમીલ નામના એક પૈસાપાત્ર ઇસ્રાએલનું કોઈકે ખૂન કરી નાંખ્યું અને તેના મૃતદેહને છાવણી બહાર ફેંકી દેવામાં આવ્યો. ખૂનીનો પતો લાગતો ન હતો પહેલાં વાત ચર્ચાવા લાગી, પછી કાન-ગોષ્ટી થવા લાગી. તેમાંથી અટકળો શરૂ થઈ, અફવાઓ ફેલાવા માંડી અને છેવટે આક્ષેપો મૂકાવા લાગ્યા અફવાઓ ને આક્ષેપો સાંભળી સાંભળીને લોકો અકળાઈ ઊઠયા, પરિણામે આ ૧૨ કુળોના લોકો

૧ Ibid પૃ. ૧૫૦.

મારવા–મરવા તૈયાર થઈ ગયા. આખરે આ ગંભીર અને ગૂંચવાયેલો પ્રશ્ન મૂસા અલૈ. સમક્ષ રજૂ થયો.

સૌથી અગત્યનું કાર્ય ખૂનીનો પતો મેળવવાનું હતું. કુસંપનાં બી વવાઈ ચૂકયાં હતાં અને તેમાંથી ગમે ત્યારે હુલ્લડો ફાટી નીકળે તેવી વકી હતી. પુલિસ કે જાસુસી ધ્વારા પ્રશ્ન હલ થાય તેમ નો'તું એટલે વેળાસર ઉકેલ લાવવા માટે મૂસા અલૈ.મે અલ્લાહ સમક્ષ દુઆ માંગી પ્રશ્ન રજૂ કર્યો. અલ્લાહ તઆલાએ તેનો ફેંસલો વહી ધ્વારા આપ્યો. એક ગાયને ઝબ્હે કરી તેના માંસને મરનાર આમીલના બદનને સ્પર્શ કરો, તે પુનઃજીવિત થશે અને પોતાના ખૂનીનું નામ જાહેર કરશે. પરંતુ ઈસ્રાએલ લોકો ગાયને ઝબ્હે કરવા તૈયાર થયા નહીં. ઝબ્હે કરવાનું ટાળવા માટે બહાનાં કાઢવા લાગ્યા. એ અંગેનું વર્ણન પવિત્ર કુરાનની ૨ : ૬૭થી ૭૭ સુધીની આયતોમાં આપવામાં આવેલું છે.

"એ પ્રસંગને યાદ કરો જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું, અલ્લાહ તમને એક ગાય ઝબ્હે કરવાનો આદેશ આપે છે."

"તેઓ કહેવા લાગ્યા : શું તમે અમારી ઠઠ્ઠા–મજાક કરો છો ?"

"મૂસાએ કહ્યું : એવી ઠઠ્ઠા–મજાક હું કરું તો અવશ્ય હું મૂર્ખાઓમાં ખપું. એ બાબતમાં હું અલ્લાહનું શરણું શોધું છું."

"આ જવાબ સાંભળી તેઓ કહેવા લાગ્યા : તમારા પરવરદિગાર પાસેથી દરિયાફત કરો કે ગાય કેવી હોવી જોઈએ ?"

"મૂસાએ કહ્યું કે તે એવી હોવી જોઈએ કે ન ઘરડી હોય, કે ન વાછરડી હોય, બલ્કે બંને વચ્ચેની પુખ્ત વયની હોય. હવે તમને જે હુકમ આપવામાં આવ્યો છે તે પ્રમાણે અમલ કરો."

"વળી પાછા તે કહેવા લાગ્યા : તારા પરવરદિગારને પૂછ કે તેનો રંગ કેવો હોય ?"

"મૂસાએ કહ્યું : અલ્લાહ તઆલા ફરમાવે છે કે તે ઘેરા તેજ મારતા સોનેરી રંગની હોય, જેને જોઈ જોનારા ખુશ થતા હોય; જોનારાઓને ભલી લાગતી હોય."

"વળી પાછા કહેવા લાગ્યા : તમારા પરવરદિગારને કહે કે તે સાફ સાફ કહી દે કે તે ગાય કેવી હોવી જોઈએ, કેમકે અમને તો બધી ગાયો એક સરખી લાગે છે જેથી એવી ગાય ઓળખવામાં અમે થાપ ખાઈ ન જઈએ, છતાં ઈશ્વરેચ્છા હશે તો અમને તેનો પતો મળી જશે."

"તેમણે કહ્યું : અલ્લાહ ફરમાવે છે કે એ ગાય એવી હોવી જોઈએ

કે જે જમીન ખેડવાના કે પિયત માટે કોસવી પાણી ખેંચવાના કામમાં આવેલ ન હોય. તે ખોડ-ખાંપણ વિનાની હૃષ્ટ-પુષ્ટ હોય, ઉમદા દેખાતી હોય અને તેના શરીર પર કોઈ જાતનો ડાઘ ન હોય."

" તેઓ બોલ્યા : હવે સાફ સાફ વાત બતાવી દીધી."

પછી તો ઉપર પ્રમાણે અલ્લાહે આપેલા આદેશ પ્રમાણેની ગાયની શોધમાં તેઓ પડી ગયા. ખૂબ જહેમત ઉઠાવીને શોધખોળ કરી ત્યારે એક નવ-યુવાન પાસેથી એવી ગાય મળી આવી. આ નવ-યુવાનનો પિતા ઘણો જ નેક અને પરહેજગાર હતો. એ નવ-યુવાન બાળક હતો ત્યારે તેના પિતાનું અવસાન થયું હતું. મરતી વેળા તેણે પોતાના એકના એક પુત્રને અલ્લાહને સોંપી દીધો અને અલ્લાહને જ તેનો વકીલ બનાવ્યો હતો. એ પુત્ર ઘણો કહ્યાગરો નીવડ્યો. પોતાની માતાની સારી સેવા-ચાકરી કરતો હતો. ઈસ્રાએલ લોકોએ ગાયની પેલા નવ-યુવાન પાસે માગણી કરી પરંતુ તેણે એ મામલો પોતાની માને સોંપી દીધો. ગાયના ચામડાનું પોટલું બાંધતાં જેટલું સોનું સમાય તેટલું સોનું આપવાની શરતે તેણીએ ગાય વેચી. આમ મા-બેટાને આખી જીંદગીનું ગુજરાન ચાલે તેટલી કિંમત તેમને મળી. આમ અલ્લાહને ભરોસો રાખવાનો, અલ્લાહને વકીલ બનાવવાનો ઘણો સારો બદલો મળ્યો. ઇસરાઈલ-લોકોને ખૂબ ભારે કિંમત આપવી પડી. તેમની આડે જવાની ટેવ મુજબ તથા ગાયને ઝબે કરવી ન પડે તે માટે તેમણે આદેશ પછી જે વાંધા-વચકા ઊભા કરી પ્રશ્નો પૂછ્યા તેથી ગાયની કુરબાની કરવા ગમે તેવી સામાન્ય ગાયની મના થઈ અને નિયંત્રિત પ્રકારની ગાયની કુરબાની કરવા પ્રથા ચાલુ થઈ. "એક ગાય ઝબે કરો," એમ કહેતાંની સાથે જ તેમ કર્યું હોત તો ગમે તેવી ગાયથી કામ પતી ગયું હોત.[૨] ગાય-વાછરડાની પૂજા કરવા માટેનું તેમનું વલણ હતું એટલે તેઓ ગાય કાપવા તરત તૈયાર થયા નહીં અને વાંધા-વચકા ઊભા કરવા લાગ્યા હતા. પવિત્ર કુરાન પણ સાખ પૂરે છે કે, "પેલી ગાયને તેમણે ઝબે કરી, પણ શરૂઆતમાં તેઓ ઝબે કરવા તૈયાર નો'તા." ૭:૭૧.

પેલી ગાયને ઝબે કરી ત્યારે ઇસરાઈલ-લોકોનાં ટોળેટોળાં હાજર હતાં. મૂસા અલૈ. મારફત, "તે વખતે અલ્લાહે એવો આદેશ આપ્યો કે મરનારના મૃતદેહને (ઝબે થયેલ) ગાયના કોઈક ભાગ વડે સ્પર્શ કરો : જુઓ : આવી રીતે અલ્લાહ મરેલાંઓને સજીવન કરે છે." ૨.૭૩ તેમણે

૨. હદીસમાં એ પ્રમાણે કહેલું છે.

આ આદેશ પ્રમાણે અમલ કર્યો ત્યારે તરત જ પેલો મરી ગયેલો જીવતો થયો અને તેણે પોતાનું ખૂન કોણે કર્યું હતું, કેવી રીતે કર્યું હતું, તેનાં મૃત-દેહનું શું કર્યું વગેરે બાબતો કહી સંભળાવી[3] અને પછી તે મૃત્યુ પામ્યો.

ઇસરાઇલિ-લોકો ખૂનની જે વાત છુપાવતા હતા તે અલ્લાહ ઉઘાડી પાડી દેવા માંગતો જ હતો. પવિત્ર કુરાનમાં એ અંગે અલ્લાહ જાતે જ કહે છે કે, "અલ્લાહે નિર્ણય કરી લીધો હતો કે જે વાતને તમે છુપાવો છો, તેને જાહેર કરી દેવી." ૨.૭૨. હવે પ્રશ્ન એ ઉપસ્થિત કરી શકાય કે ગાય ઝબ્બે કરી તે છુપી વાત ઉઘાડી પાડવાની કેમ અખત્યાર કરી હશે? અલ્લાહની વાતોનો ભેદ જાણવો, તેમાં શું રહસ્ય છુપાયેલું છે વગેરે બાબતો જાણવી એ માનવ-શક્તિથી પર છે. પરંતુ તેણે જ માનવને અક્કલ-હોશિયારી આપી છે તેથી સમજાઈ જાય છે કે આ રીત તેણે નીચેની બે બાબતોને પુરવાર કરવા અખત્યાર કરી હતી.

મિસરના વાસ્તવ્ય દરમ્યાન તેઓનું વલણ મૂર્તિ-પૂજા તરફ થઈ ગયું હતું. તેમાં ખાસ કરીને કિબ્તી લોકો ગાય કે વાછરડાને બહુ પવિત્ર માનતા હતા, તેની પૂજા પણ કરતા હતા. તેમના દેખાદેખી ઇસરાઇલીઓનું લક્ષણ પણ ગૌ-પૂજા તરફ ગયું હતું. મૂર્તિ-પૂજા કે ગૌ-પૂજા જેવું અનિષ્ટ જગતમાં બીજું કોઈ નથી, એનો પ્રત્યક્ષ અને કાયમનો એટલે કે રહેતી દુનિયા સુધીનો પુરાવો માનવ-જાતિને આપવા માટે આ રીત અખત્યાર કરી. જો ગાયમાં સાચે જ દૈવી શક્તિ હોય, જો તેનામાં ઈશ્વરીય-શક્તિ હોત તો પેલી ગાય પોતાને ઝબ્બે થતાં કેમ બચાવી શકી નહીં? ભારતમાં ગાયને માતા માને છે તેને પવિત્ર માને છે તેની પૂજા પણ કરે છે એટલે જે ભારતવાસીઓ તેને ગૌ-માતા માને છે તેમણે આ ઘટનામાંથી પાઠ લેવો ઘટે, ભલે આર્થિક દૃષ્ટિએ તેને કતલ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે, પરંતુ તેની પૂજા તો ન જ થાય; ગૌ-મૂત્રને પાક તો ન જ લેખાય.

કેટલાયે લોકો મરણ પછીના જીવનને માનતા નથી. કહે છે કે મરણ પછી હાડ-માંસ સડીને માટીમાં ભળી જાય છે, તો હજારો વરસ પછી કયામતના દિવસે અલ્લાહ મરેલાંઓને સજીવન કરી કેવી રીતે ઊઠાડશે? હજારો ઇસરાઈલીઓ સમક્ષ સ્પર્શ કરી આમીલને ઉઠાડવામાં આવ્યો તેમ ખુદા કરશે. લોકોએ આ ઘટનામાં સગી આંખે મરેલો સજીવન થતાં જોયો.

---

૩. એ ખૂન કરનાર સગો ભત્રીજો હતો.

એ લોકોને પ્રત્યક્ષ પુરાવા રહેશે કે અલ્લાહ કયામતના દિવસે સૂર ફૂંકાવી મરેલાઓને સજીવન કરી ઉઠાડશે. આ પ્રસંગ આપણી યાદ-દાસ્તમાંથી ભૂલાવો ન જોઈએ. સઘળા પયગંબરોએ આવો ઉપદેશ આપેલો છે અને મૂસા અલૈ.મે તો પ્રત્યક્ષ સજીવન થવાનું કાર્ય કરી બતાવ્યું, એટલે એ પ્રસંગ રહેતી દુનિયા સુધી પુરાવારૂપે રહે છે. વળી પયગંબરોએ એવું પણ કહ્યું છે કે, માણસના કે પશુ-પંખીની પીઠમાં જે કરોડરજ્જુ છે તેનો સૌથી નીચેનો મણકો સર્વકાળ માટે જળવાઈ રહેશે. પુનઃ જીવન વેળા ત્યાંથી બધા અવયવો વારાફરતી જોડાતા જશે અને મરેલાં સજીવન થશે. આ ઘટના કયામતની માન્યતાને દૃઢ કરે છે. મરણ-પછીનું સનાતન અથવા ચિર-સ્થાયી જીવન છે પરંતુ ત્યારે અહીંનાં આપણાં સારાં-નરસાં કૃત્યો પ્રમાણે સ્વર્ગમાં કે નર્કમાં જીવન-જીવવાનું છે. એ જીવનમાં મોત આવવાનું નથી.

આમ ગાયને ઝબ્હે કરવાના ઉપરોક્ત પ્રસંગમાંથી બે બાબતો સાબિત થાય છે. (૧) ગાય ગૌમાતા નથી, તેનામાં દૈવી કે ઈશ્વરીય શક્તિ નથી. તે એક પ્રકારનું જાનવર છે. (૨) આ ફાની દુનિયા છે. તેમાં કહેવત પ્રમાણે નામ તેનો નાશ થવાનો છે, પરંતુ મરણ પછી બીજી દુનિયા છે જેનું નામ "આખેરત" છે. તેનું જીવન સનાતન છે, માટે એવા સનાતન જીવન માટે સારું ભાથું બાંધવું જોઈએ.

---

: મુદ્રક :

**મનસુરી મેહમુદભાઈ જી.**

**યાસ્મિન પ્રિન્ટર્સ :**

જમાલપુર ચકલા, ચૌધરીવાસ, અમદાવાદ-૧.

વહદાનિયત ઐશ્વર્યની ઓળખ માટે,
માનવજાતિને માર્ગદર્શન મેળવવા માટે,
બાળકોમાં સંસ્કાર સીંચવા માટે,
માનવ-ઉત્પત્તિની કથા જાણવા માટે,
અંતિમ-ધ્યેય સ્વર્ગની પ્રાપ્તિ માટે,
પયગંબરોના જીવન-પ્રસંગો જાણવા માટે,
કુરાન શરીફ આધારિત લખાયેલ
અને દરેક ઘરમાં વસાવવા લાયક

# કુરાનિક કહાણીઓ

(૧) સૃષ્ટિનું સર્જન (૨) વિધ્વસ્ત પ્રજાઓ : Destroyed Nations (૩) પયગંબરોના પિતા ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (૪) એક મહાન ઇસરાઈલી પયગંબર-મૂસા કલીમુલ્લાહ (૫) ઇસરાઈલી પયગંબરો (૬) સરવરે કાએનાત એટલે કે સૃષ્ટિના સરદાર મુહમ્મદ રસૂલુલ્લાહ.

પ્રાપ્તિ સ્થાન

**એ. એસ. પટેલ એન્ડ કંપની**
ગાયકવાડની હવેલી પાસે,
૧૨૩૩, રાયખડ
**અમદાવાદ-૧.**

**અબૂ – ઝિયા**
**મુ. પો. દેવલા**
તાલુકે–જંબુસર
જિલ્લે–**ભરૂચ.**